શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ
શ્રી કડવા પાટીદાર કેળવણી ઉ. મંડળ
કડી. (ઉ.ગુ.)

# અમૃત મહોત્સવ

## સ્મૃતિ ગ્રંથ



*With Best Compliments from....*

# EASTERN INDUSTRIES

KASTURCHAND MILL ESTATE, DR. M. C. JAVLE MARG, DADAR

**BOMBAY – 400 028**

Phone : 4221568, 4223485



MANUFACTURERS OF :

**Camera Brand**

AMMONIA, FERRO & REPRODUCTION TRACING

PAPER – POLYESTER FILM & OTHER SENSITISED PAPERS

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ

અને

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ

કડી (ઉ. ગુ.)



# અમૃત મહોત્સવ સ્મૃતિ ગ્રંથ

જે માણસ પોતાનાં અને બીજાનાં બાળકોને ભણાવે છે, તેનાથી બીજી કોઈ દિવ્યતા હું જોતો નથી.

—સોક્રેટીસ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ
અને
કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ
કડી ( ઉ. ગુ. )

# અમૃત મહોત્સવ
# સ્મૃતિ ગ્રંથ

: સંપાદકો :

મોહનલાલ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ

અમૃત મહોત્સવ : ફેબ્રુઆરી ૧૯૮૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ

અને

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ

# સ્મૃતિ ગ્રંથ

: પ્રકાશક :

વકીલ શ્રી ધનાભાઇ હ. પટેલ

અધ્યક્ષ

અમૃત મહોત્સવ સમિતિ

સને ૧૯૯૫

: મુદ્રક :

ભાઇલાલભાઈ જી. પટેલ

પાટીદાર મુદ્રણાલય

કડી (ઉ. ગુ.)

# અર્પણ

પૂજ્ય છગનભાને....



આવ્યા તમે ને સઘળુંય આવ્યું,
ભા, આજ જોશો તવ ફુલ્લ સર્ગ !



# સંપાદકીય

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના સંયુક્ત અમૃત મહોત્સવનાં મધુર સંભારણાંને શબ્દ અને છબીના રૂપમાં આકૃત કરીને આ 'સ્મૃતિ ગ્રંથ' દ્વારા એ સંભારણાંને સ્થાયી બનાવવાનો પ્રયાસ છે જેથી હવે પછીની પેઢી અને પેઢીઓ એ માણી શકે એટલું જ નહીં પણ એમાંથી પ્રેરણા લઇને સંસ્થાના ઇતિહાસમાં બીજાં–એથીયે ગરવાં પ્રકરણો ઉમેરે જેથી હવે પછીનો મહોત્સવ વધારે ગૌરવવંતો અને વધારે ઉજ્જ્વળ બની રહે.

કોઈ પણ સંસ્થાનો મહોત્સવ એ કોઇ એક બે દિવસ કે સપ્તાહમાં સમાવિષ્ટ નથી થતો. સંસ્થાની સમગ્ર ચેતનામાં નવો પ્રાણ પૂરવા માટેનો એ તબક્કો હોય છે. કાયાકલ્પ માટેનો એ અવસર છે. નવા ઉત્સાહ હેઠળ નવા સંકલ્પ, એને પાર પાડવા માટેની ભાવનાસભર સજ્જતા – આ પ્રક્રિયા જેટલી લાંબી ચાલે એટલી ચેતના વધારે સમય જાગૃત રહે અને ઘણાં ઘણાં કાર્યોને આવરે અને લક્ષ્યને આંબે. સંસ્થાઓના કાર્યકરોની નજર આગળ મહત્વકાંક્ષી યોજનાઓ હતી. લક્ષ્ય ઘણાં ઊંચાં હતાં. એટલે આ મજલનો ફાસલો કેટલો હશે એ સહેલાઈથી આંકી લઇ શકાય એમ નહોતું. બંને સંસ્થાઓએ આમ તો, પોતપોતાનાં સાઈઠ વર્ષ તો પૂરાં કરી લીધાં હતાં. હીરક મહોત્સવનું એ સોપાન. એ પળ તો વીતી ગઇ હતી. પાછું વળીને હવે જોવું નહોતું. નજર હવે આગળ અમૃત મહોત્સવ તરફ મંડાયેલી હતી. લક્ષ્યાંકો ઊંચાં હતાં. કૂચ લાંબી હતી. એટલે જે ઊજવીએ તે અમૃત મહોત્સવ જ! એટલે આ મહોત્સવ તે 'અમૃત મહોત્સવ' બન્યો. ધારણા કરતાં કેટલાંક લક્ષ્યાંકો વહેલાં આંબી શકાયાં એટલે એ મહોત્સવની ઊજવણી થોડી વહેલી જણાશે. પણ એ જ બાબત સંસ્થાના કાર્યકરો, કર્મચારીઓ, સેવકો, ભૂતપૂર્વ અને ચાલુ વિદ્યાર્થીઓ અને શુભેચ્છકોના ઉત્સાહ તેમ જ કાર્યસિદ્ધિ માટેના જ્વલંત પુરુષાર્થની દ્યોતક પણ બની રહે છે.

આ સ્મૃતિ ગ્રંથમાં શકય બન્યું ત્યાં સુધી સંસ્થાઓની સર્વગ્રાહી ઇમેજને ઉપસાવવાનો પ્રયાસ કર્યો છે. અને એમ કરવા માટે વિદ્વાન લેખકોનો સહકાર સાંપડયો છે. સહેજે જોઈ શકાશે કે સંસ્થાઓના વ્યક્તિત્વને આલેખવામાં, મોટા ભાગના તો એમનાં જ પ્રેરણા પિયુષ પામેલા વિદ્યાર્થીઓ–છાત્રો જ છે. એમનો અહીં આભાર માનવાનો ઉપચાર એમને જ કદાચ નહીં ગમે. એ સૌની તેજસ્વિતાને લીધે એમ જરૂર કહી શકાશે

કે આ ગ્રંથને સાહિત્યિક કક્ષા સુધી પહોંચાડી શકયા છીએ. શેષ લેખકોનો અત્રે આભાર માનીએ છીએ. સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલ સંસ્થાના શિક્ષક શ્રી દિલીપ રોયે ગ્રંથનું આકર્ષક ટાઈટલ તૈયાર કર્યું છે એની સગર્વ નોંધ લઇએ છીએ. આર્ટ પેપર ઉપર ફોટોગ્રાફ્સનું તથા ટાઇટલનું પ્રિન્ટીંગ કામ ખૂબ કાળજીપૂર્વક અને સુઘડપણે કરી આપવા માટે ગાયત્રી પ્રિન્ટીંગ પ્રેસ, અમદાવાદના માલિક શ્રી બાબુભાઇ પટેલ તથા પ્રિન્ટર શ્રી માણેકલાલ પટેલનો પણ અત્રે આભાર માનીએ છીએ.

દાતાઓ અને જાહેર ખબર આપીને પ્રોત્સાહિત કરનાર મહાનુભાવોની સહાયથી આ સંપાદન શકય બન્યું છે એ માટે એમનો આભાર માનવાની તક અત્રે લઈએ છીએ.

અને છેલ્લે, ધારણા કરતાં આ ગ્રંથ ઠીક ઠીક વિલંબ પછી આપના હાથમાં મૂકીએ છીએ એ માટે ક્ષમાપ્રાર્થી છીએ.

કડી — સંપાદકો

# અનુક્રમ


| | | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | જેમનાં તપ, પુણ્ય અને પરિશ્રમથી આ સંસ્થાઓ વટવૃક્ષની ઘટા બની.... .... .... | | ૧૧ |
| ૨ | મહોત્સવના પરિવેશમાં.... .... .... | | ૧૯ |
| ૩ | સંભારણાં | પુરુષોત્તમદાસ ર. પટેલ | ૫૭ |
| ૪ | સંસ્થામાં રાષ્ટ્રપિતાનાં પુનિત પગલાં | પોપટલાલ ગુ. પટેલ | ૬૩ |
| ૫ | હો શત શત પ્રણામ ( કાવ્ય ) | રમેશ ત્રિવેદી | ૬૫ |
| ૬ | સાડા પાંચ દાયકા બાદ | ડૉ. રણજિત એમ. પટેલ 'અનામી' | ૬૬ |
| ૭ | 'પ્રિય સર્વ વિદ્યાલય સોહે....' | ભોળાભાઇ પટેલ | ૬૮ |
| ૮ | સર્વ વિદ્યાલય – એક 'ઇમેજ' | રામજીભાઇ કડિયા | ૭૦ |
| ૯ | સ્વ. છગનભાને ( કાવ્ય ) | ઇશ્વરભાઈ પટેલ | ૭૨ |
| ૧૦ | મળતાં મળી ગઇ મોંઘેરી માત અખંડ જીવનધાત્રી | ભગવત સુથાર | ૭૩ |
| ૧૧ | તને સાંભરે રે....મને કેમ વિસરે રે.... | ગોરધનભાઈ બેચરભાઇ પટેલ | ૭૮ |
| ૧૨ | દિવ્ય અમૃત કુંભ | કલ્યાણભાઈ ગો. પટેલ | ૮૦ |
| ૧૩ | ભાનું અમર કાવ્ય | ઈશ્વરભાઇ જી. પટેલ | ૮૨ |
| ૧૪ | સંસ્કારનો પારસ સ્પર્શ | ડૉ. ત્રિભુવનભાઈ ના. પટેલ | ૮૫ |
| ૧૫ | મહેસાણા જિલ્લાના ઉચ્ચ શિક્ષણનો આદ્યસ્રોત | અંબાલાલ સો. પટેલ | ૮૭ |
| ૧૬ | યાદ આ રહા હૈ ગુજરા હુઆ જમાના | રતિલાલ સાં. નાયક | ૮૯ |
| ૧૭ | "તે માતૃમયી સંસ્થાને કેમ વિસરાય ?" | ચતુરભાઈ કુ. પટેલ | ૯૧ |
| ૧૮ | વિદ્યાર્થી આશ્રમના આદ્ય મકાનનો ખાતમુહૂર્ત પ્રસંગ | .... .... .... | ૯૪ |
| ૧૯ | સંસ્થાની સ્થાપના (ખાતમુહૂર્ત પસંગે મંત્રીશ્રીના નિવેદનમાંથી) | .... .... .... | ૯૬ |
| ૨૦ | શિક્ષણની આવતી કાલ | ડૉ. હરિભાઈ જી. દેસાઈ | ૯૭ |
| ૨૧ | મોર પીંછ | હર્ષદ પોપટલાલ પટેલ | ૯૯ |
| ૨૨ | છાત્રાલયનો ગૃહપતિ : પાયાની મજબૂત ઈંટ | મોહનલાલ પટેલ | ૧૦૧ |
| ૨૩ | સાચી સંપત્તિ | ડૉ. ઉપેન્દ્ર ર. ભટ્ટ | ૧૦૫ |
| ૨૪ | ખેતી શિક્ષણ | સોમાભાઈ પી. પટેલ | ૧૦૭ |
| ૨૫ | ગુજરાતની સહકારી અસ્મિતા | મહેન્દ્રભાઈ પો. વ્યાસ | ૧૧૦ |
| ૨૬ | ઝોળી છલકાવી દેનાર મહાનુભાવો.... .... .... | | ૧૧૫ |

When things go wrong, as they sometimes will,
When the road you're trudging seems all uphill,
When the funds are low and the debts are high,
And you want to smile, but you have to sigh,
When care is pressing you down a bit—
Rest if you must, but don't you quit.



જેમનાં તપ, પુણ્ય અને પરિશ્રમથી
આ સંસ્થાઓ
અંકુરિત થઇને વટવૃક્ષની ઘટા બની

**કડવા** પાટીદાર કોમ કેળવણીમાં પછાત છે એ સત્ય વાત છે; પણ જયારે જયારે જગત પર જ્યાં જ્યાં અવનતિ થયેલી છે, ત્યારે ત્યારે ત્યાં ત્યાં ભગવાને અવતાર ધર્યો જ છે. આર્યાવર્તમાંથી ઉદ્દાત આર્ય–વેદ ધર્મનો લોપ થવા બેઠો હતો ત્યારે જગવિખ્યાત શંકરસ્વામી થયા. જેમણે સતત્ પ્રયત્ને પુનઃ વેદ ધર્મની સ્થાપના અને વ્યવસ્થા કરી. શ્રીમાન્ શંકરસ્વામીને ચોવીસ અવતારમાંના એક તથા સાક્ષાત્ શંકરનો અવતાર માનવામાં આવે છે ફરી મુસલમાની જમાનામાં શિવાજીદ્વારા આર્યપ્રજાનું અસ્તિત્વ સાચવનાર પણ સ્વામી રામદાસ જ હતા. દેશની ચાલુ ચળવળમાં પણ તે જ ભગવાન શંકરની વર્તમાન ત્યાગ–મૂર્તિઓ જગત્ કલ્યાણર્થે પોતાની આહુતિઓ આપી રહ્યા છે. આ જ્ઞાતિ કે જેની માતા ઉમા છે અને પિતા શંકર છે, તેને આવા નારાયણ સ્વરૂપ શંકર મૂર્તિઓનો આશીર્વાદ અને પૂર્ણ સહાય છે, અને તેથી જ આ કાર્ય આટલી ત્વરિત ગતિથી આવા સંગીનપણે ચાલી રહ્યું છે. અને ભવિષ્યમાં સંપૂર્ણ વિજય મળશે એવી શ્રદ્ધા રાખી શકાય છે. લગભગ દોઢ વર્ષ ઉપર એકવાર એવો સમય આવ્યો હતો કે અમારી પાસે એક પાઈ ન હતી. અને વિદ્યાર્થીઓને શું ખવરાવીશું એ ચિંતા થઇ પડી હતી. ત્યારે ફંડ કરવા બહાર નિકળવાનો અમે નિશ્ચય કર્યો, અને તેવી વાત એક મહાત્માને કરતાં તેમણે ‘અચ્છા પહેલી ભિક્ષા હમસે લેના’ એવાં ઉત્સાહકારક વચનો ઉચ્ચાર્યાં. અમારી ઝોળીમાં આ પ્રમાણે ઉદાર ચિત્ત સમદર્શિ મહાત્માની ભેટ પડી ત્યારથી અમારા ભંડાર દિનપ્રતિદિન તરતા છે. વિદ્યાર્થી–આશ્રમ સંબંધે વાત કરતાં એક મહાત્માએ જણાવ્યું કે અમારે માટે ત્યાં રહેવાની સગવડ રાખજો, અને અમે દરેકને સદ્‌વિદ્યા–શાસ્ત્રોનું અધ્યયન કરાવીશું. આ વાત સાંભળતાં બીજા મહાત્માએ જણાવ્યું કે ‘અમારું મકાન તો અમે જ કરી લઇશું તમારા નિયમ પ્રમાણેની રૂા. ૪૫૧) ની રકમ આપીશું. તેની સ્વામી માટેની ઓરડી અલગ બનાવજો.’ આ રીતે વિદ્વાન તેમ જ જ્ઞાની પુરુષોની જ્યાં કૃપા વર્ષવા લાગી છે ત્યાં રિદ્ધિ અને સિદ્ધિ દાસી માત્ર છે એમ હું માનું છું. સંજોગો અનુકૂળ અને જ્ઞાતિનો દિવસ આવતો છે એમ નજરે દેખાય છે. રત્નને તો ઝવેરીઓ જ પારખી શકે છે. કાર્યની કિંમત તેના કરંદા પુરુષો જ કરી શકે છે. વડોદરા નજીક ગણપતપુરાના પા. બેચરભાઇ રાયજીભાઇ જેઓ એક સારા જમીનદાર અને ખાનદાન કુટુંબના આસામી છે, સુધારાની દુનિયામાં જેઓ મૂળથી જાણીતા છે, તેમ જ આગળ પડતો ભાગ વખતો વખત લેતા આવ્યા છે, આજે આ સભામાં જેઓશ્રી વિદ્યામાન છે, મને જણાવતાં આનંદ થાય છે, જેઓ પોતાના પિતાશ્રી પા. રાયજીભાઇના નામથી એક કોટડી આ આશ્રમમાં બંધાવી આપવા કહે છે. ઈશ્વર તેમનું કલ્યાણ કરો. તેમના કુટુંબમાં વિદ્યા અને લક્ષ્મીનો હરહંમેશ વધારો કરો. સભામાં બિરાજેલા મારા જ્ઞાતિ બંધુઓ, અમે આજે કાર્ય હાથમાં લીધું છે તે કેવું છે, અને વિદ્વાન તેમજ જ્ઞાતા પુરુષો તેની કેવી કદર કરે છે તે આ ઉપરથી તમે જોઈ શકશો. આટલે દૂરથી તેમનાં છોકરાં અહીં લાભ લેવા આવે તે મુશ્કેલ છે, છતાં કાર્યની કિંમત કરી જ્ઞાતિ હિતની લાગણીથી આવી મોટી ભેટ કરી રહ્યા છે. આપણે સર્વે જે આ સંસ્થાનો પૂર્ણ લાભ લેવાના છીએ તેમણે માત્ર સાંભળી બેસી રહેવાનું નથી. કાર્ય કરવાનું છે, કાર્ય વહેલુંમોડું પણ થઇ શકે છે. પણ ફળદાતા અને શોભારૂપ તો તેજ કાર્ય છે જે અવસરે થાય છે. આજે ખાતમુહૂર્ત થયું. હવે તો ફરી આપણે મકાન ખુલ્લું મુકવા જ ભેગા થઇશું, આ શુભ અવસરે દરેકે પોતાની ખાનદાની અને ગૃહસ્થાઇ બતાવવી ઘટે છે. આ એક જીવનનું લ્હાણું છે.

**—છગનભા**

[વિદ્યાર્થી આશ્રમના આદ્ય મકાનના ખાતમુહૂર્ત સમારંભમાં પૂજ્ય છગનભાનું વકતવ્ય : વૈશાખ સુદ ૫ ૧૯૭૯]

## સંસ્થાઓના સ્થાપક



સ્વ. છગનલાલ પીતાંબરદાસ પટેલ (છગનભા)

# સંસ્થાઓના આદ્ય કર્ણધારો



સ્વ. રામચંદ્ર જમનાદાસ અમીન



સ્વ. પુરુષોત્તમદાસ ર. પટેલ
(દાસકાકા)

# સંસ્થાઓના આદ્ય દાતાઓ



શેઠશ્રી મફતલાલ ગગલદાસ



શેઠશ્રી પ્રાણસુખલાલ મફતલાલ

# સંસ્થાના આદ્ય દાતાઓ



શેઠશ્રી નવીનચંદ્ર મફતલાલ



શેઠશ્રી અરવિંદપ્રસાદ મફતલાલ

## ભૂતપૂર્વ આચાર્યો....



શ્રી પોપટભાઈ ગુ. પટેલ



સ્વ. બાપુભાઇ ગામી



સ્વ. છગનભાઇ કા. પટેલ



સ્વ. નાથાલાલ ના. દેસાઇ

# હાલના પ્રમુખો, ઉપપ્રમુખો, ચેરમેન



**શેઠશ્રી અરવિંદપ્રસાદ મફતલાલ**
પ્રમુખ :
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ



**શેઠશ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ**
પ્રમુખ :
ક. પા. કેળવણી ઉત્તેજક મંડળ



**શ્રી. નટવરલાલ અ. પટેલ**
ચેરમેન :
સાયન્સ કોલેજ ગવર્નિંગ બોડી



**શ્રી. વકીલ ધનાભાઈ હ. પટેલ**
ઉપપ્રમુખ :
ક. પા. કેળવણી ઉત્તેજક મંડળ



**શ્રી. હરગોવિંદદાસ ધ. પટેલ**
ઉપપ્રમુખ :
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ

# હાલના મંત્રીઓ



શ્રી. માણેકલાલ મા. પટેલ
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ
અને
ક. પા. કેળવણી ઉત્તેજક મંડળ



શ્રી. કાલિદાસ ઝી. પટેલ
ક. પા. કેળવણી ઉત્તેજક મંડળ



ડૉ. રામભાઈ મો. પટેલ
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ



વકીલ છગનભાઈ કા. પટેલ
ક. પા. કેળવણી ઉત્તેજક મંડળ

# હાલના વડાઓ



**શ્રી મોહનલાલ બા. પટેલ**
સર્વ વિદ્યાલય, કડી



**શ્રી ભાઈલાલભાઈ જી. પટેલ**
મંડળ કાર્યાલય



**શ્રી નરોત્તમભાઈ જો. પટેલ**
સાયન્સ કોલેજ, કડી



**શ્રી ત્રિભોવનભાઈ કા. સુથાર**
ટેકનીકલ હાઈસ્કૂલ, કડી

Higher still and higher
From the earth thou springest
Like a cloud of fire
The blue deep thou wingest,
And singing still dost soar, and soaring ever singest.

—P. B. Shelley



મહોત્સવના પરિવેશમાં–

# અમૃત મહોત્સવના કાર્યક્રમની ઝાંખી.....
## ( તા. ૨૫-૨૬, ફેબ્રુઆરી ૧૯૮૪ )

તા. ૨૫-૨-૮૪ની સવારથી જ સર્વ વિદ્યાલય કેમ્પસમાં ઉમંગ, ઉત્સાહ અને પ્રવૃત્તિનું એક અનોખું વાયુમંડળ રચાઇ ગયું હતું. સંસ્થાઓના મુખ્ય દરવાજાથી માંડીને કેમ્પસના છેડા સુધી ધજાપતાકાઓ અને આસોપાલવનાં તોરણ આ મહોત્સવના ઉમંગને હવામાં લહેરાવી રહ્યાં હતાં. કેમ્પસની વીથીઓનાં વૃક્ષો પણ શ્વેત કિનારયુક્ત ગેરુઆ રંગથી વિભૂષિત હતાં. સંસ્કારભવનની પાછળ ટેકનીકલ હાઇસ્કૂલ, ના. ના. દેસાઈ પ્રાથમિક શાળા અને સર્વ વિદ્યાલયની પ્રયોગશાળાઓ વચ્ચેના મેદાનમાં બંધાએલા પચીસ હજાર ચોરસ ફૂટના વિશાળ શમિયાણા સુધી પહોંચવા માટે રસ્તા ઉપર બાંધેલું ખાસ પ્રવેશદ્વાર નજરને જકડી રાખે એવી રીતે કલાત્મક ઢબે શણગારાયેલું હતું. વિશાળ શમિયાણાની લાલ છત રાતા રંગની ઝાંય પ્રગટાવીને સમગ્ર બેઠક વિસ્તારમાં એક રંગભરી આભા સર્જાવતી હતી. જેટલી ભવ્યતા બેઠક વિસ્તારની હતી એટલો જ પ્રભાવક સામે મંચ હતો. સુસજ્જ, સુગઠિત અને સુડોળ.

### છાત્ર સંમેલન : તા. ૨૫-૨-૮૪ બપોરે ૨-૦૦ થી

પહેલી બેઠક છાત્ર સંમેલનની હતી. બપોરે ૨-૦૦ થી ૬-૦૦ વાગ્યા સુધીની આ બેઠકમાં ભૂતપૂર્વ તથા ચાલુ વિદ્યાર્થીઓનું સંમેલન હતું.

દોઢ વાગ્યાથી સ્વયંસેવકોએ પોતપોતાનું સ્થાન લઇ લીધું અને મંચ ઉપરથી કર્ણપ્રિય અને શાંતમધુર સંગીતની સૂરાવલિઓ છેડાવા લાગી.

થોડી જ પળોમાં સભા મંડપ મહેમાનો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ચાલુ વિદ્યાર્થીઓથી એક વિશિષ્ટ શોભા ધારણ કરી રહ્યો. સંસારનાં ગણાવી શકાય એટલાં બધાં ક્ષેત્રોના પ્રતિનિધિઓ એમાં મળ્યા હતા — ઈજનેરો, વકીલો, ડોકટરો, શિક્ષકો, વેપારીઓ, સ્થપતિઓ, કોન્ટ્રેકટરો, કલાકારો, સાહિત્યકારો, રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ, ખેડૂતો, શ્રમજીવીઓ અને ધર્મધુરંધરોથી પણ એ સભા વંચિત નહોતી... આ બધાં કાર્યક્ષેત્રો અલગ અલગ હતાં. પણ એના આ પ્રતિનિધિઓ સૌ એક સૂક્ષ્મ તંતૂથી જોડાયેલા હતા. એ તંતૂનું મૂળ હતું – સર્વ વિદ્યાલય અને વિદ્યાર્થી આશ્રમ. ખૂબી તો એ હતી કે આ વૃન્દમાં તરવરિયા યુવાનો હતા અને શ્વેતકેશી બુઝર્ગો પણ હતા. એમના અભ્યાસકાળ પૃથક પૃથક હતા છતાં એ સૌ પેલા એક જ તંતૂથી જોડાયેલા હતા અને એક સમાન ભૂમિકા ઉપર હતા. કોઇ ઉદ્યોગપતિ નહોતો કે કોઇ શ્રમજીવી નહોતો. સૌ પોતપોતાનાં કિશોરાવસ્થાનાં સ્વપ્નાં લઇને આવ્યા હતા અને ઉંડાઉપણે એની લ્હાણ કરવા માગતા હતા.

કાર્યક્રમનો આરંભ સમયસર થયો અને એ આ પ્રમાણે રહ્યો :

સર્વ વિદ્યાલયનાં બાળકો તથા શિક્ષક શ્રી દિલીપ બારોટે શ્લોકો તથા સ્તવન સાથે પ્રાર્થના કરી. એ પછી એજ વૃન્દે સંસ્થા ગીત – 'સુંદર સર્વ વિદ્યાલય રાજે' રજૂ કર્યું.

અને એ પછી અમૃત મહોત્સવ સમિતિના મંત્રી શ્રી ભાઇલાલભાઈ પટેલે પ્રમુખશ્રી અને અતિથિઓનું ફૂલહારથી સ્વાગત કર્યું. એ જ પ્રમાણે કેમ્પસની સંસ્થાઓ – સર્વ વિદ્યાલય, ટેકનીકલ હાઇસ્કૂલ અને સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓએ પણ પ્રમુખશ્રી અને અતિથિઓનું જે તે સંસ્થા વતી ફૂલહારથી સ્વાગત કર્યું.

ત્યાર બાદ સર્વ વિદ્યાલયના આચાર્ય શ્રી મોહનભાઇ પટેલે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને અતિથિઓનું ઉમળકાપૂર્વક સ્વાગત પ્રવચન કર્યું. એ પછી અમૃત મહોત્સવ સમિતિના અધ્યક્ષ વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલે સંસ્થાની પ્રગતિ, અમૃત મહોત્સવ, સંસ્થાનાં હવે પછીનાં લક્ષ્યો, અમૃત મહોત્સવ ફાળો અને તેને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શુભેચ્છકો અને દાતાઓ તરફથી મળેલા અભૂતપૂર્વ સહકાર વગેરેની વિસ્તૃત માહિતી આપી.

એ નિવેદન પછી છાત્ર સંમેલનના ઉદ્‌ઘાટક શ્રી હરગોવિંદદાસ ધ. પટેલે દીપ પ્રગટાવીને છાત્ર સંમેલનનું ઉદ્‌ઘાટન કરતાં સંસ્મરણોથી સભર અને મનનીય પ્રવચન કર્યું. ઉદ્‌ઘાટન પ્રવચન બાદ સંમેલનના મુખ્ય મહેમાન ડૉ. ત્રિભુવનભાઈ એન. પટેલે પોતાનું ભાવનાસભર વક્તવ્ય આપ્યું. અને પછી પ્રાસંગિક પ્રવચનો થયાં. આ પ્રવચનો દરમ્યાન સંસ્થાનો, પ્રથમ ચરણથી માંડીને છ દાયકા ઉપરાંતનો ઉજ્જવળ ઇતિહાસ ફરીથી તાદશ્ય થતો હોય એવો જીવંત અનુભવ શ્રોતાઓને થયો. હૈયાની કેવી કેવી અને કેટકેટલી ગહરાઇઓમાંથી ભૂતકાળની ઘટનાઓ સંસ્મરણરૂપે વહી આવતી હતી ! ! આ પ્રવચનો ડૉ. અશ્વિનભાઈ પટેલ, વકીલ શ્રી છગનભાઇ પટેલ, શ્રી ઇશ્વરભાઈ પરમાર, સાધુ શ્રી ભક્તિ પ્રિયદાસજી ( કોઠારી સ્વામી, મુંબઈ), શ્રી રામભાઇ પટેલ (મુંબઇ), કર્નલ હસમુખભાઇ, ડૉ. પ્રહ્‌લાદભાઇ કસ્વેકર, શ્રી નાનુભાઈ, શ્રી નરોત્તમભાઈ આઈ. પટેલ (સુરત), શ્રી નરોત્તમભાઈ ટી. પટેલ (સુરત), ડૉ. રામભાઇ પટેલ, શ્રી હર્ષદભાઇ પટેલ (મુંબઇ), શ્રી માધુભાઇ દ્વા. પટેલ, શ્રી સોમચંદભાઇ સોલંકી ( માજી સંસદ સભ્ય ), શ્રી શંકરલાલ ગુરુ ( માજી ધારાસભ્ય) શ્રી માણેકલાલ મા. પટેલ, એડવોકેટ સૂર્યકાન્ત પટેલ, પ્રો. મંગુભાઇ પટેલ, શ્રી મહેન્દ્રભાઇ એ. પટેલ વગેરેએ કર્યાં હતાં. જો સમયની ખેંચની તકલીફ ન હોત તો હજુ ય કદાચ ઓછામાં ઓછા એક કોડી વક્તાઓની લાગણીના શ્રવણનો લાભ સભાને મળ્યો હોત.

પ્રાસંગિક પ્રવચનો પછી સંમેલનના પ્રમુખ શ્રી જી. આઈ. પટેલે એમની જોશીલી શૈલીમાં પ્રવચન કર્યું હતું અને એ સમયે ભૂતપૂર્વ છાત્ર સમૂહ અને શુભેચ્છકો તરફથી સંસ્થાને કેટલાંક દાનની જાહેરાતો થઇ હતી.

અંતે સંસ્થાના મંત્રી શ્રી છગનભાઈ કા. પટેલે આભાર વિધિ કર્યો હતો.

સારોયે કાર્યક્રમ પાંચ કલાક જેટલા દીર્ઘ સમય સુધી ચાલ્યો છતાં એક ઊર્મિકાવ્ય શો ભાવનાસભર, હૃદયંગમ અને સંપૂર્ણ શિસ્તયુક્ત બનીને રહ્યો.

## સંસ્કાર કાર્યક્રમ ( ૨૫-૨-૮૪ ની રાત્રે )

તા. ૨૫-૨-૮૪ ની રાત્રે સંસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આઠ વાગતાં અગાઉ પ્રેક્ષકોનું આગમન શરૂ થઈ ગયું હતું. સાડા આઠ વાગતા સુધીમાં તો સ્ટેજ સામેનું મેદાન માનવમેદનીથી ભરચક થઈ ગયું. કડી શહેર અને આસપાસનાં ગામડાંઓમાંથી મોટી સંખ્યામાં સ્ત્રી પુરુષો અને બાળકો આવ્યાં હતાં.

આ સમારંભમાં પ્રમુખ સ્થાને પોપ્યુલર કન્સ્ટ્રકશનવાળા શ્રી અમૃતભાઇ બી. પટેલ અને મુખ્ય મહેમાન તરીકે પ્રવીણ કોર્પોરેશનવાળા શ્રી નારણભાઇ આઈ. પટેલ હતા. કાર્યક્રમ દરમ્યાન સંસ્થાના મંત્રીશ્રી માણેકલાલ મા. પટેલે મહેમાનોનું ફૂલહારથી સ્વાગત કરીને એમનો પરિચય આપ્યો હતો. પ્રસંગોચિત પ્રવચનો થયાં હતાં અને કાર્યક્રમને અંતે સંસ્થાના મંત્રીશ્રી કાલિદાસ ઝીણાભાઇ પટેલે આભાર વિધિ કર્યો હતો.

સંસ્કાર કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો હતો. એની કક્ષા ઊંચી, સંસ્કારપ્રેરક અને કલાત્મક ભૂમિકાએ પહોંચેલી હતી. કાર્યક્રમ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓ– સર્વ વિદ્યાલય, સાયન્સ કોલેજ,

ટેકનીકલ હાઈસ્કૂલ અને શેઠ સી. એમ. હાઈસ્કૂલ–ગાંધીનગર તરફથી રજૂ થયો હતો. જેની વિગત નીચે પ્રમાણે છે :

પ્રાર્થના : સર્વ વિદ્યાલય.
નૃત્ય નાટિકા : બંસી કે શ્યામ : સર્વ વિદ્યાલય, પ્રાથમિક વિભાગ.
ગરબો : હે છોરા ! : સર્વ વિદ્યાલય, પ્રાથમિક વિભાગ.
મરચન્ટ ઓફ વેનિસ : સમયાંતરે પાંચ દૃશ્યમાં : સાયન્સ કોલેજ.
ગરબો : મેડીએ બેઠી રાજણ બોલે : ટેકનીકલ હાઈસ્કૂલ.
સમૂહ ગીત : મને ચાંદનીની છાલક વાગી : સર્વ વિદ્યાલય.
એક પાત્રીય અભિનય : શાહજહાંની એકોક્તિ : સાયન્સ કોલેજ.
એકાંકી : લાભનો સોદો : સર્વ વિદ્યાલય.
નૃત્ય : તાંડવ : શેઠ ચંદુલાલ માધવલાલ હાઇસ્કૂલ–ગાંધીનગર.
એકાંકી : ચોરસ ઈંડાં ગોળ કબર : સાયન્સ કોલેજ.
ગરબો : મેડીએ મેલ્યો સોનાનો બાજઠિયો : શેઠ સી. એમ. હાઈસ્કૂલ–ગાંધીનગર.
કેવટ પ્રસંગ : સર્વ વિદ્યાલય.
ગરબો : રાધા ગોરી ને કાન કાળો : સર્વ વિદ્યાલય.
સમૂહ ગીત : સાયન્સ કોલેજ.
ગરબો : પથરા ઉપર : સર્વ વિદ્યાલય.

## અમૃત મહોત્સવ સમારંભ (તા. ૨૬–૨–૮૪ સવારે ૧૦–૦૦)

તા. ૨૬–૨–૮૪નો દિવસ સંસ્થાઓના ઇતિહાસમાં મહત્વનો બની રહેનાર હતો. પ્રભાતનાં તેજ કિરણો પૂર્વાકાશમાં ફૂટતાંની સાથે જ સારાયે કેમ્પસમાં નવી ચેતના પ્રગટી હોય એવું ઉત્સાહભર્યું વાતાવરણ બની રહ્યું હતું. સ્વયંસેવકો અને શિક્ષકો સઘળા વિસ્તારને પુનર્સજ્જ કરવામાં લાગી ગયા હતા. સાફસૂફી, તાજાં તોરણો, છગનભાની પ્રતિમાને તાજાં ફૂલોનો હાર અને પ્રતિમાના પ્રાંગણમાં જલછંટકાવ વગેરે પ્રવૃત્તિઓ થવા લાગી. શમિયાણામાં સંગીતની સૂરાવલિઓ બજવા લાગી.

નવ વાગતા સુધીમાં તો સંસ્થાના કાર્યકરો, શિક્ષકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થી–મહેમાનો વગેરે અત્યારે પધારનારા સમારંભના પ્રમુખશ્રી, અતિથિવિશેષ, મુખ્ય મહેમાન અને અન્ય અતિથિઓના સ્વાગત માટે સંસ્થાના મુખ્ય દરવાજે પ્રતીક્ષા કરતા ઊભા રહ્યા. બેન્ડ સાથે એન. સી. સી. કેડેટ્સ્ પણ પ્રવેશદ્વાર આગળ કતારબદ્ધ તૈયાર હતા અને આખાયે માર્ગની બંને ધાર ઉપર ગણવેશમાં વિદ્યાર્થીઓ થોડો થોડો અવકાશ રાખીને ઊભા રહી ગયા હતા.

સમય થતાં મહેમાનોની ગાડીઓનો કાફલો આવી પહોંચ્યો. મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકી, શેઠશ્રી જયકૃષ્ણભાઇ, શેઠશ્રી બળદેવભાઇ ડોસાભાઇ વગેરે મહેમાનો પ્રવેશદ્વાર આગળ ઊતર્યા ત્યાં એમનું ઉમળકાપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું અને સંસ્થાના કાર્યકરો વગેરે તેમ જ વિશિષ્ટ મહેમાનોનો પરિચય કરાવવામાં આવ્યો.

બેન્ડની સૂરાવલિઓ સાથે વિદ્યાર્થીગણના વંદન ઝીલતા અતિથિઓ પૂ. છગનભાની પ્રતિમા આગળ આવ્યા. શ્રી માધવસિંહભાઇએ છગનભાની પ્રતિમાને હારતું આરોપણ કર્યું. સારું યે વાતાવરણ ભાવની ભરતીથી છલકાઈ રહ્યું. અનન્ય પળો હતી એ.

શેઠશ્રી હરિવલ્લભ કાલિદાસ પુસ્તકાલયના નવા મકાનમાં મહેમાનો માટે રાખેલી બેઠક વ્યવસ્થામાં જરાક સ્વસ્થ થવાનો અવકાશ આપ્યા પછી સૌને એ જ ઉત્સાહથી, એ જ ભાવવિભોર વાતાવરણ વચ્ચે સભામંડપમાં લઈ જવામાં આવ્યા.

સારો યે સભામંડપ શ્રોતાઓથી અગાઉથી જ ભરચક થઈ ગયો હતો.

કુ. માયાબહેન પટેલના મધુર સ્વરમાં પ્રાર્થનાથી સમારંભની શરૂઆત થઇ.

એ પછી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિજ્ઞાન કોલેજની ગવર્નિંગ બોડીના મંત્રીશ્રી અને કડી નગરપાલિકાના પ્રમુખ શ્રી રતિલાલ મ. પટેલે સમારંભના ઉદ્‌ઘાટક શ્રી માધવસિંહ સોલંકી, અતિથિવિશેષ શેઠ શ્રી બળદેવભાઇ ડોસાભાઇ અને પ્રમુખ શેઠ શ્રી જયકૃષ્ણભાઇનું સંસ્થા વતી ફૂલહારથી સ્વાગત કર્યું.

ત્યાર બાદ કેળવણીની સંસ્થાઓ વતી ક. પા. કેળવણી મંડળના મંત્રીશ્રી અને તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કાલિદાસ ઝીણાભાઇ પટેલે અતિથિઓનું ફૂલહારથી સ્વાગત કર્યું.

અતિથિઓના સ્વાગત પછી સંસ્થાના વયોવૃદ્ધ કર્ણધાર સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ઉપપ્રમુખ અને જિલ્લાના પીઢ નેતા શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ (દાસકાકા) તેમ જ ક. પા. કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખ શેઠ શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલે સ્વાગત – પ્રવચનો કર્યાં.

સ્વાગત પ્રવચનો પછી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સાયન્સ કોલેજની ગવર્નિંગ બોડીના ચેરમેન અને માજી સંસદ સભ્ય શ્રી નટવરલાલ અ. પટેલે અતિથિઓનો સવિસ્તર પરિચય આપ્યો.

એ પછી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી શ્રી ડૉ રામભાઇ પટેલે સંદેશા વાચન કર્યું.

સંદેશા વાચન પછી અમૃત મહોત્સવ સમિતિના અધ્યક્ષ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી શ્રી વકીલ ધનાભાઇ હ. પટેલે સંસ્થા અને મહોત્સવ સંબંધી વિગતપૂર્ણ નિવેદન કર્યું અને નવાં તૈયાર થયેલાં ચાર મકાનો– શ્રી નાથાલાલ નારણદાસ દેસાઇ પ્રાથમિક શાળા, શેઠ શ્રી હરિવલ્લભ કાળિદાસ પુસ્તકાલય, શ્રી બી. એમ. પટેલ વિદ્યાર્થી ભવન અને શ્રીમતિ મેનાંબેન મંગળદાસ પટેલ અતિથિગૃહ અને મધ્યસ્થ કાર્યાલયના ઉદ્‌ઘાટનની ઉદ્‌ઘોષણા સાથે સમારંભનું ઉદ્‌ઘાટન કરવાના વિનંતી કરી.

ત્યાર બાદ સમારંભના ઉદ્‌ઘાટક અને ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી શ્રી માધવસિંહ સોલંકીએ મનનીય પ્રવચન કર્યું. મુખ્ય મહેમાન શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઇ સંજોગોવશાત્ હાજર ન રહી શકવાને લીધે એમના પ્રવચનનું વાચન સંસ્થાના મંત્રીશ્રી માણેકલાલ મા. પટેલે કર્યું હતું.

મુખ્ય મહેમાનના પ્રવચન પછી અતિથિવિશેષ શેઠશ્રી બળદેવભાઇ ડોસાભાઇએ અને ત્યારબાદ સમારંભના પ્રમુખ શેઠ શ્રી જયકૃષ્ણભાઇ હરિવલ્લભદાસે એમના પ્રવચનથી સમારંભનું સમાપન કર્યું.

અને અંતે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને ક. પા. કેળવણી ઉત્તેજક મંડળના મંત્રીશ્રી માણેકલાલ મા. પટેલે આભાર વિધિ કર્યો. સમારંભમાં થયેલાં પ્રવચનોમાંથી કેટલાંક આ ગ્રંથમાં પ્રગટ કર્યાં છે.

મુખ્ય સમારંભ પૂરો થયા પછી અતિથિઓ, શુભેચ્છકો, સંસ્થાના કાર્યકર્તાઓ અને સર્વ વિદ્યાલય કેમ્પસની સંસ્થાઓના પરિવારના સભ્યો-વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ સહિતના ભોજન કાર્યક્રમને અંતે મહોત્સવ પૂરો થયો.

આમ બે દિવસના કાર્યક્રમથી સંસ્થાના ઇતિહાસમાં સંસ્થાના મહાકાવ્યનો ચિરંજીવ બની રહે એવો એક સર્ગ રચાયો જે વર્ષો સુધી પ્રેરણાદાયી બની રહેશે. એવી શ્રદ્ધા છે.

# શુભેચ્છા સંદેશા

પ્રબોધ રાવળ

મંત્રી
ગૃહ, શિક્ષણ, નગરપાલિકા
અને સંસદીય બાબતો
સચિવાલય, ગાંધીનગર ૩૮૨૦૧૦
તા. ૨૨-૨-૧૯૮૪

શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તથા શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ શિક્ષણ સંસ્થાઓ અમૃત મહોત્સવ ઉજવે છે, તે જાણી આનંદ થયો.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના રાષ્ટ્રીય કેળવણીના આદર્શના પ્રકાશમાં પ્રગટેલી સંસ્થાઓ ઉત્તરોત્તર પ્રગતિ સાધી અમૃત મહોત્સવ ઉજવવાને ભાગ્યશાળી બની તેને એક ગૌરવપ્રદ ખીના ગણાવી શકાય.

સમારંભને શુભેચ્છા પાઠવું છું.

પ્રબોધ રાવળ

હરિહર ખંભોળજા

રાજ્યકક્ષા મંત્રી
નાણાં અને આયોજન
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૦-૨-૧૯૮૪

આપની સંસ્થાઓના 'અમૃત મહોત્સવ' પ્રસંગોએ પધારવાનું આમંત્રણ પાઠવ્યું તે બદલ આભાર. તા. ૨૫-૨૬ દરમ્યાન અન્ય રોકાણોને લઇને ઉપસ્થિત રહી શકું તેમ નથી.
આ પ્રસંગે શુભેચ્છા પાઠવું છું.

આપનો
હરિહર ખંભોળજા

રાજ્યકક્ષાના મંત્રીશ્રી
આરોગ્ય પરિવાર કલ્યાણ
અને પ્રવાસનનું કાર્યાલય
ગાંધીનગર
તા. ૧૭-૨-૧૯૮૪

શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના 'અમૃત મહોત્સવ'ના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અંગેનું માન. રા. ક. મંત્રીશ્રી માન. શ્રીમતિ કોકિલાબેન વ્યાસને પાઠવેલ આમંત્રણ મળ્યું. આમંત્રણ બદલ આભાર. માન. રા. ક. મંત્રીશ્રીની અસ્વસ્થ તબિયતના કારણે તેઓશ્રી આપના આમંત્રણનો સ્વીકાર કરી શકે તેમ નથી. પરંતુ તેઓશ્રીએ આ પ્રસંગે યોજાનાર કાર્યક્રમોને સફળતા અને શુભેચ્છાઓ પાઠવી છે.

આપનો વિશ્વાસુ,
ઘનશ્યામ પંડ્યા
અંગત મદદનીશ

❀

**રમણિકભાઇ ધામી**
ઉપાધ્યક્ષ
ગુજરાત વિધાન સભા

ગાંધીનગર
તા. ૨૨-૨-૮૪

સંસ્થાના 'અમૃત મહોત્સવ' પ્રસંગનું આપનું નિમંત્રણ મળ્યું છે તે બદલ આપનો આભારી છું. આ પ્રસંગે ગુજરાતના જાહેર અને સામાજિક જીવનના મહત્વના મહાનુભાવોને એકત્રિત કરી શકયા છો તે બદલ અભિનંદન.

અમૃત મહોત્સવને સફળતા ઇચ્છું છું.

આપનો
રમણિક ધામી

❀

**ચીમનભાઇ પટેલ**

૮૯, સરદાર નગર
એલિસબ્રીજ, અમદાવાદ
તા. ૨૦-૨-૧૯૮૪

શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ કડીની સંસ્થાના અમૃત મહોત્સવ પ્રસંગે હાજર રહેવા માટેના તમારા આમંત્રણ બદલ હું ખૂબ આભારી છું.

તે દિવસો દરમ્યાન મારા અન્ય અગાઉ નિર્ધારિત રોકાણોને લીધે તમારા આ શુભ પ્રસંગ દરમિયાન મારાથી રુબરૂ ઉપસ્થિત રહી શકાય એમ નથી તેથી દીલગીર છું.

આપની આ સંસ્થાના અમૃત મહોત્સવની હાર્દિક સફળતા ઇચ્છું.

લિ. સ્નેહાધીન
ચીમનભાઈ પટેલ

**મોતીભાઈ ર. ચૌધરી**
(સંસદ સભ્ય)

ચેરમેન
મહે. જિ. સહ. દૂધ ઉત્પાદક સંઘ લિ.
દૂધ સાગર ડેરી, મહેસાણા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના અમૃત મહોત્સવ પ્રસંગે હાજર રહેવા આમંત્રણ મળેલ છે. ખૂબ આનંદ થયો. સદરહુ તારીખો દરમ્યાન અન્ય કાર્યોમાં રોકાયેલ હોઈ, હાજર રહી શકું તેમ નથી તો દરગુજર કરશો.

સમારંભની સફળતા માટે શુભેચ્છાઓ સ્વીકારશો.

લિ.
સ્નેહાધીન
મોતીભાઈ ર. ચૌધરી

❀

**રણજિતસિંહ પી. ગાયકવાડ**
સંસદ સદસ્ય (લોકસભા)

લક્ષ્મી વિલાસ પેલેસ,
વડોદરા
તા. ૨૨-૨-૧૯૮૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી અને શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનો આગામી તા. ૨૫-૨૬ ફેબ્રુઆરી ૧૯૮૪ દરમ્યાન, તેનો અમૃત મહોત્સવ ઉજવાઇ રહ્યો છે તે અંગેનું આમંત્રણ પત્ર મને મળ્યું છે.

આપના આમંત્રણ બદ્દલ આભાર વ્યક્ત કરું છું અને સંસ્થાની પ્રગતિ ઉત્તરોત્તર વધતી રહે તે માટે મારી શુભેચ્છાઓ પાઠવું છું.

લિ.
રણજિતસિંહ પી. ગાયકવાડ

❀

**મોહનભાઈ એલ. પટેલ**
મેમ્બર ઓફ પાર્લામેન્ટ
(લોકસભા)

૫, જયશ્રીનગર
જૂનાગઢ
તા. ૨૨-૨-૮૪

જય ભારત સાથ જણાવવાનું જે, આપના તરફથી 'અમૃત મહોત્સવ' પ્રસંગનું ભાવભીનું આમંત્રણ મળેલ છે. શુભ પ્રસંગે યાદ કર્યા બદ્દલ આભાર.

હું આ તારીખોમાં દિલ્હી હોઈશ જેથી કાર્યક્રમમાં હાજરી આપી શકીશ નહીં તો ક્ષમા કરશો.

સમારંભની સફળતા ચાહું છું.

લિ.
મોહનભાઇ એલ. પટેલ

અ. જ. શુકલ
સંયુક્ત નિયામક

ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી,
ગાંધીનગર

તા. ૨૪-૨-૧૯૮૪

શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તા. ૨૫-૨૬ ફેબ્રુઆરી ૧૯૮૪ના દિવસો દરમ્યાન 'અમૃત મહોત્સવ' ઉજવે છે એ જાણી આનંદ થયો. આ મંડળ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓએ ગુજરાત રાજ્યની આદર્શ અને પ્રગતિશીલ સંસ્થાઓમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે તે સૌને સુવિદિત છે જ.

પ્રતિકૂળ સંજોગોને લીધે ઉપસ્થિત રહી શકું એમ નથી તો ક્ષમાપના.

આપના કેળવણી મંડળ સંચાલિત તમામ સંસ્થાઓનો ઉત્તરોત્તર વિકાસ થતો રહે તેવી અભ્યર્થના.

આપનો શુભેચ્છક
અ. જ. શુકલ

**Devika Navnitlal**

Gujchem Distillers India Ltd.
P. O. Devsar
Blimora
17 th February 1984

I acknowledge and thank you for your invitation on the occassion of 'Amrit Mahotsav' of Shree Sarva Vidyalaya Kelavni Mandal and also Shree Kadva Patidar Kelavni Uttejak Mandal to he held on 25-26 Feb. '84 at Kadi.

In fact I wanted to attend the function but due to my emergency official work I will not be able to attend the fauction on above dates.

I take this opportunity to wish the function very successful in advance.

I thank you very much for you kind invitation.

With regards
yours sincerely
Devika Navnitlal

**Dr. R. M. Dave**
General Manager

The Bharat Vijay Mills Ltd.
Kalol

Thank you very much for your invitation to attend the Amrit Mahotsav on 25th and 26th February 1984. On account of other pre-occupations I will not be attending the Mahotsav.

However, I wish the function ALL SUCCESS.

Thanking you

yours faithfully
R. M. Dave

પોપટલાલ સી. દાણી
ચેરમેન
ધી અમદાવાદ ડિસ્ટ્રીકટ કો. ઓ. બેન્ક લિ.
અમદાવાદ

તા. ૨૨-૨-૮૪

આપના મંડળનો વધુને વધુને વધુ લોકો લાભ લે અને મંડળ વધુ ને વધુ પ્રગતિ કરે એવી શુભેચ્છા સાથે આ સમારંભની સફળતા ઇચ્છું છું.

અગાઉથી નક્કી થયેલ અન્ય રોકાણોને કારણે આ શુભ પ્રસંગ પર હું હાજર રહી શકીશ નહીં તો માફ કરશો.

આપનો સહકારી
પોપટલાલ સી. દાણી

ગોરધનભાઈ બહેચરભાઇ પટેલ
પ્રમુખ
વડોદરા કડવા પાટીદાર કેળવણી મંડળ

અયોધ્યા (ઉ. પ્ર.)
તા. ૨૨-૨-૮૪

મહોત્સવ પ્રસંગે હાજરી આપવાની મારી ખૂબ જ અંતરની ઈચ્છા હતી. પરંતુ હું વીસમી અખિલ ભારત ડેરી ઉદ્યોગની કોન્ફરન્સમાં કલકત્તા આવ્યો હતો. નેપાળમાં અમારી મોટરમાં દુરસ્તી ઉભી થતાં ચારપાંચ દિવસ મોડું થતાં આજે અયોધ્યામાં આવ્યો છું. પરંતુ કાર્યક્રમોના દિવસમાં પહોંચી શકાય તેમ લાગતું નથી તેથી મારી શુભેચ્છાઓની લાગણીઓ મોકલું છું.

કડી અને વડોદરાની બંને ભગિની સંસ્થાઓ સન ૧૯૧૯ માં સ્થપાઇ ને તે સમયના આગેવાનોએ કેળવણી માટે પ્રયત્નો કર્યા જેમાં પૂજ્ય છગનભા તથા શ્રી બેચરભાઇએ કડી અને વડોદરાની કેળવણીની સાંકળ એક કરી હજારો વિદ્યાર્થીઓને ઉચ્ચ કેળવણી માટે તૈયાર કરવામાં આગેવાની કરી તેનો આજે વટવૃક્ષ સમાન ફેલાવો થયો છે.

ફરીથી આ પ્રસંગ સંપૂર્ણ સફળ થાય ને કડીનું વિદ્યાકેન્દ્ર દેશમાં અને ગુજરાતમાં અગ્રેસર થાય તે મહેચ્છા સાથે.

આપનો,
ગોરધનભાઇ પટેલના નમસ્કાર

**મહેશભાઈ જે. શાહ**
ચેરમેન
ગુજ. સ્ટેટ કો. ઓ. કન્ઝયુમર્સ ફેડરેશન લિ., અમદાવાદ

પંચશીલ સોસાયટી,
અમદાવાદ
તા. ૨૩-૨-૧૯૮૪

આપના 'અમૃત મહોત્સવ' નિમિત્તેનું આમંત્રણ મળ્યું. આ દિવસોમાં બીજા કામમાં રોકાયેલ હોઈ હાજર રહી શકું તેમ નથી. આપના અમૃત મહોત્સવ સમારંભને મારા વતી અને સંસ્થા વતી અભિનંદન પાઠવું છું.

આપનો
મહેશભાઈ જે. શાહ
ચેરમેન

❀

**પોપટલાલ ગુ. પટેલ**
ભૂતપૂર્વ આચાર્ય, સર્વ વિદ્યાલય – કડી

ઓલ્ડ પ્રભાદેવી રોડ
મુંબઈ
તા. ૨૨-૨-૮૪

આપના તરફથી બે સંસ્થાઓનો 'અમૃત મહોત્સવ' તા. ૨૫-૨૬ ફેબ્રુઆરી '૮૪ના રોજ યોજાયો છે જાણી આનંદ થયો છે. આ મહોત્સવ સંપૂર્ણ સારી રીતે ફત્તેહ પામો અને સંસ્થાઓની સુંદર પ્રગતિ થાઓ.

લિ.
પોપટલાલ ગુ. પટેલ

❀

**'અનામી'**

વડોદરા – ૫
તા. ૨૪-૨-૮૪

મારે વળી આમંત્રણની શી જરૂર? દક્ષ યજ્ઞમાં ઓછી મને 'સીટ' મળવાની નહોતી? મોતિયાની તકલીફ, લીવરનો સોજો, અલ્સર, આ ઠંડી અને મુરબ્બી શ્રી ભાઈલાલભાઈ એન. પટેલની પીછેહઠ. પરિણામે હું ય આળસી ગયો.

'અમૃત મહોત્સવ'ને ૧૦૦ % સફળતા ઇચ્છતા...

ગુણાનુરાગી
'અનામી'ના જય શિવ

❀

Chicago (U. S. A.)

Please accept our heart warming wishes for the 'Amrit Mahotsav'. Let our school be a guiding light to every student.

Kalidas Patel
Raman K. Patel
R. Jashbhai Patel

**બાબુભાઈ કે. પટેલ**

International Real Estate Corp.
837 West Sheridan Road
Chicago, Illinois–60613
21 Feb. '84.

મહોત્સવના કાર્યક્રમમાં હાજર રહી શકાયું હોત તો ખૂબ આનંદ થાત પણ કામ હોવાથી શિકાગો જવું પડે છે.

આજના શુભ પ્રસંગે મારી શુભેચ્છાઓ છે. વધારે તો તમે બધા અવારનવાર મારા તરફથી સંદેશાઓ સાંભળશો.

લિ.
બાબુના જયહિન્દ

**ભક્તિભાઈ ગી. પટેલ**

૧૧૧–૦૫, ૬૬ મો રસ્તો
ફોરેસ્ટ હીલ્સ
ન્યુયોર્ક – ૧૧૩૭૫
ફેબ્રુ. ૧૮, '૮૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને શ્રી કડવા પાટીદાર કે. ઉત્તેજક મંડળ–કડીનો 'અમૃત મહોત્સવ' આપ સૌ ખૂબ જ ઉત્સાહ અને ધામધૂમથી ઉજવી રહ્યા છો. આ મહામૂલા પ્રસંગ નિમિત્તે દસ હજાર માઇલ દૂર બેઠાં બેઠાં પણ હું હર્ષ અનુભવી રહ્યો છું આપના આમંત્રણ માટે આપ સૌ વડીલોનો ઋણી છું.

આ સંસ્થાઓએ અનેકવિધ ક્ષેત્રોમાં ટોચની કક્ષાનાં માનવરત્નો પેદા કર્યાં છે. માનવીને સાર્થકની શોધમાં રાહબરી પૂરી પાડી છે. આપણા ચારિત્ર્ય ઘડતરમાં આ સંસ્થાઓએ અગ્રીમ ભાગ ભજવ્યો છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીના આશીર્વાદ આ સંસ્થા ઉપર ઉતર્યા છે.

આ સંસ્થાઓ ખૂબ જ વિકાસ પામો યુવાન પેઢીના ભાવિ માટે શક્તિનો અમોઘ સ્રોત બની રહો એવી પ્રભુને પ્રાર્થના કરી વિરમું છું.

લિ. આપનો
ભક્તિભાઈના સ્નેહવંદન

**પુરુષોત્તમ અં. પટેલ**
આચાર્ય

શિક્ષણ મહા વિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ
તા. ૨૨–૨–૮૪

આપણી સંસ્થાના 'અમૃત મહોત્સવ' પ્રસંગે હાજર રહેવાનું નિમંત્રણ મળ્યું તે માટે આપનો હાર્દિક આભાર.

આ બંને દિવસો દરમિયાન મારે એક મિટીંગનું સંચાલન છોટા ઉદેપુર મુકામે કરવાનું હોઇ હું હાજર રહી શકીશ નહીં તો ક્ષમા કરશોજી.

કાર્યક્રમની સફળતા ઇચ્છું છું.

આપણી સંસ્થામાં બે વર્ષ છાત્રાલયમાં રહી મને અભ્યાસ કરવાની તક મળી તેના લીધે મારી શક્તિઓનો વિકાસ થઇ શકયો છે અને મને વિવિધ રીતે આ શિક્ષણ ઉપયોગી થયું છે. માતૃસંસ્થાનું ઋણ કદી ચૂકવી શકાય નહીં તેવું છે. સંસ્થાનો ઉત્તરોત્તર વિકાસ થાય એ જ અભ્યર્થના.

લિ. આપનો
પુરુષોત્તમ અં. પટેલ

**Visubhai B. Patel**

Simalin
Nandesari Dist. Baroda
23-2-84

I am in receipt of the invitation for the celebration of our 'Amrut Mahotsav.' Kindly accept my sincere thanks for the same.

Ever since. this Mahotsav was planned, you and other members of the committee have worked and still are working to make it a grand success. I am sure it is a grand success of the generation.

In spite of my buring wish to attend the function, I am constrained by unavoidable preoccupation being out of Baroda on that day, hence this message. Again, I wish the fanction a great success.

Kindly excuse my absence in this festivity

With personal regards

Sincerely yours
Visubhai B. Patel

**Patel Ratilal Ishverdas & Co.** Bombay - 400 003

We thank you for your invitation for the festival ceremony of Amrut Mahotsav. Regret our inability to attend for the same.

We would however like to send our best wishes that the function would have created a joyful and complete success.

With warmest regards.

Ambalal Ishverdas Patel
Manilal Ishverdas Patel
Ratilal Ishverdas Patel

Rajkot

Wishing the function every success

Ambavi Hudka

Bombay

Many happy returns of the day.

Baldevbhai B. Patel

Baroda

Wishing the function every success.

Popatbhai S. Patel
Vipor Chemicals

Ahmedabad

Wishing the function every success.

Navnitbhai C. Patel
Parshvanath Corporation

Bombay

Wishing the function every success.

Prahladbhai Shankerlal

Bombay

Wishing the function every success.

Ambalal Inamdar

Sardhav

Wishing the function every success.

Vadibhai Patel

**રસિકલાલ નાથાલાલ શાહ**
ચેરમેન
કડી કેળવણી મંડળ, કડી

અમદાવાદ
તા. ૨૧-૨-૮૪

કડી અને આજુબાજુના તાલુકાઓમાં કેળવણી ક્ષેત્રે સર્વ વિદ્યાલયનું પ્રદાન ઘણું મોટું છે. પૂ. મહાત્માજી જ્યારે ત્યાં પધાર્યા ત્યારે તેમનાં દર્શન કરવાનો શુભ અવસર મને સાંપડેલો.

હું મહોત્સવની સફળતા ઇચ્છું છું. ઘરનાં જ લગ્ન હોવાથી હું રોકાયેલો છું તેથી આવી શકું તેમ નથી તો માફ કરશો.

સફળતા ઇચ્છતો

આપનો વિશ્વાસુ
ર. ના. શાહ

કલોલ તાલુકા કેળવણી મંડળ – કલોલ

આપના આમંત્રણ બદલ આભાર. આપના શુભ પ્રસંગની સફળતા ઇચ્છું છું. સંનિષ્ઠ કાર્યકરોની અવિરત નિઃસ્વાર્થ અમૂલ્ય સેવાઓને બિરદાવતાં અમે આનંદ અનુભવીએ છીએ. આપની સંસ્થા દિવસો દિવસ પ્રગતિનાં શિખરો સર કરતી સર્વોચ્ચ શિખરે પહોંચે તેવી શુભેચ્છા સાથે...

આપનો વિશ્વાસુ
પી. આર. પટેલ
મંત્રી

ઉત્તર-પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ, પિલવાઈ

તા. ૨૪-૨-૮૪

આપની સંસ્થા 'અમૃત મહોત્સવ' ઉજવી રહી છે. તે જાણી આનંદની લાગણી અનુભવું છું. સંસ્થાએ અત્યાર સુધીમાં પ્રદેશની જે સેવા કરી છે તેના કરતાં પણ અનેકગણી વધુ સેવા કરવાનું સામર્થ્ય તેને પ્રાપ્ત થાઓ તેવી અભ્યર્થના.

સમારંભને સફળતા ઇચ્છું.

આપનો વિશ્વાસુ
મંત્રી

# અમૃત મહોત્સવના પ્રમુખો અને વિશિષ્ટ અતિથિઓ....



**શેઠશ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસ**
પ્રમુખ
અમૃત મહોત્સવ



ગુ. રા. ના મુખ્યમંત્રી **શ્રી માધવસિંહ સોલંકી**
ઉદ્‌ઘાટક
અમૃત મહોત્સવ



**શેઠશ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ**
મુખ્ય મહેમાન
અમૃત મહોત્સવ



**શેઠશ્રી બળદેવભાઈ ડોસાભાઈ**
અતિથિ વિશેષ
અમૃત મહોત્સવ

## અમૃત મહોત્સવ : છાત્રસંમેલન અને સંસ્કાર કાર્યક્રમના પ્રમુખો અને વિશિષ્ટ અતિથિઓ



**શ્રી. જી. આઈ. પટેલ**
પ્રમુખ : છાત્ર સંમેલન



**શ્રી. અમૃતભાઈ બી. પટેલ**
પ્રમુખ : સંસ્કાર કાર્યક્રમ



**શ્રી. હરગોવિંદદાસ ધ. પટેલ**
ઉદ્‌ઘાટક : છાત્ર સંમેલન



**ડૉ. ત્રિભુવનભાઈ એન. પટેલ**
અતિથિવિશેષ : છાત્ર સંમેલન



**શ્રી. નારણભાઈ ઈ. પટેલ**
અતિથિ વિશેષ : સંસ્કાર કાર્યક્રમ



ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકી દીપ પ્રગટાવી અમૃત મહોત્સવ સમારંભનું તેમજ (૧) શ્રી. ના ના. દેસાઈ પ્રાથમિક શાળા (૨) શ્રી હરિવલ્લભ કાળીદાસ પુસ્તકાલય (૩) શ્રીમતી મેનાબેન મંગળદાસ અતિથિગૃહ તથા (૪) શ્રી. બી. એમ. પટેલ વિદ્યાર્થી ભવનના મકાનોનું ઉદ્દઘાટન કરી રહ્યા છે. તેમની બાજુમાં ક. પા. કે. ઉ. મંડળના પ્રમુખ શેઠશ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ છે



અમૃત મહોત્સવ સમિતિના અધ્યક્ષ વકીલ ધનાભાઇ હ. પટેલ તેમનું નિવેદન રજૂ કરી રહ્યા છે.




અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ મંદિર, દાદર મુંબઈના કોઠારી સ્વામી ભક્તિપ્રિયદાસજી (જેઓ પૂર્વાશ્રમમાં આ સંસ્થાના વિદ્યાર્થી હતા) પ્રવચન કરી રહ્યા છે.



શ્રી. હરગોવિંદદાસ ધ. પટેલ દીપ પ્રગટાવી છાત્ર સંમેલનનું ઉદ્ઘાટન કરી રહ્યા છે.




અમૃત મહોત્સવના મંચ ઉપર શ્રી ઇશ્વરભાઇ ચાવડા, શેઠશ્રી જયકૃષ્ણભાઇ, મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકી, શેઠશ્રી બળદેવભાઇ ડોસાભાઇ, મુ. દાસકાકા તથા શ્રી નટવરલાલ અ. પટેલ (માજી એમ. પી). અને પાછળ શ્રી છોટાલાલ મ. પટેલ બેઠેલા છે.



સંસ્કાર કાર્યક્રમના મધ્યાંતરે મંચ ઉપર મુખ્ય મહેમાન શ્રી નારણભાઈ પટેલ, શેઠશ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ, વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ ઉપસ્થિત છે. સંસ્થાના મંત્રીશ્રી માણેકલાલ પટેલ મહેમાનોનું સ્વાગત કરી પરિચય આપી રહ્યા છે.





બંસી કે શ્યામ : સર્વ વિદ્યાલય, કડી

શાહજહાંની એકોક્તિ : સાયન્સ કૉલેજ, કડી



સમારંભને અંતે ભોજન સમયે



નૃત્ય : શેઠ સી. એમ. હાઈસ્કૂલ, ગાંધીનગર



નૃત્ય નાટિકા : સર્વ વિદ્યાલય, કડી



ગરબો : મેડીએ બેઠી રાજણ બોલે
ટેકનીકલ હાઈસ્કૂલ, કડી

## સ્વાગત અધ્યક્ષ શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ (દાસકાકા) નું

## પ્રવચન*

માનનીય મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકી, માનવંતા શેઠશ્રી જયકૃષ્ણભાઇ, માનવંતા શેઠશ્રી બળદેવભાઈ, પધારેલ બહેનો અને ભાઇઓ તથા ભૂતપૂર્વ તેમજ હાલના વિદ્યાર્થી ભાઇબહેનો,

આપ સૌનુ પ્રેમપૂર્વક સંસ્થાઓ, તેના સભાસદો અને મારા વતી સ્વાગત કરું છું.

મુખ્ય મંત્રીશ્રી સોલંકી રાજ્ય કારોબારની ભારે જવાબદારીઓમાંથી સમય કાઢી પધાર્યા અને શેઠશ્રી જયકૃષ્ણભાઇ, શેઠશ્રી બળદેવભાઈ અનેક વ્યવસાયોમાંથી સમય કાઢી પધાર્યા તેમનો આ પ્રસંગે સંસ્થા અને તેના સભાસદો અને મારા તરફથી આભાર માનીએ છીએ.

આ સંસ્થાનું બીજ લગભગ અભણ જેવા વૃદ્ધ છગનભા એ રોપ્યું. કાશી સંન્યાસ લેવા ગયા. તેમના ગુરુએ એમને કહ્યું કે જે સમાજમાં બાળલગ્નો, બારમાં અને કુરિવાજો હોય તે નાબુદ કરવાનું કામ કરો તે સાચો સન્યાસ છે. તે પાછા ફર્યા અને એમનામાં પ્રકાશ થયો કે નાનકડો દીવો અંધકાર – કુરિવાજો નાશ કરશે. અને તેથી કડીમાં આવી ખાખચોકનું મકાન ભાડે રાખી બોર્ડિંગ શરૂ કરી. તેમાં સૌ પ્રથમ શ્રી ત્રીકમલાલ પંચાલ અને ભાવસાર એ બે છાત્રોને દાખલ કરવામાં આવ્યા. બોર્ડિંગ જ્ઞાતિની હોવા છતાં વિદ્યાર્થી દાખલ કરવામાં જ્ઞાતિભેદ શરૂથી રહ્યો નહોતો.

પૂ. છગનભાએ શિક્ષણનો દીવો પ્રગટાવ્યો. કુરિવાજો, અંધશ્રદ્ધા હટાવવાના ઉદ્દેશથી બોર્ડિંગના વિદ્યાર્થી શનિ–રવિવારે ગામડે જતા અને બાળલગ્ન, બારમાં વિરોધી સંવાદો કરતા. એની અસર ગ્રામ પ્રજા ઉપર સારી થઇ. વિદ્યાર્થીઓ પણ બાળલગ્ન અને બારમાના વિરોધી બન્યા.

પૂ. છગનભાએ રોપેલું બીજ હવે ઉગ્યું, પાંગર્યું તેનું પ્રથમ ફળ વિદ્યાર્થી આશ્રમ. જેમાં એક સો ઉપરાંત વિદ્યાર્થી રહે છે. આના માટે પૂ. છગનભા ગામડે ગામડે પગે ચાલીને જતા. એ જમાનામાં બસો નહોતી. અને સખાવતીઓને મળી શકય તે સખાવત મેળવતા. એમ આશ્રમની ઓરડીઓ વગેરે થઇ અને સ્કૂલ આગળના મેદા ઉપર બેસાડવાનું શરૂ કર્યું.

---

* આ પ્રવચન સ્વ. દાસકાકાની એ વખતની નાદુરસ્ત તબિયતને લીધે એમનાથી રજૂ થઇ શકયું નહોતું.

રાજર્ષિ મહારાજા સયાજીરાવે તા. ૪-૧-૧૯૨૬ના રોજ પાટીદાર આશ્રમની મુલાકાત લીધી અને મહાત્મા ગાંધીજીએ તા. ૨૭-૭-૧૯૨૯ના રોજ સંસ્થાની મુલાકાત લઇને આશીર્વાદ આપ્યા. શેઠશ્રી મફતલાલ તરફથી દર વરસે રૂ. ૨૪૦૦ આવે છે. તેઓની ઉદારતા જાણીતી છે. એમના સુપુત્રો કડીમાં એક લગ્નમાં આવેલા તેમને આગ્રહ કરી સંસ્થામાં લઈ ગયો. તેમણે સંસ્થા જોઇ. ખુશી થયા પણ સ્કૂલ આશ્રમના મેડા ઉપર બેસતી તે શાળા માટે યોગ્ય નથી એવું જણાવ્યું અને શેઠશ્રીને સ્કૂલનું મકાન બાંધી આપવા અમારા વતી વિનંતી કરવા કહ્યું. તેમણે સ્કૂલના નકશા તૈયાર કરવા જણાવ્યું અને શેઠશ્રીની સંમતિ મળ્યેથી હું ફરી કડી આવી નકશો પસંદ કરીશ અને એ નકશા પ્રમાણે સ્કૂલનું મકાન બાંધવાની શરૂઆત કરવા અને સ્કૂલના મકાનમાં જે ખર્ચ થાય તે શેઠશ્રી આપશે અને ખર્ચની રકમ અવારનવાર મોકલી આપશે. આપ સ્કૂલનું – સર્વ વિદ્યાલય હાઇસ્કૂલનું મકાન જુઓ છો તે શેઠશ્રીએ બાંધી આપ્યું છે. સર્વ વિદ્યાલય ત્યાં બેસતી થઇ.

આ પછી સર્વ વિદ્યાલય સાથે ટેકનીકલ શિક્ષણ માટે રૂ. એક લાખ આપ્યા છે.

એમની સખાવતોને લઈ સંસ્થાને પાંગરવામાં ખૂબ મદદ થઈ. આ સ્થળેથી અમારી સંસ્થાઓ અને તેના સભાસદો અને મારા તરફથી તેમનો અને તેમના કુટુંબીજનોનો આભાર માનું છું.

શ્રી પ્રાણસુખલાલ મફતલાલ સર્વ વિદ્યાલય હાઇસ્કૂલ અને હાયર સેકન્ડરી સ્કૂલમાં લગભગ ૧૭૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. એમાં પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ અને જનરલ તેમજ વિજ્ઞાન પ્રવાહો સાથે હાયર સેકન્ડરી વિભાગનો સમાવેશ થાય છે.

પછી શ્રી ધનજીભાઇ મોતીભાઇ હોસ્ટેલ, સાયન્સ કોલેજ હોસ્ટેલ તેમજ ટેકનીકલ સ્કૂલ, ટેકનીકલ હોસ્ટેલ, તથા ટેકનીકલ વર્કશોપ થયાં. આમ છતાં ટેકનીકલ સ્કૂલ નાની પડે છે. તેના ચાર ઓરડા બાંધવાની શરૂઆત કરી છે. ટેકનીકલ સ્કૂલ અને ટેકનીકલ ઇન્સ્ટીટયુટ વગેરેમાં આઠ જિલ્લાના લગભગ ૩૪ તાલુકાના ૧૨૯ ગામડાંના ૧૧૭૬ વિદ્યાર્થીઓ છે.

અમારી સંસ્થાનો ઇતિહાસ ઉજ્જવળ છે. આઝાદી માટે મહાત્મા ગાંધીજીએ લડતો ઉપાડી તેમાં અમારા સંચાલક, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો. કેટલાક મીઠાના અગર લૂંટવા ગયા અને માથાં ફોડાવ્યાં. મીઠું પકવતાં કેટલાક વીરમગામ, ધોળકા વગેરેમાં પકડાયા. એ બધાએ લાઠીઓનો સ્વાદ સારી પેઠે ચાખ્યો અને જેલ પણ ભોગવી. આમ સ્વરાજ પ્રાપ્તિમાં આ સંસ્થાએ નોંધપાત્ર ફાળો આપ્યો.

ચાર હોસ્ટેલોમાં પાંચસો વિદ્યાર્થીઓ રહે છે. વિશેષ દાખલ કરી શકાતા નહોતા. દાખલ થવા આવતા વિદ્યાર્થીઓને ના પાડવી પડતી એને કારણે ટેકનીકલ તેમજ સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી દાખલ કરી શકાતા નહોતા. પ્રાથમિક શાળાનું યોગ્ય મકાન નહોતું. મહેમાનગૃહ તેમજ પુસ્તકાલય માટે મકાન નહોતાં આ બધા માટે નાણાં જોઇએ. મોંઘવારી એટલી બધી વધી ગઈ છે કે મકાનનું ખર્ચ ખૂબ વધ્યું છે. વિદ્યાર્થી આશ્રમના આદ્ય મકાનને સાઠ વરસ ઉપર થઇ ગયાં. એનાં બારી બારણાંનાં ઠેકાણાં નહોતાં. ભીંતોને પ્લાસ્ટરની તાતી જરૂર હતી.

સર્વ વિદ્યાલયના આચાર્યશ્રી મોહનભાઈ અને શ્રી ધનાભાઈએ કેડ બાંધી અને અમેરિકા ગયા. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને મળ્યા. અમેરિકાથી સાડા બાર લાખ રૂપિયા લાવ્યા. દેશમાંના વિદ્યાર્થીઓનો સંપર્ક સાધ્યો તેમજ દાનવીરોને મળ્યા એ રીતે રૂ. બાર તેર લાખ ભેગા કર્યા અને રૂ. પચીસ લાખ તો થયા પણ કામ ઉપાડયાં છે તેમાં રૂ. પાંત્રીસ લાખ ઉપર ખર્ચ થવા સંભવ છે. શ્રી મોહનભાઈ આચાર્ય સર્વ વિદ્યાલય, શ્રી નરોત્તમભાઇ આચાર્ય સાયન્સ કોલેજ અને શ્રી ધનાભાઇની ત્રિપૂટી મુંબઇ ઉપડી અને ત્યાં એમને ઉદાર મદદો મળી. હજુ પાંત્રીસ લાખ પૂરા થયા નથી.

જેમણે જેમણે નાનાં મોટાં દાન આપ્યાં તે તમામનો હું સંસ્થા તરફથી અને મારા તરફથી આભાર માનું છું. દાનની પૂરી વિગત રિપોર્ટ છપાય છે તેમાં આવશે.

અમારી સંસ્થાને ગાંધીનગરમાં સ્કૂલ કરવા માટે શેઠશ્રી લક્ષ્મીકાન્તભાઇ તથા શેઠશ્રી ચંદુભાઈના વારસોએ રૂ. ૨૫૦૦૦૦/- નું દાન આપ્યું છે. સ્કૂલને શેઠ ચંદુલાલ હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરી સ્કૂલ નામ આપવાનો સર્વ વિદ્યાલય કેળવણી મંડળની કારોબારીએ ઠરાવ કર્યો. આ સ્કૂલમાં બાલમંદિરથી દસમાં ધોરણ સુધીના દરેક ધોરણના બે વર્ગો છે. અને ૧૨૫૦ વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ છે. ગુજરાત સરકારે શિક્ષકોના પગાર અને મોંઘવારીમાં વધારા આપ્યા તેથી ધો. ૮-૯-૧૦ માં વાર્ષિક રૂ. ૩૦૦૦૦/- ની નુકસાની વેઠવી પડે છે. તેથી ટયુશન ફી રૂ. ૫૦/- કર્યા સિવાય છૂટકો નથી. હાઈસ્કૂલ માટેના ગ્રાન્ટના કાગળો શિક્ષણ નિયામક સુધી પહોંચ્યા છે. ગ્રાન્ટ આપવામાં આવે તો ટયુશન ફી લેવી બંધ કરવામાં આવશે.

શેઠશ્રી દિનેશભાઇ તથા ભારત વિજય મીલ્સના પ્રમુખ ડાયરેકટરોએ રૂ. એક લાખ હોસ્ટેલ માટે આપ્યા છે અને મહેન્દ્ર મીલ્સના પ્રમુખ ડાયરેકટરોએ રૂ. એક લાખ બીજી હોસ્ટેલ માટે આપ્યા છે. એક હોસ્ટેલમાં ઉપર નીચેના ઓરડા વગેરે થઇ ગયા છે અને નહીવત્ કામ બાકી છે. બીજી હોસ્ટેલમાં ગ્રાઉન્ડ ફ્લોરના દસ ઓરડા તથા સેનીટરી બ્લોકસ તથા રસોડું - ડાઇનિંગ હોલ તૈયાર થઈ ગયાં છે અને તેનો ઉપયોગ કરીએ છીએ.

છોકરા વિદ્યાર્થી માટે તો શકય વ્યવસ્થા કડી, ગાંધીનગર, વડનગર, બલોલ થઈ છે પણ કન્યા શિક્ષણની વ્યવસ્થા થઈ શકી નહોતી. કન્યા છાત્રાલય, કન્યા વિદ્યાલય અને કન્યા ઉદ્યોગ મંદિરના પ્રોજેકટ ગાંધીનગરમાં સંસ્થાએ હાથ ઉપર લીધા છે. આ કાર્યમાં સહાનુભૂતિપૂર્વક મદદગાર થવા હું માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરું છું.

મને ૮૪ વર્ષ પૂરાં થયાં. શરીર સારું રહેતું નથી. શ્વાસ ચઢે છે. દાકતરે ઘર બહાર જવાની મના કરી છે પણ આજે અહીં હાજરી આપવા આવ્યો છું. મને બોલવાની, લખવાની દાકતરે બંધી ફરમાવી છે. પણ આ કામ દાકતરની સૂચના વિરૂદ્ધ કર્યું છે.

ઇચ્છું છું કે કામ કરતાં કરતાં મૃત્યુ આવે.

ફરી આપ સર્વનો સંસ્થાઓ તરફથી અને મારા તરફથી આભાર માનું છું. સંસ્થા તરફ પ્રેમથી જોશો અને એની જરૂરિયાત પૂરી પાડશો એવી આશા રાખું છું.

### સ્વાગત અધ્યક્ષ શેઠશ્રી કેશવલાલ વિ. પટેલનું

## સ્વાગત પ્રવચન

આજના સમારંભના ઉદ્‌ઘાટક મુખ્ય મંત્રીશ્રી માધવસિંહભાઈ, પ્રમુખ શેઠશ્રી જયકૃષ્ણભાઈ, અતિથિ વિશેષ શેઠશ્રી બળદેવભાઈ, આમંત્રિત મહેમાનો, ભાઇઓ, બહેનો તથા વિદ્યાર્થી મિત્રો.

ગુજરાતની ખ્યાતનામ વિદ્યા-સંસ્થાઓ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનો આ 'અમૃત મહોત્સવ' ઉજવવા સારુ મળેલ આ સમારંભમાં આપ સૌનું સ્વાગત કરતાં મને ખૂબ આનંદ થાય છે. પૂજ્ય છગનભાએ ગુરુના આદેશથી આ સંસ્થાની શરૂઆત ઇ. સ. ૧૯૧૯ માં કરેલી જેમની દૃષ્ટિ હતી કેળવણી દ્વારા સમાજ સુધારા અને સમાજને ઉત્કર્ષને માર્ગે ચઢાવવાની. આ વાત ઘણા અંશે સફળ થઈ છે. સમાજમાં ઘણો ફેરફાર થયો છે. શિક્ષણ અને સુધારા એ સતત ચાલતી પ્રક્રિયા છે. એ ચાલ્યા જ કરતી હોય છે અને ચાલુ રખવાનો ધર્મ આ સંસ્થાઓને અને આપણને પ્રાપ્ત થયો છે. ખેડા જિલ્લામાં ચરોતર એજ્યુકેશન સોસાયટીએ જે કામ કર્યું એ કામ કડીની આ સંસ્થાઓએ મહેસાણા જિલ્લામાં કર્યું છે. આ સંસ્થાની રાહબરી નીચે વિસનગર, પિલવાઈ, વડનગર અને બલોલ જેવાં નાનાં ગામોમાં પણ શિક્ષણનાં ધામો બંધાયાં છે અને છેલ્લે ગાંધીનગરમાં મુ. શ્રી દાસકાકાએ એકલા હાથે મોટી સંસ્થા ઊભી કરી છે એ વાતને યાદ કરતાં મને બહુ જ આનંદ થાય છે.

આ સંસ્થાઓએ ટેકનીકલ શિક્ષણ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આપણી ટેકનીકલ હાઇસ્કૂલ ગુજરાત રાજ્યની એક મોટી અને પ્રખ્યાત સંસ્થા છે, અહીં આઇ. ટી. આઈ. પેટર્ન અને લાંબા ટૂંકા ગાળાના ટેકનીકલ અભ્યાસક્રમો ચાલે છે. તેમાં આપણે ઝડપથી વધારો કરી રહ્યા છીએ અને આપણી નેમ આઇ. ટી. આઇ. ની સ્વતંત્ર સંસ્થા ઊભી થાય એવી છે.

આજે આપણે જે નિમિત્તે મળ્યા છીએ તે અમૃત મહોત્સવ સંબંધી બે શબ્દો કહી દેવાની ઇચ્છા છે. સને ૧૯૮૧ ના મે મહિનામાં સાધારણ સભામાં સંસ્થામાં કરવાનાં નાનાં મોટાં સમારકામ, નવીન બાંધકામ, વિજ્ઞાન પ્રવાહ અને ટેકનીકલ પ્રવાહનું વિસ્તૃતિકરણ તથા આઈ. ટી. આઇ. ના શિક્ષણની જોગવાઈ વગેરેનો વિચાર કરવામાં આવેલો અને એના ફલ સ્વરૂપે 'અમૃત મહોત્સવ' ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. વકીલ શ્રી ધનાભાઇએ એની જવાબદારી સ્વેચ્છાએ ઉપાડી લીધી. તેઓ તેના અધ્યક્ષ થયા. એમની સાથે પ્રમુખો, મંત્રીઓ, આચાર્યો અને અન્ય કાર્યકરો જોડાયા. કામ સારી રીતે ચાલ્યું. મૂળ ફાળો ૨૫ લાખને વટાવી ૩૦ લાખ ઉપર પહોંચ્યો છે. નવીન લક્ષ્યાંક ૩૫ લાખનું છે તેને પહોંચવા માટે આ બધા સતત પ્રયત્નો રહ્યા છે. સમાજે અને ખાસ કરી આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ઉત્સાહ અને પ્રેમથી સારી રકમોનું દાન આપી આ પ્રસંગને સફળ અને ઉજ્જવળ બનાવ્યો છે.

વકીલ શ્રી ધનાભાઈ આ સંસ્થાના ઉપપ્રમુખ છે તેમની આ લાંબી સેવાઓ ઉપર સોનેરી કલગી જેવું આ અમૃત મહોત્સવનું કામ એમના હાથે થયું છે એ તેમના માટે ખરેખર ધન્યવાદરૂપ છે અને હું એમને હાર્દિક ધન્યવાદ આપું છું.

છેવટે ૩૫ લાખનું લક્ષ્યાંક પૂરું કરવા માટે સર્વના સહકારની હું અપેક્ષા રાખું છું.

જય હિન્દ.

## અમૃત મહોત્સવ સમિતિના અધ્યક્ષશ્રી વકીલ ધનાભાઈ હ. પટેલનું

# નિવેદન

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનો ઇતિહાસ ઉજ્જવળ અને યશસ્વી છે. એ બંને સંસ્થાઓના સંયુક્ત અમૃત મહોત્સવ નિમિત્તે એ ઇતિહાસની યશગાથાનું ભાવપૂર્વક સ્મરણ એ પણ એક અનોખો લહાવો છે. એ આનંદપળમાં આપ સૌને પણ સહભાગી બનાવતાં હર્ષ અનુભવું છું.

આજથી લગભગ પાંસઠ વર્ષ પૂર્વે સરઢવના શ્રી છગનલાલ પીતાંબરદાસ પટેલ (જેમને આપણે સૌએ 'પૂજ્ય છગનભા' નામથી સંબોધ્યા) પોતાના ગુરુ પૂજ્ય સ્વામી કેશવાનંદજી પાસે 'વરતી પ્રભાકર' નામના ગ્રંથનો અભ્યાસ કરવા અને સન્યસ્ત લેવા કાશી ગયેલા. પણ સ્વામીજીએ એમને, 'દેશને હાલ સન્યાસીની જરૂર નથી. તમે ઉત્તર ગુજરાત પાછા જાઓ. ત્યાં ગામડાઓમાં સામાજિક અને આર્થિક ક્ષેત્રે વ્યાપેલા પછાતપણાને કેળવણી મારફત દૂર કરવાની પ્રવૃત્તિ કરો' એવો આદેશ આપી એક મહાન પુણ્ય કાર્ય અને પુરુષાર્થ કરવા પ્રેર્યા.

આ કાર્યમાં નાણાંની જરૂર પડે. સ્વામીજીએ એ મૂંઝવણને પણ આવાં મધુર વચનથી દૂર કરી: 'લે આ સવા રૂપિયો. અને ત્યાં જઈ એક રૂપિયાની ટહેલ નાખજે. તારું કામ પાર પડયા કરશે.'

અને આમ છગનભા પોતાના વતન પાછા આવ્યા. અને કેળવણીનો વિચાર કરવા સરઢવ મુકામે આગેવાનોની સભા બોલાવી. તા. ૮-૬-૧૯૧૯ ના રોજ કેળવણીની સંસ્થા સ્થાપવાનો ઠરાવ કર્યો અને પૂજ્યછગનભાએ તે વખતે પ્રતિજ્ઞા લીધી કે જ્યાં સુધી છાત્રાલય શરૂ નહિ થાય ત્યાં સુધી પોતે મિષ્ટાન્ન જમશે નહિ. ફંડ પ્રવૃત્તિ માટે ગામડે ફરવા માંડયું. પ્રતિજ્ઞાની અસર થઇ. આદરજના શ્રી માધવજીભાઈ અને શ્રી ધનશા ભગતનો તથા શેરથા ગામના આગેવાનોનો સહકાર પ્રાપ્ત થયો અને પ્રતિજ્ઞા ફળી. તા. ૨૨-૩-૧૯૨૦ ના રોજ પ્રાંતના મથક અને સરકારી એ. વી. સ્કૂલની સગવડ ધરાવતા કડીમાં ભાડાના મકાનમાં છાત્રાલયની શરૂઆત કરવામાં આવી, અને તેની દેખરેખનું કામ મુ. દાસભાઇના મોટાભાઇ શ્રી વિઠ્ઠલભાઈને સોંપવામાં આવ્યું. છાત્રાલયની સંખ્યા વધતાં પૂ. ગાંધીજીની આઝાદી માટેની અસહકારની ચળવળમાં સરકારી પ્રાથમિક શાળાની નોકરી છોડી દેનાર વીરમગામના શ્રી કુબેરભાઇને છાત્રાલયના ગૃહપતિ પદે નિમવામાં આવ્યા.

સરકારી એ. વી. સ્કૂલ જેલના જુના મકાનમાં બેસતી હતી. વિદ્યાર્થીઓને તેથી મુશ્કેલી પડતી હતી. સંખ્યા વધતી હતી. આઝાદીની લડતની હવા જામેલી

હતી. એટલે સ્વતંત્ર શાળા શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

તા. ૨૨-૩-૧૯૨૨ ના રોજ કડીમાં "બંદુકવાલા બિલ્ડિંગ તરીકે ઓળખાતા મકાનને ભાડે રાખી તેમાં શાળા શરૂ કરવામાં આવી. લાંઘણજના શ્રી પોપટભાઈ અને લાડોલના શ્રી છગનભાઈએ પૂ. ગાંધીજીની અસહકારની ચળવળની હાકલને લીધે સરકારી કોલેજ છોડી દીધેલી અને ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક થયેલા. તેમને બોલાવી શ્રી પોપટભાઈને આચાર્યપદે નીમ્યા અને શિક્ષકો તરીકે શ્રી છગનભાઈ, શ્રી કુબેરભાઈ અને શ્રી પુરૂષોત્તમદાસ પટેલ (દાસકાકા) ને નીમ્યા. આ શાળામાં પાછળથી લાડોલના શ્રી ચુનીભાઈ તે પણ સરકારી કોલેજ છોડી ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક થયેલા તેમને શિક્ષક તરીકે લેવામાં આવેલા.

આમ સન્યસ્ત લેવા ગયેલા પૂ. છગનભાએ છાત્રાલયની સ્થાપના કરી અને આઝાદીની લડતના રંગે રંગાયેલા શિક્ષકો વડે શાળાની શરૂઆત થઈ.

શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અને શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ એમ બન્ને સંસ્થાઓના પાયામાં ત્યાગ – તપ – સાદાઈ અને રાષ્ટ્રીયતાની ઇંટો પૂરાઇ છે અને આ ગુણો સંસ્થાઓના વિકાસ સાથે વધતા જ ગયા છે. આ સંસ્થાના કાર્યકરોએ, શિક્ષકોએ અને વિદ્યાર્થીઓએ દેશની આઝાદીની લડતમાં જોડાતા રહી લાઠીઓ ખાધી છે અને જેલવાસ વેઠેલા છે. અને પૂ. છગનભાના ગુરૂજીના આશીર્વાદથી ઉત્તર ગુજરાતમાં ગામડામાં કેળવણી, સામાજિક અને આર્થિકક્ષેત્રે ક્રાન્તિ આવી છે.

ભાડાનાં મકાનો નાનાં પડવા લાગ્યાં. સ્વતંત્ર મકાનની જરૂર હતી. પણ નાણાંનું શું? તે વખતે રૂપિયો ગાડાના પૈડા જેવો ગણાતો. પગે ચાલતા ગામડે "પૂ. છગનભા" ફરતા. ફંડમાં ચાર આના–આઠ આના– રૂપિયો અને કયાંક અનાજ મળતું. તિરસ્કાર પણ થતો પણ તપ–ત્યાગ અને દૃઢ નિશ્ચયની મૂર્તિ જેવા "ભા" અડગ રહ્યા. તેમના દૃઢ નિરધારનો સાદ લાંઘણજના શેઠશ્રી સોમનાથભાઈ રૂપજીદાસ, શેઠશ્રી મોહનલાલ હરગોવનદાસ બીડીવાળા, અમદાવાદના શેઠશ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી, શેઠશ્રી મગનભાઈ મુળજીભાઇ, વિરમગામના શેઠશ્રી ચંદુલાલ મણીલાલ દેસાઇ, ભંડારાના શેઠશ્રી શંકરલાલ દયારામ અને શેઠશ્રી છોટાલાલ પરસોતમદાસ અને તે વખતના પાટડી દરબાર શ્રી દોલતસિંહજી વગેરેને સંભળાયો. આર્થિક મુંઝવણ હટી ગઈ અને સૌની હુંફ પ્રાપ્ત થઈ. સમાજ પણ જાગૃત થયો. મોટાબાર ગામના–મોટી બેતાલીસ ગામના – વઢીઆરના– સત્તાવીસ ગામ – ડરણના – ચોરાસીના અને સત્તાવીસ – બેતાલીસ ભાગના – એમ બધાં પંચોએ પણ પોતાની પાસેની તમામ રકમો સંસ્થાઓના કાર્યકરોને અર્પણ કરી. પરિણામે કાર્યકરોમાં હિંમત આવી અને તા. ૨૧-૪-૧૯૨૩ના રોજ છાત્રાલય માટે અને શાળા માટે નવીન મકાન (વિદ્યાર્થી આશ્રમના નામે ઓળખાતા) ની ખાતવિધિ શેઠશ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરીના શુભ હસ્તે કરવામાં આવી. તે વખતના વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ અને કાર્યકરોએ જાતે ઇંટો ઉપાડી કામ કર્યું અને મુસીબતોનો સામનો કરતા રહી મકાન પુરૂં કરેલું. ગામે ગામથી નાની નાની રકમો ઉઘરાવેલી જેની તકતીઓ વિદ્યાર્થી આશ્રમની ઓરડીઓ ઉપર લગાવેલી છે જે જોવાથી કાર્યકરોના શ્રમનો ખ્યાલ આવી શકશે. આ આદ્ય મકાનમાં નીચેની ઓરડીઓમાં વિદ્યાર્થીઓ રહેતા અને ઉપરના મેડાના ભાગે ભણતા. અને "શાળા અમારી તીર્થ ભૂમિ જ્ઞાન ગંગા ત્યાં વહે" "જીવન એટલે ઉલ્લાસ વિલાસ હરગીઝ નહિ" ના સાદ ગુંજવતા.

આઝાદીની લડતના રંગે સૌ રંગાયેલા હતા. એટલે પૂ. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાંથી પ્રેરણા

મેળવી જૂન ૧૯૨૫માં ઉદ્યોગ શિક્ષણની શરૂઆત કરવામાં આવી.

તે વખતના વડોદરાના મહારાજ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડનો કડીમાં મૂકામ થયેલો. આપણી સંસ્થાઓની મુલાકાત લેવાનું આમંત્રણ તેમણે સ્વીકારેલું. 'આ સંસ્થાઓમાં બધા ચળવળિયા છે તેમ ઠરાવી તેમના અમલદારોએ આ સંસ્થાઓની મુલાકાત રદ કરેલી. પણ છાત્રાલયના વિદ્યાર્થીઓની સંસ્કૃતમાં બોલાતી સવારની પ્રાર્થના સાંભળી શ્રીમંત સયાજીરાવ રેલ્વે સ્ટેશન સામેના ગેસ્ટ હાઉસમાંના તેમના ઉતારેથી ચાલતા સંસ્થામાં આવ્યા. સમગ્ર સંસ્થા જોઇ. રસોડું, વણાટ-કાંતણ કલાસ, સુથારી કલાસ વગેરે જોયાં અને દોડી આવેલા અમલદારોને પૂછ્યું કે અહીંની આવી સંસ્થાની મુલાકાત કેમ રદ કરી? તેના જવાબમાં અમલદારોએ જણાવ્યું કે આ સંસ્થાવાળા ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમનો અમલ કરનારા ચળવળિયા હોઇ રાજદ્રોહી છે. શ્રીમંત મહારાજાએ તેઓને જણાવ્યું કે તમે આવી પ્રવૃત્તિને રાજદ્રોહ ગણતા હો તો મારે મારા રાજ્યમાં ગામે ગામ આવો રાજદ્રોહ જોઇએ છે. આ સંસ્થા તો ઇંગ્લેંડની પબ્લીક સ્કૂલ જેવું કામ કરી રહી છે તેમ કહી પોતાની પર્સનલ પર્સમાંથી બે હજાર રૂપીઆની વાર્ષિક મદદ મંજૂર કરી આપી. આ દિવસ હતો તા. ૪-૧-૧૯૨૬ નો. અને તે પછી પાછળથી રાજ્ય તિજોરીમાંથી આ મદદ મળ્યા કરતી જે વડોદરા રાજ્યનું વિલિનીકરણ થયું ત્યાં સુધી ચાલુ રહેલી.

સને ૧૯૨૮માં ગુજરાત ગૌશાળાની શરૂઆત છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને પૌષ્ટિક દૂધ મળે, ગોપાલન થાય અને ગોસુધારણા-ખેતી સુધારણાના પ્રયોગો થાય તે હેતુથી કરવામાં આવી.

સંસ્થાની રાષ્ટ્ર ઘડતરની અને આઝાદીની લડતને પૂરક પ્રવૃત્તિઓથી આકર્ષાઇ પૂ. ગાંધીજી તા. ૨૭-૭-૧૯૨૯ના રોજ આ સંસ્થાઓની મુલાકાતે પધારેલા બપોરના ૧૧-૩૦ થી સાંજના ૪-૦૦ વાગ્યા સુધી આ સંસ્થામાં રોકાયા. સમગ્ર સંસ્થા જોઈ-પ્રવૃત્તિઓ નિહાળી અને આ યુગ પુરૂષે જાહેરસભામાં સભાજનોને શિખામણ દીધી કે "તમારા બાળકોને અહીં મોકલશો તો તેઓ અહીં સાચી કેળવણી પામશે."

સંસ્થાઓની પ્રવૃત્તિઓએ વિકાસનો વેગ પકડયો. તા. ૧-૪-૩૫ ના રોજ મેટ્રીકનો વર્ગ શરૂ કરવામાં આવ્યો. પ્રો. જેઠાલાલ સ્વામિનારાયણ અમદાવાદથી દર શનિવારે કંઈજ વેતન લીધા સિવાય મેટ્રીકના વિદ્યાર્થીઓના કલાસ લેવા આવતા. આચાર્યશ્રી બાપુભાઈ ગામી, શ્રી પોપટભાઈ અને શ્રી છગનભાઇની ત્રિપુટી તેમના સાથી શિક્ષકોના સહકારથી સંસ્થાના શિક્ષણ કાર્યને દીપાવતી હતી. સંસ્થાની શૈક્ષણિક અને વહીવટી ક્ષેત્રે નામના અને સફળતા સૂર્ય જેમ પ્રકાશિત થતાં ગયાં. પરિણામે અન્ય સંસ્થાઓનો વહીવટ સોંપાયો અને નવી શાખાઓ અને નવી પ્રવૃત્તિઓ તથા નવાં મકાનો શરૂ થયાં જેની ટૂંક વિગત નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| તા. ૨૬-૩-૧૯૩૯ | શેઠ જી. સી. હાઇસ્કૂલ પિલવાઇનું સંચાલન હાથ ધર્યું. |
| તા. ૨૦-૧૧-૧૯૪૧ | નૂતન સર્વ વિદ્યાલય-વિસનગરની સ્થાપના. |
| તા. ૬-૫-૧૯૪૨ | વિસનગર શાખાની સ્થાપના અને મકાન. |
| જુન - ૧૯૪૨ | શેઠ મ. હ. છાત્રાલય-પિલવાઇનું સંચાલન હાથ લીધું. |
| જુન - ૧૯૪૨ | નવીન સર્વ વિદ્યાલય-વડનગર ની સ્થાપના. |
| જુન - ૧૯૪૨ | વિદ્યાર્થી નિવાસ-વિસનગરની સ્થાપના. |
| તા. ૧૧-૩-૧૯૪૪ | રૌપ્ય મહોત્સવની ઉજવણી. |

વધતી સંખ્યાના કારણે સર્વ વિદ્યાલય હાઈસ્કૂલને નવા સ્વતંત્ર મકાનની જરૂર હતી. શેઠશ્રી મફતલાલ ગગલદાસે સંસ્થાની ખ્યાતિ જાણી નવીન મકાન બાંધી આપવાની માગણી સ્વીકારી એટલે તા. ૨૩-૪-૧૯૨૨ ના રોજ શેઠશ્રી પ્રાણસુખલાલ સરસ્વતી સદનનું ખાતમુહુર્ત થયું અને તા. ૧૨-૩-૪૫ ના રોજ તેનુ ઉદ્‌ઘાટન થયું. તા. ૧૨-૩-૪૫ ના રોજ આશ્રમમાંથી હાઇસ્કૂલ નવા મકાનમાં બેસતી થઈ. સંસ્થાની સ્થાપના થઈ ત્યારથી આ દાનવીર કુટુંબ તરફથી દર વરસે ૨૪૦૦ ( ચોવીસો ) રૂપિયાની સખાવત મળ્યા જ કરે છે. આ નવીન મકાન આખું તેમણે જ તેમના ખર્ચે બંધાવી આપ્યા પછી સને ૧૯૬૦ માં સર્વ વિદ્યાલય હાઈસ્કૂલને વિવિધલક્ષી બનાવવામાં આવતાં તેમાં ટેકનીકલ વિભાગ જોડવામાં આવ્યો. શેઠશ્રી અરવિંદભાઈ મફતલાલ તરફથી એક લાખ રૂપિયાની સખાવત મળી. સને ૧૯૬૫ માં જુનિયર ટેકનીકલ સ્કૂલ શરૂ કરવામાં આવતાં તેના મકાનો માટે બીજી બે લાખ રૂપિયાની ઉદાર સખાવત મળી. શેઠશ્રી અરવિંદપ્રસાદ મફતલાલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ તરીકે રહેતા આવ્યા છે. અને તેમના તરફથી સંસ્થાને કાયમ દોરવણી અને ઉદાર સખાવતો મળ્યા જ કરી છે. તેઓશ્રી "અમૃત મહોત્સવ" ઉજવણી વખતે પધારી શકયા નહિ તેની કાર્યકરોને ખૂબ જ મોટી ખોટ વર્તાણી છે પણ સૌને વિશ્વાસ છે કે તેમના આશીર્વાદ સદા આ સંસ્થાઓને મળ્યા છે તેમ મળતા જ રહેશે.

તા. ૧-૩-૧૯૫૨ મિત્ર મંડળ સર્વ વિદ્યાલય બલોલની સ્થાપના.

જૂન ૧૯૫૨ પ્રાથમિક બેઝીક શિક્ષક અધ્યાપન મંદિરની શરૂઆત.

સન ૧૯૫૬-૫૭ સને ૧૯૫૨ માં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ રૂા. ૧૧૧-૦૦ ની પુષ્પ પાંખડીઓ સંસ્થાને ભેટ ધરવા માંડેલી તેમાંથી તૈયાર થયેલું મકાન જેમાં હાલમાં વિજ્ઞાન-કોલેજ બેસે છે. અને સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના વર્ગ બેસે છે.

૨૮-૨-૧૯૬૦ ઓડિટોરિયમ - સંસ્કાર ભવનના મકાનનું ઉદ્‌ઘાટન.

જુન ૧૯૬૦ સર્વ વિદ્યાલયને વિવિધલક્ષી બનાવી ટેકનીકલ વિભાગ ખોલવામાં આવ્યો.

૮-૧૨-૧૯૬૦ ટેકનીકલ વિભાગના વર્કશોપના મકાનનું ખાતમુહુર્ત.

૭-૨-૬૩ શ્રી ધ. મો. છાત્રાલયના મકાનનું ખાતમુહૂર્ત.

તા. ૧૪-૬-૬૩ ટેકનીકલ વિભાગના મકાનનું ઉદ્‌ઘાટન પૂ. રવિશંકર મહારાજના હસ્તે. શેઠશ્રી જયકૃષ્ણભાઈ હરિવલ્લભદાસના પ્રમુખસ્થાને.

તા. ૧૪-૧૨-૬૪ શ્રી ધ. મો. છાત્રાલયના મકાનનું શેઠશ્રી કમલનયન બજાજના હસ્તે ઉદ્‌ઘાટન.

તા. ૧-૧-૬૫ પ્રિ. વોકેશનલ ટ્રેઇનીંગ સેન્ટરની શરૂઆત.

તા. ૨૪-૫-૬૫ વિજ્ઞાન કોલેજનું ઉદ્‌ઘાટન- ભારત સરકારના રેલ્વે પ્રધાન શ્રી એસ. કે. પાટીલના હસ્તે.

તા. ૨૩-૨-૬૬ પ્રિ. વો. સેન્ટરના મકાનનું ખાતમુહૂર્ત.

જૂન ૧૯૬૬ જુનિયર ટેકનીકલ સ્કૂલની શરૂઆત

તા. ૧૧-૪-૬૭ પ્રિ. વો. સેન્ટરના મકાનનું ઉદ્‌ઘાટન- ગુજરાત સરકારના શિક્ષણ મંત્રીશ્રી ચોખાવાલાના હસ્તે.

તા. ૨૭-૫-૬૭ જુ. ટેકનીકલ સ્કૂલના મકાનની ખાતવિધિ ગુજ. સરકારના મુખ્યમંત્રી શ્રી હિતેન્દ્રભાઈ દેસાઇના હસ્તે.

તા. ૨૭–૫–૬૭ જુ. ટેકનીકલ સ્કૂલના વર્કશોપના મકાનની ખાતવિધિ શેઠશ્રી નાગરદાસ બહેચરદાસ પંચાલના હસ્તે.

તા. ૨૭–૫–૬૭ જુનિ. ટેકનીકલ સ્કૂલના છાત્રાલયના મકાનની ખાતવિધિ શ્રીમતિ સગુણાબેન હિતેન્દ્રભાઈ દેસાઇના હસ્તે.

તા. ૪–૧૨–૬૮ વિજ્ઞાન કોલેજની હોસ્ટેલના મકાનની ખાતવિધિ.

તા. ૨–૫–૧૯૭૦ સુવર્ણ જયંતી પરિવાર સંમેલન શ્રી પોપટભાઈ ગુલાબદાસના પ્રમુખપદે. મંગળ પ્રવચન ભૂતપૂર્વ વિદ્યાર્થી "અનામી"

તા. ૩–૫–૧૯૭૦ વિજ્ઞાન કોલેજ હોસ્ટેલનું ઉદ્‌ઘાટન શ્રી સી. પી. પટેલના હસ્તે પ્રમુખ શેઠશ્રી જયકૃષ્ણભાઈ હરિવલ્લભદાસ. મુખ્ય મહેમાન ગુજ. રા. મુખ્ય મંત્રીશ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ.

તા. ૨૯–૨–૧૯૭૬ સંસ્થાઓના સુત્રધાર અને ઉત્તર ગુજરાતના ખેડૂતોના પ્રખર નેતા શ્રી પુ. ર. પટેલનું સન્માન.

તા. ૩–૧૧–૭૭ ગાંધીનગર ક્ષેત્રે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠશ્રી ચંદુલાલ માધવલાલ હાઇસ્કૂલ અને હાયર સેકન્ડરી સ્કૂલની ખાતવિધિ શેઠશ્રી હીરાલાલ ભગવતીના હસ્તે પ્રમુખ શ્રી હસમુખલાલ ચીમનલાલ, અતિથિવિશેષ શેઠશ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસ.

તા. ૧૬–૪–૭૮ શ્રી પુ. ર. પટેલ ( દાસકાકા ) સન્માન સમારંભ શેઠશ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈના પ્રમુખસ્થાને. સન્માન ગ્રંથ અર્પણવિધિ શેઠશ્રી રજનીકાંત રસીકલાલ. સન્માન થેલી અર્પણવિધિ રૂસ્તમ જહાંગીર મીલવાળા શેઠશ્રી પ્રફુલ્લભાઇના હસ્તે. અતિથિવિશેષ ગુજરાત સરકારના મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઇ પટેલ. અને એમાં પાછળથી કલોલની ભારત વિજય મિલના અને મહેન્દ્ર મિલના દાનથી એ છાત્રાલયનાં મકાનો ઉમેરાયાં.

આપ સૌ જોઇ શકશો કે સને ૧૯૧૯ થી સને ૧૯૩૯નાં વીસ વરસો દરમ્યાન બંને ભગિની સંસ્થાઓએ મજબુતપણે મૂળિયાં નાંખ્યાં અને સને ૧૯૩૯ થી સને ૧૯૫૯ સુધીનાં વીસ વરસો દરમ્યાન વિશાળ કબીર વડનું સ્વરૂપ ધારણ કર્યું. તે પછી સને ૧૯૫૯ થી સને ૧૯૭૯ સુધીનાં વરસો દરમ્યાન ટેકનીકલ શિક્ષણ અને વિજ્ઞાન શિક્ષણ ગામડાના વિદ્યાર્થીઓને સરળતાથી ઓછા ખર્ચે પ્રાપ્ત થાય તે દિશામાં ધ્યાન કેન્દ્રિત કરી તે માટેનાં મકાનો–સાધનો વગેરેનું આયોજન કર્યું. અને નિર્માણ કર્યું. સંસ્થાના કાર્યકરો સામે જાણે એક કામ પુરું થયું નથી ત્યાં બીજું કામ આવીને સામે ઉભું રહ્યું છે.

આ બંને ભગીની સંસ્થાઓનાં ગૌરવવંતાં સાઇઠ વરસો પસાર થયાં. નાના બીજમાંથી વટવૃક્ષની માફક વિકસેલી આપણી ઉત્તર ગુજરાતની આ ખ્યાતનામ સંસ્થાઓ આગળ વધી નવો તબક્કો કામ લઇને ઉભો થયો. શરૂમાં બંધાયેલાં મકાનો જીર્ણ થયાં હોઈ દુરસ્તી માગતાં હતાં. ટેકનીકલ શિક્ષણ અને નવી તરાહના શિક્ષણને ચાલુ મકાનો વિદ્યાર્થીઓની વધતી સંખ્યાના કારણે પૂરતાં ન હતાં. એટલે શ્રી કડવા પાટીદાર કેળવણી ઉ. મંડળે અને શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળે પોતાનાં સફળ સાઇઠ વરસ પસાર થયાં હોઈ તે પ્રસંગને ચિરંજીવ અને ગૌરવવંતો બનાવવા "અમૃત મહોત્સવ" ઉજવવો અને તેના લક્ષ્યાંક તરીકે "અમૃત મહોત્સવ" પત્રિકામાં જણાવેલાં કામો કરવા ૨૫ લાખ રૂપિયાનું ફંડ એકત્ર કરવાનું તા. ૩૦/૩૧–૫–૮૧ના રોજની સંસ્થાઓની વ્યવસ્થાપક મંડળોની અને સાધારણ સભાઓમાં ઠરાવવામાં આવ્યું. અમૃત મહોત્સવ સમિતિની રચના કરવામાં

આવી અને તેના અધ્યક્ષ તરીકે કામગીરી બજાવવાની ફરજ મને સોંપવામાં આવી.

આ સંસ્થાઓમાં સને ૧૯૩૩ થી સને ૧૯૪૦ સુધી રહી મેં અભ્યાસ કરેલો. સને ૧૯૪૭ માં કડીમાં મેં વકીલાતનો ધંધો શરૂ કર્યો ત્યારથી આ સંસ્થાઓના વ્યવસ્થાપક મંડળોમાં રહી સંસ્થાઓની સેવા કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયેલું. "અમૃત મહોત્સવ"ની ઉજવણીનું લક્ષ્ય ભારે હતું. પણ વિદ્યાર્થીઓની રૂ. ૧૧૧-૦૦ ની પુષ્પ પાંખડીઓ એકત્ર કરવાનું કામ અને મુ. દાસભાઇની સન્માન થેલી એકત્ર કરવાનું કામ કરતાં જે સફળતા મળેલી તેથી સંસ્થાઓ પ્રત્યે પ્રેમ અને સૌ સહકાર્યકરોની હુંફની ખાતરીથી મેં ફરી આ નવી ફરજને પણ મારું સદ્‌ભાગ્ય સમજી સ્વીકારી.

બન્ને સંસ્થાઓના સ્થાનિક કાર્યકરો પોતાની ફરજ પ્રથમ અદા કરે તો જ અન્યત્ર ફરવા જઇ શકાય તેવી મારી દરખાસ્તને આ અરસામાંજ જેમનો સંસ્થાના વ્યવસ્થાપક મંડળમાં મંગળ પ્રવેશ થયેલો તેવા શેઠશ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલનો ઉત્સાહજનક ટેકો પ્રાપ્ત થતાં તે સૌએ સ્વીકારી અને સારું એવું ફંડ તરત જ નોંધાયું.

પછી તો આ મંગળ શરૂઆતના કારણે જ્યાં ગયા ત્યાં ઉત્સાહજનક જવાબ મળતો ગયો. અમદાવાદમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શ્રી જી. જી. પટેલ, શ્રી મનુભાઇ, શ્રી અમરસીભાઇ, શ્રી તુલસીદાસ, શ્રી જી. આઇ. પટેલ, શ્રી ભાઈલાલભાઇ (ધારાસભ્ય) વગેરેના સહકારથી ફંડ પ્રવૃત્તિ શરૂ કરી અને તેમાં તેમનો સતત સહકાર મળતો રહ્યો. તેમ વળી ડૉ. સોમાભાઇ દેસાઇ જ્યાં જરૂર પડે ત્યાં જોડાતા.

આ સંસ્થાના ભૂતપૂર્વ આચાર્ય સ્વ. શ્રી નાથાભાઈ નારાણદાસ દેસાઈ મેમોરીયલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ડૉ. શ્રી ત્રિભોવનભાઇ અને શ્રી પુરૂષોત્તમભાઇ એ. પટેલ (આચાર્ય-ટ્રેઈનીંગ કોલેજ-ગુજરાત વિદ્યાપીઠ) અન્ય ટ્રસ્ટીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ઇચ્છાને માન આપી મારી વિનંતી સ્વીકારી સર્વ વિદ્યાલય કેમ્પસમાં પ્રાથમિક શાળાના મકાન સાથે નામ જોડવાની શરતે બે લાખ રૂપિયાનું દાન આપવાનું નક્કી કરી દરખાસ્ત કરતાં સંસ્થાએ તે સ્વીકારતાં અમૃત મહોત્સવ ફંડ પ્રવૃત્તિના ઉત્સાહમાં ભરતી આવી. તેની ખાતવિધિ તા. ૧૧-૭-૮૨ના રોજ ડૉ. શ્રી ત્રિભોવનભાઇના હસ્તે કરવામાં આવી હતી. તેમાં વળી શેઠશ્રી જયકૃષ્ણભાઇને સંસ્થાના કાર્યકરો શ્રી માણેકલાલ, શ્રી નટુભાઈ, ડૉ. શ્રી રામભાઇ વગેરે સાથે મળતાં સંસ્થા માટે બીજી મહત્વની જરૂરિયાતના પુસ્તકાલયના મકાન માટે એક લાખ રૂપિયાનું દાન મળતાં ફંડ પ્રવૃત્તિ સફળતાની દિશામાં વિશ્વાસપૂર્વક વેગ પકડતી ગઇ. કલોલમાં મંત્રીશ્રી છગનભાઈ વકીલ, ડૉ. શ્રી રેવાભાઇ, ડૉ. શ્રી પોપટભાઇ ડૉ. શ્રી કિરીટભાઇ નાયક, વગેરેના સહકારથી ફંડ નોંધાયું. સુરત-વડોદરામાં સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સારી સંખ્યામાં રહેતા હોઈ આચાર્યશ્રીઓ શ્રી મોહનભાઇ, શ્રી નરોત્તમભાઇ, શ્રી ત્રિભોવનભાઇ અને મંત્રીશ્રી છગનલાલ વકીલને સાથે લઇ સુરત-વડોદરાનો પ્રવાસ કર્યો. સુરતમાં શ્રી એન. આઇ. પટેલ, શ્રી એન. ટી. પટેલ, શ્રી નારણભાઇ વગેરેનો અને વડોદરામાં શ્રી ભગવાનદાસ, શ્રી દમ્પુ પટેલ, શ્રી દલસુખભાઈ, શ્રી કૃષ્ણકાન્ત વગેરેના સહકારથી સારૂં ફંડ નોંધાયું. એક બાજુ અમૃત મહોત્સવ ફંડ પ્રવૃત્તિની જવાબદારી હું વહન કરતો હતો અને બીજી બાજુ સંસ્થાના સ્થાનિક કાર્યકરો કડીમાં દવાખાના માટે મોટું ફંડ કરવામાં સતત પ્રવૃત રહેતા હતા. છતાં સૌના પ્રેમ અને સહકારથી વડોદરા પહોંચ્યા ત્યાં સુધીમાં ધીમી પણ મકકમ ગતિથી અમૃત મહોત્સવ ફંડનો આંકડો દસ લાખે પહોંચી શકયો હતો. પચ્ચીસ લાખનો આંકડો દૂર હતો. મહેસાણા, ઊંઝા, વિસનગર, મુંબઈ બાકીમાં હતાં

ત્યાં જતા પહેલાં U. S. A. માં સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સારી સંખ્યામાં હોઇ ત્યાં જઇ આવવાનું વિચાર્યું પત્ર વ્યહવાર કરતાં U. S. A. માંથી ઉત્સાહ જનક પ્રત્યુત્તર મળેલા. શ્રી આર. કે. પટેલ, શ્રી બી. આર. પટેલ, શ્રી ભોગીલાલ પટેલ ભારત આવેલા ને મળેલા અને તેમણે પણ U. S A જઇએ તો સંપૂર્ણ સહકારનો વિશ્વાસ આપેલો. મારી દીકરી અને સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની ચિ. પ્રભા U. S. A. માં હોઇ તેણે ત્યાં ફોન દ્વારા માહિતી મેળવી U. S. A. નો પ્રવાસ સફળ રહેશે તેવું જણાવેલું. આથી પ્રેરણા પામી U. S. A. ના પ્રવાસની વાત કરતાં સંસ્થાના વ્ય. મંડળે તે સ્વીકારી મને અને આચાર્યશ્રી મોહન-ભાઇને તે જવાબદારી સોંપતાં અમે બંનેએ U.S.A. નો બે માસનો સફળ પ્રવાસ કર્યો અને સારા એવા ફંડની નોંધ થઈ. આ પ્રવાસની સફળતા U. S. A. માં શિકાગોમાં રહેતા શ્રી આર. કે. પટેલ, શ્રી કાલિ-દાસ પટેલ, શ્રી સી. કે. પટેલ, શ્રી બી. આર, શ્રી સાંકળચંદ, શ્રી ખોડીદાસ, N. J. માં રહેતા ડી. એમ. શ્રી મણિભાઈ, શ્રી માધવલાલ, શ્રી ભરતકુમાર. ચિ. પ્રભા, શ્રી નલિનભાઈ રાવળ, કેલિફોર્નિયામાં રહેતા શ્રી જયંતિભાઈ, શ્રી અમૃતભાઈ, શ્રી નારણભાઈ, શ્રી મહેન્દ્રભાઈ અને જ્યોર્જિયામાં રહેતા શ્રી એમ. જે. શ્રી કે. સી. વગેરેના સહકારથી પ્રાપ્ત થઈ. ટોરેન્ટોવાસી શ્રી પી. પી. પટેલ, શ્રી ભોગીલાલ, વ. નો સહકાર પણ શ્રી બી. આર. અને શ્રી સાંકળચંદ સાથે જતાં ઘણોજ ઉમળકાથી પ્રાપ્ત થયેલો. આ સૌનો અપૂર્વ પ્રેમભર્યો જે સહકાર મળ્યો તેને સંભા-રતાં ગદ્‌ગદીત થઇ જવાય છે.

આ ફંડ પ્રવૃત્તિ દરમ્યાન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના આચાર્યો અને શિક્ષકો તરફના અદ્‌ભૂત પ્રેમનાં દર્શન થયાં. આચાર્યો અને શિક્ષકો પોતાના શિક્ષણકાર્યથી વિદ્યાર્થીઓમાં સંસ્થાઓ માટે મોટી મૂડી ઊભી કરી શકે છે તેની નોંધ લેતાં આનંદ અને ગૌરવ અનુ-ભવાય છે.

U. S A. ના પ્રવાસ દરમ્યાન હોસ્ટેલ નામ દાનનું બે લાખ રૂપિયાનું દાન સોળગામના શ્રી બી. એમ. પટેલ તરફથી, મહેમાનગૃહ અને કાર્યાલય માટે સવા લાખ રૂપિયાનું દાન સરસાવના શ્રી કાળીદાસ તરફથી અને એક ભોજનશાળા માટે એકાવન હજાર રૂપિયાનું દાન મોખાસણના શ્રી નારણભાઇ એ. પટેલ (ભગત) તરફથી અને બીજી ભોજન શાળા માટે એકાવન હજાર રૂપિયાનું દાન કાંઝના ડૉ. શ્રી વિષ્ણુભાઈ તરફથી નોંધાતાં સંસ્થા માટેનાં અમૃત મહોત્સવ પ્રવૃત્તિમાં લક્ષ્યાંકનાં મકાનોની જરૂરિયાત સારી રીતે સંતોષાઈ.

U. S A. નો સફળ પ્રવાસ થતાં ફંડનો આંકડો બાવીસ લાખે પહોંચ્યો અને હવે મહેસાણા–ઊંઝા–વિસનગર અને મુંબઇના અનામત સ્થળોએ જતાં પચ્ચીસ લાખે પહોંચી જવાશે તેમ ચોક્કસ લાગ્યું. પણ U. S. A. ના પ્રવાસેથી આવ્યા પછી અમદાવાદમાં રહેતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરીકે શ્રી જી. જી. પટેલ અને શ્રી અમરસીભાઇ વગેરેએ અમારા બન્નેના સન્માનનો મેળાવડો યોજ્યો અને તેમાં પોપ્યુલર કન્સ્ટ્રકશન વાળા શ્રી અમૃતભાઇ પટેલને મુખ્ય મહેમાન તરીકે આમંત્રેલા તેમણે આપેલા ૫૧ હજારના દાન સાથે અન્ય દાતાઓએ પણ ફંડ નોંધાવતાં આશરે ૭૦ હજારનું ફંડ ઉમેરાયું પણ આ મેળાવડાના પ્રમુખશ્રી જી. આઈ. પટેલ જે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે તેમણે મોંઘવારી વધી હોઇ અમૃત મહોત્સવ નિમિત્તે કરવા ધારેલાં કામોનું ખર્ચ વધશે તેથી ફંડનું લક્ષ્યાંક પચ્ચીસ લાખને બદલે પાંત્રીસ લાખનું ફેરવવા અને તે આંકડે પહોંચવા પોતાનો સંપૂર્ણ સહકાર મળશે તેવી ખાત્રી ઉચ્ચારી જેની શરૂઆત થતાં સંસ્થાના વ્ય. મંડળોએ ૨૫ લાખના બદલે ૩૫ લાખનું લક્ષ્યાંક ઠરાવ્યું. જવાબ-

દારી વધી અને નિરાંત દૂર ઠેલાણી. એટલે અનામત સ્થળોએ કાર્યકરોને લઇ વહેલા જવા કડીના આંટા ફેરા વધાર્યા. અને વિસનગર શ્રી માણેકલાલ, શ્રી રતિભાઇ, શ્રી મોહનભાઇ, શ્રી નરોત્તમભાઇને લઇ મુ. શ્રી સાંકળચંદભાઇનાં બારણાં ખખડાવ્યાં મુ. શ્રી સાંકળચંદભાઈને શરીરની કેટલીક તકલીફ છતાં અમારી સાથે જોડાયા અને વિસનગરનું પતાવ્યું. મહેસાણા કડીથી શ્રી નટુભાઇ, શ્રી માણેકલાલ, ને શ્રી રામભાઇ, શ્રી ભાઇલાલભાઇને સાથે લઈ મહેસાણા શ્રી કેશવલાલભાઇને બોલાવેલા તેમની અને શ્રી હરગોવિંદભાઇની સાથે અમે સૌએ મહેસાણાના ફંડ નોંધણી કરી. વિસનગર–મહેસાણા–ઊંઝા સ્થાનિક કામોની ફંડ પ્રવૃત્તિ ચાલતી હોઇ દાતાઓનો પ્રેમ છતાં તેમની પણ મર્યાદાઓ હતી. અમૃત મહોત્સવ ફંડનું બાકીનું લક્ષ્યાંક દૂર હતું. અવાર નવાર ફંડ પ્રવૃત્તિ સંસ્થાના કાર્યકરો સાથે અમદાવાદમાં કરવામાં આવતી હતી. દરમ્યાનમાં હવે અમૃત મહોત્સવ ઉજવવો જોઇએ તેવાં સૂચનો થતાં હતાં. એટલે સંસ્થાનાં વ્ય. મંડળોએ સને ૧૯૮૪ના ફેબ્રુ. ની ૨૫–૨૬ તારીખોમાં અમૃત મહોત્સવ ઉજવવાનો નિર્ણય લીધો. એટલે મુંબઇ જવાનો નિર્ણય લઇ આચાર્ય શ્રી મોહનભાઇ અને શ્રી નરોત્તમભાઇને સાથે લઈ તા. ૩–૨–૮૪ ના રોજ મુંબઈ ઉતર્યા અને શ્રી મોહનભાઈના વેવાઈ શ્રી બાબુભાઇને ત્યાં– U. S. A. જતાં અને આવતાં જેમ ધામા નાંખેલા તેમ– ધામા નાંખ્યા. તારીખ ૯–૨–૮૪ના રોજ ઉત્સવની તૈયારી માટે પરત થઈ જવાનું હતું. પણ પ્રભુકૃપાએ જેમ ફંડની પ્રથમ મંગળ શરૂઆત થયેલી તેમ અંતમાં મુંબઇનો પણ પ્રવાસ સફળ થયો. મુરબ્બી શ્રી પોપટભાઇના સુપુત્ર શ્રી હર્ષદભાઇએ શુભ શરૂઆત કરી આપી અને પોતે બહારગામ જવાના હોઈ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને "ભાભા રિસર્ચ સેન્ટર" માં સર્વિસ કરતા શ્રી પીતામ્બરભાઇને અમારી ફંડ પ્રવૃત્તિનું સુકાન સોંપ્યું. તેમાં શ્રી સરઢવના શ્રી પુરૂષોત્તમભાઈ (દાસભાઈ) અને ઉમતાના શ્રી જયંતિભાઈ અને અમારા યજમાન શ્રી બાબુભાઈ જોડાતા રહ્યા. ઉનાવાના શ્રી ભોગીભાઇએ ટેકનીકલ બ્લોકના મકાનને નામદાન માટે રૂા. એક લાખ, અગિયાર હજાર, એકસો અગિયારના દાનની રકમ નોંધાવતાં અમને સૌને અતિહર્ષ થયો. ટેકનીકલ બ્લોકના ચાર કલાસરૂમો પૈકી ત્રણ કલાસ રૂમ માટે દરેકના પચ્ચીસ હજાર રૂપિયાનાં દાન શેઠશ્રી બુલાખીદાસ, શેઠશ્રી હરિશભાઇ ચુનીભાઈ ધનજીભાઇ, અને એન. કે. પટેલ તરફથી નોંધાવ્યાં અને બીજાં જે દાન સરળતાથી પ્રાપ્ત થયાં તેથી અમારા ઉત્સાહમાં મુંબઇના સમુદ્રની પૂર્ણિમાની ભરતી આવી. ફંડનોંધણી-આંકડો ત્રણ લાખ ઉપર થયો. પરંતુ લગ્નસરા ચાલુ થઈ હોઇ અન્ય દાતાઓ મુંબઇ બહાર ગયેલા હતા અને સમયનો અભાવ હોઈ લાલચને રોકી કડી પાછા આવ્યા. ઊંઝા ફંડ માટે આવવાનું મોકુફ રાખવાના સમાચાર હતા છતાં અમૃત મહોત્સવ ઉજવવા પહેલાં જઇ આવવું ઉત્તમ ગણાય અને તે દૃષ્ટિથી ઉમિયા માતાજીની કમિટિની મિટિંગ હોઇ અને મા ઉમિયાનાં દર્શન પણ મંગળ પ્રવૃત્તિના અંતે કરીએ તેમ વિચારી શ્રી નટુભાઇ, શ્રી માણેકલાલ, શ્રી રતિભાઇ સાથે ઊંઝા ગયા. ત્યાં શ્રી કેશુભાઇ તો હતા જ. દાતાઓની મુલાકાત કરી. શ્રી શંકરભાઇ ગુરુ પણ હતા. અને બે ત્રણ નામ ફંડમાં ઉમેરી અગાઉ જણાવ્યા મુજબ હાલના સંજોગોને કારણે ફંડ પ્રવૃત્તિ બંધ રાખી મા ઉમિયાનાં દર્શન કરી મહેસાણા થઇ મુ. દાસભાઇની તબિયત નરમ રહેતી હોઇ ખબર કાઢી અમૃત મહોત્સવ કાર્યક્રમની તેમને જાણ કરી કડી પરત આવ્યા.

અમૃત મહોત્સવ ફંડ પ્રવૃત્તિ માટે સમાજ સમક્ષ જવાનું પ્રાપ્ત થયું. અને જાણવા મળ્યું કે વિદ્યાર્થીઓની જેટલી સારી દેખભાળ સંસ્થાઓ રાખે અને પ્રામાણિકપણે સંસ્થાઓનો વહીવટ થયા કરે તો સમાજનો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સહકાર સંસ્થાઓને મળ્યા કરે છે અને તેના પૂરાવારૂપે

આપણી સંસ્થાઓની અમૃત મહોત્સવ ફંડની પ્રવૃત્તિ અને પરિણામ છે.

સર્વ વિદ્યાલય હાઈસ્કૂલને લેબોરેટરી કલાસની જરૂર હોઈ તેનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે. તેના એક હોલ માટે શ્રી અમૃતભાઇનું ( પોપ્યુલર કન્સ્ટ્રકશન ) ૫૧ હજારનું દાન આવી ગયું છે. બીજા હોલ માટેનું દાન વામજના શ્રી બાબુભાઈ કેશવલાલે સંસ્થાની મુલાકાત લેતાં ૫૧ હજારનું કરી આપ્યું. હવે આ પ્રયોગશાળા સંકુલ માટે રૂા. ૧૧૧૧૧૧) બાકીમાં છે. એક નવીન છાત્રાલયની અને વારિગૃહની જરૂર છે. સંસ્થાની શાખા-પ્રશાખાઓનાં મકાનોની દુરસ્તી માટે એક દરેક સંસ્થા માટે પાંચ પાંચ લાખના કાયમી મકાન ફંડની જરૂર છે. જેનું વ્યાજ જ દુરસ્તીમાં વપરાયા કરે. ટેકનીકલ ક્ષેત્રે વિકાસ માટે વધારાની જમીનોની જરૂર પણ છે હવે સંસ્થાની દરેક શાખાઓ પોતાનો પંચવર્ષીય વિકાસ કાર્યક્રમ નક્કી કરતી રહે તો વિકાસ થયા કરે. આ જવાબદારી કાર્યકરોની છે.

પાછલા વરસોમાં ઉજવાયેલા પ્રસંગો વખતે બન્યું છે તેમ આપણા અમૃત મહોત્સવ અધિવેશનના ઉદ્‌ઘાટક તરીકે ગુજરાત સરકારના મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકી અને પ્રમુખ તરીકે શેઠશ્રી જયકૃષ્ણભાઇ અને મુખ્ય મહેમાન તરીકે શેઠશ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઇ અને અતિથિવિશેષ તરીકે શેઠશ્રી બળદેવભાઈ આપણને પ્રાપ્ત થયા. અને ભૂતપૂર્વ તથા ચાલુ વિદ્યાર્થીઓના સંમેલનમાં સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને હાલના જાહેરજીવનમાં જાણીતા કાર્યકરો તરીકે પ્રસ્થાપિત થયેલા શ્રી જી. આઇ. પટેલ પ્રમુખ તરીકે, શ્રી હરગોવિંદદાસ ધનાભાઈ ઉદ્‌ઘાટક તરીકે અને ડૉ. શ્રી ત્રિભોવનભાઇ અતિથિવિશેષ તરીકે અને સંસ્કાર કાર્યક્રમમાં પ્રમુખ તરીકે જાણીતા પ્રવિણ કોરપોરેશન અમદાવાદના માલિક શ્રી નારણભાઈ અને અતિથિવિશેષ તરીકે શ્રી અમૃતભાઈ ( પોપ્યુલર કન્સ્ટ્રકશન) અમદાવાદના પ્રાપ્ત થયા છે. શ્રી નારણભાઇ એ આ સંસ્થામાં પ્રથમ વખત પધારવામાં સંસ્કાર કાર્યક્રમ વખતે જ ૨૫ હજારનું દાન જાહેર કરી આ સંસ્થાઓને બિરદાવી છે અને ભાવિ સહકારની ખાત્રી આપી છે. નાદુરસ્ત તબિયતના કારણે શેઠશ્રી લક્ષ્મીકાન્તભાઈ અને અન્ય રોકાણના કારણે શ્રી અમૃતભાઈ પધારી શકેલા નહિ પણ પોતાનું પ્રવચન લખી મોકલી તેમની ગેરહાજરીની આપણી ગ્લાનિને હલકી કરેલી.

કેટલીક વખતે ગામડાંના વિદ્યાર્થીઓ જયાં અભ્યાસ કરતા હોય તેવી સંસ્થાઓ મ્યુનિસિપલક્ષેત્રમાં હોવાના કારણે સરકારી મદદ ગુમાવે છે. તેનો તાજો દાખલો આ સંસ્થા બની છે. આયોજન પંચ તરફથી મળનારી હોસ્ટેલ આ સંસ્થા ગામડાંના વિદ્યાર્થીઓને મોટા ભાગે શિક્ષણ આપવાનું કામ કરે છે છતાં કડી મ્યુનિસિપલ વિસ્તારમાં હોઇ તેને મળી નથી. આવા કાયદાઓનો અર્થ કરવાના પ્રસંગે કાયદાનો હેતુ જોઇ મદદ અપાય તેમ થાય તે ઈચ્છનીય છે તેવી, સરકારની ધુરા વહન કરનારાઓને અત્રે વિનંતી કરીએ તો તે અસ્થાને નહિ ગણાય.

અમૃત મહોત્સવ ઉજવણી વખતે ચાર મકાનો તૈયાર થઇ ગયેલાં જે (૧) શ્રી નાથાભાઇ નારણદાસ પ્રાથમિક શાળાનું (૨) શેઠશ્રી હરિવલ્લભદાસ કાળીદાસ પુસ્તકાલયનું (૩) શ્રી બી. એમ. પટેલ વિદ્યાર્થી ભવનનું અને (૪) શ્રીમતિ મેનાંબેન મંગળદાસ પટેલ મહેમાનગૃહ અને મધ્યસ્થ કાર્યાલયનું એમ ચાર મકાનોનું ગુજરાત સરકારના મુખ્ય મંત્રીશ્રી માધવસિંહભાઇના શુભ હસ્તે ઉદ્‌ઘાટન દીપ પ્રગટાવી કરવામાં આવ્યું છે. ટેકનીકલ બ્લોક ( ચાર કલાસ રૂમનો ) વિજ્ઞાન પ્રયોગ શાળા સંકુલ ( બે હોલ સ્ટોર રૂમ સાથેના અને એક ભોજનાલય એમ ત્રણ મકાનોનું બાંધકામ ચાલી રહેલું છે. જુના સૌ પ્રથમ આદ્ય વિદ્યાર્થી આશ્રમના મકાનની દુરસ્તીનું કામ તથા તે પછી બંધાયેલાં મરાનોની દુરસ્તી અને રંગ કામ

પુરું થઇ ગયેલું છે. ટેકનીકલ હોસ્ટેલ સામે એક નવીન બાથ ઉમેરવામાં આવ્યો છે. અને વળી અમૃત મહોત્સવ વખતે આ સંસ્થાના વિશેષ વિકાસ માટે એકાવન લાખ સુધી ફંડ પહોંચાડવા સમાજ આગળ દરખાસ્ત કરવામાં આવી છે અને મુંબઈ જાતે હાજર રહેલા શ્રી પુરુષોત્તમદાસ અને શ્રી પીતામ્બરભાઈ વગેરેએ ફંડ માટે ફરી આવવા તરત જ આમંત્રણ આપ્યું અને શ્રી જી. આઇ. પટેલે પણ પોતાની શક્તિ કામે લગાડી સહાયરૂપ થવા વચન આપ્યું અને હાજર દાતાઓએ નવીન ફંડ નોંધાવ્યું તથા દસવર્ષીય વચન આપ્યાં વગેરે જોતાં સમાજ જરૂર સંસ્થાઓની માગણીના ફંડને પૂરું કરશે તેની સંપૂર્ણ શ્રદ્ધા બંધાણી છે.

આ સંસ્થાના વિકાસમાં શેઠશ્રી મફતલાલ ગગલદાસ અને તેમનું કુટુંબ સતત સહાયરૂપ થતું આવેલું છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ રહેલા શેઠશ્રી અરવિંદપ્રસાદ મફતલાલ આ પ્રસંગે પધારી શકયા નહિ તેની મોટી ખોટ સૌ કાર્યકરોને લાગી છે. તેમણે જે સંસ્થાઓને પોષેલી તે સંસ્થાઓના વિદ્યાર્થીઓએ અમૃત મહોત્સવ ફંડની ઝોળીને છલકાવી દેવા જે સહાય કરી છે તે તથા સંસ્થાના નવીન વિકાસને તેઓશ્રી રૂબરૂ પધારી જોઇ શકયા હોત તો ઘણું જ યોગ્ય થયું હોત. કાર્યકરોના તેમની ગેરહાજરીના દુઃખને તેમની હુંફ અને પ્રેરણા આ સંસ્થાને મળ્યાજ કરશે તેની શ્રદ્ધા હળવું કરે છે.

કોઇપણ પ્રસંગને અનુકૂળ પ્રચાર સાહિત્ય ના હોય તો સમાજને તે પ્રસંગનું હાર્દ સમજાવી શકાતું નથી. આપણી સંસ્થાના જુદા પ્રસંગોને અનુકૂળ પ્રચાર સાહિત્ય, સંસ્થાઓની વિકાસ યાત્રાના સતત સાથી રહેલા આદ્ય ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પૈકીના એક અને સંસ્થામાં અર્ધીસદી ઉપરાંત જેઓ નિષ્ઠા પૂર્વક સેવા કરી રહ્યા છે તે સંસ્થાના એકઝીકયુટીવ હેડ શ્રી ભાઈલાલભાઈએ અન્ય જવાબદારીઓ વહેતા રહી કાયમ પૂરું પાડયું છે. અમૃત મહોત્સવની ઉજવણીને લગતું તમામ પ્રચાર સાહિત્ય પૂરું પાડવાની પણ તેમણે સફળતાપૂર્વક સમયસર પોતાની જવાબદારી અદા કરી છે તેની નોંધ લેતાં અમને આનંદ થાય છે.

અમૃત મહોત્સવની ઉજવણીના બે દિવસના કાર્યક્રમોને પાર પાડવાની જવાબદારી ભૂતકાળના પ્રસંગો અને ઉત્સવોની માફક બન્ને સંસ્થાઓનો સમગ્ર પરિવાર– શિક્ષકો, કામદારો, વિદ્યાર્થીઓ વગેરેના તથા કાર્યકરોના સહકારથી આચાર્યો શ્રીમોહનભાઈ, શ્રી નરોત્તમભાઈ, શ્રી ત્રિભોવનભાઇએ તથા શ્રી ભાઈલાલભાઇએ સફળતાપૂર્વક પાર પાડી અમૃત મહોત્સવ ઉજવણીને યશકલગી ચઢાવી છે. તે બદ્દલ સૌને અભિનંદન આપતાં આનંદ થાય છે.

અંતમાં ફંડપ્રવૃત્તિ કરવાના ઉત્સાહમાં કંઈ આવેગપૂર્વક કોઇની લાગણી દુભાય તેવું કંઈ બોલાઇ ગયું હોય કે કંઈ ભૂલ થઈ હોય તો ક્ષમા કરવા વિનંતી કરું છું. અહીં કોઇને યાદ કરવાનું રહી ગયું હોય કે કંઈ ભૂલ હોય તો તે પણ ક્ષમા કરવા વિનંતી કરું છું.

એક ભગીરથ કાર્યની જવાબદારી મને સોંપવામાં આવી તેને મેં મારું સદ્‌ભાગ્ય સમજી સ્વીકારેલી. પ્રભુ કૃપાએ તેમાં જે સફળતા પ્રાપ્ત થઈ છે અને આપણો અમૃત મહોત્સવ જે ગૌરવવંતો, ચિરંજીવ અને પ્રેરણાદાયી બન્યો છે તે સંસ્થાઓના સર્વ કાર્યકરો, શિક્ષક બંધુઓ, આચાર્યો, દાતાઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ચાલુ વિદ્યાર્થીઓ અને નાના મોટા સર્વ કામદારોના પ્રતાપે છે એટલે તે સૌને યાદ કરી સૌનો આભાર માનું છું. બન્ને ભગિની સંસ્થાઓ પોતાનો હવે પછીનો મહોત્સવ સિદ્ધિનાં અન્ય શિખરો સર કરી ઉજવે તેવી પ્રભુ પ્રાર્થના કરી વિરમું છું.

## સમારંભના ઉદ્ઘાટક ગુ. રા. ના મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકીનું

# પ્રવચન

**આજના** વિશિષ્ટ અતિથિ શેઠશ્રી જયકૃષ્ણભાઈ, શ્રી બળદેવભાઇ, કેશવલાલભાઈ, મુ. દાસકાકા, નટુભાઇ, વકીલ શ્રી ધનાભાઈ, અહીં ઉપસ્થિત સંસ્થાના સંચાલકો, આગેવાનો, બહેનો, ભાઇઓ અને વિદ્યાર્થીમિત્રો,

હું મારું સદ્‌ભાગ્ય સમજું છું કે સર્વ વિદ્યાલય, કડી જેવી ગુજરાતની એક સાચા અર્થમાં મહાન સંસ્થાના અમૃત મહોત્સવ પ્રસંગે મને એમાં સહભાગી થવાની તક મળી છે.

૬૦ વરસના આ સંસ્થાના ઇતિહાસ ઉપર અહીં જે વિવેચનો થયાં એના ઉપરથી જાણવા મળ્યું કે આ સંસ્થાના આદ્ય સ્થાપક સ્વ. છગનભા એ જમાનામાં પણ કેટલા વિચારશીલ અને સામાજિક ક્રાન્તિની શકિત ધરાવનાર આગેવાન હતા. એમના ઇતિહાસમાં તો એ જાણવા મળ્યું કે એ સામાન્ય ખેડૂત હતા. ખાસ ભણેલા પણ નહોતા અને રેશમ અને કિનખાબનો વણાટ શીખવા માટે અમદાવાદ જઇને લગભગ ૧૦ વરસ સુધી તો એમણે વણવાનું કામ કર્યું હતું. પરંતુ એમના અંતરમાં રહેલી પ્રબળ જિજ્ઞાસાવૃત્તિ અને કંઈક સારું કરવા માટેની એમની મનોભાવનાને લીધે અનેક સારા લોકોના, આગેવાનોના સંપર્કમાં તેઓ આવ્યા. એમણે પોતે પણ ઘણી વિચારણાઓ કરી અને એ જમાનામાં બળવા જેવું લાગે– અને બળવો કરવો એ અત્યારે કદાચ સરળ છે, આધુનિક વિચારોમાં બળવો કરવો એ ફેશન ગણાય પણ ૬૦ વર્ષ પહેલાના જમાનામાં સમાજની સામે બળવો કરવો અથવા પ્રચલિત વિચારો સામે એમ કરવું એ અતિશય શકિત અને હિંમતનું કામ હતું. એ જમાનામાં પણ એમણે બાળલગ્નનો વિરોધ કર્યો. બારમાં જમાડવાનો પણ વિરોધ કર્યો. એ નકારાત્મક બળવો હતો. સારી વસ્તુઓ પણ નકારાત્મક પ્રકારની હતી. આ ન કરવું, આ ન કરવું... પણ શું કરવું એના માટે પણ એમનો આગવો અભિગમ હતો. મેં વાંચ્યું કે ઇ. સ. ૧૯૧૫ ના જમાનામાં જયારે રશિયામાં ક્રાન્તિ પણ થઈ નહોતી. રશિયાની ક્રાન્તિ તો ૧૯૧૭ માં થઇ, અને ૧૯૧૭ ની રશિયન ક્રાન્તિ પછી Co-operative farming સહકારી ખેતીના સિદ્ધાંતો દુનિયામાં વ્યાપક પ્રમાણમાં સ્વીકારાયા. પણ છગનભાએ ૧૯૧૫ માં સહકારી ધોરણે ખેતી કરવામાં આવે તો નાના નાના ખેડૂતો જેમની પાસે સાધનો નથી અને સાધનો ઊભાં કરવાની જેનામાં ક્ષમતા નથી એ સહકારી મંડળી દ્વારા ખેતીનો વિકાસ કરી શકે એ વિચાર એમને આવ્યો અને તે વખતે ગાયકવાડ મહારાજા સમક્ષ પણ એમણે એ વિચાર મૂકયો હતો.

બહુ વર્ષો પછી ઇ. સ. ૧૯૪૭ માં સ્વરાજ્ય આવ્યું અને સ્વરાજ્ય આવ્યા પછી જમીન સુધારણાના કાયદા થયા. એમાંનો એક કાયદો ટુકડા જમીનનું એકત્રીકરણ કરવાનો હતો. પણ છગનભાએ ૧૯૧૫ની સાલમાં નાના નાના ટુકડાઓ આર્થિક રીતે પોષણક્ષમ નથી માટે ખેડૂતોને સમજાવીને એકત્ર કરી શકાતા હોય તો એકત્ર કરવા જોઇએ એવી યોજના તે વખતના મહારાજા ગાયકવાડ સમક્ષ મૂકી હતી. એ દર્શાવે છે કે એમની દૃષ્ટિ ચાલુ જમાના કરતાં કેટલી આગળ વધેલી હતી. અને એમની એ ભાવનાના ખ્યાલ તરીકે એમણે કડીમાં વિદ્યાલય અને છાત્રાલયનું આયોજન કર્યું હતું. એ જમાનામાં કન્યાઓની કેળવણીનો આગ્રહ રાખી એનું છાત્રાલય પણ કર્યું હતું. આજે આપણે જાણીએ છીએ કે હિન્દુસ્તાનમાં સ્વરાજ આવ્યું અને પ્રજાએ પોતે જ બંધારણ તૈયાર કર્યું એ બંધારણમાં સામાજિક, રાજકીય અને આર્થિક સત્તાઓમાં જે રાજકીય સત્તાઓ છે–સરકારો રચવાની અને સરકારો બદલવાની– એ રાજકીય સત્તાના ભાગીદાર હિન્દુસ્તાનમાં તમામ પુખ્ત ઉંમરના માનવીઓ કોઇપણ કોમના, જ્ઞાતિના, સેકસના, જાતિના ભેદભાવ સિવાય છે. એનો અર્થ એ થયો કે ઇંગ્લેન્ડની અંદર સ્ત્રીઓ અને પુરુષોને રાજકીય અધિકારો સરખી રીતે આપવામાં જમાનાઓ સુધી લડત ચલાવવી પડી હતી. ઇ. સ. ૧૯૨૨ સુધી ઇંગ્લેન્ડમાં પણ સ્ત્રીઓને મતાધિકાર નહોતો. અને એને કારણે એમને સફરેજ એકટ મુવમેન્ટ ચલાવવી પડી હતી. ભારતમાં સ્વરાજ્ય આવ્યા પછી સ્ત્રીઓને પણ પુરુષોની માફક જ પુખ્ત રાજકીય મતાધિકાર આપવામાં આવ્યો.

જો આ દેશમાં પચાસ ટકા સ્ત્રીઓ હોય અને એમની પાસે પણ એટલો જ પ્રબળ મતાધિકાર હોય તો એ મતાધિકારનો બરાબર ઉપયોગ કરી શકે એટલા પ્રમાણમાં પણ એમને કેળવણી આપવાની જરૂર છે. આજે તો પ્રાથમિક કેળવણી ફરજિયાત અને સાર્વત્રિક છે. ઇ. સ. ૧૯૧૫ ના જમાનામાં સ્વરાજ્યની કલ્પના પણ નહોતી એ વખતે સ્ત્રીઓને – કન્યાઓને કેળવણી આપવાનું સ્વપ્નું છગનભાએ સેવ્યું હતું. એવા એક સાચા અર્થમાં મહાપુરુષનાં પરિશ્રમ, મહેનત અને ભાવના જે સંસ્થામાં સિંચાયાં છે એને સાઇઠ વર્ષ પૂરાં થતાં એના અમૃત મહોત્સવની ઉજવણી થાય છે. તે આપણે સૌને માટે અને વિદ્યાર્થીઓને અને સમાજને માટે આનંદનો વિષય છે. અને હું એમ માનું છું કે સમસ્ત ગુજરાતભરની પ્રજા પણ આવી સંસ્થા માટે ગર્વ લઈ શકે છે. નામ તો કડવા પાટીદાર કેળવણી મંડળનું છે પણ છગનભા જેવા દુરંદેશી આગેવાનો અને એટલા જ દુરંદેશી એમના સાથીદારો. છગનભા તો એમ કહેવાય છે કે મહાત્મા ગાંધીજી જ્યારે અમદાવાદમાં આશ્રમ કરીને રહેતા હતા ત્યારે ત્યાં પણ એમની પાસે નિયમિત જતા હતા. એ મહાત્મા ગાંધીજીની અસરથી વંચિત રહી શકે જ નહીં એટલા માટે તો એ ગાંધીજીને પણ અહીં લઈ આવ્યા હતા અને ગાંધીજીના આશીર્વાદ જે સંસ્થા ઉપર ઊતર્યા હોય તે કોઈ સંકુચિત જ્ઞાતિની અને વાડાની રહી શકે જ નહીં એટલા માટે એનું નામ સાર્થક થાય – સર્વ વિદ્યાલય કે જેમાં કોઈ પણ જાતના કોમના ભેદભાવ નહોય એવી એ એક રાષ્ટ્રીય શાળા બની ગઈ. જ્યાં રાષ્ટ્રના નેતાઓ આઝાદીના સમય પહેલાં પણ વારંવાર આવતા હતા. અહીંના શિક્ષકો અને વિદ્યાર્થીઓ રાર્ષ્ટ્રયતાના વાતાવરણથી રંગાએલા હતા અને વિદ્યાર્થીઓ દેશની આઝાદીની લડતમાં પોતાનો ફાળો આપી શકે એ જાતની એમને તૈયારી પણ કરાવતા હતા. આ સંસ્થાનો સાચા અર્થમાં રાષ્ટ્રીય અને સાર્વજનિક સંસ્થા તરીકે જે અદ્‌ભૂત વિકાસ થયો છે એની શાખા–પ્રશાખાઓ ફેલાઇને મોડેલ કરી શકાય એવું કેળવણીનું કેન્દ્ર આ સંસ્થા બની શકી છે. કેટલીકવાર એવું બને છે કે આરંભે શૂરા આપણે ગુજરાતીઓ કહેવાઇએ છીએ. શરૂઆતમાં ઉત્સાહ આવે અને એક મોટી સંસ્થા ઊભી કરી દઇએ, પણ એ સંસ્થાને એના સિદ્ધાંત

અને ધ્યેયને નજર સામે રાખીને એમાં જરાય કચાશ આવવા દીધા સિવાય ચાલુ રાખવાનું કામ સહેલું નથી અને સાઇઠ વરસથી એટલે ત્રણ પેઢી સુધી એકધારી રીતે એના સિદ્ધાંતો ચાલુ રાખી શકે એવા માણસો પણ મળવા સહેલા નથી. આપણે ઘણી સંસ્થાઓ વિષે જાણીએ છીએ– એક જમાનામાં એની જાહોજલાલી ઘણી હતી. આજે એની ભંગાર સ્થિતિ બની ગઈ છે. કેટલીક સંસ્થાઓ એક જમાનામાં સાવ નજીવી હતી પણ સારા માણસો, સારા સંચાલકો આવવાના કારણે રાતોરાત એની પ્રતિષ્ઠામાં વધારો થઈ શકયો છે પણ કડીની સંસ્થા શરૂઆતથી તે આજ સુધી એટલી સુંદર રીતે પોતાનું ધ્યેય અને પોતાનું કેરેકટર જાળવી રહી શકી છે. આપણે જાણીએ છીએ કે દરેક સંસ્થાનાં આગવાં કેરેકટર હોય છે. કડીની સંસ્થાએ પણ પોતાનું કેરેકટર એવું કર્યું છે કે જેને આજે જૂના વિદ્યાર્થીઓ એમની ઘણી ઉંમર થઈ ગઇ છે– આખી ત્રણ પેઢી પૂરી થઇ ગઇ છે કેટલાક અહીંથી ભણીને ગયા હશે. આજે હયાત પણ નહીં હોય, કેટલાક ભણીને ગયા હશે આજે કોઇ વેપારમાં, રાજકારણમાં, સામાજિક ક્ષેત્રે ઉચ્ચ સ્થાનો પણ ભોગવતા હશે, પણ એ તમામના જીવનમાં કેન્દ્ર સ્થાને અને સતત યાદ રહે એવી જો કોઇની સ્મૃતિ હોય તો કડીમાં એમના વિદ્યાભ્યાસના દિવસોની હશે અને વિદ્યાભ્યાસ દરમ્યાન જે સંસ્થા અને ગુરુઓનો પરિચય થાય છે જે વિદ્યાર્થીઓ સાથે મૈત્રી બંધાય છે એ કેટલીકવાર જીવનભર ટકે છે. હું ગમે તેવા સ્થાન ઉપર પહોંચ્યો હોઉં પણ આજે પણ મને મારી હાઇસ્કૂલના કેટલાક શિક્ષકોનું સ્મરણ એટલા જ પૂજ્ય ભાવથી– એટલા જ આદરથી થાય છે. મને સતત એમ લાગ્યા કરે છે કે અમુક સાહેબે જો આ ન શીખવ્યું હોત તો જિંદગીમાં આપણને કેટલીક બાબતો ઓછી રહી ગઈ હોત. એવા કડી સર્વ વિદ્યાલયના જૂના વિદ્યાર્થીઓ અને એ વિદ્યાર્થીઓના જે સંબંધો એમને આ સંસ્થા તરફ ખેંચી લાવે છે એ પણ આપણા માટે આનંદની વાત છે. આપણે તો પ્રાચીન પ્રસંગ જાણીએ છીએ કે કૃષ્ણસુદામા વચ્ચે કોમન કંઇ જ નહોતું. કૃષ્ણની જાતિ જુદી હતી, ધંધો જુદો હતો, કામકાજ જુદું હતું. સુદામા તો બ્રાહ્મણ હતા પણ પાછલા જીવનમાં બંને ભેગા થયા એટલા માટે કે વિદ્યાકાળ દરમ્યાન એમની ભાઈબંધી ઊભી થઈ ગઈ હતી અને વિદ્યાર્થીકાળની જે મૈત્રી છે તે કેટલીકવાર પોતાના કુટુંબના સગા કરતાં એ વધારે ટકતી હોય છે.

છગનભાએ પોતાના ઓછાઓછા શિક્ષણ સાથે – આશ્ચર્યની વાત તો એ છે કે દુનિયાના મોટા ભાગની ક્રાન્તિ કરનારા માણસો ભારેમાંભારે વિપરીત સંજોગોમાં ઓછામાં ઓછાં સાધનોથી શરૂઆત કરનારા હોય છે. એમ કહેવાય છે કે છગનભા વણાટનું કામ શીખવા ગયા પછી અમદાવાદની કોઈ સંસ્થામાં ભણવા ગયા અને દસેક મહિના જેટલું ભણી શકયા હતા ત્રણચાર ચોપડીનો અભ્યાસ એમણે દસ મહિનામાં કર્યો હતો એટલે સ્વાભાવિક રીતે જ મનમાંમારા જવલંત કિસ્સો આઠદસ મહિનાના ભણતર સાથે દુનિયામાં નામના કરી એવી વ્યકિતનો આવી ગયો. અબ્રાહમ લિંકન. એ એક સામાન્ય ખેડૂતનો છોકરો હતો એને સ્કૂલમાં ભણવાનો અવકાશ મળ્યો જ નહોતો. માત્ર આઠદસ મહિના જ એ સ્કૂલમાં ભણી શકયો હતો એ પછી એને ભણવાનું છોડીને મજૂરી જ કરવી પડી હતી. પણ આઠદસ મહિના એને ભણવાનું જે પ્રાપ્ત થયું એને કારણે એને વાચનનો જે શોખ લાગ્યો – એ જમાનામાં આર્થિક સ્થિતિ એટલી ગરીબ કે કેરોસીનનો ખડિયો પણ રાખી ન શકે. જંગલમાંથી લાકડાં લાવીને એને સળગાવીને એનો ભડકો થાય એમાં પુસ્તકો વાંચ્યે રાખે. દિવસે તો મજૂરી કરવાની હોય. એ માણસે પોતાના પ્રયાસથી અભ્યાસ કરીને, મહેનત કરીને એક કુશળ વકીલ તરીકેની તો પ્રતિષ્ઠા મેળવી પણ અંગ્રેજી ભાષા ઉપરનો એનો કાબુ અને અંગ્રેજી ભાષાનું લખાણ – ડીકશન – એ ડીકશનમાં એની જે માસ્ટરી

એનો મોટામાં મોટો પૂરાવો તો એ સાબિત થયો કે અમેરિકાના પ્રેસિડેન્ટ તરીકે એણે બીજીવારનું – સેકન્ડ ઇનઓગરલ એડ્રેસ આપ્યું – એણે જે પ્રવચન કર્યું એ પ્રવચનનો એક ફકરો ઓક્સફર્ડ યુનિવર્સિટીએ એના ઇંગ્લિશ ડિપાર્ટમેન્ટમાં દરવાજા ઉપર ગોલ્ડન લેટર્સમાં અંગ્રેજી ભાષાનું ઉત્તમ ડીકશન કેવું હોઈ શકે એ દર્શાવવા માટે લિંકનના પ્રવચનમાંથી એક વાકય એણે મૂકયું. આપ જાણો છો એ વાકય – બહુ ફેમસ વાકય છે. 'With malice towards none, with charity for all, with firmness in eyes as God gives us to see the right, let us strive to finish the work we are in '

એ જે લિંકને એના પ્રેસીડેન્શ્યલ એડ્રેસમાં એક વાકય કહેલું એ અંગ્રેજી ભાષાના ઉત્તમ નમૂના તરીકે ઓકસફર્ડ યુનિવર્સિટીમાં ચીતરાવીને મૂકવામાં આવ્યું એનો અર્થ એ કે વિપરિત સંજોગોમાં પણ માણસ પસાર થાય એને જ સારી વસ્તુની કિંમત પણ સમજાતી હોય છે. જે લોકો સુખી છે, આરામથી રહી શકે છે જીવનમાં જોઇતી ચીજો અનાયાસે મેળવી શકે છે એને કદાચ એ વસ્તુની કિંમત ન હોય પણ જેણે વધારેમાં વધારે યાતનાઓ ભોગવી છે. સારી વસ્તુ મેળવવા માટે જેને સખત પરિશ્રમ કરવો પડે છે એને એનું મૂલ્ય સમજાય છે અને એવી ચીજો બીજાને પણ કેવી રીતે પ્રાપ્ત થઇ શકે એની ખેવના એના મનમાં સતત રહ્યા કરતી હોય છે. છગનભાએ એ ભાવના અને ખેવના સાથે આ સંસ્થા ઊભી કરી. આજ મને ખરેખર આનંદ થાય છે કે વિદ્યાની અનેક પ્રકારની શાખાઓ અહીં શરૂ થઇ છે અને ટેકનીકલ એજ્યુકેશન પણ સારી રીતે આપવાની ગોઠવણી કરવામાં આવી છે. પણ એ વિચારીએ છીએ ત્યારે સ્વાભાવિક રીતે આપણા મનમાં એમ પણ થાય છે કે આ ભણતર અને આ કેળવણી– એની પાછળનો ઉદ્દેશ શો ? પંડિતો તો જમાનાઓથી એની ચર્ચા કરતા આવ્યા છે કે ભણતર જે સ્કૂલમાં અને કોલેજમાં આપવામાં આવે છે એ કેવળ જ્ઞાનને માટે આપવામાં આવે છે ? અથવા તો કેવળ રોજી મેળવવા માટેનું સર્ટિફિકેટ આપવા માટે આપવામાં આવે છે ? કેટલાકનું એમ માનવું છે કે શિક્ષણકાળ દરમ્યાન વિદ્યાર્થીના માનસમાં ઘડતર કરવા માટે માણસનું થીંકીંગ ડીસીપ્લીન્ડ રીતે થાય, આડેધડ thinking કરવાને બદલે વિચાર કરવાની પણ એક ડીસીપ્લીન મેળવી શકે. અને જ્ઞાન તો અહીં રહેવાનું છે જ નહીં. જે સ્કૂલમાં જે જ્ઞાન આપ્યું– અકબરે શું કર્યું કે રાણા પ્રતાપે હલદીઘાટની લડાઈ કયારે કરી અને કલાઇવ કયારે હિન્દુસ્તાનમાં ગવર્નર જનરલ હતો કે વાઇસ રોય હતો– આવી કોઈ ચીજો યાદ રહેવાની નથી પણ અભ્યાસકાળ દરમ્યાન જે વર્તન–વ્યવહાર, જે આચાર અને વિચાર શીખવા મળે છે તે શાળાના કાર્ય દરમ્યાન જ આપણને મળતા હોય છે. બીજાનો વિચાર પહેલો કરવો અને આપણો પછી કરવો એ ભાવના અને શિક્ષણ અહીં મળે છે તે જ કાયમ રહે છે. અકબર કે હલદીઘાટનું યુદ્ધ આપણને કંઇ યાદ રહેતું નથી પણ કેટલાય એવા પ્રસંગો શાળાકાળ દરમ્યાન બનતા રહે છે જેની અસર ચિરંજીવ આપણા મન ઉપર રહી જતી હોય છે. એ સંસ્કાર અને વાતાવરણ અને એ mental discipline –વિચાર કરવાની પણ એક ડીસીપ્લીન હોય છે એનું શિક્ષણ જેટલા પ્રમાણમાં આપણે સારી રીતે આપી શકીએ એટલા પ્રમાણમાં આપણું લેવલ ઊંચું રહેતું હોય છે. માહિતીનો ભંડાર – એ માહિતીનો ઢગલો, એને આપણે જ્ઞાન ગણતા નથી માટે આપણાં શાસ્ત્રોએ આપણને કહ્યું કે – આ ચારેકોર અમે જોઇએ છીએ છતાં નથી જોતા એવી પરિસ્થિતિ છે. અમે તો પૂરા અંધકારમાં છીએ અને અમને અંધારામાંથી અજવાળામાં લઇ જાઓ. શાસ્ત્રોમાં કહ્યું– **तमसो मा ज्योतिर्गमय ।**

*　　*　　*　　*

[ અનુસંધાન પાન ૫૪ ઉપર ]

## સમારંભના મુખ્ય મહેમાન શેઠશ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈનું
## પ્રવચન

માનનીય મુખ્ય મંત્રી શ્રી માધવસિંહભાઇ, શેઠશ્રી જયકૃષ્ણભાઇ, શેઠશ્રી બળદેવભાઇ, મુ. શ્રી દાસકાકા, સંસ્થાના કાર્યકરો, આમંત્રિત ભાઇઓ અને બહેનો,

શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અને તેની શિક્ષણ સંસ્થાઓ પોતાનો અમૃત મહોત્સવ ઉજવી રહી છે તે પ્રસંગે આપ સૌને મળીને હર્ષ અનુભવું છું. મહેસાણા જિલ્લામાં કડીની આ સંસ્થાની સ્થાપના સને ૧૯૧૯ માં તેના આદ્ય સંસ્થાપક પૂ. શ્રી છગનભાએ કરી ત્યારથી શરૂ કરીને આજ દિવસ સુધીમાં પાંત્રીસ એકરના વિશાળ કેમ્પસમાં શાળાઓ, કોલેજ, છાત્રાલયો વગેરેનાં વિશાળ મકાનો ઊભાં થઇ ગયાં છે અને ઊડીને આંખે વળગે એવી આ સંસ્થાની વિકાસયાત્રા હજુ ચાલુ છે. અત્યારે તો ગામેગામ શાળાઓની સગવડ ઉપલબ્ધ થઈ રહી છે પરંતુ જ્યારે પૂ. શ્રી છગનભાએ સંસ્થાની સ્થાપના કરી ત્યારે કેળવણીની દૃષ્ટિએ આ વિસ્તાર પછાત કહી શકાય એ સ્થિતિમાં હતો. છગનભાએ ગામેગામ ફરીને છોકરાઓને ભણવા મોકલવા માટેની ટહેલ નાખી અને નજીવા ખર્ચે આ વિદ્યાર્થીઓને ભણવાની સગવડ પૂરી પાડી. ધીમે ધીમે કડીની આ સંસ્થાએ વિકાસ કરીને એક આદર્શ સંસ્થા તરીકેની કીર્તિ સંપાદન કરી. ઘણા માણસો આ સંસ્થાને ઉત્તર ગુજરાતના શાંતિનિકેતન તરીકે ઓળખે છે તે સર્વ રીતે યોગ્ય જ છે. આ સંસ્થામાંથી અભ્યાસ કરીને આગળ વધેલા ઘણા વિદ્યાર્થીઓ આજે વિવિધ ક્ષેત્રે પોતાની પ્રતિભા બતાવી રહેલા છે. અને દેશ તેમ જ પરદેશમાં આ વિદ્યાર્થીઓ પોતાની માતૃસંસ્થાને ગૌરવભેર યાદ કરે છે તે મેં જોયું. આ સંસ્થાના વિકાસ માટે ગુરૂગણ અને તેના કાર્યકરોનો અમૂલ્ય ફાળો રહેલો છે. આ અમૃત મહોત્સવ પ્રસંગે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, અધ્યાપકગણ, હિતચિંતકગણ અને શુભેચ્છકો ઉમંગભેર ભાગ લઈ રહ્યા છે અને સંસ્થાના વિકાસની ઝાંખી રૂબરૂ મેળવવા શક્તિમાન બન્યા છે. આ જ સંસ્થાના આદ્ય કાર્યકરોમાં એક મુરબ્બી શ્રી દાસકાકા સાથે ગાંધીનગરની સંસ્થા અંગે ઘણીવાર રૂબરૂ મળવાનું થાય છે. અને તેમની જૈફ ઉંમરે પણ એક યુવાનને શરમાવે એવા ઉત્સાહથી અને લગનીથી જે કામ કરી રહ્યા છે તે જોઇને એમ થાય છે કે જે સંસ્થા સાથે આવી ઉત્સાહી વ્યક્તિઓ જોડાયેલી હોય તે સંસ્થાના વિકાસ સિવાય બીજું કંઈ જ ન સંભવી શકે. મુરબ્બી શ્રી દાસકાકા જેવી અનેક વિભૂતિઓએ આ સંસ્થાના સાર્વત્રિક વિકાસ માટે પોતાના ભોગો આપેલા છે અને તનમન અને ધનના તમામ સહકારથી આ સંસ્થાની વિકાસયાત્રા ચાલુ રાખી છે. ગુજરાતને ગર્વ અપાવે એવી આ સંસ્થાના આ પ્રસંગે સંસ્થાના શુભેચ્છકો, અધ્યાપકગણ, દાતાઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાએલા સર્વ વ્યક્તિઓને હું અભિનંદન આપું છું અને આ સંસ્થાની હજુ પણ વિવિધ ક્ષેત્રે વધુને વધુ પ્રગતિ થતી રહે એવી શુભેચ્છા પાઠવું છું. મને આશા છે કે આપ સૌના સહકારથી આ સંસ્થા પોતાનાં લક્ષ્યાંકો જલદી પૂરાં કરી શકશે અને દેશ પરદેશમાં પોતાની સુગંધ હજુ પણ સારી રીતે પ્રસરાવતી રહેશે.

જયહિન્દ

## સમારંભના અતિથિવિશેષ શેઠશ્રી બળદેવભાઈ ડોસાભાઇનું પ્રવચન

માનનીય મુખ્ય મંત્રીશ્રી માધવસિંહભાઈ, મુ. શ્રી જયકૃષ્ણભાઈ, દાસકાકા, કેશવલાલભાઇ, નટુભાઈ, ધનાભાઈ, ઉપસ્થિત સજ્જનો, સન્નારીઓ, બહેનો અને ભાઇઓ,

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના અમૃત મહોત્સવની ઉજવણીના પ્રસંગે આપ સૌને મળતાં હું હર્ષ અનુભવું છું. અને આ જ સંસ્થામાં રહીને મેં અભ્યાસ કરેલો એથી ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે ગૌરવ અનુભવું છું. સંસ્થાની સ્થાપનાથી અમૃત મહોત્સવ ઉજવણીના ગાળા દરમ્યાન સંસ્થાએ સ્થાપેલી અનેકવિધ પ્રવૃત્તિઓ તથા મેળવેલી સિદ્ધિઓ એ ખરેખર પ્રશંસનીય એટલું જ નહીં પણ ગૌરવપ્રદ છે. મંડળની શૈક્ષણિક તેમજ સામાજિક પ્રવૃત્તિ ભવ્ય અને ઉજ્જવળ છે. અને સસ્થાઓ માટે ઉદાહરણરૂપ છે.

આપણા દેશમાં અનેક શૈક્ષણિક સંસ્થાઓ કામગીરી બજાવે છે પરંતુ મહાન સંસ્થાઓના ઘડવૈયા જૂજ હોય છે. આજે શિક્ષણ કાર્યની અછત નથી પરંતુ તે દિશામાં નવી શોધખોળ કરી નવો અભિગમ અને નવું દિશાસૂચન આપનાર બહુ ઓછા છે. સમાજનાં વિવિધક્ષેત્રોમાં નેતાઓનો તોટો નથી પરંતુ સચ્ચાઈ અને લગનથી કામ કરનાર બહુ થોડા જોવા મળે છે. આના સંદર્ભમાં સર્વ વિદ્યાલયના આદ્યસ્થાપક પૂજ્ય છગનભા એક ખમીરવંતા અને શિસ્તવંત વિરલ પુરુષ હતા. એટલું જ નહીં પણ રાષ્ટ્રીય ચળવળના જમાનામાં ગતિશીલ કેળવણીની સંસ્થા ઇ. સ. ૧૯૧૯ માં સ્થાપીને ચણતર અને ઘડતરમાં એક પ્રેરકબળ પૂરું પાડ્યું છે. એની પણ આ અમૃત મહોત્સવ પ્રસંગે હું ઊંડી લાગણી અનુભવું છું અને એ મહાન આત્માને અને તેમના સહકાર્યકર્તાઓને ભાવભીની અંજલિ આપું છું. તેમજ શરૂઆતમાં પાયાના ઘડવૈયા પૈકીના શ્રી દાસકાકા આ જૈફ ઉંમરે સેવાઓ આપી રહ્યા છે તે તરફ અહોભાવ પ્રગટ કર્યા સિવાય હું રહી શકતો નથી. સાથે સાથે આજે આપણી વચ્ચે નથી એવા સંસ્થાની સ્થાપના વખતના ઘડવૈયા પૂજ્ય બાપુભાઈ, શ્રી છગનભાઈ કાલિદાસ, શ્રી નાથાભાઇ વગેરે મહાનુભાવોને આ પ્રસંગે યાદ કરીને હું ભાવભીની અંજલિ આપું છું. આ સંસ્થા એ રીતે પાવનશાળી છે કે તેને રાષ્ટ્રપિતા પૂજ્ય મહત્મા ગાંધીજીના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા. તેઓએ છોકરાઓને કેળવણી માટે મોકલવા તૈયાર થવા સૌને સૂચન કર્યું હતું. અને અક્ષરજ્ઞાન સાથે તેથી પણ મૂલ્યવાન આચાર અને વિચારનું જ્ઞાન આ સંસ્થામાં મળશે એવું જણાવ્યું હતું. પૂજ્ય મહત્માજીએ ઈ. સ. ૧૯૨૯ માં

આ સંસ્થાની મુલાકાત લીધી ત્યારે ઉચ્ચારેલાં આ વચનો સાકાર થયાં છે તેની પ્રતીતિ સંસ્થાના સર્વ પ્રકારે થયેલા વિકાસ ઉપરથી જોઈ શકાય છે અને મને વિચાર કરતાં આનંદ થાય છે કે જ્યારે અસહકારની ચળવળ હતી ત્યારે ઈ. સ. ૧૯૩૦ માં અહીંથી પણ આ સંસ્થાએ નવ વિદ્યાર્થીઓની ટુકડીને, છગનભાનું અત્યારે જ્યાં બાવલું છે એ સ્થળેથી છગનભાએ વિદાય આપી હતી એ પણ મને આજે યાદ રહ્યું છે. આ સંસ્થાને દેશના ખ્યાતનામ ઉદ્યોગપતિ ગૃહ શેઠશ્રી મફતલાલ તરફથી તથા અન્ય જનો તરફથી તેમજ સામાન્ય સજ્જનો અને સન્નારીઓ તરફથી દાન મળેલાં છે. જેણે સંસ્થાના ઝડપી વિકાસ માટે મહત્વનો ભાગ ભજવ્યો છે એ પણ ગૌરવપ્રદ બીના છે

અલગ ગુજરાત રાજ્યની રચના થયા પછી ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ ઝડપી બનવા સાથે સાથે તેમાં વૈવિધ્યકરણ થયું છે. રાજ્યમાં પેટ્રોકેમીકલ્સ ઉદ્યોગો, રાસાયણિક ખાતરનાં કારખાનાં, ઇલેક્ટ્રોનિક્સ, પ્લાસ્ટિકસ, ફાર્માસ્યુટિકલ્સ, પેપર, રબર વગેરે ઉદ્યોગોનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે એ શુભ નિશાની છે. રાજ્યમાં પલટાયેલી આ પરિસ્થિતિને લીધે આ ક્ષેત્રોમાં તાલીમ પામેલી માનવશક્તિની ભારે માગ ઊભી થઇ છે. રાજ્ય સરકારે વાસ્તવિક અભિગમ અપનાવ્યો છે. તેમજ ગણતરીપૂર્વક આયોજન કરીને ટેકનીકલ શિક્ષણનો વ્યાય ઘણો જ વધાર્યો છે એ ખરેખર પ્રશંસનીય બીના છે. રાજ્યમાં જુદા જુદા સ્થળે માધ્યમિક કક્ષાથી માંડીને અનુસ્નાતક ઇજનેરી શિક્ષણની સગવડો ઉપલબ્ધ કરવામાં આવી છે. આ ઉપરાંત વિવિધ વ્યવસાયોમાં આધુનિક ટેકનોલોજીના વિકાસને ધ્યાનમાં લઇને પ્રાયોગિક તાલીમ આપવા માટેની સુવિધાઓ ઊભી કરવામાં આવી છે એ પણ હિતાવહ છે. શિક્ષણ ક્ષેત્રે સંશોધન અને નવી ટેકનોલોજીને ધ્યાનમાં લઇને અભ્યાક્રમમાં વિવિધતા લાવવાની અગત્ય ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે તો ભાવિ પેઢી માટે ઘણું જ ઉપયોગી બનશે. રાજ્ય સરકારને આ દિશામાં માહિતીનો બહોળો ફેલાવો કરવા હાર્દિક અનુરોધ કરું છું.

આજે વિદ્યાર્થીઓને જે કેળવણી આપવામાં આવે છે એમાં શારીરિક શ્રમની ઉપેક્ષા એ ગંભીર વિચારણા માગી લે છે. કોઈપણ કામ કરવામાં નાનમ નથી એ પ્રકારની ભાવના પાયામાંથી જ વિદ્યાર્થીઓને પ્રેરવામાં નહીં આવે તો એમાંથી પુખ્ત ઉંમરમાં કેટલીક વિકૃતિઓ થવા સંભાવના છે. શ્રમના ગૌરવના સિદ્ધાંતની અને શિસ્તની આજના યુગના સંદર્ભમાં ઘણી અગત્ય છે. શારીરિક શ્રમ પ્રત્યે વિદ્યાર્થીને ભાવના જાગૃત થાય અને તેઓમાં શ્રમના કામની નાનમ દૂર થાય તે માટે શાળાઓ મહાશાળાઓમાં શ્રમશિબિરોની આવશ્યકતા ઉપર હું ખાસ ભાર મૂકું છું.

શિક્ષણ જગતને સ્પર્શતી કેટલીક બાબતોનો ઉલ્લેખ કરું તો અસ્થાને નહીં ગણાય. સ્વરાજ્ય હાંસલ કર્યાને ત્રણ દાયકા વીત્યા હોવા છતાં પણ આપણી શિક્ષણ પદ્ધતિના ઢાંચામાં કે પદ્ધતિમાં ખાસ કોઈ નોંધપાત્ર ફેરફારો થયા નથી. પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ તેમજ કોલેજની સંખ્યામાં ભારે મોટો વધારો થાય છે અને લાખો વિદ્યાર્થીઓ યુનિવર્સિટીને દ્વારેથી ઉપાધિ લઇને વ્યવસાય જીવનમાં પ્રવેશે છે ત્યારે અભ્યાસકાળમાં મેળવેલું શિક્ષણ તેઓને કેટલે અંશે જીવનમાં કે નોકરી ધંધામાં ઉપયોગી નીવડ્યું છે તેનું મૂલ્યાંકન કરવાનું ઘણું જરૂરી છે. આ સંબંધે અત્યાર સુધીમાં સંખ્યાબંધ સમિતિઓ અને કમીશનો હિન્દ સરકાર તરફથી નીમવામાં આવ્યાં છે. આ પંચોએ પોતાના અહેવાલમાં સમગ્ર માળખું બદલવા માટે ભલામણ કરી હોવા છતાં શિક્ષણના ઢાંચામાં દૂરગામી હજુ કંઈ ફેરફાર થયા નથી એ હકીકતનો સ્વીકાર આપણે કરવો રહ્યો. શિક્ષણમાં સાધનો અને તકો

વધવાની સાથે બેકારીનો પ્રશ્ન પણ વધુ ને વધુ જટિલ બનતો જાય છે. આ પરિસ્થિતિને પલટાવવામાં શિક્ષણને વ્યવસાયલક્ષી બનાવવાની ખૂબ જ જરૂર છે એટલું જ નહીં પણ આ બાબતને જરૂરી અગ્રતાક્રમ આપવામાં આવે એ ખૂબ જ ઇચ્છનીય છે. આજે સમાજ અને જાહેર જીવનમાં નૈતિક મૂલ્યો ઝડપથી ઘસાતાં જાય છે અને માનવતાના દીવડા ઝંખવાતા જાય છે ત્યારે સમાજમાં નૈતિકતા તથા સંસ્કારનું પુનરૂત્થાન થાય એ માટે સંનિષ્ઠ પ્રયાસ કરવા જોઇએ એ મારું નમ્રપણે માનવું છે કે જેથી સમાજજીવનનું કલેવર સંગીન અને સદ્ધર બની શકે અને સમાજ અને દેશનો સદ્ધરપણે વિકાસ થાય.

વિદ્યાર્થીમાં શિસ્તની તાલીમ, સુંદર ટેવો વગેરે પાડવામાં શિક્ષકવર્ગની જવાબદારી વધતી જાય છે. વાલીઓ પોતાના ધંધામાં એટલા વ્યસ્ત હોય છે કે પોતાનાં બાળકોના શિક્ષણ પ્રત્યે ધ્યાન આપવા માટે ભાગ્યે જ સમય ફાજલ પાડી શકતા હોય છે. આવી પરિસ્થિતિમાં પરિશ્રમ અને શારીરિક શ્રમ પ્રત્યે પૂરતું માર્ગદર્શન શિક્ષકવર્ગ તરફથી મળી રહે એ અનિવાર્ય છે. કારણ કે તેના વિકલ્પો જીવનમાંથી કદાપિ મળતા નથી. પુસ્તકિયા જ્ઞાન ઉપરાંત વિદ્યાર્થીઓ થોડું પણ વિચારતા થાય એ પણ અત્યંત જરૂરી છે કે તેઓ જીવનમાં સારા અને નરસાનો ભેદ પારખી શકે અને સાચા રસ્તે પ્રયાણ કરી શકે. આ બાબતમાં શિક્ષકોએ ઊંડો રસ અને જાગરુકતા દાખવવાં જોઇએ એવું તેઓને મારું નમ્ર સૂચન છે.

શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના અમૃત મહોત્સવની ઊજવણી પ્રસંગે આજે આપ સૌને મળવાની તક આપવા બદલ સંચાલક ભાઇઓનો ખૂબ જ આભાર માનું છું અને આવતા વર્ષોમાં સંસ્થા શિક્ષણ જગતમાં ખૂબ જ ફૂલેફાલે અને પ્રગતિનાં સોપાન સર કરે એવી અપેક્ષા રાખું છું. વધુમાં આ સંસ્થા આવતાં વર્ષોમાં વિદ્યાર્થી જગતની વિવિધ કલ્યાણકારી પ્રવૃત્તિઓ આદરી આગવી ખ્યાતિ મેળવશે અને સમગ્ર ગુજરાતમાં નામ રોશન કરશે એવી આશા સાથે વિરમું છું. આજે આ પ્રસંગે આપે મને સાંભળ્યો એ બદલ ફરી આભાર વ્યકત કરું છું.

---

[અનુસંધાન પાન ૫૦ ઉપરનુ ચાલુ]

સાચું શું છે એ પામવાનું આપણા માટે મુશ્કેલ છે અને જ્યારે મુશ્કેલ હોય ત્યારે વિદ્યાર્થીઓની સંસ્થાઓના ગુરુદેવો સત્ય કેમ પારખવું – સત્ય શું છે એની પ્રાપ્તિ સહેલી નથી પણ સત્ય પારખવા માટેનો માર્ગ કયો – એ માર્ગનું આપણને દર્શન કરાવે છે. કેળવણીની સંસ્થાઓ વિદ્યાર્થીઓને એ રીતે તૈયાર કરે છે અને જીવનમાં માર્ગ કાઢવા માટેની ચાવી જ એમને આપે છે. જ્ઞાન તો વિદ્યાર્થીઓએ પછી મેળવવાનું છે. કારણ કે જિંદગીભર માણસને જ્ઞાન તો સતત મળતું જ રહેતું હોય છે. પણ જિંદગીમાં રસ્તો કાઢવાની ચાવી એ વિદ્યાભ્યાસ દરમ્યાન મળે છે અને એ ચાવીની સાથે વિદ્યાર્થી પોતાના જ્ઞાનમાં જીવનભર ઉમેરો કરતા રહે છે.

કડીનું સર્વ વિદ્યાલય અત્યાર સુધીમાં જે પ્રગતિને પામ્યું છે અને અનેક યુવાનો અને યુવતીઓના જીવનમાં સંસ્કાર અને જ્ઞાન એણે સિંચિત કર્યાં છે એ આવનારાં વર્ષોમાં પણ એ કરતું રહે અને થોડાં વર્ષો પછી એની જ્યારે શતાબ્દિ ઉજવાય ત્યારે કડીનું વટવૃક્ષ જેને કહેવામાં આવે છે એ છે એના કરતાં પણ ઘણું વધારે ખીલેલું મહોરેલું રહે એવી શુભેચ્છા સાથે અહીં આવવાની તક આપવા બદલ હું આપ સૌનો આભાર માનું છું.

## સમારંભના પ્રમુખ શેઠશ્રી જયકૃષ્ણભાઈ હરિવલ્લભદાસનું

# પ્રવચન

મુખ્ય મંત્રીશ્રી માધવસિંહભાઇ, મુ. દાસકાકા, ભાઇશ્રી બળદેવભાઇ, શ્રી કેશવલાલભાઇ, આગેવાનો, અને મિત્રો,

સૌથી પ્રથમ તો હું એક વાત કરવા માગું છું કે જ્યારે મુખ્ય મંત્રીશ્રી ભાષણ કરવા આવ્યા ત્યારે એમણે મારા નામની સાથે પહેલાં ઉલ્લેખ કર્યો – 'શેઠશ્રી', આજે એક વખત નહીં પણ અનેક જાહેર સભાઓમાં મેં વિનંતી કરી છે કે આજે જમાનો શેઠશ્રીઓનો રહ્યો નથી અને ખાસ કરીને શ્રી માધવસિંહભાઇ એ જ્યારે આ વાત કરી ત્યારે મને ક્ષોભ થયો. અને હું માનું છું, આ સારું પણ લાગતું નથી એટલે મહેરબાની કરીને આપણે નામની આગળ એનો ઉપયોગ ન કરીએ તો વધારે ઉચિત થશે.

આજે અહીંની સંસ્થાઓનો અમૃત મહોત્સવ ઉજવાઇ રહ્યો છે એમાં આવતાં મને ખરેખર ખૂબ જ આનંદ થાય છે. મારી પહેલાના વક્તાઓએ અને ખાસ કરીને શ્રી માધવસિંહભાઇ એ કેળવણીની જરૂરિયાત અને એની ઉપયોગિતા જીવનમાં શું છે એ વિષે ઘણી વાતો છે.

તમે જાણો છે કે પહેલાં ગાયકવાડી રાજ્ય હતું એમાં કડી હતું અને ગાયકવાડ મહારાજા પણ કેળવણી માટે હંમેશાં મહત્વ આપતા રહ્યા હતા. એ એમ માનતા કે વ્યક્તિનો વિકાસ અથવા ચારિત્ર્ય ઘડતર એ કેળવણીથી જ થાય છે અને સાથે સાથે લાયબ્રેરીઓ ઉપર એમણે ઘણું જ મહત્વ આપેલું. અને આપણે જોઇએ છીએ કે જ્યાં જ્યાં ગાયકવાડી રાજ્યનાં શહેરો હતાં ત્યાં ત્યાં કેળવણીની સારી સુવિધાઓ જોવા મળતી હતી. અહીં પણ પૂજ્ય છગનભાએ જે કેળવણીની સંસ્થાઓ શરૂ કરી તેમને પણ એમ લાગ્યું હશે કે આ કેળવણીની શી જરૂરિયાત છે. એ ખ્યાલ રાખીને અહીં સર્વ કેળવણીની વ્યવસ્થા થાય એ માટે કડી વિદ્યાલયનું નામ સર્વ વિદ્યાલય આપ્યું અને આજે આપણે જોઇએ છીએ કે ટેકનીકલ કેળવણી સુધી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. હું એમ પણ માનું છું કે આપણા જેવા દેશમાં આપણે ગમે તેટલા મોટા ઉદ્યોગો નાખીએ પણ આપણો મોટો આધાર ખેતીવાડી ઉપર રહે છે અને મોટા ભાગની વસ્તી ગામડાંમાં રહે છે એટલે ખેતીને ખૂબ જ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. અહીં પણ આણંદની જેમ ખેતીવાડીની શાળા – ખેતીવાડીની કેળવણી આપવામાં આવે એવી કોઇ વ્યવસ્થા કરવામાં આવે તો હું માનું છું એનાથી વિદ્યાર્થીઓને, રાજ્યને અને દેશને ખૂબ જ ફાયદો થશે.

લાયબ્રેરી વિષે તમે જાણો છો કે મહારાજા સયાજીરાવ ગાયકવાડે વડોદરામાં એક ખૂબ જ સુંદર લાયબ્રેરી કરી અને આજે પણ ખૂબ જ જાણીતી છે. એવી જ રીતે મહાત્મા ગાંધીએ પણ અમદાવાદમાં લાયબ્રેરી ઉભી કરી અને આજે પણ એ મારી સમજ પ્રમાણે ખૂબ જ જાણીતી છે.

* * * *

આપણે જાણીએ છીએ કે કેળવણી સાથે જેટલું વાચન વધારે હોય એ વાચનથી માણસ ઘડાય છે. લાયબ્રેરીઓ આમાં ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. એટલે અહીં અમારા કુટુંબ તરફથી લાયબ્રેરી માટે મદદ કરી છે તે આ વિચાર નજર સમક્ષ રાખીને કરવામાં આવી છે. હમણાં અહીં કેળવણી માટે વાત થઇ છે એના વિષે હું લંબાણથી કહેવા નથી માગતો અને આમેય પણ હું રહ્યો વેપારી. એટલે કંઇ લાંબી વાતો કરવામાં કે ભાષણ કરવામાં માનતો નથી અને બીજું, પ્રમુખનું કામ એ હોય છે કે સભાનું કામ સારી રીતે ચાલે છે કે કેમ તે જોવું. અહીં કામ તો બધું સારી રીતે ચાલ્યું. એટલે બીજી કોઈ નવી વાત કરવાની રહેતી નથી. હું તો એક જ વાત કહું કે આપણે સૌએ વિચાર કરવો જોઇએ કે સંસ્થા ૬૦ વર્ષ ઉપર આવી સારી રીતે ચલાવવી એ કોઇ નાની સૂની વાત નથી. એની પાછળ ખૂબ મહેનત, પરિશ્રમ અને નાણાંની પણ જરૂર પડે છે હું અમદાવાદમાં અનેક કેળવણીની સંસ્થાઓ સાથે સંકળાયો છું અને મેં જોયું છે કે આ બધી સંસ્થાઓ ચલાવવાનું સહેલું નથી. સંસ્થાઓ ચલાવવાનું ખર્ચાળ થતું જાય છે. અને એના માટે પૈસા પણ ઉઘરાવવા પડે. સારા નસીબે અહીં જે વાતો સાંભળી કે પચીસ લાખ રૂપિયા ફંડ ઉઘરાવ્યું છે. બીજા ઉઘરાવવાના છે. એટલે આપણે આશા રાખીએ કે અહીં જે પ્રગતિ થઇ છે એના કરતાં ખૂબ સારી પ્રગતિ થાય અને સંસ્થાઓનો દાખલો લઇ આપણા ગુજરાતમાં અને બીજે ઠેકાણે આવી સંસ્થાઓ થાય.

આપણે સ્વતંત્ર થયા ત્યારે ગુજરાતમાં કેળવણીનું પ્રમાણ ૧૮ કે ૧૯ ટકા હતું અને આપણે લગભગ ૪૫ ટકા સુધી પહોંચ્યા છીએ એ બતાવી આપે છે કે આપણે બીજાં રાજ્યોના મુકાબલામાં, આપણી વસ્તી બીજા કરતાં ડબલ થઇ હોવા છતાં સારી પ્રગતિ કરી છે.

હું હમણાં જ વાત કરતો હતો કે ગઇ કાલે રાત્રે બોમ્બેથી I. D. C. I ના ચેરમેન અમદાવાદમાં આવ્યા. અમે સાથે જ હતા. વાતવાતમાં મને કહેતા હતા કે હું બીજા રાજ્યોમાં પણ જાઉં છું અને જે ગવર્નમેન્ટ કોર્પોરેશનો ચાલે છે એની હાલત જોઉં છું અને અહીં આ બે દિવસમાં મેં પરિસ્થિતિ જોઇ એ ખરેખર આંખ ખોલી નાખે એવી છે. કારણ કે આપણાં મોટાં ભાગનાં કોર્પોરેશનો કોઇ નુકસાન નથી કરતાં. મને ખબર છે કે એકસપોર્ટ કોર્પોરેશન અને બીજાં ત્રણચાર વર્ષ ઉપર નુકસાન કરતાં હતાં પણ ત્યાં સારા ચુનંદા ચેરમેન અને ડાયરેકટરોની સ્થાપના કર્યા પછી એ નફો કરતાં થયાં છે. આવો દાખલો ભાગ્યે જ તમને બીજે ઠેકાણે જોવા મળશે. એ જ રીતે આજે આપણે ઉદ્યોગમાં બીજા નંબરે છીએ. પણ મને લાગે છે કે આપણે જે રીતે પ્રગતિ કરી રહ્યા છીએ એ રીતે કદાચ થોડા જ વર્ષોમાં ગુજરાતનો નંબર પહેલો આવે તો નવાઇ નહીં. આની પાછળનો જો આપણે વિચાર કરીએ – અહીં નટુભાઇએ વાત કરી એટલે મને વાત કરવાનું મન થયું કે લોકોને અને રાજ્યને પ્રગતિ કરવી હોય તો સ્ટેબલ ગવર્નમેન્ટ એ ખૂબ જ મહત્વની બાબત છે. છેલ્લાં પંદર વર્ષમાં આપણે જોયું કે સરકારો બદલાતી રહી છે અને મેં પહેલાં પણ એક બે ઠેકાણે કહ્યું છે એ રીતે મારી સમજ પ્રમાણે છેલ્લાં દસથી પંદર વર્ષ બીજાં રાજ્યોને મુકાબલે આપણે પાછળ પડી ગયા છીએ પણ છેલ્લી સરકાર આવી અને શ્રી માધવસિંહભાઇની દોરવણી મળી ત્યારથી આપણે સારી પ્રગતિ કરી રહ્યા છીએ. અને હું તો આશા રાખું છું કે બીજાં રાજ્યોને મુકાબલે આપણો પહેલો નંબર આવે તેમાં આપણા બધા માટે, લોકો માટે એ ખૂબ જ ગૌરવરૂપ છે જ.

હું અહીંના સંચાલકોનો અને તમારા સૌનો ખૂબ આભાર માનુ છું કે આજે અમૃત મહોત્સવમાં ભાગીદાર થવા માટે મને બોલાવ્યો અને એ રીતે આપ સૌને મળવાની તક આપી.

સુંદર સર્વ વિદ્યાલય રાજે!
શિશુ-અંતર જનની-દર્શનથી
સુખ-ભરતી ગાજે........

—અનામી



સંભારણાં-

# સંભારણાં

## પુરુષોત્તમદાસ ર. પટેલ

પૂ. છગનભાના પ્રયાસથી બોર્ડિંગની સંખ્યા ખૂબ વધી. એ વખતે બોર્ડિંગમાં રહેવાની તથા ભોજન વગેરેની માસિક ફી રૂપિયા પાંચ. તેમાંય છગનભા ગામડે જાય ત્યારે ગરીબ માબાપ પોતાનાં છોકરાને આપવા આવે પણ બોર્ડિંગની ફી ભરવાની અશક્તિ. છગનભા એવા વિદ્યાર્થીને બોર્ડિંગની ફીની માફી આપે. શ્રી નગીનભાઈ, એમના પિતાશ્રી અને એમનાં બહેન શ્રીમતિ નર્મદાબેને બોર્ડિંગ સંભાળી લીધી. છગનભા, ધનશા ભગત અને માધવજી ત્રિપુટી બોર્ડિંગના પ્રાણ. ગામડે ગામડે જાય. પણ બોર્ડિંગનો ખર્ચ નીકળે એવું મળે નહિ. શ્રી નગીનભાઇ વ.નું કામ તો બોર્ડિંગમાં રહી પટલાઈ કરવાનું. પૈસો લાવવાનું નહિ. પરિણામ એ આવ્યું કે દાણા બજારનું દેવું થઈ ગયું. ઉઘરાણી સખ્તાઇથી થવા લાગી. નવું ધિરાણ બંધ થયું. બોર્ડિંગ બંધ કરવાની ફરજ પડે તેવું થયું. ગામમાં બોર્ડિંગની શાખ રહી નહીં. કોઈ પૈસો ધીરે નહિ. શું કરવુ એનો વિચાર કરવા કડવા પાટીદાર વિદ્યાલયના શિક્ષકો ભેગા થયા અને નિર્ણય કર્યો કે વિદ્યાલય અને બોર્ડિંગના વિદ્યાર્થીનાં જૂથ પાડવાં અને દરેક શિક્ષક એક જૂથ લઇ નક્કી કરેલ ગામડામાં જાય. ભજનો ગાય, સંગીત વગાડે અને ગામના આબાલવૃદ્ધ ભેગાં થાય, પ્રવચનો થાય. પરિણામ એ આવ્યું કે જે જે ગામે ગયા ત્યાંથી દાણા તેમજ રોકડ રકમ મળી. દરેક જૂથ અઠવાડિયા અંતે કડી બોર્ડિંગમાં આવે. આ રીતે દેવું ભરપાઇ કરી શકયા અને એક વરસ સુધી દાણા ખરીદવાની જરૂર રહી નહીં.

અમદાવાદ શાહપુરના શેઠશ્રી કેશવલાલ જીવાભાઈ સાથે મારો કોલેજ સમયનો સંબંધ. એમનું કોડક સિનેમાનું મશીન લઈ હું મોખાસણ, ઝુલાસણ અને ડીંગુચા ગયો. સિનેમા બતાવ્યાં, પ્રવચન કર્યાં, ત્રણ ગામે તો દાણાનો ઢગલો કરી નાખ્યો અને ગામના ખર્ચે બોર્ડિંગમાં પહોંચતો કર્યો.

* * *

શ્રી નગીનભાઇએ કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનું બંધારણ તૈયાર કર્યું. તેમાં કાયમના પ્રમુખ, મંત્રી અને ગૃહમાતા રહે તેવું નક્કી કર્યું. આ બંધારણનો અમે – શ્રી પોપટભાઈ, શ્રી છગનભાઇ, શ્રી કુબેરભાઇ અને મેં વિરોધ કર્યો. એ વખતે સ્કૂલની શરૂઆત. અને અમે ચાર શિક્ષકો, અમે નિર્ણય કર્યો કે આ બંધારણના વિરોધમાં રાજીનામાં આપી છૂટા થવું. આ બંધારણ અમલી બન્યું હોત તો સંસ્થા આજે ખીલી છે તે ખીલત નહિ. ગાંધીજી દેશમાં લોકશાહી માટે લડે અને અમે સરમુખત્યારશાહી બંધારણ સ્વીકારીએ? અને એ વખતે શિક્ષકનો રૂા. ૪૦) પગાર મળે. ટયુશન કે અન્ય આવક નહિ.

શ્રી નગીનભાઇએ એ સમયના એમની કારોબારીના સભ્યોને બોલાવ્યા. એ બધા એમની આંખે જુએ. રાત્રે બાર વાગે મને ઘેરથી બોલાવી મંગાવ્યો. અમીનના મકાનના દરવાજાના ઓટલે એ બધા ભેગા થયા અને મને બરતરફ કર્યાનું ફરમાન મોઢેથી સંભળાવ્યું. હું બેકાર બન્યો પણ સંસ્થા સરમુખત્યાર શાહીમાંથી બચી ગઈ.

* * *

બંદુકવાલાની હવેલી સ્કૂલ માટે નાની પડવા લાગી. શ્રી છગનભાએ સ્કૂલ અને બોર્ડિંગ માટે જમીન લેવાનું નક્કી કર્યું. સ્ટેશનની સામી બાજુની જમીન પસંદ કરી. સ્કૂલ અને બોર્ડિંગ થાય તેટલી જ જમીન ખરીદી. વધારે જમીન ખરીદવા પૈસા પણ નહોતા. પૂ. છગનભા, ધનશા અને માધવજી ગામડે ગામડે ફરી ફંડ ભેગું કરવા લાગ્યા. લોકોને પણ હવે બોર્ડિંગની જરૂરિયાત લાગી. શકિતના પ્રમાણમાં પૈસા આપે. પૂ. છગનભા ગોળ-પંચને મળે. પછી ગમે તે ગામોનું હોય. ત્યાં મને લઇ જાય. મારે પ્રવચન કરવાનું બોર્ડિંગની જરૂરિયાત ઉપર ભાર મૂકી ઉદારતાથી બોર્ડિંગનાં મકાન બંધાય છે તેમાં મદદ કરવાનું. કહેવાનું. પંચ પણ હજાર બે હજાર રૂપિયા આપે. એ રીતે પૈસા ભેગા કરવાનું થયું. બોર્ડિંગના મકાન કરવાની શરૂઆત કરવામાં આવી. સૌથી પહેલાં રસોડું અને પૂર્વ તરફની જમવાની પડાળી. છગનભાએ કાચી ઇંટોની ઝુંપડી કરી. આવે ત્યારે ત્યાં જ રહે. રાત્રે ત્યાં રહે. ખેતરાઉ જમીન. એટલે સાપ રમતા દેખાય. છગનભા ઝુંપડીમાં મુલાકાત આપે. મેં તે વખતે વકીલાત શરૂ કરેલી. છગનભાને મારે ત્યાં સૂવા આવવા રહેવા ઘણી વિનંતી કરી પણ માને જ નહિ. બોર્ડિંગના વિદ્યાર્થીઓને રસોડાની જમવાની પડાળીમાં રાખવાની શરૂઆત કરી. પૂર્વ તરફની ઓરડીઓ બંધાણી. વિદ્યાર્થી એમાં રહેવા લાગ્યા. છગનભાની તપશ્ચર્યા ફળી. ઉત્તર તરફની ઓરડીઓ થઇ. આગળ-નો ભાગ થયો. મેડો થયો અને કડવા પાટીદાર વિદ્યાલયને પણ ત્યાં લાવવામાં આવ્યું.

કડવા પાટીદાર વિદ્યાલય અંગ્રેજી પાંચ ધોરણનું થયું. શ્રી બાપુભાઈ ગામી આચાર્ય, શ્રી પોપટભાઈ, છગનભાઇ, ચુનીભાઇ, ઉમેદભાઈ, કુબેરભાઇ, હીરાલાલ વોરા વગેરે શિક્ષકો રાતદિવસ કામ કરે. એક પાઈ પણ વધારે માગે નહિ. ટયુશન તો કરે જ નહિ. સેવાની ભાવનાથી રાષ્ટ્રની આઝાદી મેળવાની તમન્ના વાળા બધા શિક્ષકો. એમની રાષ્ટ્રભકિત, રાષ્ટ્રને માટે ભોગ આપવાની વૃત્તિ વિદ્યાર્થીઓમાં આવી. પુસ્તકોમાં રાષ્ટ્રભકિતના ગમે તેટલા પાઠ રાખવામાં આવે કે રાષ્ટ્રગીતો મૂકવામાં આવે પણ નીતિવાન, આદર્શ ભાવિ પ્રજાનું ઘડતર કરવાની ભાવનાવાળા અને રાષ્ટ્રભકિતને વરેલા શિક્ષકો જ વિદ્યાર્થીમાં નીતિ, ચારિત્ર્ય અને રાષ્ટ્રભકિત પ્રેરી શકે. વિદ્યાર્થીઓમાં દેશને માટે ભોગ આપવાની તમન્ના પેદા કરી શકે.

* * * *

વડોદરા નરેશ મહર્ષિ સયાજીરાવ તા. ૩-૧-૧૯૨૬ ના દિવસે કડીમાં પધાર્યા. વડોદરા રાજયની પ્રણાલિકા કે મહારાજા સાહેબ જયાં જાય ત્યાં તેની આગળ પડતી સંસ્થાઓની મુલાકાત લે. તેમની મુલાકાતનો પ્રોગ્રામ તે પધારે તે પહેલાં સંસ્થાઓને જણાવવામાં આવે. મહારાજા સાહેબ તા. ૪-૧-૧૯૨૬ ના દિવસે સવારે આઠ વાગે કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમની મુલાકાત લેશે તેવું જણાવવામાં આવ્યું. સંસ્થાના પ્રાણસમા શેઠશ્રી દુર્ગાપ્રસાદ લશ્કરી અને પ્રો. સ્વામિ-નારાયણ અમદાવાદથી આવી ગયા. મહારાજા સાહેબની સ્વાગતની તૈયારી થવા લાગી.

તા. ૪-૧-૨૬ આગલી રાત્રે વડોદરા રાજ્ય સ્કાઉટ કમીશ્નર બોર્ડિંગમાં આવ્યા અને આશ્રમના વિદ્યાર્થીઓની સ્કાઉટ ટ્રુપ રચવા આગ્રહ કર્યો અને મહારાજા સાહેબના શુભ હસ્તે સ્કાઉટનો વાવટો ટ્રુપને આપવાનું કહ્યું તે વખતે સ્કાઉટને For God, King and country (ઈશ્વર, રાજા અને દેશ) ને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લેવાનું હતું. કમીશ્નર સાથે વાટાઘાટ કરવામાં શ્રી પોપટભાઇ, કુબેરભાઈ, છગન-ભાઈ વિગેરે તેમજ હું હતો. ચર્ચા બે કલાક ચાલી. ઉગ્ર ચર્ચા થઇ. અમારું કહેવું હતું કે ભારતમાં રાજાઓ આવ્યા અને ગયા. વડોદરાની ગાદી ઉપર પણ રાજા-ઓ આવ્યા અને ગયા. આથી રાજાની વફાદારીના સોગન લેવામાં અમે માનતા નથી. સ્કાઉટની પ્રતિજ્ઞામાં

રાજા શબ્દ એ ઈંગ્લેંડના રાજાને માટે છે. ભારત ઉપર અંગ્રેજો તેમના નામથી રાજ્ય કરે છે. ભારત આઝાદ થવા માગે છે. રાજા પ્રત્યે વફાદારીના સોગન એટલે ભારતને કાયમ અંગ્રેજોના હાથ નીચે આપવાનું ભારતની આઝાદીનો દ્રોહ કરવાનું, આ અમારાથી કે અમારા વિદ્યાર્થીથી નહિ થાય. અમે તો માત્ર દેશને વફાદાર રહેવા સોગન લઈએ.

કમીશનર નારાજ થઇ કડી રેસ્ટ હાઉસ ગયા. દિવાન સાહેબને વાત કરી. આ સંસ્થા તો બંડખોર છે. દિવાન સાહેબે મહારાજા સાહેબને વાત કરી તેમની સંમતિ લઇ મહારાજા સાહેબની કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમની મુલાકાત રદ કરતો ફતવો અમને રાત્રે એક વાગે પહોંચાડવામાં આવ્યો.

રાત્રે છગનભા, પ્રો. સ્વામીનારાયણ તેમજ શેઠશ્રી લશ્કરીને મહારાજા સાહેબે મુલાકાત રદ થયાની ખબર આપવામાં આવી. સૌ નારાજ થયા. પ્રો. સ્વામીનારાયણ દેત્રોજ સવારના પાંચની ગાડીમાં ગયા અને અને શેઠશ્રી લશ્કરી એમની મોટરમાં અમદાવાદ ગયા. વિદ્યાર્થીઓને ખબર આપવામાં આવેલ નહિ અને તેમણે તો સવારના બેન્ડ તૈયાર કર્યું અને એમની ડ્રીલ–કવાયતનો પોષાક પહેરી તૈયાર થયા.

મહારાજા સાહેબ સવારના આઠ વાગે એમની સાથે તેમના એ. ડી. સી.ને રાખી સ્ટેશન ઉપર આંટા મારવા નીકળ્યા. સામે વિદ્યાર્થી આશ્રમ. એમના મનમાં થયું કે આ બંડખોર સંસ્થાને મારે જોવી. તેમનું બંડનું જે કાંઈ જોવા મળે તે જોવું. અને રેલ્વેના પાટા ઓળંગી આગળ આશ્રમ તરફ વધ્યા. તેમને જોતાં જ સંસ્થાના પ્રવેશે તેમનું સ્વાગત કરવા સૌ તૈયાર થઈ ગયા. બેન્ડે સ્વાગત ગીત શરૂ કર્યું. મહારાજા સાહેબ આશ્રમમાં બેંડની પાછળ પાછળ પ્રવેશ્યા. વિદ્યાર્થીઓની તથા શિક્ષકોની પલટણ પાછળ.

રેસ્ટહાઉસ સ્ટેશનની નજીક જ છે, દિવાન સાહેબ વગેરે મહારાજા સાહેબ પાટીદાર આશ્રમમાં ગયા છે. તે ખબર પડી એટલે બધા દોડતા આવ્યા.

મહારાજા સાહેબ વિદ્યાર્થીની રૂમોમાં ઓરડીઓમાં ગયા વિદ્યાર્થીઓનાં દફતરો જોયાં. એમનાં પુસ્તકો જોયાં ચક્કર ચક્કર ફરતી તકલીઓ વિદ્યાર્થી પાસે જોઇ. બધા વિદ્યાર્થીને શુદ્ધ ખાદીમાં જોયા. સ્કૂલના શિક્ષણ કાર્યક્રમમાં રેંટીયા અને શાળો જોઇ. વણાયેલી ખાદી અને પાટી જોઈ. કાંતેલુ સુતર જોયું લાયબ્રેરીમાં ગયા તો ઘણા પુસ્તકો ઊંચાં નીચાં કરી જોયાં. પ્રીન્ટીંગ પ્રેસમાં છપાતું અને છપાયેલું સાહિત્ય જોયું અને અંતે રસોડાની દક્ષિણ તરફની પડાળીમાં ગાદી બિછાવેલી ત્યાં આવીને બેઠા.

છગનભાએ સ્વાગત પ્રવચન કર્યું. મહારાજા સાહેબ તેમના તરફ જોઇ રહ્યા. અંતે મહારાજા સાહેબે પ્રવચન કરતાં જણાવ્યું કે ગઇ કાલે રાત્રે મને તમારી સંસ્થા બંડખોર છે તેવું જણાવવામાં આવ્યું અને મેં તમારી સંસ્થાની મુલાકાત રદ કરી હતી પણ સવારના ફરવા નીકળ્યો અને મનમાં થયું કે મારે આ બંડખોર સંસ્થા જોવી. મેં બારીકાઈથી બધું જોયું. મને લાગે છે કે આને મારા અમલદારો બંડખોર કહેતા હોય તો હું ઇચ્છું છું કે આવાં બંડ મારા રાજ્યમાં ગામે ગામ થાય મેં નવસારી અમરેલીમાં આવી સંસ્થા ઊભી થાય તેવાં સ્વપ્નાં સેવ્યાં પણ હું નિષ્ફળ ગયો. અહીં મારું સ્વપ્નું સાકાર થતું જોઉ છું. અને સંસ્થાની પ્રવૃત્તિઓથી સંતોષ પામી પરત રેસ્ટહાઉસમાં ગયા.

ત્રણ વાગે તેમનું ફરમાન આવ્યું. વિદ્યાર્થીઓ વગેરેને તેમના તરફથી સાત વાગ્યા પહેલાં જમાડવા, મેનું એમણે નક્કી કર્યું, રજવાડી શાકાહારી ભોજન વિદ્યાર્થી જમવા બેસે તેની ખબર આપવાની, પછી મહારાજા સાહેબ જમવા બેસે.

મહાત્મા ગાંધીજીએ કસ્તુરબા સાથે તારીખ ૨૩-૭-૨૯ના દિવસે પાટીદાર આશ્રમની મુલાકાત લઈ સંસ્થાને ભાગ્યશાળી બનાવી.

સૌથી પ્રથમ વિદ્યાર્થીઓની સભામાં ગયા અને તેમણે તેમને બોધ આપ્યો.

તેમણે જણાવ્યું કે આશ્રમમાં વિદ્યાર્થીઓ ઉદ્યોગ શીખે છે તે આવશ્યક છે પણ દેશમાં ઉદ્યોગ પર પ્રેમ જાગ્યો નથી. અહીં ૧૦૦ ટકામાંથી ૮૫ ટકા લોકો ખેતી કરતા હોય છે તેથી બાકીના ૧૫ ટકાએ ખેડૂતોને મદદ મળે એવા ધંધામાં રોકાવું જોઇએ. આમાંના ૫ ટકાની મારફત અંગ્રેજ સરકાર આપણા ઉપર રાજ્ય ચલાવે છે તે વિચિત્ર અને શરમ ભરેલું છે. તમારે અંગ્રેજની ઓફિસ જોઇ લઇ તાળો કાઢવો જોઇએ કે તે ના હોત તો તે કેવી રીતે રાજ્ય ચલાવી શકત ? અદાલતમાં છેક પોલીસથી તે ન્યાયાધિશ સુધી આપણા માણસો ન હોય, ને દુભાષિયા કે વકીલો ન મળે તો સરકાર શું કરે ? અલમોડામાં વેઠ કરનાર ગળિયા બળદ જેવા બનીને બેસી જાય તેથી વેઠ ચાલી ગઇ. તેવી રીતે જો પાંચ ટકા બેસી જાય તો રાજ્ય ન ચાલી શકે. આ પાંચ ટકામાં ઉદ્યોગ નથી. તેઓ તો ફક્ત લહિયા છે. તેઓ જીભ કે કલમ ચલાવે છે પણ અંગ કે પગ ચલાવતા નથી. હળને બદલે આપણા હાથમાં કલમ આવી જાય તો સારું. એ ભ્રમણાથી જ તમે ઉદ્યોગ છોડી બેઠા છો.

બાદ તેમણે વિદ્યાર્થીઓને અસ્પૃશ્યતા છોડવા, સુથારી કામ માટે ચીવટ રાખવા, રેંટિયાને વળગી રહેવા અને પોતાનું કાપડ પોતાની મેળે વણવા બોધ આપ્યો હતો. તેમજ આશ્રમની સુંદર વ્યવસ્થા જાળવવા માટે છગનભાઇને (છગનભા) ધન્યવાદ આપ્યા હતો.

વિદ્યાર્થીને સંબોધ્યા પછી મહાત્મા ગાંધીજી ગામની સભાને સંબોધવા આવ્યા. ઓરડીઓ વચ્ચેનો ચોક અને ઓરડીઓના ઓટલા માણસોથી ખીચોખીચ ભરાઇ ગયા હતા. તેમણે જણાવ્યું કે :-

આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થા પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે. એ સાંભળ્યું ત્યારથી અહીં આવી જવાનું મન થયું હતું. આ સંસ્થાને કડીના શહેરીઓ અને વડોદરા રાજ્યના લોકો રક્ષે અને પોષે એ ઇચ્છવા જોગ છે. અહીં તમારાં છોકરાં મોકલવાને તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષર જ્ઞાન કરતાં પણ વધુ મૂલ્યવાન આચર અને વિચારની શુદ્ધિ તમને અહીં મળશે.

આ સંસ્થાના નિવેદનની સરળતા અને શુદ્ધતાને સારુ હું મંત્રીને, સંચાલકોને ધન્યવાદ આપવા ઇચ્છું તેની સાથે મારું દુઃખ પણ જાહેર કરવું જોઇએ કે તેઓ હજુ અસ્પૃશ્યતાનો કોયડો ઉકેલી શકયા નથી તે બરાબર નથી. અસ્પૃશ્યતા નિવારણ વિના હિંદુ ધર્મ કલ્પી શકતો નથી. જો તેનો નાશ થાય તો આ જ્ઞાનયુગના અવસરે અહીં જ્યારે એક બીજાનું ધર્મનું ઘર્ષણ અને મુકાબલા થાય છે તેવે સમયે કોઇ પણ ધર્મ કે જેમાં મહાદુષણ હોય કે મૂળ ખરાબ હોય તે ટકી શકતો નથી. હિન્દુ ધર્મનું મૂળ ખરાબ હોય તો તેનો મેં ત્યાગ કર્યો હોત. હિન્દુ કુળમાં જન્મેલો હું તેથી સંતોષ નથી. બાપના કૂવામાં તરી શકવામાં પુરુષાર્થ હોય પણ ડૂબી જવામાં નથી. હિન્દુ ધર્મ સારો છે પણ તેની સાથે અસ્પૃશ્યતા કલંકરૂપ છે.

...આ સંસ્થાની સાથે છગનભાઇનો સંબંધ હોય છતાં તેમાં સમાજના દાબને લીધે અસ્પૃશ્યતાના પ્રશ્નને સહન કરવું પડતું હોય. કડવા પાટીદાર કોમનું શ્રેય છે તેની મારફત હિન્દુ ધર્મ અને બધાનુંએ શ્રેય છે. એક કોમના ભલામાં બધાનું ભલું છે ...કોઇ પણ મનુષ્ય અસ્પૃશ્ય છે, છે એમ માની કડવા પાટીદાર કોમની સેવા નથી... બાળલગ્ન અને અસ્પૃ-

શ્યતાનો મુકાબલો કરું તો બાળલગ્નની વાત છોડી દઉં. બાળલગ્ન તો મોટા કહેવાઈ ગયેલા પાટીદારોમાં ચાલે, આખા હિન્દુસ્તાનમાં બાળલગ્ન નથી. જો એમ હોત તો સમાજનો નાશ થઇ ગયો હોત. તેના માટે ધીરજ રાખી શકાય પણ અસ્પૃશ્યતા તો એક ક્ષણને સારુ પણ સહન ન જ કરી શકાય... સાથે સાથે કાંતવાની પણ સલાહ આપવી જોઇએ... તમારાં છોકરાંઓ પાસેથી ઘરેણાં શણગાર કઢાવી લો અને કાંતવાનું શીખવો... ...

રાષ્ટ્રીય ભાવના પોષવા ઇચ્છો તો તમારે હિન્દીને સ્થાન આપવું જોઇએ. તે ભાષા શીખી શકાય તેવી છે. તે ભાષા કામ નભાવી શકે છે ને ચલાવી શકે પણ છે... મહાસભાનો કાર્યક્રમ હળવો અને સુંદર પણ વ્યાપક છે... તેનો કાર્યક્રમ તે ખાદી પ્રચાર અને વિદેશીઓનો બહિષ્કાર. પરદેશી ધાગો પણ કાઢી નાંખી ખાદી રાખવી જોઇએ.

આ સ્ટેટમાં શરાબ–મદ્યપાનની ઉપજ મોટી છે. તે ઉપજમાંથી સુખી નથી થવું. ગમે તે કારણ હોય પણ પીઠાવાળા, પીનારને...... પ્રેમપૂર્વક તમે છોડી દેવાને કરી શકો છો. પીઠું ચલાવનારને સમજાવી શકો છો. પીનારા જીવન બરબાદ કરે છે. તે સ્ત્રી અને બહેન વચ્ચેનો ભેદ ભૂલી જાય છે.

આજકાલ આપણે ગાયનું રક્ષણ કરવાને બદલે ભક્ષણ કરી રહ્યા છીએ. હિન્દુસ્તાનમાંથી આપણા હિન્દુને પ્રતાપે ઘણી ગાયો ઓસ્ટ્રેલિયા જાય છે તેનું કારણ એ છે કે ત્યાં કરોડો રૂપિયાનું ગોમાંસ પેદા થાય છે તેમાંથી તેનું સત્વ કાઢે છે જો તે વર્ણન હું કરૂં તો તમને રડાવી શકું એમ છું. ત્યાં ગાયોનો સંહાર થયા કરે છે, તેટલો સંહાર મુસલમાન ભાઇઓ બકરી ઇદને દહાડે પણ નથી કરતા. ગુજરાતમાંથી કાઠીયાવાડમાંથી ગાયોનો મોટો ભાગ જાય છે. તે પાપ સીધી રીતે કરીએ છીએ. પૂજવાને ઘર આગળ ગાય બાંધી એનું નામ ગોપાલન નહિ. ગાય માતાને જીવાડવી હોયતો ભેંસનો ત્યાગ કરવો જોઇએ,...... ભેંસને દૂધ માટે શોધી કાઢી તેણે ગાયોનો વધ કરાવ્યો. ...ગાયનો અને તેના વાછરડાનો ઉપયોગ થઈ શકે છે... ગાયનાં બધાં તત્વોનો ઉપયોગ થાય છે તેટલો ભેંસનો થતો નથી, એ વેદશાસ્ત્ર પણ બતાવી શકે છે. હું એટલું જ કહેવા ઈચ્છું છું કે ગોરક્ષા કરવી એ પરમ ધર્મ છે... આપણે સ્વાર્થમાં ડૂબેલા છીએ. આખલાને ખસી ના કરીએ ત્યાં સુધી ગાય બચાવી શકવાના નથી... ચામડાને અસ્પૃશ્ય ગણીને અંત્યજોને ગોમાંસ ખાતા કરીએ છીએ. હાડકાનું ખાતર ખોઇ બેઠા. મફત આપે તો બધાય ખેડૂતો વાપરે. હિંદમાં ક્યાંયે એક પણ ચર્માલય ચાલતું નથી કે જ્યાં કેવળ મૃત ગાયનું જ ચામડું વપરાતું હોય. તે તો હું જ ચલાવી રહ્યો છું. આ ધંધાને હાથ કરવામાં ખાસ એક માણસ રોકી ધંધો હાથ કરી રહ્યો છું. ગાયને બચાવવી હોય તો ( આખલા ) ખસી કરી તેનો વંશ વધારવો જોઇએ. ગાયની પાસેથી જો ઓલાદ સારી હોય તો ઓછામાં ઓછું ૨૦ શેર દૂધ મેળવી શકીએ... આખલા આણી તેનો પ્રચાર કરવો જોઇએ. તે તો સ્ટેટનું પણ કાર્ય છે.

( નવજીવન પ્રકાશન, ગાંધીજીનાં અક્ષરદેહ
પુસ્તક–૪૧ પાન ૨૧૨ )

ત્યાર પછી ગાંધીજી પૂ. કસ્તુરબા, શ્રી પ્યારેલાલજી તથા ડૉ. હરિપ્રસાદ સાથે આવેલા, અને તે બધા સાથે અમદાવાદ ગયા.

* * *

પૂ. છગનભાએ કડવા પાટીદાર આશ્રમ સામાજિક ક્રાંતિ લાવવા સ્થાપ્યો હતો, આશ્રમના વિદ્યાર્થી તથા શિક્ષકોએ કામ ઉપાડી લીધું. શનિવાર અને રજાના દિવસે ગામડે જાય. ત્યાં સામાજિક સુધારણાના સંવાદો વગેરે કરે. આની અસર સમાજ ઉપર થઈ. બાળલગ્ન

અને બારમાં ઓછાં થવા લાગ્યાં. અંધશ્રદ્ધા અને વહેમ ઓછા થવા લાગ્યા. ગામડામાં આખું ગામ ભેગું થાય. વ્યવસ્થા કરે અને સંવાદો સાંભળે. પૂ. છગનભાએ કડીથી એક માઈલ દૂર જમીન ખરીદી ત્યાં ગૌશાળા ઊભી કરી. ગાયના વાછડાના ગોલ્લા ખુલ્લી રીતે થાય. આસપાસથી ખેડૂતો જોવા આવે. વાછડાને ખસ્સી કરવાનો વિરોધ અદ્રશ્ય થયો. કડીમાં શરૂમાં શ્રી છગનભાનો વિરોધ કરતા હતા તે બધા વિદ્યાર્થી આશ્રમના સમર્થક – મોટા સમર્થક થયા.

શરૂમાં કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ માટે કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ ઘડવામાં આવ્યું. એ લોકશાહી ઢબનું હાલ છે તે.

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના કેટલાક ભાઇઓની માન્યતા હતી કે જ્ઞાતિના ધોરણે કેળવણી મંડળ ના જોઇએ. આ પ્રશ્ન બે ત્રણ વાર્ષિક મીટીંગમાં ચર્ચાયો. વડીલો તેમાં ફેરફાર કરવા માગતા નહોતા. અંતે સમાધાન થયું. વડીલોએ ખુલ્લા મનથી જણાવ્યું કે બીજું સાર્વજનિક કેળવણી મંડળ સ્થાપો. અમે તેમાં સહકાર આપીશું. તમારે અમારો વિરોધ કરવો નહિ. શાળા કડવા પાટીદાર વિદ્યાલય તમારા મંડળને સોંપીએ અને તે તમે ચલાવો અને પાટીદાર આશ્રમ અમે ચલાવીશું આમ સર્વ વિદ્યાલય કેળવણી મંડળનો જન્મ સને ૧૯૩૫–૩૬ માં થયો. કડવા પાટીદાર વિદ્યાલય તે પહેલા સર્વ વિદ્યાલય બન્યું હતું.

૧૯૩૦ માં ગાંધીજીએ મીઠા સત્યાગ્રહ શરૂ કર્યો. તેમાં આશ્રમ અને સ્કૂલના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંચાલકોએ સારી સંખ્યામાં ભાગ લીધો. આઝાદીની લડત લડી લેવાની તમન્ના ઉગ્ર બની. લાઠીઓ ખાધી, માંથા ફોડાવ્યાં. મીઠાના અગર લૂંટવામાં ફાળો આપ્યો. જેલના સળિયા પાછળ પૂરાયા. ગાંધીજીએ સત્યાગ્રહ બંધ કર્યો ત્યાં સુધી ચાલ્યું. ગાંધીજી ઇંગ્લાંડ ગયા અને નિરાશ થઈ પાછા આવ્યા. વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કર્યો. તેમાં પણ વિદ્યાર્થી, શિક્ષક અને સંચાલકોએ સારા પ્રમાણમાં ભાગ લીધો. જેલમાં ધકેલાયા.

આ વાતાવરણમાં આશ્રમ અને સ્કૂલના વિદ્યાર્થીઓ એમના ગામમાં ગયા ત્યાં આ સામાજિક અને રાજકીય ક્રાંતિનો અગ્નિ લઇ ગયા. ગામડામાં હાઇસ્કૂલો થવા લાગી. નવું વાતાવરણ જન્મ્યું પરિણામે ઉત્તર ગુજરાત–ખાસ કરી મહેસાણા જિલ્લામાં પરિવર્તન આવ્યું. આ બધાનું મૂળ પાટીદાર આશ્રમ અને સર્વ વિદ્યાલય. એક વ્યક્તિ પૂ. છગનભાના પૂણ્ય અને તપથી આ થયું.

૧૯૩૦ મીઠાના સત્યાગ્રહથી સને ૧૯૪૪ સુધી આશ્રમ અને સ્કૂલમાં આઝાદીનું વાતાવરણ રહ્યું. વાતો એની જ થાય. જેલમાં જવાની વાતો અને તૈયારીઓ થાય. તેમાંયે ૧૯૪૨ માં ઉગ્રતા આવી. રવિવારે મહાસભાએ પૂર્ણ આઝાદીનો ઠરાવ કર્યો અને રાષ્ટ્ર ધ્વજ રોપ્યો તે પછી તુરત જ જાન્યુ. ૨૬ એ પાટીદાર આશ્રમના ચોગાનમાં કૂવા પાસે ખુલ્લી રીતે રાષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં આવ્યો અને રાષ્ટ્રગીત ગવાયાં. પોલિસનું કામ તો રિપોર્ટ કરવાનું. રિપોર્ટ થયા કરે. અંતે સંસ્થાને જપ્ત કેમ ના કરવી તેની નોટિસ નીકળી. ૧૯૪૨ માં મુખ્ય સંચાલકો વિગેરે તે વખતે જેલમાં. કોઇ ગભરાયું નહિ અને નોટિસ સરકારના દફતરમાં રહી.

# સંસ્થામાં રાષ્ટ્રપિતાનાં પુનિત પગલાં

**પોપટલાલ ગુ. પટેલ**

*

સારો દેશ રાષ્ટ્રીય પ્રવૃત્તિથી ધમધમી રહ્યો હતો. સ્વદેશીની ચળવળ પૂર જોસમાં ચાલતી હતી, અને રાષ્ટ્રીય શાળાઓ ઠેરઠેર શરૂ કરવામાં આવતી હતી. કિંચિત્ રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલા યુવકો તે વખતે આ સંસ્થામાં કામે લાગ્યા હતા. છગનભા સંસ્થાના મંત્રી અને કર્ણધાર હતા. પાકટ ઉંમરે થોડુંક લખી વાંચી જાણવા જેટલું અક્ષરજ્ઞાન મેળવી સાધુસંતો અને સંન્યાસીઓનાં પાસાં સેવી હૈયા ઉકેલથી વેદાંત-નું જ્ઞાન મેળવી પંચાવન વર્ષની ઉંમરે તેમણે સમાજ-સેવાનો ભેખ ધારણ કર્યો. અમદાવાદના સુપ્રસિદ્ધ સામાજિક કાર્યકર ડોકટર હરિપ્રસાદ વ્રજરાય દેસાઈને સંસ્થામાં અને કડી–કસ્બામાં કેટલાક ઉત્સવો-કાર્યક્રમો પ્રસંગોએ આવવા–જવાનું થતાં છગનભા સાથે પરિચય થયેલો ત્યારે છગનભાનું વ્યક્તિત્વ તેમને ખૂબ જ અસર કરી ગયું. તે વખતની તેમ જ આજની પેઢીને પણ નિરક્ષર અને અભણ જેવી લાગે તેવી વ્યક્તિમાં સાચા જ્ઞાનનું કેટલું ઊંડાણ છે અને તે સમાજની કેટલી સુંદર સેવા કરી શકે છે એનું આ દશ્ય–દૃષ્ટાંત છે, એમ એમને લાગ્યું; અને એ ઉપરથી એમણે પૂજ્ય મહાત્માજી સમક્ષ વાતવાતમાં કડીની સંસ્થા અને છગનભાનો પરિચય આપ્યો, અને પાછળથી છગનભાને લઈ મહાત્માજી સાથે મુલાકાત કરાવી. મહાત્માજીએ અનુકૂળતાએ સંસ્થામાં આવવાનું જણાવ્યું. તારીખ ૨૭મી જુલાઈ ૧૯૨૯ના રોજ રાષ્ટ્રપિતાનાં સંસ્થામાં પુનિત પગલાં થયાં. તેની આ ભૂમિકા.

આજે જ્યારે હું વિચારું છું ત્યારે મને લાગે છે કે સંસ્થાનું કોઇ વિશિષ્ટ કાર્ય નહોતું કે જે મહાત્માજીને સંસ્થાની મુલાકાત લેવાનું પ્રેરે. પરંતુ હિમાલય જેવા મહાન, સૂર્ય જેવા તેજસ્વી અને મહાસાગર જેવા ગંભીર એવા મહાત્માજીની ગણત્રી-ઓ કંઇક જુદી જ હશે. એક વાત ચોક્કસ કે છગનભાની ત્યાગવૃત્તિ અને કોઠાવિદ્યાથી થતી સમાજ સેવાથી મહાત્માજી સંસ્થાની મુલાકાત માટે પ્રેરાયા. અર્થાત મહાત્માજીને છગનભાનાં કાર્યક્ષેત્રને બીરદા-વવાનું યોગ્ય લાગ્યું અને પરિણામે સંસ્થાને તેમનાં પગલાંનો લાભ મળ્યો.

સંસ્થાની તેમની મુલાકાત તદ્દન સાદી અને સરળ હતી. બોર્ડીંગના મકાનનો વચ્ચેના ચોકમાં પ્લીન્થ સુધી ચણેલા ભાગ ઉપર મહાત્જીની બેઠક રાખી હતી. છાયા માટે થોડાક ભાગ પૂરતો મંડપ બાંધ્યો હતો. વિદ્યાર્થીઓ કાર્યકર્તાઓ, કડી કસ્બાનો અને કડી તાલુકાનો જન સમુદાય તડકામાં ખુલ્લામાં

બેસી મહાત્માજીનાં શાંતિથી દર્શન કરી શક્યા હતા અને તેમનું ટૂંકું પ્રવચન ખૂબ જ શાંતિથી સાંભળ્યું હતું તે વખતે માઇકની કોઇ વ્યવસ્થા નહોતી.

સંસ્થાના મંત્રીએ પોતાના ટૂંકા નિવેદનમાં સંસ્થાની પ્રવૃત્તિઓ વર્ણવતાં સંસ્થાની ત્રુટીઓનો પણ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હતો. મેટ્રીકના અભ્યાસનું ધ્યેય છે. હરિજનોને શાળામાં દાખલ કરવામાં આવે છે. અભ્યાસક્રમમાં ઉદ્યોગોને સ્થાન આપવામાં આવ્યું છે. જેમાં કાંતણ અને વણાટ પણ છે. પરંતુ સંસ્થાનો દરેક વિદ્યાર્થી દરરોજ અમુક સમય આપે એવી યોજના હજુ થઇ શકી નથી. સંસ્થાએ કોઇ ધનિકો પાસેથી મોટી રકમો મેળવી નથી, પરંતુ ગામેગામ અને ઘેરેઘેરથી નાનકડી રૂપિયા જેવડી રકમ કે બશેર–પાંચશેર અનાજ ઉઘરાવી સંસ્થાનો નિભાવ થાય છે અને બની શકે તે વિકાસ કરવામાં આવે છે. (નાણાં વિભાગ ભાગ-૧ લો જેમાં સંસ્થાને છેવટ સુધીમાં રૂપિયા સુધીની રકમ કયા ગામથી, કઇ વ્યક્તિ તરફથી મળી તેની નોંધ તુરત જ જડી શકે તેવી રીતે ગોઠવી બહાર પાડવામાં આવ્યો હતો તે મહાત્માજી સમક્ષ રજુ કરવામાં આવ્યો હતો.) હાલમાં કોઈ સિલક નથી. વિદ્યાર્થીઓ સ્વાશ્રયી જીવન જીવે છે. પ્રસંગોપાત આજુબાજુના ગામડાઓમાં જઇ ફંડ પ્રવૃત્તિ કરે છે. અને બાળલગ્ન, કારજ જેવા રિવાજો સંબંધમાં સંવાદોથી સામાજિક પ્રચાર કરે છે, વગેરે હકીકતો નિવેદનમાં જણાવી હતી.

મહાત્માજીએ છગનભાના આ કાર્યને બીરદાવતાં એકત્ર થયેલી જનતાને કહ્યું હતું કે આ સંસ્થામાં તમારાં બાળકોને દાખલ કરી સારું શિક્ષણ અપાવી શકો છો. સંસ્થા પાસે સિલક નથી એક સારી વસ્તુ છે. હરિજનોને તમારા ભાઈ બહેન જ ગણો અને એમને અપનાવો. સંસ્થાના મંત્રીએ નિખાસલતાથી ત્રુટીઓ દર્શાવી છે એ નિખાસલતા માટે એમને અભિનંદન ઘટે છે. છગનભાએ જે આ કાર્ય કર્યું છે તે સુંદર કાર્ય છે. તેમની પાસેથી સેવાના પાઠ શીખજો અને એમના જેવા થવા પ્રયત્ન કરજો. આવી સંસ્થાને સમાજ જરૂર પોષશે.

મહાત્માજી બપોરની સાડા અગીઆરની ગાડીથી ઉતર્યા અને પાછા ચારની ગાડીએ વિદાય થયા ત્યાં સુધીનો તેમનો કાર્યક્રમ ભરચક હતો. ઉપરનો મુખ્ય કાર્યક્રમ શરૂ થવાને વીસેક મિનિટની વાર હતી, તે વીસ મિનિટમાં નિદ્રા ખેંચી કાઢવાનું તેમણે જણાવ્યું. એ વીસ મિનિટ ઘસઘસાટ ઊંઘી ગયા અને બરાબર વીસમી મિનિટે પોતાની મેળે જ જાગી ગયા. જાહેર સભા, કાર્યકર્તાઓ સાથે વાર્તાલાપ, વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ વગેરે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એકાદ કલાક સંસ્થાની પ્રવૃત્તિઓ નજરે જોવાનો કાર્યક્રમ હતો. આપણી સામાન્ય સંસ્થાની મુલાકાતે જગતના શ્રેષ્ઠ પુરુષ આવે અને બાળકો તથા જન સમુદાય તેમનાં દર્શનનો લાભ મેળવી શકે એ બીના આજે મને સ્વપ્નવત્ લાગે છે.

મહાત્માજીની પધરામણી સાદી, સરળ અને પ્રેરણાદાયી હતી. કડી ગામ, કડી તાલુકાનાં પ્રજાજનો મહાત્માજીની એ મુલાકાતને પોતાના જીવનના એક ધન્ય પ્રસંગ તરીકે આજે પણ યાદ કરે છે.

**બુદ્ધિપૂર્વકનો આચરેલો અન્યાય હિંસા કરતાં વધુ ભયાનક છે.**

—નિત્શે

## હો શત શત પ્રણામ!

— રમેશ ત્રિવેદી

આ સર્વ વિદ્યાલય
એ કોઈ નગર, મહાનગરમાં
વિદ્યાવિક્રય કરતી
લોખંડ સિમેન્ટ - કોન્ક્રીટની બનેલી
નિષ્પ્રાણ
ઈમારત નથી.
આ જ્ઞાનાશ્રમ છે
એક કૃષિ–ઋષિના સપનાનો
ઘેઘૂર ગરવો
કબીરવડ છે
જ્ઞાનવડ છે.
અથવા તો –
આ ખરતા ખખડતા ખાખરાઓના –
ધૂળમાં ઊડતા – આથડતા
ગોટમોટતા વેરાન – ટપ્પામાં પડેલો – જડેલો
પારસમણિ છે – જ્ઞાનમણિ છે
જેના સ્પર્શમાત્રથી બની છે કડી
સોનાની દડી,
આ સંસ્થા એટલે–
વૃક્ષોનાં નિબિડ ઝૂંડ વચ્ચે ટોળે વળી ઊભેલાં
નિર્જીવ તોતીંગ મકાનોનો સરવાળો–ગુણાકાર નહીં
આ તો છે
પરંપરિત
જ્ઞાનગંભીર આચાર્યમનીષિઓની
તેજસ્વિની તપોભૂમિ
કર્મભૂમિ.
હે સર્વ–બાંધવો, મિત્રો,
આ સંસ્થા આપણે સૌને માટે
વિદ્યાનું આલય માત્ર નથી,
આ તો આપણી સર્વની વાત્સલ્યમયી
જનની છે જનની !
જેણે આપણો પુનર્જન્મ કરાવ્યો છે
જનમફેરો સાર્થક બનાવ્યો છે
આપણા સૌનાં હૈયે કોતરાયું છે એનું જ નામ!
આ જ્ઞાનદાત્રિને હો શત શત પ્રણામ ! !

# સાડા પાંચ દાયકા બાદ.....

ડૉ. રણજિત એમ. પટેલ
'અનામી'

અત્યારના ગાંધીનગર જિલ્લામાં આવેલું મારું વતન ડભોડા, ભૌગોલિક દૃષ્ટિએ એવી રીતે વસેલું છે કે આજથી અર્ધી સદી પૂર્વે પણ, વતનથી ચારેક માઈલને અંતરે આવેલ દહેગામમાં અને પંદરેક માઈલને અંતરે આવેલ અમદાવાદમાં અનુક્રમે હાઈસ્કૂલ અને કોલેજના શિક્ષણની સુવિધાઓ હતી. રેલવેની સગવડ પણ પાકી આમ છતાંયે મારા પૂજ્ય પિતાજી મહાત્મા ગાંધીજીના રંગે પાકા રંગાયેલા એટલે અમો ચારેય ભાઈઓને, દહેગામ – અમદાવાદની તુલનાએ ખૂણામાં આવેલ કડીની સંસ્થામાં મૂક્યા. એ માટે એમની ભાવના–રંગી દીર્ઘદૃષ્ટિને વંદું છું અને મારી–અમારી જાતને ધન્ય સમજું છું–સમજીએ છીએ. કાકતાલીય ન્યાયે મધુર સુયોગ તો એ પ્રાપ્ત થયો કે અમારા કર્તવ્યનિષ્ઠ અધ્યાપકોમાંના કેટલાક તો પૂ. ગાંધીજીની રાષ્ટ્રીય કેળવણી સંસ્થા – ગૂજરાત વિદ્યાપીઠની – વિધ વિધ વિદ્યાશાખાઓના અનુસ્નાતકો હતા. સોનામાં સુગંધ ભળ્યા જેવો આ યોગ હતો.

બી. એ; એમ. એ; બી. ટી; કોમર્સ (ડીપ્લોમા) એલએલ. બી; પીએચ. ડી. ના અભ્યાસકાળ દરમિયાન મને અમદાવાદ, વડોદરા, સૂરત, મુંબઈ જેવાં અનેક શહેરોમાં આવેલ અનેક વિદ્યાસંસ્થાઓ અને છાત્રાલયોમાં રહેવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે... પણ જો કેવળ તટસ્થભાવે અને નિરપેક્ષ દૃષ્ટિએ નરદમ સત્ય જ કહેવાનું હોય તો બેધડક એમ કહી શકું કે કડીની શિક્ષણ-સંસ્થા જેવો **આત્મીયતાનો નાતો** કોઈ પણ સંસ્થા સાથે આજ પર્યંત બંધાયો નથી, કારણ:

'હૃદય માત્ર જાણે છે પ્રીતિ-યોગ પરસ્પર!'

આજે સાડા પાંચ દાયકા પછી પણ (ઈ. સ. ૧૯૨૯ માં સર્વ વિદ્યાલયમાં હતો) જો એ સંસ્થાના સંસ્કાર મારી રગેરગમાં ધબકતા હોય તો એનો યશ મારી કોઈ વિશેષતાને ફાળે જતો નથી. પણ ત્યાંના **જીવંત અને નૈસર્ગિક વાતાવરણને ફાળે જાય છે.**

કોઈ પણ વિદ્યાસંસ્થાનો પ્રાણ કે આત્મા તેનું તંદુરસ્ત અને ભાવનાચેપી વાતાવરણ હોય છે. માહિતી, જ્ઞાન અને વિદ્યાનું વિતરણ તો કયાં થતું નથી? પણ હવામાં રહેલા પ્રાણવાયુ જેવું વાતાવરણ તો વિરલ સંસ્થાઓ જ પૂરું પાડી શકે. એ દૃષ્ટિએ કડીની વિદ્યા–સંસ્થાને હું આજેય તે વિરલ ગણું છું.

અમારા બધા જ અધ્યાપકો પરમ જ્ઞાની કે અઠંગ વિદ્વાન હતા એવું નહોતું પણ: 'એક વર્યો ગોપીજનવલ્લભ, નહીં સ્વામી બીજો મારે, નહીં સ્વામી દૂજો' – જીવનમાં એક દેવ સ્થાપ્યા તે સ્થાપ્યા – એવી વૈષ્ણવી અવ્યભિચારિણી ભક્તિ સમોવડ એમની જીવનદૃષ્ટિ, શિક્ષણ–દેવતાને વર્યા પછી જીવનભરની હતી. આજના યુગની તુલનાએ તો એ સાચા અર્થમાં ઋષિઓ કે તપસ્વીઓ જ ગણાય. તપસ્વીઓને કંઈ શીંગડાં ઉગતાં નથી હોતાં. **Simple living & high thinking** ના એ જંગમ ને જીવન્ત નમૂના હતા, જેમણે મારા જેવા અસંખ્ય વિદ્યાર્થીઓને મૂક પ્રેરણા પૂરી પાડી હતી – છે.

વ્યક્તિગત મોક્ષમાં માનનાર આપણા મુમુક્ષુઓ અંગત રીતે એમના ઇષ્ટદેવની પ્રાર્થના કરે એ સાવ સ્વાભાવિક છે પણ પૂ. ગાંધીજીની પ્રબળ અસરને પ્રતાપે, સામૂહિક ઉત્થાનની ભાવનાનો પ્રજામાં ઉદય થતાં પ્રચલિત બનેલી સામૂહિક પ્રાર્થનાનું ગૌરવ તો અદ્‌ભુત જ ગણાય. તે વખતે આશ્રમમાં થતી સવાર સાંજની સામૂહિક પ્રાર્થનાઓ અને વિદ્યાલયમાં થતી પ્રાર્થનાની ઊંડી અસર – અનુભૂતિ આજે પણ રક્તના પ્રત્યેક ધબકારમાં ને પ્રાણના પ્રત્યેક શ્વાસમાં અનુભવાય છે. ગીતાના ઘણા અધ્યાયો અને 'આશ્રમ ભજનાવલિ'નાં સેંકડો પદો – ભજનો આજે પણ કંઠસ્થ છે એનું સર્વ શ્રેય આશ્રમ–વિદ્યાલયને ફાળે જાય છે. એ પ્રાર્થના–પ્રથાને હું યૌવનની પથ–દીપિકા અને વૃદ્ધાવસ્થાનું સાત્ત્વિક પાથેય સમજું છું.

આશ્રમની શિસ્તબદ્ધ હળવી કવાયતો, અખાડાના દાવપેચવાળી કૂસ્તી–કસરતો અને બેન્ડની સંગીતમય સૂરાવાલિ સાથે થતી વિદ્યાલયની સામૂહિક કવાયતોનો ખ્યાલ આજના વિદ્યાર્થી-ગણને શી રીતે આપવો? એ શિસ્ત, એ સંઘભાવના અને સહજ ભાવે લીલયા થતું એ ચારિત્ર્ય–ઘડતર : જીવનના કિંમતી ખજાના જેવું – મહામોંઘી મિરાત જેવું – આજેય તે લાગે છે.

પર્વે પર્વે ઉજવાતા ત્યાંના સંસ્કાર – સાદા ઉત્સવો – નાટયો, ગરમાગરમ વકતૃત્વસ્પર્ધાઓ, હસ્તલિખિત માસિકની સ્પર્ધીલી પ્રવૃત્તિઓ, લોક સાહિત્યની વિરલ લ્હાણ, કુદરત–રસ્યાં પર્યટનો વગેરે અનેકવિધ સાંસ્કારિક પ્રવૃત્તિઓએ પણ જીવનનો સર્વાંગીણ વિકાસ સાધવામાં ઓછો ભાગ ભજવ્યો નથી.

જીવનના સાડા ત્રણ દાયકા શિક્ષણક્ષેત્રે ગાળ્યા પછી આજે એક વાતનો વિરોધાભાસ દીવા જેવો સ્પષ્ટ વરતાય છે. તે એ કે અમારા સમયમાં લગભગ એંશી ટકા વિદ્યાર્થીઓ મહાપુરુષોનાં આત્મચરિત્રો–જીવનચરિત્રો, ઇતિહાસ ગ્રંથો, સાહસકથાઓ, પ્રવાસ પુસ્તકો કે કેળવણી શિક્ષણ વગેરે ધાર્મિક–સાહિત્યનું વાંચન–સેવન કરતા જ્યારે આજે વાત એથી વિપરીત છે. જીવનમાં કે રાષ્ટ્રમાં કોઇ આદર્શ રહ્યો નથી. સાહિત્યસર્જનમાં ને વાંચનમાં એનું પ્રતિબિંબ ન પડે તો જ આશ્ચર્ય !

સંક્ષેપમાં મારે કહેવું હોય તો આટલું જ કહું કે— આ સંસ્થાના પ્રતાપે અમને જીવનદષ્ટિ લાધી છે, જીવન–કર્તવ્યની કેડી સાંપડી છે અને માનસિક તંગદિલી વચ્ચે ઘેરાયેલા આ જગતના જીવનમાં સ્વ-સ્થતાથી જીવન જીવવાની કળા સાંપડી છે.

'શાન્તદાન્ત જીવનની ધાત્રી!  
ધીરવીર રસ પાજે,  
જ્ઞાન–શક્તિ ને મંગલદાત્રી!  
યાત્રી અમ સહુ આજે :  
સુંદર સર્વ વિદ્યાલય રાજે!  
શિશુ-અન્તર જનની-દર્શનથી  
સુખભરતી ગાજે  
સુંદર સર્વ વિદ્યાલય રાજે!

❀

❀

**વિદ્યાર્થી આશ્રમનું આદ્ય મકાન**



**જેની અમી છાયા નીચે ૩૫ એકરનું વિશાળ કેમ્પસ્ વિદ્યાર્થીઓના કલકલ નાદે ઉભરાઇ રહેલાં ભવ્ય આલયોથી છવાઈ ગયું છે.**

# 'પ્રિય સર્વ વિદ્યાલય સોહે.....'

ભોળાભાઈ પટેલ

સર્વ વિદ્યાલય વિષે સદ્‌ગત ઉમેદભાઇ પટેલે લખેલા ગાનની આ પહેલી પંક્તિના એ શબ્દો 'પ્રિય' અને 'સોહે' કોઇ સ્તોત્રગીતમાં આવતા લયાન્વિત કર્ણમધુર શબ્દો જ નથી રહેતા, પણ હૃદયની સાચી અભિવ્યક્તિ રૂપે અનુભવું છું. સર્વ વિદ્યાલય પ્રિય છે, આજે પણ– અનેક શિક્ષણ સંસ્થાઓના પરિચયમાં આવ્યા પછી પણ– સર્વ વિદ્યાલય ચિત્તમાં સોહી રહી છે – આજે પણ અનેક શિક્ષણ સંસ્થાઓના કેમ્પસ જોયા પછી પણ. કદાચ કિશોરાવસ્થાનાં ભાવનાભર્યાં વર્ષોનો લાગેલો રંગ હજીય એવો જ ગાઢ રહ્યો છે. મારી જેમ સર્વ વિદ્યાલયના અનેક છાત્રોના જીવનનો પણ આ જ અનુભવ હશે.

સર્વ વિદ્યાલયની જે વિશિષ્ટતા તે તેની આશ્રમિક શિક્ષણ રીતિ. કડવા પાટીદાર આશ્રમ સાથે જ સર્વ વિદ્યાલયનું સ્મરણ હોય. એ બન્ને અભિન્ન છે. સર્વ વિદ્યાલય કહો એટલે આશ્રમ પણ આવી જ જાય. કંઇ નહિ તો હું એ બન્નેને અલગ જોઈ શકતો નથી. આ આશ્રમિક જીવનમાં માત્ર શિક્ષણાર્થી ન રહેતાં વિદ્યાર્થી સભાનપણે, ક્યારેક અભાનપણે પણ જીવનાર્થી બની રહેતો.

આજે જ્યારે વિચારું છું ત્યારે લાગે છે કે કેટલી બધી ભાવનાઓ, આદર્શો કે ખ્યાલો જે અંકૂર રૂપે તે દિવસોમાં – સર્વ વિદ્યાલયના છાત્રજીવનના દિવસોમાં– ફૂટયા હતા, તેમાંથી જ આજે જાણે કેટલાક પલ્લવિત પુષ્પિત થયા છે. પછીના જીવનની અનેક વિદ્યાકીય કે અન્ય ઉપલબ્ધિઓ તે સર્વ વિદ્યાલયના જીવનકાળની જ વિસ્તૃતિ છે.

એ આશ્રમિક દિવસોમાં પ્રભાત ઊગતું ઘંટના રવ સાથે. વહેલી સવારના પ્રફુલ્લિત થઇ ખુલ્લા મેદાનમાં વ્યાયામ અને પછી અધ્યયનના શાંત કલાકો હજીય સ્મરણમાં છે. વર્ગોની દીવાલો કરતાં આશ્રમના વાતાવરણમાંથી જાણે વધારે પામતા. સાંજે અંધારું ઊતર્યે આશ્રમના અંદરના પ્રાંગણમાં પ્રાર્થનાની મિનિટો જીવનનું અમૂલ્ય પાથેય બની ગઇ છે. આજે પણ એ પ્રાર્થનાની પંક્તિઓ રહી રહીને ગુંજી ઊઠે છે.

આશ્રમમાં અમને રહેતાં આવડયું સમૂહમાં. માણસ સાથે માણસનો વ્યવહાર અમે શીખતા હતા. ગામડાગામના થોડાક મિત્રોના વર્તુળમાંથી આવી આ વિશાળ છાત્રવૃન્દ વચ્ચે જીવવામાં એક તાલીમ મળી જતી હતી. સાથે ઊઠવું, સાથે જમવું, સાથે ભણવું, સાથે પ્રાર્થવું, સાથે છાત્રજીવનના અનેક પ્રસંગો માણવા એ ઓછું પામવાનું નહોતું. કેટલા બધા મિત્રો સાથે નાતો બંધાયો, કેટલાક સાથે જીવનભરનો. કેટલાક ક્યારે ક્યારે હૃદયના એકાંતોમાં ક્યારેક ડોકિયાં કરી જાય. મૈત્રી એ તો પરમધન. એ પરમધન જીવનમાં ઘણું બધું સર્વ વિદ્યાલયના દિવસોમાં એકઠું કરી લીધું છે.

માણસ સાથે જીવવાની તાલીમ મળી, એની સાથે પ્રકૃતિ સાથે પણ. સર્વ વિદ્યાલયના પરિસરમાં પ્રવેશતાં જ તેનાં ઊંચાં લીમડાનાં ઝાડ સ્વાગત કરે છે. પછી તો એ ઝાડ સાથે એક જીવનભરનો નાતો

બંધાઈ જાય છે. એ લીમડાનાં ઝાડ આ વિસ્તારના કાગડાઓનો નિવાસ છે. સવારમાં જ તેમના અવાજથી આશ્રમ ભરાઇ જાય છે. આશ્રમની આસપાસનાં આંબાવાડિયાં કે ખેતરો નિસર્ગ સાથેનો સંપર્ક સતત રાખે છે. આમ તો કડીની આસપાસ કોઇ નદી નથી, પહાડ નથી તેમ છતાં તેની તળ ભૂમિનો સંપર્ક અને તેની સભાનતા છાત્રોને સર્વ વિદ્યાલયના કેમ્પસ પરથી મળી રહે છે.

વૃક્ષોની વિવિધતા અવશ્ય ઓછી છે, તેમ છતાં ચુપચાપ પુષ્પો ખેરવતાં પારિજાતનું અને કવિ કાલિદાસને ય પ્રિય એવાં ફૂલો ધરાવતાં શિરીષનું આજેય સ્મરણ છે. એય સ્મરણ છે જ્યારે પહેલો વરસાદ પડે ત્યારે આશ્રમના પ્રકૃતિપ્રિય ગૃહપતિ સાથે વરસાદ ઝીલતા, ખેતરો ખૂંદતા બહાર નીકળી પડ્યા હોઇએ

પણ શું માનવમાનવ સંબંધોની અભિજ્ઞતા કે શું માનવપ્રકૃતિ સંબંધોની અભિજ્ઞતા–એ અભિજ્ઞતા કેળવાતી રહી અહીંના છાત્રવત્સલ અધ્યાપકવૃંદ અને ગૃહપતિવૃંદથી. એક રીતે તેમનાં જીવન આદર્શરૂપ બની રહે તેવાં હતાં. સતત અધ્યયન પરાયણ અધ્યાપકવૃંદ છાત્રોને તેમના અધ્યયનમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપે પ્રેરક બની રહે. શાળાના જીવનમાં તો છાત્ર પામતા જ હોય, પણ આશ્રમજીવનમાં પણ સાંજના પ્રાર્થના પ્રવચનોમાં કે ગૃહપતિના ઓરડે ઓરડે થતા ભ્રમણ સંલાપમાં એથીય વિશેષ અનૌપચારિક પણે પામતા.

સર્વ વિદ્યાલયના દીર્ઘ – દાયકાઓ વ્યાપી જીવનમાં (એક સંસ્થાને પણ 'જીવન' હોય છે.) અનેક છાત્રો અને અનેક અધ્યાપકો આવી ગયા છે. દરેક છાત્રને પોતપોતાના અધ્યયનકાળના અધ્યાપકોનું વિશેષ રૂપે સ્મરણ હોય. હું જ્યારે સર્વ વિદ્યાલયમાં આવ્યો ત્યારે અનેક તેજસ્વી અધ્યાપકો વિષે સાંભળતો. આદરણીય બાપુભાઈ ગામી કે ઉમેદભાઇ પટેલનાં નામ તો કેટલી વેળા? પણ અમને જેમના સાન્નિધ્યનો લાભ મળ્યો તેમાં તો પૂજનીય નાથાભાઇ સાહેબ, શ્રી અંબાલાલ સાહેબ, શ્રી રામભાઇ સાહેબ, શ્રી મોહનભાઇ સાહેબ, શ્રી રતિભાઇ ગામી સાહેબનો કૃતજ્ઞભાવે ઉલ્લેખ કરવો જ રહ્યો. એક સંસ્થા એ માત્ર દીવાલો નથી, ઇમારતો નથી; એક શિક્ષણ સંસ્થા એટલે એના અધ્યાપકો અને એના છાત્રો–અને એમના સંબંધોથી ઊભું થતું શૈક્ષણિક વાતાવરણ. આવું એક ઇષ્ટ વાતાવરણ હોય પછી અધ્યયનનો યજ્ઞ તો લગાતાર ચાલતો રહે છે. સર્વ વિદ્યાલયમાં કંઇ નહિ તો મારા છાત્રજીવન દરમ્યાન એ વાતાવરણ જોવા મળ્યું છે. અહીંના અનેક અધ્યાપકો કોઈ યુનિવર્સિટીમાંય શોભાસ્પદ સ્થાન ધરાવે તેવા જોવા મળ્યા છે.

શિક્ષણની સાથે અહીં સંગીત, વ્યાયામ, ચિત્રકલા આદિના અધ્યયનની પણ વ્યવસ્થા હતી. એટલું જ નહિ એને વધારે ઉત્તેજન આપવામાં આવતું. સર્વ વિદ્યાલયમાં ભણવામાં હોંશિયાર હોવું એ ગૌરવ એટલું નહોતું જેટલું વ્યાયામવીર થવું કે સંગીતકાર થવું કે કલાકાર થવું. આવી પ્રવૃત્તિઓમાં અગ્રગણ્ય છાત્રોની હમેશાં ચર્ચાઓ થતી. ભણે તો સૌ.

હા, ગ્રંથાલયનો જે વધારે ઉપયોગ કરતા એવા છાત્રોની પણ ચર્ચાઓ થતી. આચાર્ય નાથાભાઇ ઘણીવાર લાયબ્રેરીનું રજીસ્ટર લઈ વર્ગમાં આવે અને કયા વિદ્યાર્થીએ કેટલી ચોપડીઓ, કેવા પ્રકારની ચોપડીઓ લાયબ્રેરીમાં લીધી છે, તેની રસપ્રદ મોજણી કરે. સર્વ વિદ્યાલયન હસ્તલિખિતોની પણ આગવી પરંપરા રહી છે. એના 'ગુરુપત્રે' પણ ઇતિહાસ સર્જ્યો છે. પરંતુ આ સૌમાં આચાર્યઅધ્યાપક છાત્રોનું પારસ્પરિક સૌહાર્દ કારણભૂત રહ્યું છે.

સર્વ વિદ્યાલયે આ વીસમી સદીના આરંભિક દાયકાઓથી માંડી આજ સુધી એક ખૂણેથી જ્ઞાનનો પ્રકાશ સતત પાથર્યા કર્યો છે. અનેક છાત્રોના જીવનને ઉજ્જવળ બનાવી ગુજરાતને તો તેણે ઉજ્જવળ બનાવ્યું છે.

સર્વ વિદ્યાલય સાચે જ તીર્થભૂમિ છે, પ્રિય અને સુંદર તીર્થભૂમિ– સદ્ય ફલપ્રદાયિની તીર્થભૂમિ, જેનું સ્મરણ આનંદ જગાડી રહે છે.

# સર્વ વિદ્યાલય – એક 'ઇમેજ'

રામજીભાઇ કડિયા

'ક્યાં રહો છો ?'

'કડીમાં'

'સર્વ વિદ્યાલયવાળા કડીમાં ?'

મારી સાથેના મિત્રે કહ્યું, 'હા, કડીકલ્લોલ...'

'અરે ભાઈ! એકલું કડી કહો ને, બાપડા કલ્લોલને શું કામ સાથે ગોઠવો છો ?'

મેં કહ્યું, 'આમ તો 'કડી' નામ એટલું જ પૂરતું છે.'

તેમણે કહ્યું; 'હાસ્તો, સર્વ વિદ્યાલય કહો એટલે બધું આવી ગ્યું.'

મેં કહ્યું, 'કેમ, આટલો બધો અહોભાવ !'

તેઓ બોલ્યા, 'હું સર્વ વિદ્યાલયનો વિદ્યાર્થી હતો. પહેલાં એ શાળાને ઓળખું, પછી કડીને. મદ્રાસથી આવું છું.'

સુરતમાં ડિસેમ્બર '૮૩ માં ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૨ મું અધિવેશન ભરાયું ત્યારે આ સંવાદ થયેલો. લેખકો ઉપરાંત માતૃભાષાના પ્રેમીઓ પણ આ ટાણે આવેલા. ગુજરાતના દૂરના વિસ્તારોવાળા લોકો કડીને ઓળખવા 'કડીકલ્લોલ' બોલે છે. પણ આ ભાઈની વાતચીત મને સ્પર્શી ગઈ. પછી તો જાણે હું એમનો આત્મીયજન હોઉં તેમ સર્વ વિદ્યાલયની સુગંધી મારામાંથી મહેંકતા હોય એવા ભાવથી મારી સાથે વાતોએ વળગ્યા. ૧૯૪૫–૪૮ માં એ ભાઈ સર્વ વિદ્યાલય કડીમાં ભણતા હતા. મૂળ ઉત્તર ગુજરાતના એક ગામડાના અને ધંધાર્થે મદ્રાસમાં ત્રીસેક વરસથી રહે છે. રેડીમેડ કાપડનો સારો ધંધો મદ્રાસમાં જમાવ્યો છે. વેપારી છતાં સાહિત્યમાં ઊંડો રસ ધરાવે છે. મદ્રાસમાં દસેક વરસ પહેલાં ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૭ મું અધિવેશન ભરાયું ત્યારે આયોજન કાર્યમાં એમણે સેવા આપેલી.

તેમણે કહ્યું; 'બહારગામ જતાં આવતાં અમે કડીના સ્ટેશનને ઓળખીએ. એ કાળે એસ. ટી. બસો નહોતી એટલે ટ્રેનમાંથી ઉતરીને સીધા સ્કૂલમાં; એટલે કડી ગામ સાથેનો નાતો બહુ ઓછો; અમે તો સર્વ વિદ્યાલય એટલે કડી જ માનીએ છીએ.'

મેં કહ્યું, 'એવું નથી, કડીમાં હવે તો પાંચ છ હાઈસ્કૂલો, ત્રણ ચાર કોલેજો છે અને હવે કડી તો ઉદ્યોગોનું ધામ બન્યું છે.'

'એ બધું ખરૂં; પણ શિક્ષણનું ધામ એટલે કડી. હજીય મને એ ગાડીની વ્હીસલો, નાનકડું સ્ટેશન, સામે ઊભેલી અમારી શાળા, આચાર્યશ્રી નાથાભાઈ સાહેબ, એમની પ્રેમનીતરતી ઝીણી આંખ અને એ ઝળુંબતા લીમડા ઉપર છૂપાઇને ટહુક્તાં પંખીઓ અને અમારૂં ચોરસ છાત્રાલય યાદ આવે છે.'

'બીજુ કશું નહિ ?' મેં પૂછ્યું.

'કેમ નહિ ? અમારા શિક્ષક સાહેબો,...... (નામ ગણાવ્ય) એ બધા ભણાવતા ત્યારે સ્વર્ગ નીચે ઉતરી આવતું ! વર્ગોના એ ઓરડા, મારા દોસ્તો, થોડા તોફાની છતાં ભલા, રસોડાનો ખોખરો

ઘંટ, અમારા થાળી વાટકાનો અવાજ અને ધૂમાડિયા રસોડામાંથી આવતી મીઠી સોડમ, ભોજનનો એ સ્વાદ, તે સાથે મૂછાળો એક મહારાજ અને ગૃહપતિની હાક, ધાક અને મમતા આજેય સાંભરે છે. ફરી જાણે ભણવા જાઉં તો !'

તેઓ હસી પડ્યા અને અટકયા.

મેં કહ્યું; 'તમે તો હવે શું આવો ? પણ તમારા સંતાનને મૂકો '

'ચોક્કસ મૂકું ...પણ ઈશ્વરે મારો એ ઓરતો અધૂરો રાખ્યો છે. મારે એકે ય છોકરું નથી.' એમના મોં પર ઘડી પહેલાંની પ્રસન્નતાના સ્થાને ઘેરો વિષાદ છવાયો.

ત્યારે મને કવિ ઝવેરચંદ મેઘાણી યાદ આવી ગયા. સર્વ વિદ્યાલયની પહેલી મુલાકાતે એ રાષ્ટ્રીય શાયરના દિલમાં 'ભણતર તો અહીં જ છે.' માની પોતાના બે પુત્રોને સૌરાષ્ટ્રના સીમાડા વટાવી અહીં ભણવા મૂકયા તે ઘટના આ સંસ્થાના ભણતરની સાથે ચણતર અને ઘડતરની કેવી મોટી છબી કવિ મેઘાણીના મનમાં કોતરાઈ ગઈ હશે ! એ મોંઘો ભૂતકાળ આ શાળાની મૂડી છે.

એજ રીતે કવિ ઉમાશંકર જોષીને (૧૯૩૫ માં) સર્વ વિદ્યાલયનું છાત્રાલય જોઈ પોતાનું ઈડરિયુ ગામ સાંભર્યું. એમની શાળા અને છાત્રનિવાસ સાંભર્યા. આવા કવિજનોને આ શાળાની તેજસ્વિતા માટે કેવી કીંમતી પ્રતીતિ થઇ હશે !

આ માત્ર શિક્ષણભૂમિ નથી પણ છગનભા જેવા તપસ્વીનું ઋષિકુળ છે. સાહિત્ય, સંસ્કાર અને સમાજસેવાનું ધામ છે. સર્વશ્રી છ. કા. પટેલ, ગામી સાહેબ, પોપટભાઇ, નાથાભાઇ દેસાઇ અને મોહનભાઇ પટેલ જેવા નિષ્ઠાવાન આચાર્યોએ એની એક પરંપરા ઊભી કરી છે; એ આજ સુધી જળવાઇ છે. સંસ્થા મહાન બને છે એના ચાલકોથી અને એ વાહકો સંસ્થાથી શોભી ઊઠે છે. સૌરાષ્ટ્રમાં દક્ષિણામૂર્તિ અને શારદાગ્રામ, દક્ષિણ ગુજરાતમાં વનસ્થલી જેવાં શિક્ષણ ક્ષેત્રો છે તો ઉત્તર ગુજરાતમાં એજ હરોળનું સર્વ વિદ્યાલયનું કેમ્પસ ગુજરાતના જનહૃદયે વસી ગયેલું છે. કદાચ આ ત્રણે સંસ્થાઓ કરતાંય પહેલું અને અગ્રીમ ગણાયેલું છે.

એટલે તો ૧૯૨૯ માં પૂ. મહાત્મા ગાંધીજીનું પુનિત આગમન આ સંસ્થામાં થયેલું. રચનાત્મક શિક્ષણકાર્ય કરતી 'રાષ્ટ્રીય શાળા'નું બિરુદ ત્યારથી મળેલું છે. ગાંધીજીનું સ્વાગત કરતાં આ ભૂમિ ધન્ય ધન્ય બની ગયેલી છે.

૧૯૨૭માં વડોદરા રાજ્યના મહારાજા સયાજીરાવ ગાયકવાડ પણ આ સંસ્થાની ખ્યાતિથી પ્રેરાઇને પધારેલા. શિક્ષણપ્રેમી આ રાજવીએ આ શાળાની મુલાકાતથી પ્રસન્નતાની મહોર મારી આપેલી છે.

સર્વશ્રી જુગતરામ દવે, બબલભાઇ મહેતા, નારાયણ દેસાઇ, સ્નેહરશ્મિ, પુરૂષોતમ માવલંકર જેવા પ્રખર કેળવણીકારો પણ આ સંસ્થાની કાર્યપદ્ધતિથી આકર્ષાઇને મુલાકાતે આવી ગયેલા છે.

પ્રતિષ્ઠિત સાહિત્ય સર્જકો કાકા કાલેલકર, ચં. ચી. મહેતા, સુન્દરમ્, પન્નાલાલ પટેલ, ઇશ્વર પેટલીકર, ગુલાબદાસ બ્રોકર, યશવંત શુકલ, અનંતરાવ રાવલ, ચાંપશી ઉદ્દેશી અને અન્ય સાહિત્યકારોએ આ સંસ્થાની ધરતી ઉપર અવારનવાર આવીને એમનો સુંદર પ્રતિભાવ વ્યક્ત કર્યો છે.

આ સાથે સદ્ગત પીતાંબર પટેલ જેવા પ્રસિદ્ધ લેખકને કેમ ભૂલાય? આજે પણ આ સંસ્થાની દીવાલોએ પીતાંબરનું નામ હૈયે કોતરી રાખેલું છે. આજ શાળાના તેઓ વિદ્યાર્થી અને પછી આજ સંસ્થાના તેઓ મંત્રી બનેલા, સંસ્થાનું ગૌરવ અને હિત જીવ્યા ત્યાંસુધી એમની રગેરગમાં વ્યાપેલું હતું.

આ સંસ્થામાં એવું તે શું છે જે આજ સુધી સચવાયું છે ?—જવાબ છે : શિક્ષકોની ધોરણસરની ઉચ્ચ પરિપાટી અને શિસ્તપાલક એવો છાત્ર નિવાસ

જે વિદ્યાર્થીના ચારિત્ર્યઘડતરની ઇમારતમાં પાયો પુરવાનું નક્કર કામ કરે છે. આ શાળાની વિદ્યાર્થી પેઢીમાંથી સાહિત્ય, સંગીત, નૃત્ય, ચિત્ર, સ્થાપત્ય જેવી કલાઓમાં તજજ્ઞો મળ્યા છે.

રાજકારણ અને સમાજસેવાના ક્ષેત્રે મુ. દાસકાકા અને નટુભાઇ પટેલ, તો લેખક પત્રકાર એવા સ્વ. સીતારામ શર્મા, કવિ અનામી, ભોળાભાઈ પટેલ પણ આ સંસ્થાની સરજત છે. મેડીકલ, ઇજનેરી વિદ્યાકીય અને કાનુની ક્ષેત્રે આ શાળાના વિદ્યાર્થીઓમાંથી નામાંકિત ડૉકટરો, એન્જીનીયરો, પ્રિન્સીપાલો, અને એડવોકેટ–ન્યાયાધીશો નીવડયા છે. ગુજરાતમાં અને વિદેશો સુવિખ્યાત થયા છે.

નાયકો, પાટીદારો અને બ્રાહ્મણોએ ગાયકવાડી રાજમાં નામ કાઢેલાં છે. શિક્ષણક્ષેત્રે આ શહેરની બે હાઈસ્કૂલો જાણીતી બનેલી. જૂની કોઠારી હાઇસ્કૂલ તે જ હાલની ઝવેરી આર. ટી. હાઇસ્કૂલ. પણ સર્વ વિદ્યાલય હાઇસ્કૂલે ઉત્તર ગુજરાતની કેટલીક શાળાઓની જનેતા બની માર્ગદર્શન આપ્યું છે; અને તેમને ઉછેરી આપી, પાળી પોષી છે.

ઘણા વખતથી ગુજરાતની વિદ્યાર્થી આલમમાં એક માન્યતા પ્રવર્તે છે કે મહેસાણા જિલ્લાના વિદ્યાર્થીઓ ગણિતમાં ‘ એક્કા ’ છે. આ ‘ એકકા ’ ની હકીકત સાથે સર્વ વિદ્યાલય અને ભગિની શાળાઓનો હિસ્સો જોડાયેલો છે એ સ્વીકારવું રહ્યું. જયારે આ જિલ્લામાં મોટા ભાગે એ. વી. સ્કૂલો હતી ત્યારે સર્વ વિદ્યાલયના કેળવણી મંડળે ગામડે ગામડે વિદ્યાની આલબેલ પોકારી, ગામડાંના વિદ્યાર્થીઓ આગળ ભણતરની પરબ પૂરી પાડી. આ અહેસાન જેવો તેવો નથી આ સંસ્થાને સદાય ચેતનવંતી રાખવામાં આ મંડળના સૂઝવાળા અને સેવાભાવી હોદ્દેદારોનો મોટો ફાળો છે. શાળાના દિલદિમાગ સમા આચાર્યો અને શિક્ષકગણ પણ એટલા જ સહભાગી છે.

આજે પલટાતી શૈક્ષણિક પરિસ્થિતિ, વાલીઓની સમસ્યાઓ અને વિદ્યાર્થી આલમના અજંપા તેમજ જયારે સર્વત્ર રાજકીય અને સામાજિક અવમૂલ્યનો લગભગ દરેક સંસ્થાને આભડી ગયાં છે ત્યારે આ સંસ્થાની ઇમેજ સચવાઈ રહી છે એટલું જ નહીં પણ વિસ્તરી રહી છે એ એક ગૌરવપ્રદ બાબત છે.

## સ્વ. છગનભાને

( મિશ્રોપજાતિ )

સંન્યાસના રંગ તમે ઉતાર્યા
વ્યવહારના ઉજ્જવલ ક્ષેત્ર માંહે.
વજ્રાળવી, ગાઢ તમે સુતેલી
મહંપ્રજાના ઋજુ બાલહૈયે
ઋતંભરાના દીવડા પ્રજાળ્યા
નમું, નમું, ભાસ્કર નવ્ય તેજના.

છોડી બધું, માત્ર ગુરુ પ્રસાદી
લૈ પાંચ, સંયન્સ્તના ડુંગરેથી
પાછા ફરી શારદ યજ્ઞ માંડી,
બેઠા અહીં જાનપદી ભૂમિમાં
આવ્યા તમે ને સધળુંય આવ્યું,
ભા, આજ જોશો તવ ફુલ્લ સર્ગ !

— ઈશ્વરભાઇ પટેલ

# મળતાં મળી ગઈ મોંઘેરી માત અખંડ જીવનધાત્રી

ભગવત્ સુથાર

જિંદગી એ મહાપ્રભુની અમૂલ્ય અને અનુપમ ભેટ છે. પણ આ જિંદગી અમૂલ્ય અને અનુપમ ક્યારે બની રહે? જનની–જન્મદાત્રી તો જન્મ આપે, થોડાક સંસ્કાર આપે, શરીરને પોષણ આપે ક્યારેક મનને પણ પોષે (બધાને છત્રપતિ શિવાજીની જેમ જીજીબાઈ જેવી બહાદુર ભીમ, વીર બજરંગબલી, રામ અને કૃષ્ણની વાતો કહીને વીરતાના, દેશપ્રેમના પાઠ આપનારી માતાઓ મળતી નથી.) તેવી પણ બાળકને નાની કે મોટી વયે છોડી જાય છે. સદાની સંગી, જીવનને ધારણ કરવાની મનુષ્યને આ શક્તિ ક્યાંથી મળે છે? જીવનનૈયાનું સુકાન સાચે માર્ગે વાળવાની, હંકારવાની અને અવલ મંજિલે પહોંચવાની અદમ્ય પ્રેરણા, પ્રબળતા અને અમોઘ શક્તિસ્રોત કોણ આપે છે? જીવનની સફળતાનાં ઉન્નત અને ઉત્તુંગ શિખરો સર કરવાની શક્તિપ્રદા કોણ છે? શેરપા તેનસિંગ, એડમંડ હિલેરી જેવા એવરેસ્ટના ગિરિશિખર પર પ્રથમ માનવપગ મૂકનારને પણ પૂછીએ તો પ્રત્યુત્તરમાં એ જ આવશે જે મારો પણ ઉત્તર છે.

વિદ્યાભૂમિ એ માતા–જન્મદાત્રી કરતાં કેટલેક અંશે ચઢિયાતી લાગે છે. ‘એક સદ્‌માતા સો શિક્ષકની ગરજ સારે છે.’ તો હેન્ડ ધેટ રોકસ ધ ક્રેડલ રુલ્સ ધ વર્લ્ડ – આવા સુંદર અર્થ ભર્યાં વાક્યો સર્જવાની – એનો જે તે યથાયોગ્ય અર્થન્યાસ કરવાની અપરિમેય શક્તિપ્રદા પણ એ જ વિદ્યાભૂમિ છે. આજે જ્યારે સાચી સમજનો સૂર્ય ઉદિત થયો છે, પેલી પારની વાત કંઇક પકડાય છે ત્યારે લાગે છે ‘શાળા અમારી તીર્થભૂમિ જ્ઞાન ગંગા જ્યાં વહે’– કવિએ કેટલું માર્મિક રીતે શબ્દ ચિત્ર મૂક્યું છે. અન્ય તીર્થોમાં તો માણસે સામે ચાલીને જવું પડે છે, અરે! સમય, શક્તિ અને પૈસા ખરચવાં પડે છે, જ્યારે એક જ તીર્થધામ છે જ્યાં પેલાં અડસઠ તીર્થો ચરણે ચાલીને સામે આવે છે અને મળે છે. કારણ કે એ વિદ્યાભૂમિમાંથી જ આ અડસઠ તીર્થોના મર્મોને પકડવાની કડીરૂપ સુવર્ણ ચાવી મળી રહે છે.

‘ટકોરા મારો’ અને ‘બારણું ખૂલશે’ – એમ કહેવાય છે. પણ આ વિદ્યાધામમાં તો બારણે ક્યાંય ટકોરા મારવા પડયા નથી. અરે! વિદ્યાધામનાં બારણાં અહર્નિશ ખુલ્લાં જ રહે છે. જેણે મનનાં બારણાં ખોલી નાખીને જીવનની દસે દિશાઓમાં દૃષ્ટિમાન કરવાની પાકી સમજ પાડી છે ત્યાં બારણાં ખોલવાની વાત જ કેવી લાગે?

‘ઊઘડયાં દિલનાં દ્વાર’ – એ પરિસ્થિતિનું સર્જન કરનાર કોણ? જેણે મનનો અંધકાર ઉલેચવા માટે ગુરુજીના એ શબ્દ અને પાંચ રૂપિયાના ભાથાથી બીડું ઝડપ્યું છે તે પ્રાતઃસ્મરણીય અને વંદનીય પૂજ્ય છગનભાને તો કેમ કરીને વીસરી સકાય?

પ્રત્યક્ષ દર્શનનો લાભ તો મળ્યો નથી પણ આશ્રમના પટાંગણમાં વિરાજિત મૂર્તિનાં દર્શન – 'કર ભલા, હોગા ભલા' સૂત્રને હૈયાના આકાશમાં તારાંકિત કરી રહે છે. આજે આડત્રીસ વર્ષ પૂર્વની એક રમ્ય ઉષાનું મેઘધનુ આંખમાં ઝળહળે છે. જૂન માસમાં શાળાપ્રવેશનો એ પ્રથમ દિવસ. ઉમંગ, ઉત્સાહ અને ઉલ્લાસની ત્રિવેણીમાં તણાંતો જાણે સત્, ચિત્, આનંદ, સત્યમ્, શિવમ્, સુન્દરમ્‌ના જીવનપાથેય ભરવા ડગ માંડવા લાગ્યો. માથે બાબરી, પગે ટૂંકી ચડ્ડી અને પગમાં ચંપલ સાથે સર્વ વિદ્યાલયના સરસ્વતી મંદિરનાં પગથિયાં ચડયો. હવામાં કેટલાક પૂર્વ સૂરિઓના ચહેરા, તગમગતા હતા. જેમને પ્રત્યક્ષ જોયા નથી – માત્ર નામને કામની વાત જાણી છે. રાષ્ટ્રીય ચેતનાના ઝબકારા જેમના મનમાં રમતા હતા, રાષ્ટ્રશિક્ષા જેમની નાડીનો ધબકાર હતો, મહર્ષિ અરવિંદનું અતિમનસ જેના દિલમાં પ્રકાશતું હતું તેવા વિદ્યામૂર્તિ – આચાર્ય બાપુભાઇ ગામીનો પરિચય નથી. કડક શિસ્તપાલન અને શિક્ષાનિષ્ઠાથી ધબકતા આચાર્ય છગનભાઈ પટેલને પિલવાઇમાં એકદા દૂરથી જોયા છે. પોપટભાઈને માત્ર એકાદ વ્યાખ્યાન રૂપે સાંભળ્યા છે. આદર્શ શિક્ષક, સંગીત-પ્રેમી, નાટયરસિક ઉમેદભાઇને એકાદ તાસ પૂરતા માણ્યા છે. સ્વામીનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતોની ચર્ચા કરવા પરમ કલ્યાણકારી જીવનપ્રાણ સ્વામીશ્રી મુક્તજીવનદાસજી પાસે આવતા તે વખતે દૂરથી જોયા છે માત્ર મુગ્ધભાવે.

મુગ્ધતાનો આ સીમાડો ધોરણ દસ સુધી વિસ્તરે છે. પાંચ વર્ષમાં તો ચહેરાઓનું અકળ અડાબીડ જંગલ આસપાસ મહોરે છે. અનેક નાનામોટા છોડવા જેવા મિત્રો તો વિશાળકાય વટવૃક્ષ જેવા ગુરુજનો પણ લહેરાય છે. ઇતિહાસને કથાકારની અદાથી અંગ્રેજીને તેના મિજાજમાં, આજે પણ શેકસપિયરના 'હેમ્લેટની પંક્તિઓ કડકડાટ બોલી જનારા પૂજ્યશ્રી જયકૃષ્ણ જાનીસાહેબ; મીઠું મીઠું મરક મરક હસતા, ચીપી ચીપીને મધુર અંગ્રેજી બોલતા બીજા જાની સાહેબ, એક જ શ્વાસમાં લાંબો અંગ્રેજીનો ફકરો કડકડાટ વાંચી જતા ત્રિવેદી સાહેબ; સાચા અર્થમાં ગણિત શીખવતા શિક્ષકો પૈકી લાલભાઇ પટેલની વિશેષતા – વિષયને વિદ્યાર્થીના મનમાં ઉતારવાની તમન્ના તો કયાંક સંગીતની તરજો પણ ગૂંજે; પૂરેપૂરી પટેલની આખી કડવી બોલીના ગણિતશિક્ષક પૂ. વાલજીભાઇની શિક્ષણ રીતિ હળવાશ ભરી હતી. દૃષ્ટાંતો તદ્દન વ્યવહારુ. ખેડૂતના દીકરાને પૂછે; તારા બાપુની સ્લેટ કેવડી? ખેતર જેવડી. તારા બાપુની પેન કેવડી? હળ જેવડી. તારા બાપુ શું લખે? મોટાંમોટાં વાંકાં ચૂકાં લીટાં. તારા બાપુનો ખડિયો કેવડો? ખેતરના કૂવા જેવડો. સહેલા દાખલા માટે દાખલી અને અઘરા માટે દાખલો શબ્દ પ્રયોજે. દાખલો ન આવડે તો બોલે, દાખલો છે કે આખલો? ધોરણ દસ સુધી અંકગણિત શીખવ્યું છે. લખો કે જાણે જીવન સાથે ગણિત જણાઇ ગયેલું છે. તેમના જ જિગરી દોસ્ત કાઠિયાવાડી રાવલ સાહેબ (ઑલ્ડ) માણેકલાલ પ્રીતિથી છલકાતા લાગતા. કયારેક તો બોલી ઉઠતા. ભગવત તો ભગવત...... ગીત, ગરબા, ભજન અને નાટકોમાં યે ઊંડોરસ. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં હજીયે તબલાની થાપ પડે છે ત્યારે રાવલ સાહેબનો હાથ દેખાય છે. છેલ્લે છેલ્લે માંદગી પ્રસંગે થોડીક સેવા કરીને ઋણ મુક્તિનો લ્હાવો મળ્યો છે. કડકાઇથી ગાજતા વિઠ્ઠલભાઇ પટેલ – ઝીણું ઝીણું બોલતા આત્મારામભાઇ પટેલ–વ્યાયામની સ્પર્ધાઓમાં શાળાને ગુજરાત સ્તરે અરે! ખોખોમાં તો રાષ્ટ્રીય સ્તરે આ જીવન રસથી લઇ જનારા ચતુરભાઇ સાહેબ 'સેન્ડો'; તેજ રીતે સંગીતના સૂરથી જીવન બાગને હર્યોભર્યો કરનાર, ગીતગૂંજનથી કર્ણગુહાને છલકાવનાર અને શાસ્ત્રીય સંગીતના સૂરોથી હૃદયને રસબસ કરવાની શક્તિવાળા ચતુર સંગીત શિક્ષક ચતુરભાઇ સાહેબની સંગીતપ્રીતિ અને વધારાના સમયમાં સંગીત

પ્રેમી વિદ્યાર્થીઓને તૈયાર કરવાની તમન્નાના નવા ચીલા ચાતરે છે. હજીયે 'ધરતી તું ક્યાં સુધી ધીરજ ધરતી ?' અને 'ટેસીલાં' મુંબઇ ગયાં તો ચોપાટી પર ચાલો ને ! ગીતાની ધૂન કે બંદીશ કાનમાં ગૂંજે છે. સંગીત મિત્રો હરિભાઇ પંચાલના મધુર સૂરના પડઘા અને અંબાલાલ તબલચીની થાપ મન પર છવાઇ જાય છે. કલાગુરુની વાત આવતાં પૂ. રતિભાઇ ગામી કલાશિક્ષક મનમાં ચિતરાઇ જાય છે. હાથમાં પીંછી કે પેન્સિલ પકડ્યા વિના જ વિદ્યાર્થીઓને ચિત્રમય કરવાની અનેરી ફ્રનેહ હતી. તેથી શાળાની દીવાલો પર આજે જે ચિત્રો દેખાય તેમાં કલાગુરુ રતિભાઇની આત્મ છબીનાં દર્શન થાય છે. દિલીપ રોય અને મારા જેવા અનેક કલાકારોને કલાપાન તેમણે કરાવ્યાં છે સંગીત શિક્ષક ચતુરભાઇના મેઘધનુના સૂરથી રંગોળી પૂરાય છે તો ચિત્ર શિક્ષક રતિભાઇ સરગમના રંગોની સૂરાવલિથી જીવનની ભાવરંગોળીનાં ભાતચિત્રો આલેખે છે.

વિદ્યાર્થીજીવનની ઇમારતની દીવાલોને સાબૂત કરનાર આ શિક્ષકો હતા. શિક્ષણ એ જ જીવન હતું. વિદ્યા એ જ ઉપાર્જન હતું. વિદ્યાતેજ જીવનની સફળતા હતી. મુગ્ધાવસ્થા પાર કરીને જ્ઞાનગંગાને કિનારે સ્થિરચિત્ત થવાની કૌમારાવસ્થા યે ચાલી ગઈ અને યૌવનને ઉંબરે પગ માંડ્યા. જીવનઘડતર, ચારિત્ર-ચણતર અને જ્ઞાનગણતર આપનારા અપૂર્વ ગુરુવર્યો ડોકાય છે. જ્ઞાનગુરુ જેમને ગણું છું તે છે શ્રી અંબાલાલભાઇ એસ. પટેલ. સદાયે એકસરખી ચાલ ને હસતું મોં. વાંકડિયા વાળ સાથે હાથમાંની મોરલી પગે ચાખડી ને હાથમાં સદૈવ ચોપડી. સામયિકમાં પહેલે ને છેલ્લે પાને. હંસ કે મોરનું ચિત્રાંકન કરે, વચ્ચેના પૃષ્ઠોમાં સુંદર વિચાર કે વિચારગર્ભ કથનને ચિહ્ન કરે. સ્કોલર માટે ઘણા જ સારા અંગ્રેજી શિક્ષક ! બીજા જ્ઞાનગુરુ શ્રી રામભાઇ પટેલ. સુંદર મરોડદાર અક્ષરો. સંસ્કૃત અને અંગ્રેજી બન્ને મિષ્ટ ભાષામાં મિતભાષી બનીને શીખવે. સંસ્કૃતનો અનુરાગ તેમને આભારી. અંગ્રેજીમાં ન્યુ રાવલ– માણેકલાલ રાવલ– ઓલ્ડ રાવલ– નાના તે ઓલ્ડ ને મોટા તે ન્યુ – શાળામાં પાછળથી આવેલા તેથી – જે. યુ. રાવલ અંગ્રેજીમાં ઇમ્પોઝિશન આપે. સવારે કોમ્પોઝિશન લખાવે, છેલ્લા તાસમાં તો ભૂલો સુધારવા માટે નોંધપોથી હાથમાં હોય ! કેવી સ્ફૂર્તિ ! ચશ્માંના કાચ પાછળ રહેલી ઝીણી નજર સ્પેલિંગની ભૂલને ઝવેરીની જેમ પકડી પાડે !

આ ગુરુજનો પૈકી એક બીજું વર્ગીકરણ પણ મને મળે છે. કેટલાક જ્ઞાનગુરુ છે. કેટલાક હૃદયગુરુ છે તો કેટલાક જીવનગુરુ છે. જ્ઞાનગુરુમાં વાસુદેવ રાવલ. એકાદ વર્ષ ગુજરાતી વિષય શિખવનારને તેમની વાચાળતા અને ભાષાની પકડને લીધે સ્મરું છું.

શિક્ષણ એ હૃદયની કેળવણી છે. આત્મશિષ્યના સર્જનની શિક્ષા છે. એ વાત જ્યારે વિચારું છું ત્યારે પૂ. રતિલાલ સાં. નાયક મનમાં રમે છે. તેમનું મુગ્ધાવસ્થાનું 'લાલપાની' કાવ્ય સ્મરણે ચડે છે. ધોરણ નવમાંથી સાહિત્યના વટવૃક્ષનું બીજ તેમણે નાંખ્યું છે. જેને જલસિંચન કરવાની મોટી જવાબદારી જેમણે ઉપાડી લીધી અને વિશ્વસાહિત્યના ખાસ કરીને યુરોપના સાહિત્યના વિશાળ પટમાં અમને રમતા કરી મૂકયા તે માળી સામાન્ય નહોતો પણ વનમાળી હતો. અંગ્રેજી વાર્તાકારો, નવલકથાકારો, નાટ્યકારો, કવિઓ, ચિંતકોનો તો ફ્રેન્ચ નવલકથાકારો એલેકઝાંડર ડૂમા, વિકટર હ્યુગોની વાતોથી, સાહિત્યના અનેકવિધ પ્રવાહોથી પરિચયના સીમાડા ચીતરી બતાવ્યા છે. મનમાં ભાતીગળ ભાવોની ભરતીના ઉછાળ, ધીંગી લાગણીઓના ઉત્તુંગ શિખર જેવા ઊછળતાં મોજાં પર તરવાની તાકાત બક્ષનાર, મનમાં રહેલા રસકોશનાં બારણાં ખોલીને સાત સમંદર પારની સૌન્દર્યમૂર્તિના– સૌન્દર્યપ્યાસના પ્રેમની વ્યંજનાનો મધુર, આહ્લાદક આસ્વાદ કરવાની અને સાહિત્યક્ષેત્રે

સર્જન વિવેચન અને અમૃતત્વની અમીટ- અમર કેડીએ કેળવાની સાચી શિક્ષા આપનાર પૂજ્ય ગુરુવર્ય શ્રી મોહનલાલ પટેલને હું સાચા અર્થમાં હૃદયગુરુ માનું છું. ટચૂકડી આ આંગળીઓમાં સર્જનનું ઝાઝેરું જોર તેમણે મૂક્યું છે. ઠિંગરાઇ ગયેલા અંગારા પરની રાખને ફૂંક મારીને અંગારાને લાલચટક ભડકારૂપે પ્રગટ કરવાની અનુનેય શક્તિ- પ્રતિભા તેમના શબ્દોના અંકોરણથી વિવર્ધિત થતી રહી છે અને થતી રહેશે. અશબ્દ ઇંગિતમાં અમારામાં પડેલી સર્જનાની સૌન્દર્યની લીલી સાપણના ઝેરીલા ડંખના ચકામાંને તેમણે સદૈવ દૂઝતાં રાખ્યાં છે જે એક જીવનમુદ્રા મૂકી ગઈ છે.

હવે આ નાવ જાણે કિનારે આવતું લાગે. હૃદયગુરુ પછી એક વિરાટ છબી રૂપે ઉત્તુંગ હિમાલયના હાથમાં સ્નેહ, શિસ્ત, શિક્ષણ, જીવન અને અનેક કલાઓની મશાલ લઈને ઉભેલા, આચાર્યમનીષિ પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય નાથાભાઇ દેસાઈ સાહેબને... જીવનગુરુનું સ્થાન નિઃસંકોચ આપું છું. જે અતિ- અને હૈયાની નિકટતમ હોય તેને જ સાહેબ કહેવાય. તેમનું પ્રથમાક્ષારી નામ હતુંઃ ના. ના. દે. એને જરા સમજીએ તો જાણે તે ત્રણ અક્ષરો તેમના જીવનમંત્રનું ગૂંજન કરે છે. ના. ના. દે... કશું જ લઇશ નહીં, માત્ર આપ્યા જ કર. પ્રેમની આ એક પરિભાષા, બીજું નામ નથી લાગતું? નાના એમ લખીએ તો વિભિન્ન પ્રકારનું – જ્ઞાનભાથું – જીવન-શિક્ષણ આ તારાં બાળકોને આપ્યા જ કર. એવો જીવનસંદેશ તેમાંથી મળશે. અને જે આપે છે કશાયે સ્વાર્થ કે આત્મભાવ કે બદલાની ભાવના વિના તેને આ જગે શું નથી મળતું? સંસ્થાપ્રીતિ અને વિદ્યાર્થી કલ્યાણની ભાવના તો એટલી કે અવિરત શ્રમનો ભોગ બનીને ટી. બી. ના દર્દને બિછાને પટકાયા. બાર મહિના સુધી અમે પ્રભુને પ્રાર્થના કરતા રહ્યા. ને જે દિવસે 'નવો જન્મ' પામીને આવ્યા તે દિવસે તો સાક્ષાત સૂરજ નભોમંડળથી ઉતરીને જાણે ગુરુ-વંદના કરવા આવ્યો હતો. સાક્ષાત સરસ્વતી માતાની વીણાના તારમાંથી ઝંકૃત થઈને છેડાયેલું સૂરોનું અમરગાન શાળામાં લહેરાતું હતું. સર્વે કળાઓ પોતાના કળશ લઇને આ જીવનગુરુને જાણે સત્કારવા ઊભી હતી. આ જીવનગુરુનો સંસર્ગ માત્ર એક વર્ષ ધોરણ અગિયારમાં સવિશેષ ઘનિષ્ઠતાથી મળ્યો. પણ નરસિંહરાવ દીવેટિયાની પંક્તિમાં કહું તો 'મારે એક ડગલું બસ થાય' – તેમ આ જીવન-ગુરુની એક સદ્ભાવશીલ, હૂંફાળી, હમદર્દ, સમસંવેદક નજર મારે માટે પૂરતી હતી. એ એકજ નજરે આખાયે જીવનપટને જાણે ભરી નાંખ્યું છે. જીવનની સભરતાના એ સાચા જીવનગુરુ – કલાગુરુ હતા. હાથીના પગમાં બધાં જ નાનાં મોટાં પગલાં સમાઇ જાય તેમ આ જીવનગુરુની જીવનપાથેયની વિશાળ નભગંગામાં અન્ય તારકો તેજસ્વી બનીને ચમકયા કરે છે. ધોરણ અગિયારના વિદાય – સમારંભના ટાણે આ જીવનગુરુએ આપેલી જીવન સફળતાની સુવર્ણ ચાવીરૂપ પંક્તિઓ આંગ્લકવિ એલેકઝાંડર પોપની હૃદયમાં કોતરાઈ ગઈ છે. જીવનનો એક સીમાસ્થંભ બની ગઈ છેઃ

**Honour and shame from no condition rise**
**Act well thy part, there the honour lies.**

ટૂંકમાં મહાત્મા ગાંધીજી માટે કવિગુરુ રવીન્દ્રનાથ ટાગોરે લખેલી પંક્તિ 'આમાર જીવન, આમાર બાની' આ જીવનગુરુ માટે પણ એટલી જ ચરિતાર્થ છે, સાર્થક છે. એ છબીને સાદ્યંત સાષ્ટાંગ દંડવત પ્રણામ... આવા સાચેરા મૌક્તિક જેવા શિક્ષકોના ગુરુ કિલ્લાને સાચવનાર- સંવર્ધન કરનાર મંડળના અનેક કાર્યકર્તાઓ પૈકી જીવનનાડનો એક નાતો શ્રી ભાઇલાલભાઈ પટેલ સાથે પણ જોડાયેલો છે. જાણે આ સંસ્થા અમારી જ છે એવી અમીટ રેખા તેમના ચહેરા પર હંમેશાં ડોકાતી રહે છે. મંડળની નાની

મોટી અનેક ઇમારતો અને વસ્તુઓ પર તેમનાં આંગળાંની વિશેષ મુદ્રા પડેલી લાગે છે. તેમના શ્વાસે-પ્રતિશ્વાસે વિદ્યાર્થી આલમનું હિત આજે ય પણ રમતું લાગે છે.

સંસ્થા સાથેના લોહી સંબંધની—નાડી ધબકારાની પરિચયની પુરાણી પ્રીતનો પાવો જ્યારે વગાડી જ રહ્યો છું ત્યારે કેટલાક સહાધ્યાયી – મિત્રો આંખમાં ઝિલમિલાય છે. સંગીત કલાગુરુ ચતુરભાઇનો એક હાથ ફરવા જતાં જેને ખભે રહેતો તે નરોત્તમ આઇ. (કંઓઇ) (બાવો) જિગરી દોસ્ત... આજે મોટો કોન્ટ્રેક્ટર બનીને સુરતની લાલાઇ માણે છે. જો સાહિત્ય-સર્જનમાં નરોત્તમ વળ્યો હોત તો સંસ્થાની આગવી પ્રતિભા બન્યો હોત. નરોત્તમ (એકટર) બીજો મિત્ર હાજર જવાબી અને નર્મમર્મ વિનોદ માટે આજે પાંસળીઓમાં હસે છે. નરોત્તમની સાહિત્ય સર્જનની ખોટને – સર્જન ભાવન વિવેચન અને શિક્ષણને ક્ષેત્રે પોતાની આગવી શૈલી, પ્રતિભા અને ફલદાયી પ્રદાનથી શોભાવનાર પ્રિયમિત્રશ્રી ભોળાભાઇ પટેલે જાણે બધું જ વ્યાજ સાથે પાછું વાળ્યું હોય તેમ લાગે છે. આજે તો એક ઋષિ જેવા અદના આદમીએ વાવેલા આ શિક્ષાબીજનું વટવૃક્ષ ફૂલીફાલીને ચોમેર એટલું તો વિકસ્યું છે કે તેની શાખા–પ્રશાખાઓ જેવા અનેક વિદ્યાર્થીઓ રૂપ અમોલું ધન આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જગતચોકમાં વેરાઇને પડ્યું છે. આજાર માનવજાતની અદમ્ય સેવા, અખૂટ પરોપકાર, અતૂટ શાંતિ, અખંડ આબાદી અને પ્રકાંડ પ્રતિભા, વિશાળ વિદગ્ધતાના અનેક વિજયધ્વજ ઊંચેરી દાંડીએ લહેરી રહ્યા છે. તેથી બોલી જવાય છે કે સાત મૂઠી ઊંચેરા માનવીઓને સાચે રાહે મૂકતું આ વિદ્યાલય–સર્વ વિદ્યાલય–સૌનું વિદ્યાલય–પોતાના નામને સાર્થકતા બક્ષતું યાવચ્ચંદ્ર-દિવાકરૌ પોતાની વિદ્યાના સુરજના તેજથી અખિલ માનવમન નભોમંડળને ભરતું જ રહેશે. આ શબ્દોમાં વિહાર કરતાં લાગ્યું કે તે હિ નો દિવસાઃ ગતાઃ નહીં પણ તે હિ નો દિવસાઃ મધુરેણ આગતાઃ। તેજસ્વી નઃ પન્થાનઃ। શુભાઃ નઃ પન્થાનઃ। કવિ પૂજાલાલની પંક્તિને સ્મરતો ઇશને પ્રાર્થું છું.

માધુર્ય એનું બદો મોક્ષદા.

અને મારી ગઝલનો એક શેઅર અંતે મૂકું છું.

જન્મારાને મુઠ્ઠીમાં લઇને ઊભો છું હવે
લખ ચોરાશી ઝખ મારતા દોડે છે હવે.

કેવી અખૂટ શક્તિનો ઝરોઃ મળતાં મળી ગઇ મોંઘેરી
માત અખંડ જીવનધાત્રી તેં મૂકયો છે!

**જેમના હાડમાં સચ્ચાઇ હોય, એવા પોતાની જાતને દેશને ખાતર**
**હોમી દેનારા માણસો જ્યારે જાગશે ત્યારે આ દેશ સર્વથા મહાન થશે.**
**દેશને કોઈ મહાન બનાવતું હોય તો તેની પ્રજા છે.**

**– સ્વામી વિવેકાનંદ**

# તને સાંભરે રે.......... મને કેમ વિસરે રે ..........

ગોરધનભાઈ એચરભાઈ પટેલ
પ્રમુખ, ક. પા. કેળવણી મંડળ, વડોદરા

કડીમાં સને ૧૯૧૯ માં સ્ટેશન સામે લીમડાના ઝાડ નીચે બેસીને પૂજ્ય છગનભાએ સમાજની કેળવણી માટેની મશાલ જલાવી. જે આજે મોટી જ્યોતિ થઇને ગુજરાતભરમાં એક અજોડ સંસ્થા તરીકે પ્રકાશ પાથરી રહી છે. આ સંસ્થાએ તેની પ્રગતિનાં ૬૦ વર્ષ પૂરાં કર્યાં છે. સામાન્ય રીતે વ્યક્તિના જીવનમાં ૬૦ વર્ષ એ નિવૃત્તિ તરફની લાગણી ઊભી કરે છે, હર્ષની હકીકત તો એ છે કે, આ પ્રસંગને લઇને સંસ્થા તેની અનેક કેળવણીની પ્રવૃત્તિઓને વધુ વિસ્તારવાનો પુરુષાર્થ કરવા પ્રતિજ્ઞાબદ્ધ થઇને છેલ્લાં ત્રણ વરસથી પુરુષાર્થ કરી રહેલ છે. જેથી જે તે પ્રવૃત્તિને નવજીવન મળે તેવી સિદ્ધિઓ સાંપડી રહી છે આથી ખરે જ આનંદ થાય છે. અભિનંદન આપવાની તક મળે છે.

વરસો પહેલાં સમાજની કેળવણીના પ્રશ્નની ચિંતા કરી, સંસ્થાની શરૂઆત કરી. કડી પ્રાંત ગાયકવાડી વખતે વડોદરા રાજ્ય સાથે હતો. ઉચ્ચ કેળવણી માટે ફક્ત વડોદરામાં જ કોલેજો હતી. આ જ અરસામાં વડોદરામાં પણ શ્રી એચરભાઇ રાયજીભાઈ પટેલ તથા અન્ય આગેવાનોએ વડોદરામાં પણ કેળવણીની સંસ્થાનું બીજ રોપ્યું. જે આજે વટવૃક્ષ બન્યું છે. જેમાં ઉત્તર ગુજરાતના સમાજના આગેવાનોનો પૂરો સાથ સહકાર મળ્યો હતો.

કડીમાં હાઇસ્કૂલનું શિક્ષણ લઇને ઉચ્ચ શિક્ષણ માટે વડોદરામાં તેજસ્વી વિદ્યાર્થીઓ આવતા ને ઉચ્ચ કેળવણીમાં નિપૂણ થઇને આગળ વધતા હતા.

કડી વિદ્યાલયના આચાર્ય શ્રી નાથાલાલ દેસાઇ, શ્રી મોહનભાઈ પટેલ, સાહિત્યકારો – શ્રી પીતાંબર પટેલ, શ્રી રણજિતભાઇ ( અનામી ), શ્રી કલ્યાણભાઈ ગો. પટેલ, સ્વ. શ્રી ત્રિભુવનદાસ પટેલ વગેરે જેવી અનેક સમાજ સેવક વ્યક્તિઓ, કડી અને વડોદરા એ બન્ને ભગિની સંસ્થાઓના છાત્રો હતા, જેનું સંસ્થાઓ ગૌરવ લઇ શકે છે.

આ સંસ્થામાં સને ૧૯૨૭ થી ૩૩ સુધી છાત્ર તરીકે રહીને અભ્યાસ કરવાની તક મને મળેલી છે. ભારતની ગુલામીની બેડી તોડવાના સંગ્રામના પિયુષ મને આ સંસ્થામાંથી મળેલાં છે. રાષ્ટ્રીય સેવકો આચાર્યશ્રી બાપુભાઇ ગામી, શ્રી છગનભાઈ કા. પટેલ, શ્રી પોપટભાઇ ગુ. પટેલ, શ્રી રતિભાઇ અમીન વગેરેની દોરવણીથી તેમજ સંસ્થામાં મહાત્મા ગાંધીજીના આગમનની પ્રેરણાથી મને તેમજ મારા જેવા અનેક છાત્રોને રાષ્ટ્રીય તાલીમ મળે છે. સ્વદેશીની હિલચાલમાં છાત્રાલયમાંથી જ આંદોલનમાં ભાગ લઇને સને ૧૯૩૨ માં જેલ-વાસ પણ ભોગવ્યા હતા. તેનું ગૌરવ છે.

છાત્રો–વિદ્યાર્થીઓને જીવનમાં શ્રમ, ઉદ્યોગ તથા સ્વાવલંબનની તાલીમ તે જમાનામાં મળેલી છે. ખેતીવાડી, પશુપાલન, સુથારી, પ્રિન્ટીંગ કામ, બૂક બાઈન્ડીંગ વગેરે શ્રમનાં કામોમાં પ્રતિષ્ઠા મળતી અને તે દ્વારા પ્રેરણા અને રસ મળતાં હતાં... જે આજે દરેક સંસ્થામાં કરવાની જરૂર છે.

૬૦ વરસના ગાળામાં આ સંસ્થાઓએ હજારો વિદ્યાર્થીઓને તૈયાર કર્યા છે. જે દરેક ક્ષેત્રમાં આજે આગેવાની ભર્યો ભાગ ભજવી રહ્યા છે. ૬૦ વર્ષે સંસ્થાને વધુ સબળ કરવાના પ્રયત્નોમાં સંસ્થાના ગુજરાતભરમાં ફેલાયેલા વિદ્યાર્થીઓ તેમજ પરદેશોમાં, અમેરિકા, કેનેડા વગેરેમાં સૌએ સંસ્થા તરફની મમતા અને ભાવ રાખીને પોતાની ફરજ સમજીને લાખો રૂપિયા સંસ્થા નવ સંસ્કરણ માટે આપવા માંડ્યા છે. અને એક બીજા છાત્રોમાં સંસ્મરણો સતે જ થઈ રહ્યાં છે "તને સાંભરે રે...... હાજી મને કેમ વિસરે રે...... પંક્તિ સાકાર થઈ રહેલ છે જેથી ખરેજ આનંદ, હર્ષની લાગણી થાય છે.

આજના સમયમાં આપણી સંસ્થાઓ ફક્ત કેળવણીનું જ કામ નહિ પરંતુ સમાજ શિક્ષણનું સેવા કાર્ય પણ કરી શકે કે કેમ તે વિચારવાનું આપણી સામે આવીને પડ્યું છે. હજી પણ સમાજ વેવાણનાં કાર્યોમાં જાગૃતિ આણવાની જરૂર છે. સમૂહલગ્ન કેન્દ્રો યોજી, સમૂહ લગ્નો દ્વારા સમાજનું નવસંસ્કરણ કરવાનું ઘનિષ્ઠ રીતે લેવું જોઇશે. ખાસ કરીને મહેસાણા વિભાગમાં બાળલગ્નો બહુજન સમાજમાં થાય છે. તેને રોકવા આપણાં સાધનો વાપરી શકીએ ? હજી પણ કોઈ કોઈ સ્થળોએ જુના રિવાજો જોવા મળે છે, તે માટે વિચારી શકીએ ? અને છેવટે છોકરાઓ ઘણાજ તૈયાર થઇને દેશભરમાં અને પરદેશમાં પહોંચ્યા છે. તે માટે બરોબરી કરવા માટે કન્યા કેળવણીની સગવડો વધારવી જોઇએ. આવા ઘણા પ્રશ્નો ઊભા થયા છે. તેમાં કઈ રીતે કામ કરી શકીએ ? તે પ્રશ્ન છે.

આજે સૌથી વધુ જરૂરિયાત ઊભી થઈ છે તે સેવકોની, કાર્યકરોની જેમાં ઉણપ દેખાવા લાગી છે, છતાં આ પ્રશ્નોનો ઉકેલ સમાજની આવી સેવાભાવી સંસ્થાઓ દ્વારા જ થઈ શકે છે. જેમાં શંકાને સ્થાન નથી.

આ સંસ્થાના વિકાસમાં લાંબા સમય સુધી સેવાઓ આપનાર સમાજ સેવકો, સ્મૃતિપટ ઉપર અંકિત થાય છે. સ્વ. શ્રી રામચંદ્ર જ. અમીન, શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ, શ્રી સાંકળચંદ કા. પટેલ, સ્વ. શ્રી ધનરાજગીરી, સ્વ. શ્રી છગનભાઈ કા. પટેલ, શ્રી પોપટભાઈ ગુ. પટેલ જેવા અનેક ભાઇઓની સેવાઓ નોંધપાત્ર છે. સંસ્થાના વિકાસમાં તેઓનો ફાળો અનન્ય છે.

સંસ્થાને યાદ કરી તેના ભૂતપૂર્વ છાત્રો, તેના વારસોએ, કેળવણી પ્રેમીઓએ તથા શુભેચ્છકોએ જે સુંદર સાથ આપ્યો છે તે માટે સૌને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

સમાજસેવા અને કેળવણીના પ્રસ્થાનમાં વધુ ઝડપ લાવવામાં સંસ્થાના સંચાલકો સફળ થાય, સંસ્થાનાં સાધનો વપરાતાં થાય, તેવી ભાવના સાથે સૌને અભિનંદન !

# દિવ્ય અમૃત કુંભ

કલ્યાણભાઈ ગો. પટેલ
નવરંગપુરા વર્લ્ડ યુનીયન કેન્દ્ર, અમદાવાદ.

અમૃત મહોત્સવ પ્રસંગે પ્રસિદ્ધ થનાર 'સ્મરણિકા'માં સામાજિક, શૈક્ષણિક અને રાષ્ટ્રીય વિકાસના ક્ષેત્રોમાં સંસ્થાએ આપેલી અમૂલ્ય સેવાના પ્રદાનમાં સંસ્થાના અભણ સેવકોએ જે ગુપ્ત પ્રદાન કર્યું છે તેનો યત્કિંચિત્ ઉલ્લેખ કરી હું આત્મસંતોષ અનુભવીશ.

નર્મદાના કિનારે મોક્ષ મેળવવા માટે ભગવાં વસ્ત્ર ધારણ કરી પ્રભુની શોધમાં તીવ્ર જિજ્ઞાસાવૃત્તિથી ગયેલા પૂ. છગનભાને ગુરુએ આદેશ આપ્યો કે સાચો સન્યાસ અજ્ઞાનમાં સબડતા ઉત્તર ગુજરાતને જ્ઞાન આપવાના પુરુષાર્થમાં છે. લે આ ભગવી ચીંથરી, હું તને પ્રદાન કરું છું. એ ચીંથરી લઈ તું કાર્ય શરૂ કર અને જનકલ્યાણનું અમૂલ્ય કાર્ય તું કરી શકીશ. પૂ. છગનભા પાછા આવ્યા. કડીમાં એક ભાવિક ખેડૂતે એમને બે અમૂલ્ય બળદ કિંમત લીધા વિના આપી દીધા. કડીના સ્ટેશન સામે ઝાડ નીચે બેસી પહેલી દેણગી લઈ કાર્ય શરૂ કર્યું. એ બળદોએ જીવ્યા ત્યાં સુધી સેવા અર્પણ કરી. આજે જે લાખોની કિંમતની માટીમાંથી સર્જાયેલી સંસ્થાઓ છે તે આ બે પૂણ્યશાળી બળદોની દેણગીમાંથી શરૂ થઈ હતી. ગામડે ગામડે હું છગનભા સાથે ઘણું ફર્યો છું. એમણે પ્રજા પાસેથી પૈસો માગ્યો નથી, પણ ભણવા મોકલવા માટે બાળકો માગતા હતા. બાળકોને પુત્ર તૂલ્ય ગણનારા આવા પિતા મળવા દુર્લભ છે. આ સંસ્થામાં માત્ર ભણવાનું ન હતું. વિવિધ ઉદ્યોગો પણ શીખવાતા. અમારા સુથારી કામના ગુરુ પૂજ્ય શંકરલાલ મિસ્ત્રી અભણ હોવા છતાં રાત્રે સૂઈ જવાનો ઘંટ વાગતાં અમને પંચીકરણ, શિવ મહિમ્ન સ્તોત્ર અને વેદોનું જ્ઞાન આપતા. ઝોકાં ખાતાં અમે જેટલું સમજાય તેટલું સમજી એમાં તલ્લીન બનતા. એ પૂ. શંકરલાલ ગુરુને સર્પદંશ થયો. થોડા સમયના મહેમાન છે માની બધા ચિંતીત બન્યા. પણ આધ્યાત્મિક જ્ઞાન દ્વારા મેળવેલી દિવ્યશક્તિથી ઝેર ઉતારી, અમારી એમના તરફની શ્રદ્ધામાં અજબ ઉમેરો કર્યો. ત્રીજા અભણ ગુરુ 'ભગત'ના ઉપનામથી ઓળખાતા હતા. પૂ. છગનભાના જનકલ્યાણના કાર્યમાં એમણે ભગવાં ધારણ કરી અનોખી રીતે સહકાર અને સાથ આપ્યો.

આર્ય સંસ્કૃતિના કરમાતા વૃક્ષને નવપલ્લવિત કરવામાં રસ ધરાવતા ચોથા ગુરુ હતા—મુ. હરજીવન ભા. ચૌદ વર્ષની નાની ઉંમરે માથે માત્ર ચોટી રાખી, આદેશ પ્રમાણે યજ્ઞ વગેરે ક્રિયાઓ કરી અમે એકસો એક વિદ્યાર્થીઓએ જનોઈ પહેરી. આજે પણ ખભે લટકતી મારી જનોઈ જોઈ મને બાળજીવન યાદ આવી જાય છે. આર્ય સંસ્કૃતિનાં ઉદ્દાત્ત તત્વોમાં

તરબોળ બની જાઉં છું. આ કાર્યમાં સ્વામી બ્રહ્માનંદ સાગર (પૂ. બહેચરભાઇ) નો ફાળો પણ ન ભૂલાય તેવો છે. સુખ સાહ્યબીનો અને જમીનનો ત્યાગ કરનાર આવા કર્મનિષ્ઠ યોગીના સાનિધ્યમાં રહેવાનું પૂર્વ જીવનના પૂણ્યના લીધે મને જે મળ્યું છે તેનો નિર્દેશ કર્યા વગર કેમ રહી શકું ? ત્યાગ અને સમર્પણની ભાવનાની એ પૂ. બહેચરભાની મૌન મૂર્તિ પ્રફુલ્લિત કરે છે.

[ મારા અંતઃકરણના ઊંડાણમાં પ્રવેશ કરી નાનકડી ઉંમરે પણ આધ્યાત્મિક જ્ઞાન માટે ધકેલનાર પૂ. બાપુભાઇ ગામીનો ફાળો સામાન્ય રીતે બોલાતી ભાષામાં વર્ણવી શકાય તેમ નથી. આ ભણેલા પણ ભક્તિ તરફ ઢળેલા માનવને બહુ ઓછી વ્યક્તિઓ ઓળખી શકી છે. પ્રાથમિક શિક્ષકમાંથી સીધા પિલવાઇ હાઈસ્કૂલમાં આચાર્યપદે મને મૂકનાર એ ગુપ્ત સાધુએ પિલવાઇ આવી વારંવાર મારી ગુપ્ત-શક્તિને જગાડવાનું કામ કર્યું છે એમાં પૂ. રામચંદ્ર-ભાઈ અમીનનો પણ સાથ અને સહકાર મળતો રહ્યો છે. મારા આંતરિક જીવનને જાગૃત કરનાર પૂજ્ય બાપુભાઇ અંતરના અગાધ ઊંડાણમાં ગુપ્ત રીતે વ્યાપ્ત છે. આ સંસ્થાના વિકાસમાં વિદ્વતાને લીધે મળતી સરકારી અમૂલ્ય નોકરીને ફગાવી દઈ જન કલ્યાણનું કાર્ય કરનાર પૂ. પોપટભાઇ, પૂ. છગનભાઈ અને અન્યાય સામેના લડવૈયા શ્રી પુરુષોત્તમદાસ જેવી વ્યક્તિઓનો પણ પ્રસંશનીય ફાળો છે.

કાર્યક્ષમ અને મૌનવ્રતી-કર્મનિષ્ઠ પૂ. નાથાભાઈ દેસાઇએ શૈક્ષણિક ક્ષેત્રે સાધેલી પ્રગતિ ન ભૂલાય તેવી છે. ]

નશ્વર દેહને ગંગાજળમાં લીન કરી ભૌતિક બુદ્ધિના આમૂલ પરિવર્તન માટે વૈવિધ્યભરી વિચાર કણિકાઓનાં મોતી આપનાર વિદ્વાન શિક્ષક પૂ. ડાહ્યાભાઇ જાની જેવા ભેખધારી મરજીવા શિક્ષકને પણ ન ભૂલીએ.

લોકપ્રિય સ્વ. સયાજીરાવ મહારાજાની દેણગી અને ગણિતશાસ્ત્રના પ્રચંડ નિષ્ણાત પ્રો. સ્વામીનારાયણે આપેલી સેવા પણ ન ભૂલાય તેવી છે.

**चक्रवत परिवर्तने सुखानि च दुखानि च ।**
અભણ અને ભણેલાના સહકાર ને સમન્વયમાંથી ઊભી થયેલી આ સંસ્થાઓ હજી પણ વધુ ઉજ્જવલ અને ઉર્ધ્વગામી પ્રયાણ તરફ ઢળે એમ ઇચ્છીએ.

[ પૂ. ગાંધીજી જ્યારે પૂ. છગનભાના આગ્રહને વશ થઇ આપણી સંસ્થામાં પધાર્યા ત્યારે એમની પાસે રહેવાનું મને સદ્‌ભાગ્ય સાંપડેલું. સુથારી વર્ગમાં તૈયાર કરેલી ઢળતી આરામ ખુરશી જ્યારે મેં પૂ. ગાંધીજી-ને અર્પણ કરી ત્યારે ગરીબોના ઉદ્ધારક પૂ. બાપુની આંખોમાં શ્રમના મહત્વનું ઝરણું નીતરતું હતું. ભયંકર ગીરદીમાં એ ખુરશી એઓ સાબરમતી આશ્રમમાં લઈ ગયા અને મને અને પૂ. છગનભાને એક દિવસ અને એક રાત સાબરમતી આશ્રમમાં એમની ઝુંપડીની બાજુની ઝુંપડીમાં રહેવાનું ઇજન મળ્યું. પૂ. છગનભા અને હું પૂ. ગાંધીજી સાથે આટલો ટૂંકો સમય રહીને ગરીબોના ઉદ્ધારની, વિશ્વકુટુંબની ભાવનાની જે પ્રેરણા મેળવી તેને શબ્દોમાં કેવી રીતે વર્ણવું ? દલિતોના ઉદ્ધારની પ્રકાશ અને પ્રેરણા આપનારી એમની વાણી હજુ પણ કર્ણપ્રિય બની અંતરાત્માને જગાડે છે. દલિતોના ચહેરાઓમાં પ્રભુ દર્શન કરાવે છે. ]

અમૃત મહોત્સવ પ્રસંગે ભૌતિક-લાખોની કિંમત ધરાવતાં મકાનો-આ સંસ્થાઓના વિકાસમાં અડીખમ ઊભાં છે-જેમાં અભણ માણસોના અમૂલ્ય પ્રદાનને શબ્દોમાં વર્ણવા સારું શબ્દો શોધવા મુશ્કેલ બને છે. અંતઃકરણના ઊંડાણમાંથી તેજનો પ્રકાશ આ અભણ દિવ્ય આત્માઓએ આ સંસ્થાઓના વિકાસમાં આપ્યો છે, તેને વેદની દિવ્યઋચાનું જ્ઞાન ધરાવનાર, મહર્ષિ અરવિંદની વિશ્વપ્રિય 'સાવિત્રી' મહાકાવ્યની ગુપ્ત અને ગૂઢ પ્રજ્ઞાને ઝીલનારી વ્યક્તિઓ જ આ અભણ

[ અનુસંધાન પાન ૮૪ ઉપર ]

# ભા નું અમર કાવ્ય

ઇશ્વરભાઇ જી. પટેલ
ભૂતપૂર્વ આચાર્ય,
શેઠ સી. એમ. હાઇસ્કૂલ, ગાંધીનગર

એક માણસનો શુભ સંકલ્પ કેટલો મોટો આકાર લઇ શકે છે તેનું દર્શન સર્વ વિદ્યાલય કડીના કેમ્પસમાં ઊભા રહેતાં થાય. આકાશના વિશાળ નિલરંગી ડાયલ પર ચાવી આપ્યા સિવાય નિયમિત ગતિ કરતા સૂર્ય–ચન્દ્રના ઉજ્જવલ કાંટાઓને તેમની કાલમાયાને સમેટતાં અર્ધી સદીથી વધારે સમય માટે અવળા ફેરવી પાછા મૂકી દો અને કડી તથા આસપાસના વિસ્તારનું અને ઉત્તર ગુજરાતનું દશ્ય જુઓ. કડી શહેરના અમદાવાદી દરવાજાની બહાર નીકળો એટલે વગડો, જંગલ અને ખેતરો. ન દૂકાનો, ન સ્ટેન્ડ, ન વસ્તી. સ્ટેશન પાસેના એ જૂના જોગી લીમડા અને તેની બાજુથી ખેતરો શરુ થાય. સર્વ વિદ્યાલયનો જન્મ તે સમયે નહીં. ભા નું કાવ્ય પૃથ્વી પર ઉતરેલું નહીં. ચોમેરનાં ખેડૂતોનાં ભર્યાં ભાદર્યાં ગામો. છોકરા ગામઠી શાળામાં ચાર ચોપડી ભણે. 'છઠ્ઠી ટકટ' લે તેની તો ગામમાં વાહ વાહ બોલાય. બારમાંના શીરા ખાઇ તાજા માજા થાય અને ધોતલી અને કાંસવાળી આંગડી પહેરી હાકોટા સાથે ખેતી કરે. બાર વરહના છોરાને આઠ વરસની વહુ આવી ગઇ હોય. અંગ્રેજી જેવું ભણતર તો ઉજળા લોક વાણિયા બામણનું. અને તેય દૂર અમદાવાદ, વડોદરા કે પછી મહેસાણા, વિસનગરની સરકારી હાઈસ્કૂલો. પાટીદાર અને તેના કુટુંબનો ચકરાવો ખેતીમાંજ અને ખર્ચામાં.

હાલ જેમની ઉંમર ૫૦ થી ૭૦ વર્ષના ગાળાની છે અને જેઓ ડોકટર, ઇજિનેર, અધિકારી, બ્યાપારી, વકીલ કે શહેરમાં વ્યવસાયી છે તે સજ્જનોમાંથી જો ભા ન હોત તો ૭૫ ટકા ભાઇઓ શરુમાં ફાળિયાં બાંધતા અને પછી ગાંધી ટોપી પહેરી ખેતી કરતા હોત અને ખેતીશ્રમથી થાકી આ ઉંમરે જે તે ગામમાં બેઠેલા જોવા મળત.

ભા સંન્યાસના ડુંગરોમાંથી પાછા આવ્યા અને બધું આવ્યું. ૧૯૧૯ થી ૧૯૫૦ સુધીના ગાળામાં તો આખા એક મહાન સર્જને – મહાકાવ્યે દેહ ધારણ કરી લીધો. ભા આવ્યા, છોકરાં લાવ્યા, લીમડા હતા, કુટીર બાંધી, શિક્ષક લાવ્યા, શિક્ષણ લાવ્યા, રૂપિયા લાવ્યા, સાથ દેવા માણસ આવ્યા. ને પછી તો ઇંટ, ચૂનો ને રેત આવ્યાં, વન તણા તે સાગ આવ્યા. ને સર્જનો, રચનાઓ ઊભી થતી ગઈ.

ગોવર્ધન તોળવા ભાએ ઘણાનો ટેકો લીધો. જુઓ ભા સાથે પેલી ટૂકડી ગામડે ફંડ માટે ફરે, છાત્રાલયના ઘઉં માટે કેટલાક ફરે છે. ગામમાં ફળિયામાં ખાટલા ઢળાય છે અને મીઠાં સ્વાગતનો હર્ષ ઉડે છે. ગામના ખેડૂતો ભેગા મળે છે. કડીની કેળવણીની – અંગ્રેજી ભણતરની વાતો થાય છે અને ઘણા જણ બીજે દી છોકરાને કડી મૂકવા પહોંચી જાય છે. પંદર દિવસે, મહિને, રજાને દિવસે છોકરો ચડ્ડી પહેરી ઘેર આવે છે ત્યારે આખો મહેલ્લો જોવા ઉમટે છે. ભાઇ જાણે અમેરિકાથી ભણી આવ્યા.

ત્યાં દૂર ગામડાંમાં ગામોના ઘાસ માટે એક ટોળી ફરે છે. આશ્રમની ગાયોને મફતના – ધર્માદા ઘાસના ઢગ થાય છે.

ત્યાં બાંધકામ ચાલે છે તેની પર દેખરેખ

રાખનાર માણસો અને ચીવટવાળા કર્મચારી. ઈંટો, ચૂનો, લોખંડ, રેત, લાકડું, મજૂર, મજૂરી નોંધો રખાય છે અને કામ આગળ વધે છે. કામ જેવું તેવું નહીં. કામમાં કચાશ નહીં. આ તો મંદિર ઊભું થાય છે.

ફંડ માટે ભા ધનાઢયો પાસે પહોંચે છે. મીલ માલિકો જેવા પાસે પણ. અને હઠયોગી પ્રસંગવશાત બની લક્ષ્મીને મૂક્તિ અપાવે છે.

ચોમેરથી નવા વિદ્યાર્થીઓ આવતા જ જાય છે. કડી, કલોલ, રાંધેજા, સરઢવ, રૂપાલ, ચાણસ્મા, બહુચરાજી, આંબલીયાસણ, વિરમગામ, પાટડી, ઊંઝા, સિદ્ધપુર, ઓટાણા, બલોલ, વગેરે સ્થળો અને આસપાસથી મોંઢાપર ગામડાની ગભરૂતાનો લેપ લગાવી, ઘરથી વિખુટા પડી અહીં એક મોટી જમાતમાં મિત્રો બની જાય છે. કડી છાત્રાવાસની એ મૈત્રી પછી તો વજ્રલેપ બની જીવનનું સદાય માણવા માટેનું સંભારણું બની જાય છે. અત્યારે પણ ઘણા ઘણા સ્વાદ મટી જવા છતાં મિત્રો મળતાં હોઠ પરથી મૈત્રીના એ સ્વાદની મીઠાશ આખા ચહેરા પર ફેલાઇ જતી જોવા મળે છે.

નવાં બાંધકામો ચાલે છે અને સંખ્યા તે કરતાં પણ વધારે આવે છે ત્યારે અડીખમ ગૃહપતિઓ પોતાનું કાર્યાલય – ઓફિસ ચણતર વગર માત્ર ઈંટો ગોઠવાવી દઇ, ઉપર ઢાંકી દઇ ચાર છ કલાકમાં તૈયાર કરાવી દઈ ટેસથી નાવ હંકારે છે. અને ભાને કે સર્વ વિદ્યાલયને શિક્ષકો, ગૃહપતિઓ, અને કર્મચારીઓ પણ કેવા મળ્યા છે! શિક્ષકો માત્ર શીખવતા નથી, પોતાના પ્રાણ રેડે છે. આચાર્ય, શિક્ષણ અને જીવનદર્શનની ધૂણી ધખાવનાર, નિર્મળ હાસ્યથી ગણિત વિજ્ઞાનની ગંગા વહેવડાવનાર અને ગુજરાતના સાહિત્ય સર્જનમાં યોગદાન કરનાર ગૃહપતિઓ, સૌથી વિશેષ કાર્યરત, શાળા અને છાત્રાલય, છાત્રાલયમાં પણ સવારે ઉઠવા અને પ્રાર્થનાથી માંડીને રાત્રે સૂતા સુધીના શિસ્ત અને અભ્યાસના કડક નિયમો પાછળ સતત ધ્યાન આપતા રહેનાર તે દિવસોમાં ગાંધીજીની સ્વરાજ્ય માટેની ચળવળ પૂર જોશમાં. વિદ્યાર્થીઓ પણ તે રંગે રંગાયેલા અને અસહકાર આંદોલનોમાં જોડાયેલા. પૂજ્ય ગાંધીજી ભાની સંસ્થામાં પણ આવેલા. સ્વ. સર સયાજીરાવને પણ આ સંસ્થાની મુલાકાત લેવાની પ્રેરણા થઈ અને પધારેલા. આ બે સંસ્થાઓ માટેગૌરવના પ્રસંગો હતા. છોકરાઓ લઢે ઝગડે પણ ખરા અને ફિસ્ટને દિવસે મિષ્ટાન્ન ખૂટાડવાનો આનંદ માણે પણ ખરા. ઘેર ગોળ ખૂબ ખાનાર અને વારંવાર ગોળ યાદ આવતાં કોક કોક દિ ગૃહપતિને ઘેર સાહેબ ન હોય ત્યારે બહેન પાસેથી દડબુ મેળવી પણ લે. પ્રભાત-સ્નાનના અતિઆગ્રહી ગૃહપતિ વિદ્યાર્થીઓના પ્રવાસમાં શિયાળે કડકડતી ઠંડીમાં વહેલી સવારે સિદ્ધપુરની સરસ્વતીના બરફ જેવા પાણીમાં છાત્રોને ઝબોળે અને પછી બધા ગાડીમાં બેસી છાપું ખોલતાં વાંચે કે "આજે પડેલું લક્કડ હીમ, બળી ગયેલો પાક અને ઠરી ગયેલાં પશુ પંખી." કોક દિ રવિવારની રજાને દિવસે બપોરે છાને માને ખેતરોમાં ખાટાં મીઠાં બોર ઝંઝેરવાની મજા અને પછી સંતાતા આવ્યા છતાં નામ આવતાં ખાટી, મીઠી અને એ મહાપ્રસાદ યથામતિ, યથાશક્તિ. એ સૌ ફરી એક વખત એક દિવસ માણી લેવાનું બને તો! **'તે हि नः दिवसाः गताः'** આપણા તે દિવસો ગયા.

ખરેખર સંસ્થાની એ પ્રારંભની પચીસીમાં કર્મઠ જીવનથી છાત્રોમાં જે ખડતલપણું આવ્યું તેણે તેમનાં જીવનોને ખૂબ ઉન્નતગામી બનાવ્યાં.

સર્વ વિદ્યાલયના શિક્ષકો, આચાર્યો અને ગૃહપતિઓએ કરેલા કાર્યની મ્હેક ફેલાવતાં અત્યારે પણ તેનો વિદ્યાર્થી ગૌરવ અનુભવે છે.

એટલુંજ પાયાનું કામ મંડળ, છાત્રાલય અને સ્કૂલના તથા પ્રેસના કાર્યાલય તથા કર્મચારી ગણનું

રહ્યું છે. કેટલીક સંસ્થાઓમાં કામ માટે કામ થાય છે. જ્યારે ભાની સંસ્થામાં ભાવના સાથે કામ થાય છે. ચીવટ અને નિષ્ઠાથી કામ થાય છે. ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અત્યારે પણ છાત્રાલયની દાળના સ્વાદને યાદ કરે છે. તેમના મહારાજને તે કેમ ભૂલી શકે?

વર્ષો વિતતાં ગયાં અને ભાએ પ્રગટાવેલા દીવામાંથી વિસનગર અને પિલવાઇના દીવાઓ પેટાવાયા અને પછી વડનગર તથા બલોલનો. બધેજ મંડળો ઉત્સાહી અને તત્પર મળ્યાં અને આચાર્યો જીવન અર્પણ કરી નિષ્ઠાપૂર્વક કામ કરનાર અને તેથી જ તે બધી સંસ્થાઓ ઉત્તર ગુજરાતમાં સર્વ વિદ્યાલયની પ્રોજ્જવલ યશકલગી જેવી શોભી રહી. આ પ્રોજ્જવલતા ટકી રહો.

ભાએ જે મંદિરનો પાયો નાખ્યો અને કામ આગળ વધાર્યું તેને ક્રમશઃ પૂર્ણતા તરફ લઇ જવા તથા અનેકવિધ રીતે વિકસાવવાનો વિવેક, તત્પરતા, અને ભંડોળ એકઠું કરવાની મહેનત એકરાગીતાથી ક. પા. કેળવણી મંડળ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સભ્યો અને અગ્રણીઓએ કર્યાં તે ભાના પ્રદાન પછી બીજું મહત્વનું પ્રદાન છે. વિભિન્ન વિચારો છતાં એકમતથી અને એક સૂરથી કામ થયું છે અને થાય છે તે ભાના આત્માને સંતોષ આપે તેવું છે.

પાછળથી થયેલો સર્વ વિદ્યાલય સંકુલનો વિકાસ હોસ્ટેલો, કૉલેજ, ટેકનીકલ સ્કૂલ, હાયર સેકન્ડરી સ્કૂલ, ટેકનીકલ-આઇ. ટી. આઈ. કોર્સીઝ, પ્રાથમિક સ્કૂલનું મકાન, પ્રેસનો વિકાસ, રૌપ્ય મહોત્સવ ફંડફાળા અને સંસ્થા રીપેર, ફાળા અંગે અમેરિકા યાત્રા અને તે જવાબદારી વહન કરનાર તથા વિચારને વિવેકપૂર્વક મૂકનારાઓનો ઉત્સાહ, એકબીજાના પૂરક બની ભાનું કાર્ય માની સૌએ જે રીતે કામ કર્યું તેથી સંસ્થાના રૂપનો જે નિખાર અત્યારે છે તે ભાના એક અમર કાવ્ય તરીકે સૌને આકર્ષી રહે છે.

---

[અનુસંધાન પાન ૮૧ ઉપરનું ચાલુ]

દિવ્યાત્માઓના પ્રદાનને સમજી શકે. આને સ્થૂલ વાણીમાં મૂકવું મુશ્કેલ છે.

સંસ્થાઓના અમૃત મહોત્સવ પ્રસંગે એક અમૃત કુંભ મૂકી એને દિવ્ય જ્ઞાનના ઝરણાઓથી ભરી દો. એ કુંભને જ્ઞાનમાત્રથી નહિ પણ માનવીને માનવ બનાવનારી, નર ને નારાયણ બનાવનારા, દિવ્ય ગુપ્ત શક્તિના તેજથી ભરી દો. આતિમનસ્‌ના દિવ્ય જ્ઞાનના પ્રકાશથી બધી સંસ્થાઓ પ્રફુલ્લિત, પ્રકાશિત અને પ્રેરણાદાયક બનો. વિકાસને રુંધતાં પરિબળોમાંથી બાળકને મુક્ત બનાવી, સંકુચિત મનોવૃત્તિઓને ધકેલી દેનાર બને. તેજસ્વી, પ્રામાણિક, ધર્મનિષ્ઠ, સંસ્કારી બાળકો વૈવિધ્યભરી શુભ પરિવર્તનોનું મૂળ બને. ભ્રષ્ટાચાર અને દુરાચારના ઉછળતા વિશ્વ સાગરમાં પવિત્ર જીવનની હોડી હંકારી હસ્તે મુખે સમર્પણ દ્વારા દિવ્ય જીવન મેળવવામાં વિજયી નીવડો.

સંત પુરુષ પાસેથી ભગવી ચીંથરી લઇ આવેલા પૂ. છગનભાએ સંસ્થાઓમાંથી કાર્ય આટોપી લઇ, આંતરિક આદેશ પ્રમાણે કોઇ સન્માન કે માનનાં આભુષણોમાંથી મુક્ત બની પાછી ભગવી ચીંથરી લઇ ગુપ્ત રીતે ચાલી નીકળ્યા. સાબરમતી નદીમાં એમના ભૌતિક દેહને નશ્વર થતો જોવા હું સદ્‌ભાગી બન્યો. એમાંથી નીકળતી જવાળાઓમાં નશ્વર દેહ નષ્ટ થયો પણ એમાંથી એક અલૌકિક સૂક્ષ્મદેહ હસતા મુખે જ્ઞાનનો પ્રકાશ પ્રસરાવી રહેલો મારી ચેતના અનુભવી રહી હતી. ભૌતિક દેહ નષ્ટ થાય છે. પણ ઉર્ધ્વગામી કાર્યની ભાવનાનો સૂક્ષ્મ પ્રકાશ દેહ તો નષ્ટ થતોજ નથી. એનાં શુભ કાર્યો તો અજર અને અમર છે.

આ ઈંટ-માટીમાં ચણાયેલી સંસ્થાની ઈમારતોના પાયાને દઢ બનાવનારી આ અભણ દિવ્ય આત્માઓની ચેતના પુરાયેલી છે એ આપણે ન ભૂલીએ.

# સંસ્કારનો પારસસ્પર્શ

ડૉ. ત્રિભુવનભાઈ ના. પટેલ
F. R. C. S, F. I. C. S.
ચીફ સર્જન, શારદાબહેન હૉસ્પિટલ, અમદાવાદ

યાદ આવે છે, ભૂતકાળ સને ૧૯૪૨ થી ૧૯૪૯ની સાલ સુધીનાં સાત વર્ષ મેઘધનુષ્યના સાત રંગ જ જાણે–એ રંગચક્રે અનોખો રંગ રચી આપ્યો. મારા જીવનની કળી ફૂલ બની ઊઘડવા કરજીસણથી કડી આવી હતી. સર્વ વિદ્યાલયનું નામ ત્યારે એકલા મહેસાણા જિલ્લામાં નહિ, એકલા ગુજરાતમાં નહિ, ગુજરાત – મહારાષ્ટ્ર (મુંબઇ ઈલાકામાં) મધ્યાહ્નના સૂરજની જેમ પ્રકાશતું. એનું છાત્રાલય વિદ્યાર્થી સંખ્યામાં ઇલાકાભરમાં મોટામાં મોટું હતું એ તો ઠીક પણ એમાં રહી ભણનાર વિદ્યાર્થીનું જીવન સાવ બદલાઇ જતું – એને સંસ્કારનો પારસસ્પર્શ થતો ને રંગભર્યા મઘમઘતા ફૂલ શું એનું જીવન એને ભાવિ જીવનમાં કોઈ ને કોઈ ઉચ્ચ સ્થાને મૂકી આપતું.

પૂજ્ય છગનભાએ પોતાના ત્યાગથી ને જિલ્લાના મોટે ભાગે ખેડૂતો પાસેથી એવી કોઇ પૂણ્યાઈની દાન-લક્ષ્મી લાવીને અહીં મૂકી હતી કે ભૂમિનો પ્રભાવ ને પ્રતાપ બદલાઈ ગયાં હતાં. રાજા વિક્રમનું સિંહાસન જ્યાં દટાઇને પડ્યું હતું એ ભૂમિભાગ પર ઊભેલો કે બેઠેલો ગાય વાછરું ચારતો અણઘડ છોકરો જેમ એ ભૂમિના કોઈ ગુપ્ત પ્રભાવથી ભારે શાણો ને વિદ્વાન બની જતો એવું જ કંઈ આ સર્વ વિદ્યાલય હાઇસ્કૂલ અને કડવા પાટીદાર છાત્રાલયની જમીનનું ગુપ્ત કામણ હતું. અહીં આવનાર, રહેનાર ને ભણનારને 'સોળે સાન' અને 'વીસે વાન' એ તો પ્રાપ્ત થતાં પણ એ સાથે એ કોઇ ને કોઇ રીતે નામધારી જ નીવડતો.

ટયુશનની બદી અહીં નહોતી પ્રવેશી. ગુરુજીઓ વેતન સામે જોઇને કામ કરવાનું નહોતા સમજતા– વેતન તો લેતા પણ એમનું જીવન જાણે ઋષિનું હતું. અહીં રહેનાર ને ભણનારને જાણે ઋષિઆશ્રમ ભાસતો. જૂના આચાર્ય બાપુભાઇ ગામીનું તો અમે નામ જ સાંભળેલું. 'શ્રી અરવિંદ'નો એમના ઉપર પ્રભાવ પડ્યાનું જાણેલું. યોગના અભ્યાસી તેઓ સાદા જીવનને વરેલા હતા ને વિદ્યાર્થીને તેમની નિકટતાથી 'સાદી રહેણી ને ઉચ્ચ વિચાર'ની દૃષ્ટિ મળતી એમ વાતો સાંભળેલી. અમે ભણવા આવ્યા ત્યારે પૂજ્ય નાથાભાઇ દેસાઇ અમારા આચાર્ય હતા. એમનાં ધોળાં ખાદીનાં વસ્ત્ર એમનામાં અમને હંસનાં દર્શન કરાવતાં– એમનામાં હંસનો નીરક્ષીર વિવેક હતો ને તેઓ રાગદ્વેષથી પર રહી અમારામય થઇ જતા. શાળાના વર્ગમાં તો તેઓ ભણાવતા, રાતના છાત્રાલયના કોઇ ને ખંડમાં બેસીને શીખવતા, પણ ઘેર બોલાવીને કે રસ્તે ચાલતાં વાતોમાં વાળીને પણ તેઓ અમારામાં રસ લેતા, અમારા જીવનને ઓપ આપવા મથતા.

અન્ય ગુરુજીઓ પણ એમના ઉચ્ચ આશયને એવો જ જબ્બર વેગ આપતા. ચંદ્ર સાથે બીજા નક્ષત્રો ભળે ને એનાં મધુરાં તેજ ધરતીને રસે એમ બીજા બધા જ ગુરુજીઓનાં તેજ સર્વ વિદ્યાલયની ધરતી ઝીલતી. કોને યાદ કરું ને કોને યાદ ન કરું? જ્યાં એ સહુનો સમષ્ટિ – પુરુષાર્થ એક વ્યક્તિત્વ ધારણ કરીને અમારું નવસર્જન કરવા અખંડપણે મથ્યો

હોય ત્યાં છૂટક નામો ગણાવીને હું અન્યાય તો નહિ કરી બેસું? સર્વ વિદ્યાલયને જીવન જ જાણે અર્પી બેઠા હોય એવા ગણિતશાસ્ત્રી પોપટભાઈ ગુલાબભાઇ સાહેબને યાદ કરું કે એવી જ જીવનન્યોછાવરીથી સંસ્થાના અવિભાજ્ય અંગશા બની ગયેલા અંગ્રેજી ભાષાના ખાં એવા છ. કા. (છગનભાઈ કાળીદાસ) સાહેબને યાદ કરું? એમ તો રતિભાઇ અમીન સાહેબની પણ છાત્ર ઘડતરની એવી જ સેવાભાવના પ્રીછેલી! આવા અનેક નામોમાં ગુજરાતીના નિષ્ણાત શ્રી કલ્યાણભાઇ સાહેબ, સંસ્કૃતના નિષ્ણાત શ્રી રામભાઇ સાહેબ અને અંગ્રેજીના નિષ્ણાત શ્રી અંબાલાલભાઈ સાહેબે તો ગૃહપતિ તરીકે આશ્રમમાં પણ મારામાં ને મારા જેવા બીજા અનેક છાત્રોમાં રસ લઇ અમારાં જીવન ઘડ્યાં છે. એ સાથે શાળામાં પણ અનેક ગુરુજીઓએ અમને વિવિધ વિષયો શીખવ્યા છે જેનું સ્મરણ કરતાં આ ઘડીએ પણ આનંદ સાથે ધન્યતા અનુભવાય છે. ગણિતજ્ઞ શ્રી વાલજીભાઇ, ગુજરાતીના વિદ્વાન શ્રી ઉમેદભાઇ, સંસ્કૃત શીખવનાર શ્રી રતિભાઈ નાયક, હિન્દી શીખવનાર શ્રી મંગળભાઇ, સમાજ-શાસ્ત્રજ્ઞ શ્રી જાનીસાહેબ, અંગ્રેજીના શ્રી જે. યુ. રાવળ અને ભૂગોળ ભણાવનાર શ્રી એમ. યુ. રાવળ એ બંધુ-બેલડી, ગણિતજ્ઞ શ્રી ગોપાળભાઇ, સંગીતશાસ્ત્રી શ્રી ચતુરભાઇ, વિજ્ઞાનશાસ્ત્રી શ્રી લાલભાઈ, ચિત્રકળા નિપૂણ શ્રી રતિભાઇ ગામી, વ્યાયામ-વિશારદ શ્રી ચતુરભાઇ વગેરે અનેક નામો યાદ આવે છે.

સર્વ વિદ્યાલયના સર્વાંગી વિકાસમાં તેના સદ્-ભાગ્યે સાંપડેલા શિક્ષકો તેમ જ નિષ્ઠાવાન અને સેવા પરાયણ આચાર્યગણ છે. આ પરંપરા આજે પણ ચાલુ છે. પૂ. નાથાભાઈ દેસાઇની જગ્યાએ આવેલા હાલના આચાર્ય શ્રીયુત મોહનભાઈ બી. પટેલ છેલ્લા ૨૨ વર્ષથી પ્રણાલિગત નિષ્ઠાથી સુંદર સંચાલન કરી રહ્યા છે તેની નોંધ લેતાં ખૂબ જ આનંદ થાય છે.

કડી છોડ્યા પછી અમદાવાદની ગુજરાત કોલેજમાં બે વર્ષ, ત્યાંથી મુંબઇની ગ્રાન્ટ મેડિકલ કોલેજમાં પાંચ વર્ષ ને ત્યાંથી ઇંગ્લેન્ડ-લંડન પાંચ વર્ષ ગાળી એફ. આર. સી. એસ. થઈ અમદાવાદમાં જ નિષ્ણાત સર્જન ડોકટરની ખ્યાતિ નહિ પણ ગુજરાતભરના સર્જન ડોકટરોમાં નામના રળી શક્યો એનું રહસ્ય શું? એમ વિચારું છું ત્યારે મને કડીની આ સંસ્થાએ સાત વર્ષના ગાળામાં મારામાં જે જ્ઞાન અને સંસ્કારનું સિંચન કર્યું એ જ એક માત્ર જવાબદાર કારણ પ્રતીત થાય છે.

આજે પશ્ચિમના જીવનનો આનંદ જે વરતાય છે. એને કારણે આપણામાં મોટામાં મોટી ઉણપ દેખાતી હોય તો તે શ્રમની સૂગની છે. મારામાં એટલે મારા જેવા કડીની સંસ્થાના બધા જ વિદ્યાર્થીઓમાં જે એક મોટું પ્રદાન મળ્યું છે એ સ્વાશ્રયી જીવનની તાલીમ, કડીની સંસ્થાએ ખાસ કરીને છાત્રાવાસે અમને કામનું ગૌરવ શીખવ્યું, જે અહીં અને ઇંગ્લેંડ બધે જ મારું સાથી બન્યું. ઉચ્ચ અભ્યાસમાં અમે જે એકાગ્રતા દાખવી શક્યા એનું બીજ સિંચન પેલા સ્વાશ્રયીપણામાં રહેલું હતું એ તો આજે સ્પષ્ટ સમજાયું છે. છાત્રાલયમાં હતા ત્યારે ફરજિયાત વહેલા જાગવું, જાતે રૂમસફાઇ કરવી, કપડાં અને વાસણ હાથે ધોવાં એ બધું ત્યારે ભવિષ્યમાં સ્વભાવ ઘડતરમાં અને આત્મવિકાસમાં અત્યંત ઉપયોગી બનનાર છે, એ તો એના ફળસ્વરૂપ આવી સિદ્ધિ પ્રાપ્ત થઇ ત્યારે જ સમજાયું.

આવી સંસ્થાઓ અને એમાંથી મળતી આવી કાયા અને બુદ્ધિપ્રતિભા બંનેની તાલીમ ભાવિ ઉજ્જવળ જીવનમાં કેવો મહત્વનો ભાગ ભજવે છે. એ આજે અનુભવું છું. ત્યારે મારાથી બે હાથ જોડાઈ જાય છે ને મનોમન સ્વર ગુંજી ઉઠે છે.

"પ્રિય સર્વ વિદ્યાલય સોહે!"

*

# મહેસાણા જિલ્લાના ઉચ્ચ શિક્ષણનો આદ્ય સ્રોત.

અંબાલાલ સો. પટેલ
આચાર્ય,
નવીન સર્વ વિદ્યાલય, વડનગર.

"સર્વ વિદ્યાલય" શબ્દ કેવો ભાવવાહી છે! કેવળ ભાવવાહી નહીં પણ જાણે કે અંતરના ઊંડાણમાંથી આવતો આ શબ્દ સાંભળનારના અંતર મનને પણ તેના ભાવથી ભીંજવી દે છે. આવા આ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સ્થાપનાનાં ૬૦ વર્ષ પૂરાં થતાં ઉજવાતો અમૃત મહોત્સવ ખરેખર આનંદનો પ્રસંગ છે. પ્રાતઃસ્મરણીય પૂ. છગનભાના નિષ્કામ તપનું આ સુંદર પરિણામ આજે તો ઘેઘૂર વટવૃક્ષ બનીને સર્વને શીળી શાતા અર્પે છે.

સર્વ વિદ્યાલય પોતાના ધ્યેયને આંબી શક્યું, કારણ કે તે કેવળ વિદ્યાલય ન હતું પણ તે તો આશ્રમ – વિદ્યાલય હતું અને છે. માનવ જીવનના આશ્રમોની જેમ સંસ્થાના જીવનના પણ તબક્કા હોય છે. દર દસ વર્ષનો તબક્કો વિચારીએ તો સંસ્થા તેની પ્રગતિના સાતમા સોપાને આરોહણ કરી રહી છે.

આ જિલ્લામાં સર્વ વિદ્યાલયની સ્થાપના પહેલાં વડોદરા રાજ્યની સરકાર સંચાલિત આઠ દસ એસ. વી. સ્કૂલો અને હાઇસ્કૂલો હતી. તે સમય પરતંત્રતાનો હતો. સમયની માંગ હતી. પરતંત્રતાની બેડીઓ તોડી શકે તેવું શિક્ષણ આપનાર સંસ્થાઓની. સર્વ વિદ્યાલય કેળવણી મંડળે આની પહેલ કરી અને આશ્રમ સંલગ્ન વિદ્યાલયની સ્થાપના કરી. વળી જિલ્લામાં ગામડાં તથા મોટાં નગરોમાં વિદ્યાલયો સ્થાપવા પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરાં પાડ્યાં છે. તાલુકે-તાલુકે પોતાના જ દ્વારા સંચાલિત એવાં એક એક આશ્રમ વિદ્યાલયો શરૂ કર્યાં. જેમણે તાલુકાના ગ્રામ્ય પ્રદેશમાં શિક્ષણ માર્ગદર્શન પૂરું પાડ્યું અને આમ જિલ્લામાં માધ્યમિક શિક્ષણનું પાયાનું કામ કર્યું.

આશ્રમ અને વિદ્યાલયોનો પ્રાણ તેના વિદ્યાર્થીઓ અને શિક્ષકો છે. મંડળના કાર્યકરો વિદ્યાર્થીઓના રોજબરોજના જીવનમાં ખૂબ જ ઓછા આવતા હોઈ છાત્રોનાં જીવન ઘડતરમાં તેમનો ફાળો નહિવત્ હોવા છતાં વિકાસની યોજનાઓ અને સાધનો પૂરાં પાડવાનું કામ તેમનું જ રહે છે. છતાં માટીના પિંડમાંથી સુચારૂ આકાર આપવાનું કામ તો આશ્રમ–વિદ્યાલય-ના ગૃહપતિઓ, શિક્ષકો અને આચાર્યોનું જ રહે છે. સર્વ વિદ્યાલય અને આશ્રમોના આચાર્યો, શિક્ષકો અને ગૃહપતિઓએ પોતાના આચરણ દ્વારા આ કામ કર્યું છે જેની પ્રતીતિ શિક્ષકો પ્રત્યેના વિદ્યાર્થીઓના અહોભાવમાં થાય છે. જે અંતે સંસ્થા પ્રત્યેની અસ્મિતા અને મમત્વરૂપે પ્રગટીને અમૃત મહોત્સવની સંસ્થાની રૂપિયા પચીસ લાખની ટહેલને આંબી જઈ,

કાર્યકરોને પાંત્રીસ લાખની યોજનાઓ મૂકવા પ્રોત્સાહિત કરે છે.

આ કેળવણી મંડળનું જ એક ફરજંદ "નવીન સર્વ વિદ્યાલય – વડનગર" ખેરાળુ તાલુકાના ગ્રામ્ય પ્રદેશની જરૂરિયાત પૂરી કરી રહ્યું છે. પૂ. છગનભાની પ્રેરણા ઝીલીને સ્વ. શ્રી માનચંદભાઈ કુબેરદાસ પટેલના કુટુંબની જ આર્થિક સહાયથી સને ૧૯૪૨ માં શરૂ થયેલું આ વિદ્યાલય ઉચ્ચ માધ્યમિકના વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ સાથે શિક્ષણ યજ્ઞ ચલાવી રહ્યું છે.

શિક્ષણ દ્વારા જનસમાજનાં અજ્ઞાનતા અને વહેમોને હટાવી, સામાજિક કુરિવાજોમાંથી બહાર લાવવાનું કામ આ વિદ્યાલયોએ કર્યું છે. છતાંય સામાજિક કુરિવાજોની પકડ હજુ પણ ઢીલી પડી નથી. તેવું ચોક્કસ જણાય છે.... ત્યારે સર્વ વિદ્યાલયે પોતાનું કામ બદલાયેલા સમયમાં, એવડા ઉત્સાહથી ચાલુ રાખવું પડશે. અને આ ત્યારે જ શકય બનશે જ્યારે ભૌતિક સુવિધાઓની સાથે સાથે સંનિષ્ઠ સેવા પરાયણ ગૃહપતિઓ, શિક્ષકો અને આચાર્યો શોધી લાવવા પડશે.

આપણા સર્વ વિદ્યાલય જેવું જ કામ આણંદની ડી. એન. વિદ્યાલયે ત્યાં ખેડા જિલ્લામાં કર્યું છે. જેમાંથી વિદ્યાનગરનું કેમ્પસ ઉભું થઇ શકયું. ઉત્તર ગુજરાતની યુનિવર્સિટી થતાં આવું વિદ્યાસંકુલ ઉભું કરવાનો પડકાર સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સામે આવી ઉભો છે. આ પડકાર ઝીલી લેવાની શક્તિ પરમકૃપાળુ પરમાત્મા મંડળના કાર્યકરોને આપે તેવી પ્રાર્થના.

મંડળના જે કાર્યકરો દિવંગત થયા છે. અને જેમના નિ'કામ તપથી જ આજનો અમૃત મહોત્સવ ઉજવવાની તક સાંપડી છે તે સર્વ નામી–અનામી કાર્યકરો, આચાર્યો, ગૃહપતિઓ, શિક્ષકોને આજના પ્રસંગે યાદ ન કરીએ તો નગુણા જ કહેવાઈશું.

આ મંડળનું એ સદ્‌ભાગ્ય રહ્યું છે કે પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી સંસ્થાના કાર્યકરો રાજકારણ કે અન્ય પરિબળોને વચ્ચે લાવ્યા સિવાય, અંગત ગમા–અણગમા રાખ્યા સિવાય ખભે ખભા મિલાવીને સંસ્થાનાં કામ એકી અવાજે કરે છે. જનસમાજના કાર્ય માટે તમામ કાર્યકરોને સાત્ત્વિક શક્તિ મળતી રહો તેજ અભ્યર્થના.

---

કેટલાક મહાપુરુષોને મનુષ્યજાત પ્રત્યેના પ્રેમમાંથી પ્રેરણા મળી છે; કેટલાકે તેમની તીક્ષ્ણ મેધાથી આપણે જે વિશ્વમાં વસીએ છીએ તે અંગેની સમજ પ્રાપ્ત કરવામાં આપણને સહાય કરી છે અને કેટલાકે અસાધારણ સંવેદનશીલતાથી સૌન્દર્યનું નિર્માણ કર્યું છે. આ મનીષીઓએ ચિરકાળથી ચાલ્યા આવતા અન્યાય, ક્રૂરતા અને વહેમોનું બળ તોડી પાડે તેવા નક્કર ભાવાત્મક શ્રેયનું નિર્માણ કર્યું છે. આ મહાનુભાવોએ એમની સમગ્ર શકિતથી ભયાનક જંગલીજીવન કરતાં આ મનુષ્યજીવન વધુ ઉન્નત થાય તેવો પ્રયાસ કર્યો છે. સુસંસ્કૃત માણસ એ મૂલ્યોની પ્રશંસા ભલે નહિ કરે તોયે એની હાંસી તો નહિ જ ઉડાડે, બલકે એને સમજવાની કોશિશ કરશે. તે દુર્જનનો તિરસ્કાર કરવાને બદલે દુર્જનતાનાં કારણો શોધીને તેને દૂર કરવાની મથામણ કરશે. આ સર્વ શિક્ષકચિત્તમાં અને હૃદયમાં કોતરાઇ જવું જોઇએ, અને જો તે રહસ્ય એમ કોતરાઇ ગયું હશે તો તે તેનું માર્ગદર્શન પામતી જુવાન પેઢી સમક્ષ શિક્ષણ દ્વારા તે પ્રગટ કરી શકશે.

ડૉ. રાધાકૃષ્ણન્

# યાદ આ રહા હૈ ગુજરા હુઆ જમાના

રતિલાલ સાં. નાયક
રિટા. અધ્યક્ષ અને પ્રાધ્યાપક : ગુજરાતી
ભવન્સ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

સર્વ વિદ્યાલય સંસ્થા સાથે મારે બેવડા સંબંધનો ઋણભાર છે : સને ૧૯૪૨ સુધી હું આ સંસ્થાનો વિદ્યાર્થી હતો; સને ૧૯૫૦ સુધી હું આ સંસ્થામાં શિક્ષક હતો.

વિદ્યાર્થી તરીકે જેમને ભૂલી શકું એમ નથી એ છે : આચાર્ય બાપુભાઈ ગામી, ગણિતના શિક્ષક પોપટભાઇ ગુ. પટેલ, અંગ્રેજીના શિક્ષક છગનભાઇ કા. પટેલ, ગુજરાતીના શિક્ષક ઉમેદભાઈ પટેલ અને 'અનામી'.

બાપુભાઇ ગામી અરવિંદ ઘોષના ચાહક અને યોગના અભ્યાસી. અમારામાં વ્યકિતગત રસ લે. શાળા છોડયા પછી આગળ ભણવા જવાનું થયું તો એમાં પણ ઉપયોગી થવા જીવણલાલ દીવાન ઉપર ભલામણ ચિઠ્ઠી લખી આપેલી. ગામી સાહેબ પાસેથી મહત્ત્વની જીવનશિક્ષા શીખવા મળી તે આ : સ્વભાવ જ માણસને આગળ લઇ જાય છે કે નીચે પછાડે છે માટે સ્વભાવ સુધારણા ઉપર જ બધો ભાર મૂકી જીવનમાં આગળ વધવું.

પોપટભાઈ સાહેબે ગણિતનું જે જ્ઞાન આપ્યું છે એ કયારેય ભૂલી શકીએ એમ નથી. એમની શીખવવાની પદ્ધતિ એવી કે પુસ્તક ઉઘાડવાની જરૂર જ ન પડે. વર્ગમાંથી એક મંદ વિદ્યાર્થીને પકડે ને મહિના સુધી વર્ગમાં એને જ ઊભો કરી પૂછ્યા કરે ને શીખવ્યા કરે. પરિણામે બાકીના બધાનું જ્ઞાન પાકું થઇ જાય. શાળા છોડતી વખતે એમની પાસેથી એક મહત્ત્વની જીવનશિક્ષા મળી : જીવનમાં સંદર્ભ શકિત ખીલવવી. એટલે કે કઇ વસ્તુ કયાંથી મળે એની ખબરદારી કેળવવી.

છગનભાઈ સાહેબ ખૂબ નિયમિત. દરરોજ અમને બબ્બે હોમવર્ક લખાવે અને દરરોજ એ બંને તપાસીને નોટો પાછી આપે. અંગ્રેજીનું અમારું વ્યાકરણ એમના વિના આટલું પાકું ભાગ્યે જ થાત. એમની પાસેથી મહત્ત્વની જીવનશિક્ષા મળી : જે કામ સ્વીકારીએ એ પૂરી વફાદારીથી પૂરું કરવું.

ઉમેદભાઈ પટેલ ગુજરાતીના ખૂબ નિપુણ શિક્ષક. પાછા પોતે કવિ. ભણાવે આખા પિરિયડમાંથી એ તૃતીયાંશ ભાગ જેટલું ને બાકીના સમયમાં પોતે બેસી રહી અમને વાંચવાનું જ કહે, છતાં એમની પાસેથી હૃદયને સાહિત્ય દ્વારા રસાર્દ્ર બલ્કે સ્નેહાર્દ્ર બનવાની જે ટેવ પડી ગઇ એ એમનું અમારા ઉપરનું મોટું ઋણ છે. રમણલાલ વસંતલાલ દેસાઇ, સુંદરમ્, યશવંત શુકલ, ભોગીલાલ સાંડેસરા જેવા સાહિત્યકારો-ના પરિચયમાં એમણે અમને મૂકી આપેલા. આ સાહિત્યકારોનાં પ્રવચનો અમે બધા જ વિદ્યાર્થીઓ ચાલુ પ્રવચને નોટમાં નોંધતા એ ઉમેદભાઇ સાહેબે અમારામાં પ્રગટાવેલા શિવસંકલ્પ તરફના જીવન-અભિગમનો મોટો પુરાવો છે.

'અનામી' પણ ગુજરાતીના શિક્ષક. ખૂબ જ્ઞાની. અમે તો એમને 'હરતો ફરતો જ્ઞાનકોશ' જ કહેતા. એમણે અમને પુસ્તકાલયમાં જતા અને સામયિકો તેમજ ગ્રંથ વાંચતા કર્યા એ એક જ વર્ષ તેઓ અમારી સાથે રહ્યા છતાં મોટું સંભારણું આપી ગયા બરાબર છે. મારો પાછળથી સાહિત્યક્ષેત્રે પ્રવેશ થયો એની પાપાપગલી અનામી સાહેબ મારફતે થયેલી.

આ તો થઇ અમારા શિક્ષકોની વાત. પણ સંસ્થા જેમણે જન્માવી એ પૂજ્ય છગનભાનો પણ અમને લહાવો મળેલો. એમની તળપદી જબાનમાં એમણે આપેલી શીખ આજે પણ હૈયામાં એવી જ કોતરાયેલી સચવાઇ છેઃ ભણ્યા વિના આરો કે ઉગારો નથી. બહેન–દીકરીઓ ભણેલી નહિ હોય ત્યાં લગણ સમાજ ઊંચો આવવાનો નથી. કૂતરાં – બિલાડાંય પોતાનું પેટ ભરીને પોતાને માટે જીવે છે પણ જે બીજાને માટે જીવે છે એનું જ જીવ્યું ઊંચું છે. મેં એમને માટે એક કવિતા લખેલી. એમાં લખેલું :

ભા ! દિવ્ય તમે દ્રષ્ટા;
અમ જ્ઞાનવાડીના સ્રષ્ટા.

હવે હું શિક્ષક થયો એ પછીનાં સ્મરણ નોંધું. નાથાભાઇ ના. દેસાઈ આચાર્ય હતા અને એમના મદદનીશ તરીકે કામ કરવાનું હતું. એમણે મારામાં રહેલા શિક્ષકને જગાડયો ને હું વિદ્યાર્થીમય બની રહ્યો. શનિ રવિ રજાને દહાડે પણ હું શાળાએ જઇને બેસતો ને વિદ્યાર્થીઓ સાથે ગોષ્ઠિ કરતો. વિદ્યાર્થીઓને 'સારું' બતાવો તો 'નરસું' આપોઆપ ભૂલે એ શીખ તેમણે આપી ને મેં વિદ્યાર્થીઓને સાહિત્ય તરફ દોર્યા. વિદ્યાર્થીઓ મને 'કવિ'ના ઉપનામથી જ સંબોધતા. હું એમને ભણાવવાની સાથે સામયિકોમાંથી વાર્તા કે કાવ્ય તરફ પ્રેરતો અને એ રીતે એમને વાંચતા કરતો. પ્રવાસો દ્વારા એમની સાથે ઘરોબો કેળવતો અને એમની પાસેથી ધાર્યું કામ કરાવી શકતો. માણસ એના જીવનમાં સંપત્તિ, સત્તા ને સાહ્યબીને મહત્ત્વ આપે છે ને માને છે કે એ હોય તો જ સુખી થવાય; મને એક નવી વસ્તુ જાણવા મળી કે માણસ જો સ્નેહ રળી શકે ઘણા બધાનો પ્રેમ સંચિત કરી શકે તો એ આજીવન સુખી રહી શકે. સંસ્થા છોડ્યા પછી બીજી સંસ્થામાં ને કોલેજોમાં પણ ગયો છું પણ સતત ઝંખું છું કે પહેલા કાશીમાં કરવત મુકાતું ત્યારે માણસ ઇચ્છે તે પામી શકતો એમ જો મારે માગવાનું હોય તો એક જ માગું : ફરી મને છગનભાના પુણ્યથી પવિત્ર બનેલી સર્વ વિદ્યાલયમાં શિક્ષક થવાનું મળે. મને મારા શિક્ષક તરીકેના એ દિવસો પાછા મળે.

---

આજની આર્થિક, સામાજિક અને રાજકીય બધી સમસ્યાઓનું મૂળ સમષ્ટિહિતની દૃષ્ટિએ મુખ્યપણે વિચાર કર્યા વિના, અંગત કે વૈયક્તિક હિતની દૃષ્ટિએ જ વિચાર કરવામાં અને એવા વિચારને આધારે પડેલ સંસ્કારો પ્રમાણે વર્તવામાં રહેલું છે, તો પછી પ્રશ્ન એ જ વિચારવાનો રહે છે કે આવો દૃષ્ટિકોણ છે કે જેને આધારે સદાચારનું નવું નિર્માણ જરૂરી છે?

ઉત્તર જાણીતો છે અને તે જમાનાઓ પહેલાં અનેક સંતોએ વિચાર્યો પણ છે. દરેક પંથના મૂળમાં એનું બીજ પણ છે, અને છેલ્લે છેલ્લે મહાત્મા ગાંધીજીએ એને જીવન દ્વારા મૂર્ત પણ કરેલ છે. એ સિદ્ધાંત એટલે પ્રત્યેક વ્યક્તિએ સમષ્ટિહિતની દૃષ્ટિએ જ વિચારતાં અને વર્તતાં શીખવું તે. જ્યાં જ્યાં વ્યક્તિગત અને સમષ્ટિગત હિતનો વિરોધ દેખાય ત્યાં ત્યાં સમષ્ટિના લાભમાં વ્યક્તિએ અંગત લાભ જતો કરવો એ જ બધી સમસ્યાઓનો ઉકેલ છે. કુટુંબ, નાત અને શિક્ષણ સંસ્થાઓ બધાં મારફત આ એક જ સંસ્કાર પોષવો ને વિકસાવવો આવશ્યક છે.

— **પંડિત સુખલાલજી**

# "તે માતૃમયી સંસ્થાને કેમ વિસરાય"

ચતુરભાઈ કુબેરદાસ પટેલ
મણિયારી, તા. ચાણસ્મા

આજથી પાંસઠ વર્ષ પહેલાં મહેસાણા જિલ્લામાં જ્ઞાનનો દિપક પ્રગટાવવા માટે પૂ. છગનભાએ કડીની પસંદગી કરી અને શ્રી સર્વ વિદ્યાલય તથા આશ્રમની સ્થાપના કડીમાં થઇ.

હું આ સંસ્થામાં દાખલ થયો તે વખતે આ સંસ્થાની જગ્યાએ ખેતરો જ હતાં. તે વખતે વિદ્યાર્થીઓને રહેવા માટે કોઈ મકાન ન હતું, તેથી કડી ગામમાં ખાખચોકમાં એક જીર્ણ મકાન ભાડે રાખેલું. તે મકાન તદ્દન જીર્ણ હોઈ ઉપર દેશી નળિયાં હોઇ ચોમાસામાં ચોમેર પાણી ચુવે અને અમારી પથારીઓ પલળે તેથી અમે આમ તેમ પથારીઓ ફેરવી રાત ગાળતા. આ અમારું દુઃખ જોઇ પૂ. છગનભાની આંખમાં આંસુ આવી જતાં. આ અમારું દુઃખ તેમનાથી સહન થયું નહિ. તેથી વિદ્યાર્થીઓને રહેવા ભણવા માટે મકાન કરવાની તમન્ના તેમના મનમાં ઉદ્‌ભવી, પણ તે માટે પૈસા લાવવા કયાંથી ? આ માટે તેઓશ્રીએ ગામે ગામ ફરી રૂપિયો રૂપિયો ઉઘરાવવાની ભીખ શરૂ કરી. તેમનાથી શરૂ કરી તેમના દિલમાં એક અડગ શ્રદ્ધા હતી કે આપણો સમાજ ગામડે મોટો વસે, તેમની પાસે કેળવણી માટે ભીખ માગવામાં કંઈ જ નાનમ નથી, અને રૂપિયા જેવી રકમ કોઇને ભારે પણ પડશે નહિ. તેવી શુદ્ધ ભાવનાથી તેઓએ આપણી આજની સંસ્થાની જમીન ખરીદવાનું, અને પાયા રોપવાનું બી રોપ્યું. પછી તો ધીમે ધીમે અમે તે વખતના વિદ્યાર્થીઓ અને અમારા ગુરુશ્રીઓ તથા પૂ. છગનભા ગામડે ગામડે ફરતા; ગામમાં સંવાદો, સંગીત, રાસલીલા અને સામાજિક ગીતો, સંવાદો, ભાષણો વગેરે સાંજ ઉપર કરી ગ્રામજનો આગળ મનોરંજન કાર્યક્રમો ગોઠવી તેમનાં દિલ જીતી અમે ગામે ગામ સારો એવો ફંડ ફાળો મેળવતા; અને એ રીતે ધીમે ધીમે આ સંસ્થાની જમીન ખરીદવાની, અને મકાનો બાંધવાની શરૂઆત થઇ.

હું આ સંસ્થાનો જૂનો અને પ્રથમનો વિદ્યાર્થી હતો. તે વખતે આ જ સંસ્થાના પાયા નંખાયા, અને અમે તે વખતના વિદ્યાર્થીગણ કવાયતમાં ઇંટવાડાથી પાયા ઉપર અમુક ઇંટો લાવવાનો દૈનિક કાર્યક્રમ ગોઠવેલ, ને પછી જ અમને દરેક વિદ્યાર્થીને નાસ્તો મળતો. તેવી પ્રથા કરી હતી; એટલે એક પંથ ને દો કાજ સરતાં. એક તો કસરત થતી અને પાયા ઉપર ઇંટો લાવવાની મજૂરી બચી જતી; એટલે આ એ તે વખતના વિદ્યાર્થીગણને ગૌરવ લેવા જેવી વાત છે.

વળી તે વખતે એક સંગીત વર્ગ પણ ચાલતો. મને સંગીતનો શરૂઆતથી જ બહુ શોખ. મધુર કંઠની કુદરતી બક્ષીસ. ગાવામાં તે વખતે એક્કો હતો.

આશ્રમમાં અને વિદ્યાલયમાં મને બધા 'મણિયારી' નામથી જ ઓળખતા. આશ્રમમાં વહેલી પરોઢે અને સાંજે તેમજ વિદ્યાલયમાં હું હારમોનિયમ સાથે પ્રાર્થના કરાવતો; અને હરકોઇ કાર્યક્રમ વખતે સંગીતના કાર્યક્રમમાં મારો અગ્રભાગ રહેતો. તે વખતે એક પ્રસંગે આપણા મહારાજ શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડ કડીમાં પધારેલા, અને આપણી સંસ્થા સામે, રેલ્વે સ્ટેશન સામે રેસ્ટ હાઉસમાં મુકામ કરેલો. તેઓશ્રી પણ અમારી પરોઢની પ્રાર્થનાનો મધુર સૂર સાંભળી આપણી સંસ્થા તરફ આકર્ષાયેલા અને ઓચિંતી આપણા આશ્રમની મુલાકાત લઇ આ સંસ્થા સારું એવું કામ કરી રહી છે, તેનો તેઓશ્રીને સંતોષ થયેલો; જેથી સંસ્થાને સારી એવી વાર્ષિક મદદ અને વિદ્યાર્થી ભોજન આપવાનો હુકમ કરેલો.

તે વખતે શ્રી ઝવેરચંદ મેઘાણીનાં લોકગીત જેવાં કે 'દાદા તે દિકરી વઢીયારે ના દેજો જો' 'કાસમની વીજળી' 'દરિયાની માછલી' વગેરે વગેરે હું ખૂબ ગાતો, જેથી આશ્રમના વિદ્યાર્થી ગણ અને ગુરુગણને આનંદ પમાડે તેવું વાતાવરણ થતું, તે મને બહુ યાદ આવે છે.

મારા તે વખતના વિદ્યાર્થીજીવન વખતે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેવા અમારા ગુરુ સ્વ. શ્રી બાપુભાઈ ગામી, શ્રી પોપટભાઈ ગુલાબદાસ અને શ્રી છગનભાઈ કાળીદાસ હતા. ઋષિ જેવા ભવ્ય તેજસ્વી શ્રી બાપુભાઈનો દેખાવ જ આખા વાતાવરણને આશ્રમી જિંદગીથી ભરી દેતો. શ્રીમદ્ ભગવત્ ગીતાના શ્લોકો ગવરાવી ગીતાના જ્ઞાનનો રસ રેડતા. સાદાઈ, સ્વચ્છતા અને ઉચ્ચ વિચાર તરફ સહુને ખેંચતા. શ્રી પોપટભાઈ સાહેબ વગર બોલે ચાલ્યા જતા; 'ઘુંઘટ કા પટ ખોલ તુઝે રામ મીલેંગે' એ ગાયનની લીટી ઉપર આંખની નજર માત્રથી જે કહેવાનું હોય તે કહી દેતા અને વ્યવસ્થા સ્થાપી દેતા. વિદ્યાર્થી પછી ભલે તે તોફાની હોય કે ઠોઠ હોય, પણ કુનેહથી તેની સાથે કેવી રીતે કામ લઈ તેનામાં જ્ઞાનવિદ્યા પ્રગટાવવાની તે શ્રી પોપટભાઈ પાસે સારી એવી આવડત હતી. આખી સંસ્થાના જાણે કે પાયાના સંસ્કાર સિંચનાર તે ઋષિવર્યોને કેમ વિસરાય!

અમારા તે વખતના ગુરુ સ્વ. શ્રી ઉમેદભાઈ, શ્રી વાલજીભાઈ, શ્રી રાવલ સાહેબની ત્રિપુટી અને વિદ્યાર્થીઓના સાહિત્ય અને ભૂગોળના જ્ઞાન તરફની અભિરુચિ કેળવતી આનંદી વાતાવરણ સદા ખડું કરતી. આ અને બીજા તે વખતના અમારા ગુરુઓ તેઓના તે વખતના ટૂંકા પગારમાં સંતોષ માની એક સંસ્થા માટે અને વિદ્યાર્થીઓ માટે ચોવીસે કલાક એક તમન્નાથી કામ કરતા. આ બધા સાચા સેવકોને કેમ વિસરાય? વધુમાં તે વખતના મારા સહાધ્યાયી શ્રી ભાઈલાલભાઈ જી. પટેલે પણ આ સંસ્થામાં રહી અભ્યાસ કર્યો. પછી આજ સંસ્થામાં કાયમથી રહી સંસ્થાની પ્રગતિ સાધવામાં સારી એવી સેવા અદા કરી છે.

આ પછી તો સંસ્થામાં કેટલાયે શિક્ષકો આવ્યા અને ગયા, અને સંસ્થાની ને વિદ્યાર્થીઓની સેવા કરતા ગયા. તેમાં શ્રી નાથાભાઈ નારણદાસ દેસાઈ સાહેબ આચાર્ય તરીકે ઘણો વખત આ સંસ્થામાં રહી આ સંસ્થાના વિદ્યાર્થીઓનાં મન ઉપર સારા સંસ્કારો રેડવામાં અગ્ર ભાગ ભજવેલ, અને તેમના ચીલે ચીલે આચાર્ય શ્રી મોહનભાઈ સાહેબ અને સ્વ. શ્રી ચતુરભાઈ, વ્યાયામ શિક્ષક અને અન્ય શિક્ષક ગણ આ જ સંસ્થાની સેવા આપી ગયેલ, અને આપી રહ્યા છે. મેં આ જ સંસ્થાની ગોદમાં મારા દીકરાઓને દાખલ કરાવી તેમનું જીવન ઘડતર આ જ ભૂમિ ઉપર બિનકલુષિત વાતાવરણ વચ્ચે અને આવા સેવાભાવી આચાર્યો, શિક્ષકો પાસે ઘડાવ્યું છે. (જેથી મારી આ માતૃભૂમિ ઉપર અવરજવર ચાલુ હતી અને કાયમ રહેશે.) સારી એવી આબોહવા અને નિર્મળ સ્વચ્છ વાતાવરણમાં રહી

તેમની પાસેથી અમારા દીકરાઓએ ઉચ્ચ સંસ્કારો મેળવ્યા અને આજે પોતાના સ્વતંત્ર વસવાટોમાં રહી સારી એવી જગ્યા ઉપર અને બીજા ભાઇઓને પણ ઉચ્ચ શિક્ષણ અપાવવાની અભિલાષા સેવી રહ્યા છે. તે બધું આ માતૃમયી સંસ્થા અને તેમનું જીવન ઘડતર શ્રી આચાર્યો અને સર્વે શિક્ષણગણને આભારી છે. તે માતૃ-સંસ્થાને કેમ વિસરાય ?

પૂજ્ય દાસકાકા પણ અમ વિદ્યાર્થીગણની, આશ્રમ તથા વિદ્યાલયની અવાર નવાર ખૂબ સંભાળ લેતા. તેઓશ્રી ઘણી વખત અમારા કલાસ પણ લેવા આવતા; અને અમારું જીવન ઘડતર ઊંચે લાવવા વિદ્યાર્થીઓમાં આવી મીલનસાર સ્વભાવથી અમારા વચ્ચે બેસી ખૂબ ખૂબ વાતો કરતા. એક વખત તેઓશ્રી અમારા તે વખતના ચાલતા અમારા અંગ્રેજી બીજા-ત્રીજા ધોરણમાં કલાસ લેવા આવેલા. તે વખતે તેઓશ્રી અમોને અમારા કલાસમાં રમુજી ટુચકા બહુ કહેતા. તેમાંની એક ઊંટની વાત તેઓશ્રીએ અમારા કલાસમાં માંડેલી તે મને હજુ પણ સાંભરે છે. એવા પૂ. દાસકાકા શરૂઆતથી અને હજુ સુધી પણ આજ સંસ્થાનો ઉત્કર્ષ સાધવામાં તેઓશ્રીનો અમૂલ્ય વખત આપી જે સેવા આપી રહ્યા છે. તે ખૂબ પ્રસંશનીય છે.

આ ઉપરાંત તે વખતે આપણી આ માતૃભૂમિને મદદરૂપ થતા અને સંચાલન કરતા શ્રી રામચંદ્ર જ. અમીન સાહેબ, પૂજ્ય સ્વ. શ્રી જેઠાલાલ સ્વામિનારાયણ પ્રોફેસર સાહેબ, શ્રી રતિભાઈ અમીન સાહેબ વગેરે અને બીજા ઘણા ભાઇઓએ તેમના અમૂલ્ય વખતનો ભોગ આપી, સેવાઓ કરી આ સંસ્થાના પાયા મજબૂત બનાવ્યા છે તે વિસરે તેમ નથી.

અંતમાં નાનપણમાં આવી માતૃમયી સંસ્થામાં રહી મારા જીવનનું ઉચ્ચ ઘડતર ઘડી કેળવણી એ શું ચીજ છે. તેવી સુવાસ અને સંસ્કારો આજ સંસ્થામાં રહી મેળવી નાનપણના મારા આ સંસ્થાના જ્ઞાન દીવાથી અત્યારનું સારું એવું જીવન ગૂજારી રહ્યો છું. તે બધું આ માતૃમયી સંસ્થામાંના મારા ઉચ્ચ જીવન ઘડતરના કારણરૂપ છે તે વિસરી શકાય તેમ નથી.

આ પછી મારા જ ગામના અને મારી આજુ-બાજુના ઘણા જ વિદ્યાર્થીઓએ આ સંસ્થામાં રહી ઉચ્ચ જીવન ઘડતર પામી તેમાંથી ઘણાઓ સારા એવા ધંધે અને ઉચ્ચ કક્ષાએ છે; જે આ સંસ્થાની ઉચ્ચ પાયાની કેળવણી અને સંસ્કારને આભારી છે; જે કોઈનાથી વિસરાય તેમ નથી.

આવી માતૃ સંસ્થાના વિદ્યાર્થી હોવાનો સદાય ગૌરવ અનુભવતો રહું એ જ પ્રભુ પાસે પ્રાર્થના.

---

**Force is not a solution for man's problems. Force on its own is nothing It never has the last word. Perhaps you you find it strange that I, a professional soldier, should say that to you.**

**– General MacArthur**

# વિદ્યાર્થી આશ્રમના આદ્ય મકાનનો ખાતમુહૂર્ત પ્રસંગ

[ વૈશાખ સુદ ૫ ૧૯૭૯ ]

જનસમાજની ઉન્નતિ અર્થે મંથન કરનાર પુરુષો માટે આજનો દિવસ માંગલિક હતો. સપરમો દિવસ સવારથી જણાય તે પ્રમાણે આજે જ્ઞાતિ તેમજ દેશોન્નતિના અભિલાષી પાટીદારો નિત્ય કર્મથી પરવારી વહેલા મળસકામાં મંડપ તથા મુહૂર્તના સ્થાન પર પોતપોતાના કાર્ય નિમિત્તે આમતેમ ઉમંગભેર ફરતા હતા. પાટીદાર જ્ઞાતિની કે કહો ગુજરાતની ઉન્નતિના માર્ગની ગતિમાં આજે એક સબળો ઉમેરો તેમજ દરેકના મનનું દઢીકરણ કરનારું કાર્ય આ મંગળ પ્રભાતે થનારું હતું. ગુજરાતના આધારભૂત પાટીદાર કોમ તરફથી પોતાના પાડોશી બંધુના લાભાર્થે સ્વપ્રયત્નથી અને સ્વબળ ઉપર અવલંબી એક ભવ્ય વિદ્યાર્થી આશ્રમની ઇમારતનું આજે ખાતમુહૂર્ત હતું.

સુવિદ્વાન સુશીલ શાસ્ત્રી મણિશંકર આ શુભ કાર્ય કરાવવા તૈયાર થઈ રહ્યા હતા. તેમણે મુહૂર્ત સ્થાન નક્કી કરી આપતાં જણાવ્યું કે આ કાર્યમાં પૂર્ણ ખંત ઉત્સાહ તેમજ પ્રેમ ધરાવનાર કોઇ સશક્ત પુરુષ પાસે આ ખોદાવો, તદ્નુસાર આદ્રજના પટેલ રણછોડભાઇ કાળીદાસને સુચના કરતાં પવિત્ર ગંગાજળથી પ્રોક્ષિત, કુમકુમ અક્ષતથી પૂજા પામેલી ભૂમિ ઉપર તેવી જ પૂજા પામેલો ત્રીકમ હાથ ધરી,

सहनाऽवतु सहनौभुनक्तु सहवीर्यं करवावहै
तेजस्विनावधीतमयस्तु माविद्विषावहै ।
संगच्छध्व संवदध्वं संवो मनांसि जीनताम ।
समानो मंत्र स्समिति स्समानी समानं मनस्सह चित मैषाम ॥

ऋग्वेद

આદિ વેદ મંત્રોચ્ચારણ સહિત સૂર્ય સન્મુખ ઊભી પૂર્ણ ઉલ્લાસથી તેમણે કાર્ય શરૂ કર્યું. સ્વશકિતપદથી ગર્વાંકિત ગૌર ભાલ પ્રદેશ વચ્ચેનું ત્રિપુંડ, કાર્ય પરત્વેની અંતર ઊર્મિઓનો સાક્ષાત્ કરતો મુખમુદ્રા પર આનંદ સાથે આધેડ વયના ઠરેલપણાની છાપ તથા પરિશ્રમને લઇને વળતાં પરસ્વેદનાં ઝીણાં ઝીણાં બિંદુઓ પર બાલ સૂર્યનાં સોનેરી કિરણો પડતાં તેમની જે સુંદર મનોહર ભાવનાયુક્ત મૂર્તિ દેખાતી તે આ આશ્રમમાં રહી કેળવણી પામનાર ગુર્જર બાળકો ભવિષ્યમાં કેવાં થવાનાં છે તેના નમૂનારૂપ જાણે ન હોય તેવો ભાસ થયા સિવાય રહેતો નહોતો. ખોદવાનું કાર્ય પૂરું થતાં પૂજાનું કાર્ય શરુ થયું.

ઘડિયાળમાં આઠ થવા આવ્યા. પાસે રચેલા સુંદર, સુઘડ ભભકારહિત છતાં મનને આલ્હાદ આપનારી સામગ્રીથી સજ્જીત મંડપમાં, નિમંત્રેલા ગામપરગામના ગૃહસ્થોની ઠઠ જામી હતી. વિદ્યાર્થીઓએ પ્રસંગને અનુસરતું 'સુખદાયિની સરસ્વતિ માતા તું' નામની સ્તુતિથી મંગલાચરણ કર્યું. તે પુરું થતાં, તથા અહીં

મુહૂર્તનો સમય થતાં શ્રીમાન્ શેઠ દુર્ગાપ્રસાદભાઇને મુહૂર્તસ્થાન પર નિમંત્ર્યા. સર્વ મંડપસહ તેઓશ્રી ત્યાં પધાર્યા. સઘળા નિમંત્રિત દેવતાઓનું પૂજન કરી બરાબર સવાઆઠ થતાં વિધિયુકત ખાત ક્રિયા કરી આનંદમગ્ન થઈ નિમંત્રેલા દેવતાઓની પ્રસાદીરૂપ ગોળધાણાથી સર્વેએ મ્હોં મીઠાં કર્યાં. આ ક્રિયા પૂરી થતાં સરસ્વતિ દેવી સહિત સર્વે મંડપમાં ગયા. અગ્રસ્થાને મૂર્તિદેવી બીરાજ્યાં. તેમના દક્ષિણ હસ્તે તે ભારતીના પરમ ઉપાસક નારાયણ સ્વરૂપ સ્વામીશ્રી વિદ્યાનંદજી તથા સ્વામીશ્રી દયાનંદજી વિરાજ્યા, તથા વામ ભાગની જગ્યા દેવીના ઉપાસકોને અનુમોદન અને પ્રોત્સાહન આપવા હંમેશ તૈયાર શેઠશ્રી દુર્ગાપ્રસાદભાઇ તથા શેઠશ્રી સોમનાથ રૂપજીભાઇએ લીધા બાદ પોતપોતાની યોગ્યતા પ્રમાણે સર્વ આસપાસ ગોઠવાઇ ગયું. દેવીનાં સ્તવન-સ્તુતિનું કાર્ય શરૂ કરતાં પ્રથમ કડી શહેરનું કહો કે કડી પ્રાંતનું કહો અગ્રગણ્ય અમીન કુટુંબના મુખ્ય અમીન ચતુરભાઈ રાધાભાઇએ પધારેલા સર્વ પ્રાહુણાઓને આવકાર આપતાં જણાવ્યું કે આજનો માંગલિક સમારંભ સર્વને સુવિદિત છે. શ્રીમંત મહારાજા સાહેબના કેળવણીના ઉચ્ચ આશય અને સબળ પ્રયત્ને આપણામાં કાંઈક જાગૃતિ આવી છે. કેટલાંક વર્ષથી જ્ઞાતિ સુધારાની હીલચાલ તરફ આપણાં ધ્યાન દોરાયાં છે અને તે માટે અત્યાર સુધીમાં ઘણા પ્રયત્નો પણ કર્યા છે. જેમાંથી દરેકે સમાજ ઉપર જરૂર કાંઇને કાંઈ અસર કરી છે જ, પ્રથમ પ્રયત્નમાં આપણે સંવત ૧૯૬૩-૬૪ માં કડીમાં ખેડૂત-સમાજ સ્થાપી, જેણે થોડા વખત કેટલુંક કાર્ય કર્યું, અને જો કે અદશ્ય થઈ છતાં સમાજ પર કાંઇક છાપ પાડતી ગઈ. અને સંસ્કારનાં કેટલાંક બી વેરતી ગઇ.

આ સિવાય જ્ઞાતિમાં તેમ જ કડી પ્રાંતમાં વચ્ચે ઘણી હીલચાલ થઈ છે. સંવત ૧૯૭૫માં સદર કેળવણી મંડળ સ્થપાયું અને સંવત ૧૯૭૬ માં હાલ ચાલતાં વિદ્યાર્થી આશ્રમની અહીં સ્થાપના થઈ. સંવત ૧૯૭૮થી તેના અંગે એક શાળા પણ ચાલુ કરવામાં આવી છે. આ બધાને પા. છગનલાલ પીતાંબરદાસના જ્ઞાતિ સુધારણાના ઉમદા આશય અને તે માટેની પૂર્ણ ખંતનાં પરિણામ હું માનું છું. તેમના નજીકના સંબંધીઓ અને જ્ઞાતિભાઇઓ-બાર ગોળના આગેવાનોએ આ કાર્યને પોતાનું કરી ઉપાડી લીધું છે. અને તેમ કરી તેમણે કાર્યની અને છગનલાલ પટેલની ખરી કદર કરી બહાર પોતાની પણ કદર કરાવી છે. અત્યાર સુધી બધું તેમણે નીભાવ્યું છે, એમ જ કહેવાય. હવે સ્વરૂપ વિશાળ થયું છે, અને ઘણાએ મદદ કરવી જોઇએ. આશ્રમને પ્રથમ જરૂરિયાત મકાનની છે. જે તરફ દરેકે ધ્યાન ખેંચવાની જરૂર છે.

[ સંસ્થાના સં. ૧૯૭૬-૭૭-૭૮ ના પ્રથમ છપાયેલા નિવેદનમાંથી ]

# સંસ્થાની સ્થાપના

( ખાતમુહૂર્ત પ્રસંગના મંત્રીશ્રીના નિવેદનમાંથી )

અંતે નિશ્ચય કર્યો કે કોઇની રાહ જોયા સિવાય સંવત ૧૯૭૫ની અક્ષય તૃતીયાને દિવસે આ માટે કાંઇક કરવા કડી પ્રાંતના ગામોમાં નીકળી પડવું અને તે પ્રમાણે કર્યું. પ્રથમ મુકામ શેરથા કર્યો. જ્યાંથી ઘણો ઉત્સાહ અને ટેકો મળ્યો. એક ગામથી બીજે ગામ દશેક દિવસ ફરતાં કાંઇક આશા બંધાઇ અને વૈશાખ સુદી પૂર્ણિમાના ઊંઝા મુકામે ઉમિયાજીના ભરાતા મેળામાં જઇ આ બાબતનો વધુ ઉહાપોહ કરવાનો ધાર્યો. ત્યાં આવવા કેટલાક મિત્રો અને જાણીતા પુરુષોને જણાવ્યું. જ્ઞાતિસભાઓ વખતના તથા કેટલાએક અન્ય પ્રસંગોને લઇને જ્ઞાતિ તરફથી તેમની લાગણી અને બુદ્ધિમાં મને કાંઇક ભરોંસો હતો એવા વયોવૃદ્ધ જ્ઞાતિ શુભેચ્છક પટેલ છગનલાલ પીતાંબરદાસને તેમને ગામ કાગળ લખી પૂર્ણિમા ઉપર ઊંઝા આવવા જણાવ્યું. જે પ્રમાણે તેઓ અચૂક આવ્યા. ઉમિયાજી ઘણા લોકો ભેગા થયા હતા તેમની વચ્ચે જ્ઞાતિમાં કેળવણીની આવશ્યકતા વિષેની વાત છેડી. પટેલ છગનલાલ પીતાંબરદાસ સેરથાના આગેવાનો કે જેઓ ખાસ આ કાર્યને ટેકો કરવા માટે જ ત્યાં આવ્યા હતા તે તથા પટેલ લલ્લુભાઇ સોમનાથે આ વાત સારી રીતે ઉપાડી તેનું સમર્થન કર્યું અને થોડા મુખ્ય ગામોના આગેવાનો થોડા દિવસમાં કોઈ સ્થળે ભેગા કરી ચોક્કસ વિચાર કરવા ઠરાવ્યું. તદ્દનુસાર સંવત ૧૯૭૫ના જેઠ સુદી ૧૧ના રોજ સરઢવ મુકામે એક નાનકડી સભા ભરી **શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ**ની સ્થાપના કરી. તથા કડી પ્રાંતના મુખ્ય અને સગવડવાળા સ્થાન કડી અને મહેસાણા પૈકી જ્યાં સરળતા અને અનુકૂળતા મળે ત્યાં એક વિદ્યાર્થી આશ્રમ ખોલવા નક્કી કર્યું. સંસ્થા ચાલુ થયે પોતપોતાના ગામથી મદદ કરવા ઘણા આગેવાનોએ કહ્યું. તથા શરૂઆતના ખર્ચ માટે એક નાની રકમ એકત્રિત કરી. આ સઘળા કાર્યમાં શેરથાના આગેવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઇ આગળ પડતું કામ કર્યું હતું.

અને પટેલ છગનલાલ પીતાંબરદાસે પણ લીધું કે જ્યાં સુધી કડી પ્રાંતમાં વિદ્યાર્થી આશ્રમની સ્થાપના ન થાય ત્યાં સુધી મિષ્ટાન્ન લેવું નહિ. આજથી એ શરીરે ડોસા પણ મનથી ખરા જુવાન પ્રયત્નશીલ લાગણીવશ પુરુષ સાથે મારે મૈત્રી થઇ. બંને ઘણો વખત ગામેગામ સ્થળેસ્થળ ફર્યા અને કાર્યની સરળતા સારુ ભૂમિ ખેડી, પરિણામે સંવત ૧૯૭૬ના ચૈત્ર સુદ-૨ ને સોમવારે કડી મુકામે વિદ્યાર્થી આશ્રમ ખુલ્લો મૂકી વૃદ્ધ છગનલાલની બાધા મુકાવી. આ શરૂઆત વખતે અમારી પાસે લગભગ પોણોસો રૂપિયા રોકડા હતા અને તે શેરથા ગામ તરફથી મળ્યા હતા. પહેલે દિવસે સાત વિદ્યાર્થી અને થોડા સમયમાં પચીસની સંખ્યા થઈ. સંસ્થા ઉઘાડી પ્રથમ ખબર અમે આદરજ મેડા આપી ત્યાંના આગેવાનોએ તે વાત ઉપાડી લીધી. પોતે મદદ કરી અને બીજાને કરવા પ્રેર્યા. પોતાના લાગતા-વળગતા તરફથી મદદો હંમેશ કરાવી તેમનાં મગજ પણ આ તરફ દોર્યાં; પરિણામે તેમના જથ્થાના પંચ તરફથી આ સંસ્થાનું સ્થાયીપણું કરવા માટે મકાન બાંધવાના કામમાં લેવા તેમની પાસે હતું તે સર્વસ્વનું દાન રૂ. ૬૯૦૦) ની રકમ આ સંસ્થાને મળી. સંસ્થા ખોલ્યા બાદ અત્યાર સુધી કડી-પ્રાંતના ઘણા આગેવાનોએ પ્રસંગોપાત યથાશક્તિ મદદ કરી છે તેમાં આદરજ-મેડાના આગેવાનોની મદદ મોટી છે. તેમાં પણ ભગત પટેલ ધનશા જેકરણદાસ તથા પટેલ માધવજી ત્રિભોવનદાસે આ કાર્ય સાથે જે લક્ષ્ય જોડયું છે તે અનુપમ અને અનુકરણીય છે. તેમના પ્રયત્ન થકી જ નિરાધાર સંસ્થા આજ સુધી ટકી છે અને આ સ્થિતિએ પહોંચી છે એમ સત્યની ખાતર કહેવું જ જોઇએ.

[ સં. ૧૯૭૬-૭૭-૭૮ ના સંસ્થાના છાપેલા નિવેદનમાંથી ]

જે માણસ પોતાનાં અને બીજાનાં બાળકોને ભણાવે છે,
તેનાથી બીજી કોઇ દિવ્યતા હું જોતો નથી.

—સોક્રેટીસ



પ્રકીર્ણ—

# શિક્ષણની આવતી કાલ

ડૉ. હરિભાઈ જી. દેસાઈ
પ્રોફેસર અને અધ્યક્ષ,
શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ – ૩૬૦૦૦૫

'શિક્ષણની આવતી કાલ' કેવી ઊગશે તેની થોડીક તાસીર, આવતી કાલનો શિક્ષક શી રીતે વર્તશે તે દ્વારા, અહીં રજૂ કરી છે.

## આવતી કાલનો શિક્ષક શું નહીં કરશે ?

* નબળા વિદ્યાર્થીની હાંસી નહીં ઉડાવે, કારણ કે હાંસી ઉડાવવાથી ધિક્કાર જન્મે છે તેની એને ખબર જ હશે.
* 'શાબાશ' 'સરસ' 'વાહ' જેવા શબ્દો વાપરી વિદ્યાર્થીને ફુલાવી નહીં દે, કારણ કે તે જાણતો જ હશે કે વખાણ એક એવી દવા છે જે કાનને રુચે પરંતુ સ્વાસ્થ્યને હાનિકારક નીવડે.
* છાશવારે વિદ્યાર્થીનું મૂલ્યાંકન વ્યક્ત કરતાં વિધાનો નહીં કરે, કારણ કે સતત મૂલ્યાંકન ચિંતા જન્માવે છે એવું એને સમજાયું હશે.
* નટખટી વિદ્યાર્થીને 'મોટા ભા' નહીં કરે, કારણ કે આમ કરવું વધુ ગેરશિસ્તને જન્માવે છે એવી કોઠા સૂઝ એ ધરાવતો હશે.
* વર્ગમાં ક્ષમા, ઉદારતા, પવિત્રતા, પ્રામાણિકતા જેવી ગુણલક્ષી સંકલ્પનાઓ પર વિદ્વત્તાભર્યાં સંભાષણો નહીં કર્યા કરે, કારણ કે એને ખબર જ હશે કે આવા ગુણ પ્રવચનથી નહીં પરંતુ પ્રત્યક્ષ વ્યવહારથી જ શીખવાય છે.
* ખોટી પીંજણ કરી વિદ્યાર્થીઓ માટે 'બામ' નહીં બને, કારણકે પીંજણથી રસક્ષતિ થાય છે તેનું એને ભાન હશે.
* શિસ્તના આગ્રહ માટે ગુસ્સાભર્યાં વાગ્બાણો નહીં છોડે, કારણ કે 'કમજોર ઔર ગુસ્સા બહોત' ભાષાપ્રયોગ એ સમજતો હશે.
* વિદ્યાર્થીના માબાપ આગળ વટપણું નહીં દાખવે, કારણ કે આવું કરવા જતાં માબાપનું મન નહીં કળાય એની તેને ખબર હશે.
* વિદ્યાર્થીને કાચના વાસણની પેઠે 'સાચવશે' નહિ, કારણ કે તેને ભાન હશે કે આવી વૃત્તિ વિદ્યાર્થીઓમાં પરવશતા કેળવે છે.
* આખો વખત 'ભણાવ – ભણાવ' નહીં કરે, વિદ્યાર્થીને 'ભણવા' દેશે, કારણ કે એ જાણતો હશે કે અધ્યયન અને અધ્યાપન પર્યાયો નથી.
* " મારું જો ચાલે તો... " આવો શબ્દપ્રયોગ નહીં કરે, કારણ કે એમાં શિક્ષકની નિષ્ફળતાની ગવાહી રહેલી છે એટલું એ સમજતો હશે.

* સતત બોલ બોલ કરી વિદ્યાર્થીના મનના દરવાજા બંધ નહીં કરે, કારણ કે એને જીવવું હશે. વિદ્યાર્થીઓને બોલ બોલ કરતા શિક્ષકની એલર્જી હોય છે એ પણ જાણતો હશે.

* વિદ્યાર્થી આગળ પોતાની શક્તિનાં બણગાં નહીં ફૂંકે, કારણ કે તેને ખબર હશે જ કે શિક્ષકની શક્તિ માપવાનું સાચું 'બેરોમીટર' વિદ્યાર્થીઓ જ હોય છે.

* વિદ્યાર્થીના ખરાબ વર્તન બદલ શિક્ષા નહીં કરે, કારણ કે તે સમજતો હશે કે ખરાબ વર્તન અને શિક્ષા એક બીજાનો છેદ ઉડાડતા નથી પરંતુ પરસ્પર દ્વિગુણિત કરે છે.

## આવતી કાલનો શિક્ષક શું કરશે ?

* કુશળ સર્જનની અદાથી વિદ્યાર્થીના અવગુણો પર જ કાપ મૂકશે, કારણ કે ગમે ત્યાં કાપ મૂકતાં તો વિદ્યાર્થીના વ્યક્તિત્વ પર ઉઝરડા થાય તેની એને ખબર હશે.

* વિદ્યાર્થીની મર્યાદાઓનું નિદાન કરવાનું બંધ કરશે, કારણ કે તેણે અનુભવ્યું હશે કે શિક્ષક જે ઊણપો બતાવે તે ઊણપોને વિદ્યાર્થી આત્મસાત કરે છે.

* તાલીમી મહાવિદ્યાલયમાં સાંભળેલાં ભાષણોને અભરાઇ પર મૂકશે, કારણ કે તેને અનુભવે સમજાયું હશે કે જેમ સો રૂપિયાની નોટ હોટલમાં ચા પીવા કે મસાલાવાળું પાન ખરીદવા માટે નકામી નીવડે છે તેમ તાલીમી મહાવિદ્યાલયમાં સાંભળેલાં ભાષણો વર્ગની તાત્કાલિક પરિસ્થિતિમાં ઉપયોગી નીવડતાં નથી; ત્યાં તો નરી વ્યવહાર કુશળતા અને કૌશલ્ય કામ આપે છે.

* વિદ્યાર્થીના મનમાંથી ભયને નિર્મૂળ કરશે, કારણ કે તે સમજશે કે ભયમુક્ત વ્યક્તિ જ નવીન ઉપક્રમો અપનાવી શકે.

* ગૃહકાર્ય આપશે તો અવશ્ય તપાસશે, કારણ કે તપાસ્યા વિનાનું ગૃહકાર્ય માનસિક કોહવાટ પેદા કરે છે તેની એને ખબર હશે.

* વિદ્યાર્થીની ઊણપોને વામન ગણશે, વિદ્યાર્થીના ગુસ્સાને ઓગાળશે, તેની અસ્મિતા જગાવશે.

* એને માત્ર વિદ્યાર્થીના 'ગૃહકાર્ય' માં રસ નહીં હોય 'ગૃહ' માં પણ રસ હશે.

* પોતાના પારદર્શક વ્યક્તિત્વથી વિદ્યાર્થીનાં મનનાં દ્વાર ખોલશે, હૃદયના તાર જોડશે.

## આવતી કાલના શિક્ષકના વર્તન – આરોહ અવરોહ

* વિદ્યાર્થીની ટીકા નહીં કરે, સ્નેહ દાખવશે; ધક્કો નહીં મારે, પ્રોત્સાહિત કરશે; અપમાન નહીં કરે, અરમાન જગાડશે.

* વિદ્યાર્થી કે માબાપનું અહમ્ ઘવાય એવી રીતે નહીં વર્તે, ઘવાયેલા અહમ્ પર મરહમ લગાવશે.

* જીભનો ઉપયોગ ટીકા કરવામાં નહીં કરે; વિદ્યાર્થીના વ્યક્તિત્વ ઘડતરમાં, તેના જીવનોત્કર્ષમાં કરશે. તેની જીભ નવો ઘા પેદા નહીં કરે, ઘા રુઝવવાનું કામ કરશે.

* વર્ગમાં જે વિદ્યાર્થી વાત કરે તેને જીવંત ગણશે, 'સુરણની ગાંઠ' ની પેઠે શાંત બેસી રહેતા વિદ્યાર્થીને સમસ્યાત્મક ગણશે.

* ભારોભાર ભૂલ કરતા વર્ગના શિક્ષકના બુલેટિન બોર્ડ પર આવાં વાક્યો હશે.

૧. આ વર્ગમાં ભૂલ કરવાની છૂટ છે.

૨. ભૂલ થાય તેનો વાંધો નહીં, ભૂલની ટેવ ન પડે એટલું જ મહત્ત્વનું છે.

૩. ભૂલો સુધારી શકાય.

૪. ભૂલ મહત્ત્વની નથી; ભૂલ કેવી રીતે સુધારવી એ મહત્ત્વનું છે.

# મોર પીંછ

## હર્ષદ પોપટલાલ પટેલ

એક દિવસ અમે ખેતરો ખુંદતા જતા હતા. જામફળની વાડી આવી. થોડાં તાજાં જામફળ તોડ્યાં. ખાટલો ઢાળી બેઠા, અને રસઝરતાં મીઠાંમધ જામફળ ધરાઇને ખાધાં.

ત્યાં પૌત્ર બોલ્યો, "દાદા, પેલા કેટલા બધા મોર છે ? મોરે કેવી કળા કરી છે ? ચાલો, આપણે ત્યાં જઈશું ?"

અમે ત્યાં પહોંચ્યા. ઢેલ અને મોર દૂર દૂર સરી ગયાં. રહ્યાં તેમનાં ખરેલાં પીછાં. પૌત્રે દોડી દોડી નાનાં મોટાં દસ પીંછાં ભેગાં કર્યાં. કેવાં સુંદર પીછાં હતાં ? કુદરતે – ઈશ્વરે તેમાં કેવા અવનવા રંગ પૂર્યા હતા ?

ઘડીભર હું ઊંડા વિચારમાં પડી ગયો. પૌત્રે પ્રશ્ન કર્યો. "દાદા શા વિચારમાં પડી ગયા ?" "મોરે આવાં સુંદર પીંછાં કેમ ખરવા દીધાં હશે એમ વિચાર કરું છું."

પૌત્ર : હું આવ્યો છું. મને મોરનાં પીંછાં બહુ ગમે છે, એટલે.

હું પૌત્રના નિર્દોષ જવાબથી મલકાયો, "ખરી વાત છે."

ઘર તરફ વળતાં, ખેડૂતની ઝુંપડી પાસે એક બાળક રમતો હતો. મેં પૌત્રને કહ્યું, "આને બે પીંછાં આપ."

પૌત્રે ખચકાટ અનુભવ્યો. જવાબ ના આપ્યો. તેમ પીંછાં પણ ના આપ્યાં. કેવી માયા છે ? સુંદરતાની કેવી માયા છે ? મોરે પોતાનાં પીંછાં અનાયાસે ત્યજી દીધાં. તે વિના પ્રયત્ને મળ્યાં છતાં, પૌત્ર દસમાંથી બે પીંછાં પણ છોડી શકતો ન હતો !

મેં તેને સમજાવ્યો. "જો, આ બે પીંછાં તે ઘરમાં ભરાવે, તો તેના ઘરમાં સાપ કદી ના આવે. સાપને મોરની બહુ જ બીક લાગે."

મોરનાં પીંછાં ખરે જ નહીં તો શું થાય ? પીંછાંનો ભાર જ એટલો બધો વધી જાય કે મોર કળા પણ ના કરી શકે, અને સ્વરક્ષણ માટે દોડવું હોય, ઉડવું હોય તો, તે ના દોડી શકે, ના ઊડી શકે. અને તે શિકાર બની જાય. અને જાન ખોઇ બેસે.

મોર જેવાં પક્ષી પણ પોતાનાં સુંદર પણ વધારે પડતાં પીંછાંનો અનાયાસે, સ્વેચ્છાએ ત્યાગ કરી શકે છે.

પણ, માનવ બુદ્ધિશાળી પ્રાણી હોવા છતાં, ધનના ઢગલામાં ભલે દટાઈ જાય, છતાં તેનો ધનલોભ સંતોષાતો નથી, વધારાના ધનનો તે સ્વેચ્છાએ ત્યાગ કરી શકતો નથી, તે હકીકત છે, સત્ય છે.

મોરનાં વધારે પડતાં પીંછાં મોર માટે ઘાતક છે. તેવી જ રીતે માનવ માટે વધારે પડતું ધન ઘાતક છે. પૈસા પાછળ ગાંડો થઈ માનવ પોતાનું

અમુલું સ્વાસ્થ્ય ગુમાવે છે, તેનું શરીર રોગનું ઘર બને છે. વધારે પડતા ધનની ચિંતાના ભારથી, માનવ પોતાના મૃત્યુને આમંત્રણ આપે છે, અને જીવનનો આનંદ ગુમાવી બેસે છે.

તો માનવે શું કરવું ?

માનવે ધન કમાવું, જીવન માટે તે જરૂરી છે, તેથી ધન કમાવું તો પડશે જ. પણ ધન પાછળ–પૈસા પાછળ માનવ ગાંડો થાય તે તો નરી મૂર્ખતા છે. જરૂરી ધન કમાય અને અનાયાસે ધન કમાઈ શકે તો વધુ ધન કમાય ખરો, પણ મોર જેમ વધારાનાં પીંછાંનો સ્વેચ્છાએ ત્યાગ કરે છે તેમ, વધારાનું ધન "સ્વ" માટે જ નહીં, પણ "પર" માટે, પારકા માટે, સમાજ માટે વાપરે, સમાજ માટે સ્વેચ્છાએ ત્યાગ કરે તે જરૂરી છે.

કોઈ માગવા આવે, તમારી પ્રશંસા કરે, તકતી, બાવલું મુકવાનો, જાહેર સન્માન કરવાનો લોભ બતાવે અને તમે દાન કરો તે તો સોદાબાજી થઇ. તમે તમારાં ધન, સમય, અને શક્તિ સમાજની સેવામાં સ્વેચ્છાએ ત્યાગો તેમાં જ તમારું શ્રેય છે. તે જ કર્મયોગ છે, તે જ તપ છે.

સ્વેચ્છાએ ત્યાગ કરવાથી તમારો આત્મા આનંદથી નાચી ઊઠશે. સ્વેચ્છાએ ત્યાગમાં આત્માનંદ અનુભવાશે.

નામ અને માનના લોભ વિના સ્વેચ્છાએ ત્યાગ કરી આત્માનંદનો અનુભવ કરી જૂઓ.

હું સુખી છું એનું કારણ એ છે કે મારે કોઇની પાસેથી કશું જોઇતું નથી.

**— આઇન્સ્ટાઈન**

જ્યારે જ્ઞાન એટલું ઘમંડી બની જાય કે મોકળા મને રડી પણ ન શકે. એ એટલું ગંભીર બની જાય કે મુક્ત મને હસી પણ ન શકે. અને એ એટલું આત્મકેન્દ્રિત બની જાય કે પોતાના સિવાય બીજા કોઈની ચિંતા ન કરે. તો એ જ્ઞાન અજ્ઞાન કરતાંય ભયંકર ખતરનાક નીવડતું હોય છે.

**— ખલિલ જિબ્રાન**

કોઇ પણ આદત બારીમાંથી બહાર ફેંકી શકાતી નથી. પટાવી-ફોસલાવીને દાદરના એક એક પગથિયે ઉતારવા પડે છે.

**— માર્ક ટ્વેન**

જેને હજારો મિત્રો છે તેને ક્યાંય એક પણ મિત્ર દેખાતો નથી, જેને એક દુશ્મન છે તેને બધે જ તેનાં દર્શન થાય છે.

**— ઈમર્સન**

# છાત્રાલયનો ગૃહપતિ : પાયાની મજબૂત ઈંટ

**મોહનલાલ પટેલ**
આચાર્ય, સર્વ વિદ્યાલય, કડી ( ઉ. ગુ. )

*

શિક્ષણની પ્રગતિ અને એના સ્તરની ઉચ્ચતા કેળવવા માટે છેલ્લાં કેટલાક વર્ષોથી ઘણા ઘણા પ્રયોગો અને પુરુષાર્થ થયાં છે. એ માટેની ઘણી જરૂરિયાતોનો વૈજ્ઞાનિક ઢબે સ્વીકાર થયો છે. બાળકની ઉંમર, એનો માનસિક વિકાસ, એનું વ્યક્તિત્વ, એની શક્તિઓ, એની ઉણપો વગેરે લક્ષમાં લઈને એના માટે ઘણું વિચારાયું છે. શિક્ષણ માટેનાં સાધનોનો પણ ખૂબ વિકાસ થયો છે. બાળકની સર્વાંગી કેળવણી માટે પૂરતો અવકાશ રહે એ માટે અનેકવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. આ બધાને અમલમાં મૂકનાર શિક્ષકો માટેની તાલીમ અને શિક્ષકની યોગ્યતા ઉપર પણ પૂરો ભાર મૂકવામાં આવ્યો છે. ટૂંકમાં શિક્ષણ-કાર્ય એ હવે ઉપેક્ષિત ક્ષેત્ર નથી. શિક્ષણકારો પોતાના ધ્યેય અને ફરજને કેટલે અંશે વફાદાર રહે છે અને કેટલી નિષ્ઠાથી કામ કરે છે એ વાત જૂદી છે.

પણ શાળાઓ માટે જેટલી કાળજી લેવાઇ છે એટલી જ નિષ્કાળજી છાત્રાલયો માટે રહી છે. બાળકના શિક્ષણમાં જેટલો ફાળો શાળાનો હોય છે એના કરતાં અનેક ઘણો વધારે છાત્રાલયનો હોય છે એ વાત સૌ સમજે છે ખરું; પણ એ તરફ હજુ પૂરતું ધ્યાન અપાયું નથી એ પણ એક વાસ્તવિક હકીકત છે. આનું એક કારણ તો એ–કે છાત્રાલયમાં પરીક્ષાઓ નથી, પરીક્ષાઓને અંતે મળતા સર્ટિફિકેટના આધારે મળતી નોકરી મેળવી શકાતી નથી. આજે શિક્ષણ અને નોકરી એ બે બાબતો એકમેક સાથે એવી તો ગૂંથાઇ–ગૂંચવાઇ ગઈ છે કે આપણે એના તાર હવે જુદા પાડી શકીએ એમ નથી, નોકરીના અંતમાં પરિણમે નહીં એ શિક્ષણ કોઈ લેવા તૈયાર નથી. એ શિક્ષણને નકામું ગણી સૌ એનાથી દૂર ભાગે છે. અને એટલે તો છાત્રાલયોને કેવળ શિક્ષણની સંસ્થાઓ તરીકે સ્વીકારવા કે વિચારવા સમાજ તૈયાર જ ન હોય એવું દુ:ખદ ચિત્ર જોવા મળે છે.

બાળકને ખરેખર કેળવવો હોય તો છાત્રાલય એ ઉત્તમ સ્થળ છે એ તો ત્યારે જ સમજાય કે જ્યારે જનસમાજ છાત્રાલય અને એના સંચાલનમાં રસ લે, એની જરૂરિયાતો સમજે, વિચારે અને એને પૂરી કરવાનો પ્રયાસ કરે. જનસમાજને જેટલો રસ શાળા શરૂ કરવામાં હોય છે એટલો રસ છાત્રાલય સ્થાપવામાં હોતો નથી. અને છાત્રાલય શરૂ કરવામાં રસ હોય તો માત્ર એટલો જ : નિશાળ ચાલે છે એટલે છોકરાંને રહેવા માટે છાત્રાલયની સગવડ હોય તો સારું, છાત્રાલય હોય તો શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા વધે. છાત્રાલય શરૂ થાય એટલે જનસમાજને ચિંતા આટલી : તાત્કાલિક રહેવા માટે ક્યાંક જગ્યા

મેળવી લેવી. મહાદેવ કે મંદિરની કોઇ ધર્મશાળા હોય તો ચાલે. કાયમી મકાનની વાત તો થઇ રહેશે. સાંકડ માંકડ (એક ઓરડીમાં જેટલી પથારીઓ ગોઠવી શકાય એટલી સંખ્યા એમાં મૂકવામાં આવે તો પણ અજુગતું નહીં) રહેવાનું હાલ પૂરતું થઇ જાય એટલે બસ... એ છોકરાંને સાચવનાર એકાદ ગૃહપતિ–થોડું ઓછું ભણેલો હોય તો ચાલે. અથવા બીજે કયાંય નોકરી ન મળતી હોય એવો માણસ આ કામ સંભાળી લે તો પણ હરકત નહીં. એમ ન બની શકે તો શાળાના એક શિક્ષકને આ જવાબદારી સોંપી દેવાય–ગોઠવી દેવાનો. લોકોને એક સામાન્ય ખ્યાલ એવો પણ ખરો કે બોર્ડિંગમાં તો છોકરાંને રમાડવાં અને જમાડવાં એ સિવાય બીજું શું કામ? એમને ભણાવવાનું કામ નિશાળ કરે. એમને બે ટાઇમ સમયસર ખાવાનું મળી રહે એટલે બસ. અભ્યાસ માટે રહેવાનો આશરો જોઇએ.

એક બાજુ આવા ખ્યાલો સાથે છાત્રાલયની સ્થાપના કરતો જનસમાજ બીજાજ દિવસથી છાત્રાલય પાસેથી મોટી મોટી અપેક્ષાઓ રાખવાની શરૂ કરી દે છે. છાત્રાલયનો વિદ્યાર્થી શાણો હોય, સંસ્કારી હોય, કયાંય રખડતો ફરતો ન હોય, હોટલ સિનેમા તરફ નજર કરતો ન હોય, વહેલો ઊઠતો હોય, ચા, કોફી એના માટે વર્જ્ય હોય, નિયમિત વ્યાયામ કરતો હોય, નિયમિત પ્રાર્થના કરતો હોય અને ભણવામાં હોંશિયાર હોય...આવું ઘણું બધું. અને એ અપેક્ષામાં કયાંય ઊણપ જણાય તો એ છાત્રો અને એમના ગૃહપતિ ઉપર ટીકાનો વરસાદ વરસે.

છાત્રાલયમાં યોગ્ય વાતાવરણ જામતું ન હોય, બાળકોનું ઘડતર બરાબર થતું ન હોય, બાળક છાત્રાલયમાં દાખલ થાય ત્યારે એનામાં જે કંઈ દોષો, ખામીઓ કે દૂષણો હોય એના કરતાં જતે દિવસે વધવા પામે તો આ પરિસ્થિતિ સર્જાવા માટે જન-સમાજ પોતાની જવાબદારીઓ તરફ નજર કરવા કદી પ્રવૃત્ત થતો નથી. જે દિવસે સમાજ માત્ર પેલા નોકરી માટેના સર્ટિફીકેટ કરતાં બાળકની ખરેખરી કેળવણીમાં રસ લેતો થશે તે દિવસે પરિસ્થિતિમાં સુધારો થશે. શાળામાં જ્ઞાન પ્રાપ્ત થાય છે અને ચારિત્ર્ય પણ ઘડાય છે તેમ છતાં ચારિત્ર્ય ઘડતર માટે જેટલો અવકાશ મળવો જોઇએ એટલો શાળામાં મળી શકતો નથી. સમય અને અભ્યાસક્રમની મર્યાદાઓ તેમાં કેટલીકવાર અવરોધક નીવડે છે. વળી શાળામાં વિદ્યાર્થીના વ્યક્તિત્વનાં બધાં જ પાસાંનું સંમાર્જન કરી શકાય એટલું વિશાળ અને ગજાવાળું એ કાર્યક્ષેત્ર નથી. જ્યારે છાત્રાલય એ એવું કાયક્ષેત્ર છે કે બાળકના ગમા અને અણગમા, સુખદુઃખ, કૌટુંબિક સંજોગો, સામાજિક સંજોગો, અંગત ટેવો, મનની રુગ્ણતા કે નિરોગીપણું, આત્માનું શૈથિલ્ય પ્રાબલ્યથી માંડીને એના બાહ્યાચારની ટેવો જેવી કે ખાવાપીવા, પહેરવા ઓઢવા, હરવાફરવા, વસ્તુ પસંદગીનો taste, (રસ) વિનય-વિવેક, શિષ્ટાચાર વગેરે અનેક પાસાંને ઘડવાનો અવકાશ રહે છે. એમાં સમયનો બાધ નડતો નથી.

પણ આ બધું સહેલું નથી. એ લોઢાના ચણા ચાવવા જેવું કામ છે. છાત્રાલયમાં અનેક ગામનાં, અનેક કુટુંબનાં, સમાજના સારા ખોટા અનેક પ્રકારના સ્તરોનાં જુદી જુદી ઉંમરનાં બાળકો એકઠાં થાય છે. ઘણીવાર તો દૂષણોથી ખદબદતા સમાજમાંથી આવતાં બાળકોમાં એ દૂષણોનાં બી રોપાઈ ચૂકયાં હોય છે. એના અંકુરો ફુટી ચૂકયા હોય છે અને કેટલીકવાર તો એ અંકુરો છોડનું રૂપ ધારણ કરીને ઠીક ઠીક મજબૂત મૂળિયાં નાખી ચૂકયાં હોય છે. આવા વિવિધ સ્વભાવનાં બાળકોને આપણે એકઠાં કરીએ અને પછી એમના ઘડતર માટે નિષ્કાળજી રાખીએ એ એક મોટો દ્રોહ છે. છાત્રાલય શરૂ કરનારાઓએ આ વાત ગંભીરપણે સમજી લેવી જોઇએ અને એમાંથી ઊભી થતી જવાબદારીઓ પૂરેપૂરી અદા કરવાની તૈયારી સાથે જ એ કાર્ય હાથ ધરવું જોઇએ. છાત્રાલયના

એકેએક બાળકનું અંગત રીતે આપણે ઘડતર ન કરી શકીએ, એકેએક બાળકના વ્યક્તિગત વિકાસમાં આપણે રસ લઈ શકીએ એટલી આપણી પહોંચ ન હોય તો બધું અનર્થકારી જ નીવડે છે. આમાંથી બે મહત્વની બાબતો ઊભી થાય છે. એક તો ગૃહપતિની પસંદગી અને બીજી ગૃહપતિની દેખરેખ નીચેની છાત્ર સંખ્યા.

ખાસ કરીને જે છાત્રાલયમાં માધ્યમિક શાળાના છાત્રો હોય એ છાત્રાલયમાં બાળકો મોટે ભાગે આઠ વર્ષથી માંડીને અઢાર વર્ષ સુધીની ઉંમરનાં હોવાનાં. બાળકના વિકાસ માટે આ તબક્કો ખૂબ મહત્વનો છે. આ ઉંમરે બાળકમાં માનસિક પ્રક્રિયાઓ ઘણી તીવ્ર અને તેજીલી હોય છે. એની મહત્વાકાંક્ષાઓ અને શક્તિઓ જોશીલી હોય છે. આ ઉંમરે એનું વર્તન ઘણીવાર અકળ હોય છે. જાતીય વિકાસનો પણ આ કાળ છે અને તેથી વિકૃતિઓ પ્રવેશી જવાનો પણ એ કાળ છે. આ ઉંમરના બાળકને No man's land કહ્યો છે. બાળકને કોઇ જવાબદારી સોંપતી વખતે એનો બાપ, 'હવે તો તું મોટો આદમી થયો, તારે સમજવું જોઇએ' કરી સાબદો કરે અને એ જ કિશોરને એ જ દિવસે સાંજ પડતાં સુધીમાં ઘરના કોઈ પ્રશ્નની ચર્ચા વખતે 'હજુ તું છોકરું કહેવાય, તને સમજણ ન પડે.' કહી દૂર કરે. આ છોકરો તે 'સમજદાર આદમી' કે 'ન સમજે એવું નાદાન છોકરું'?... કિશોર પોતે જ વારંવાર આવી ટકોરથી પોતાને સમજી શકતો નથી. તીવ્રતાના આ વિકાસ કાળમાં સહેજ સહેજ વાતમાં આ કિશોરનું મન આળું થઇ જાય છે. નાની વાતમાં એ ગુસ્સે થઇ જાય છે. પોતાની ઇચ્છા ન સંતોષાતાં સહેજમાં એ માબાપને અવગણે છે. કોઇ મોટેરાનું અપમાન કરતાં અચકાતો નથી. અને પોતાની કલ્પનાઓના ઉડ્ડયનમાં રચ્યો પચ્યો રહે છે. સાથીદારોના ટોળામાં રખડવાનું ખૂબ ગમે છે. આવી માનસિક પ્રક્રિયાઓના કાળમાં આ બાળકના વિકાસ માટે ખૂબ કાળજી રાખવાની જરૂર હોય છે. એની આ મનોવૃત્તિની યોગ્ય રીતે માવજત કરીને એને યોગ્ય માર્ગે વાળીને એનું ઘડતર કરવાનું કામ સહેલું નથી. એટલે જ તો છાત્રાલય ચલાવવાનું કામ લોઢાના ચણા ચાવવા જેવું છે.

આ કાર્ય કરનાર માનવી એટલે કે ગૃહપતિ કેવો હોવો જોઇએ એ વિષે ઝાઝું કહેવાની જરૂર ન હોય, હાકોટા પડકારા કરનારા કે વાતવાતમાં શિક્ષા કરવા માટે હાથ ઉગામનાર ગૃહપતિનું અહીં કામ નથી. કિશોરને ધાકધમકીથી કે શિક્ષા કરવાથી કેળવી શકાતો નથી. એને તો એની વાત સહાનુભૂતિપૂર્વક સમજનાર જોઇએ છે. એની મુશ્કેલીઓને પામીને એને માર્ગ બતાવનાર જોઇએ છે. આ ઉંમરના કિશોરની હૃદય સંપત્તિ અઢળક હોય છે. એના ઉપર સાચો પ્રેમ રાખનારને એ વશ થઈ જાય છે અને એનાથી ભારે પ્રભાવિત થાય છે આ ઉંમરનો કિશોર પોતાનાં સઘળાં કાર્યો માટે નજર આગળ કોઇ નાયકને પ્રસ્થાપિત કરે છે. અને પોતાના માટે આદર્શરૂપ ગણીને એનું અનુકરણ કરે છે. ગુરુ, દેવ કે જે ગણો તે એને મન પોતાના ચિત્તમાં સ્થપાયેલો આ નાયક જ હોય છે.

છાત્રાલયમાં ગૃહપતિએ જ આ નાયક બનવાનું હોય છે. એ છાત્રોનો પ્રેમ જીતે અને છાત્રો એને પોતાનો નાયક ગણી આપોઆપ સ્વીકારી લે છે. હવે, નાયકનું પદ પ્રાપ્ત કરનાર ગૃહપતિ સામાન્ય કોટિનો હોય તો કેમ ચાલે? એનામાં પ્રતિભા ન હોય તો બાળકોમાં તેજ કયાંથી સિંચાય? એનામાં જ્ઞાનનો સંગ્રહ ન હોય તો જ્ઞાનનાં નવાણ કયાંથી ફુટે? એ પોતે જ સંકુચિત મનનો, સ્વભાવનો માંદલો, સ્ફુર્તિવિહોણો, જડ, ઇર્ષાળુ, પ્રમાદી, ખટપટિયો, નિષ્ઠાવિહોણો, કામચોર કે સ્વાર્થી હોય તો બાળકોમાં શું શું રેડાવાનું?

આટલા માટે જ, જેમ શાળામાં કામ કરનાર શિક્ષક માટેની ઓછામાં ઓછી જરૂરિયાતો નક્કી થયેલી હોય છે એમ છાત્રાલયમાં કામ કરનાર ગૃહ-

પતિ માટે છાત્રાલયના સંચાલકોએ જરૂરિયાતો નક્કી કરવી જોઈએ. શાળાના આચાર્ય કરતાં જરાય ઓછો પ્રતિભાશાળી ગૃહપતિ છાત્રાલય માટે ન ચાલે, રોટલો રળવા જ નીકળેલો માનવી ગૃહપતિ ન થઈ શકે. મનમાં સેવા કરવાની તમન્ના હોય અને આ કાર્ય માટે ભેખ લેવાની ગણત્રી હોય એ જ આ ફરજ બજાવી શકે. છાત્રાલયમાં તો નાના મોટા અનેક પ્રશ્નો હોય. એ બધાથી કંટાળે એનું આ કામ નહીં. જે માનવી સદાય કામ કરે અને સદાય હસમુખો રહે એનું આ કામ છે. પ્રશ્ન થશે કે આવા માનવીઓ કેટલા? વાત સાચી છે. આવા માનવીઓ જૂજ હોય. પોતાની અંગત મહત્વાકાંક્ષાઓ, ધનદોલત કે સત્તા-લાલસા એ સર્વનો ત્યાગ કરનાર માનવી મળવો મુશ્કેલ ખરો. અહીં જ છાત્રાલયની સ્થાપના કરનાર સંચાલકોની મહત્વની જવાબદારી રહેલી છે. છાત્રા-લયનાં મકાન, ફંડ કે એના નિભાવ માટેની સામગ્રીની સંચાલકો જેટલી ચિંતા રાખે છે એટલી ચિંતા આ બાબત પરત્વે રાખે તો આ વાત અશક્ય નથી. જગતમાં કોઈપણ કાળે સેવા કરનાર માનવીઓ મળી આવવાના. એની યોગ્ય રીતે ખોજ થવી જોઈએ. અલબત્ત સારા વેતનની વાત આમાં સમાયેલી હોવી જરૂરી છે જ.

એક ગૃહપતિ કેટલા છાત્રોના ઘડતરની જવાબદારી સંભાળી સકે? વ્યક્તિગત દેખરેખ અને છાત્રના વ્યક્તિત્વના વિકાસ માટે સતત પરિચય એ ખૂબ જરૂરી બાબત છે. એક ગૃહપતિ સો છાત્રોના બાહ્યાચાર ઉપર દેખરેખ રાખી શકે. છાત્રો સવારે સમયસર ઊઠે છે કે કેમ, સમયસર જમવા જાય છે કે કેમ, સમયસર પ્રાર્થનામાં હાજરી આપે છે કે કેમ... આ બધું સાંભાળવા માટે બહુ માણસોની જરૂર ન પડે. પણ છાત્રના ચારિત્ર્ય ઘડતર માટે પચીસત્રીસ છાત્ર દીઠ એક ગૃહપતિ હોય તો ઉત્તમ કાર્ય થાય. એક ગૃહપતિની નજર નીચે ચાલીસ છાત્ર કરતાં વધારે સંખ્યા હોય તો ધાર્યાં ફળ મેળવવાં મુશ્કેલ પડે.

ગૃહપતિ એ છાત્રાલયનો સાચો પ્રાણ છે. એનામાં દૃષ્ટિ હશે અને ઉત્સાહ હશે તો છાત્રાલયમાં નવો પ્રાણ આપોઆપ આવશે. છાત્રાલયનું જીવન ધબકતું થશે. વાતાવરણ પ્રેમ અને કુટુંબ ભાવનાથી ભર્યું ભર્યું બની જશે. અને છાત્રને જીવન ઘડતરનું મહામૂલું ભાથું પ્રાપ્ત થશે.

પણ જરૂરી એટલું છે કે છાત્રાલયો ઊભાં કરનારા સમાજે એને ઊભાં કરતાં પહેલાં છાત્રાલયને કેળવણીનું સર્વોત્તમ કેન્દ્ર હોવાનું સ્વીકારવું પડશે. અને પાયાની મજબૂત ઈંટ કાળજીપૂર્વક મૂકવી પડશે.

---

યંત્રોથી ભરેલી આપણી દુનિયાએ જે અદ્‌ભૂત પરાક્રમો કર્યાં છે તેમાં કંઈ આપણું મનુષ્યત્વ ઝળકતું નથી. એ તો નરી કરામતો છે, ને એવી કરામતો તો અતિશય બુદ્ધિશાળી પ્રાણીઓને કેળવીને તેમની પાસે પણ કરાવી શકાય. જગતમાં યંત્રો જેટલા પ્રમાણમાં વધતાં જાય છે તેટલા પ્રમાણમાં આપણું જીવન મધમાખો અને કીડીઓના જેવું, વ્યકિતત્વ વિનાનું બનતું જાય છે.

આજની આપણી સંસ્કૃતિમાંથી સુજનતાનો લોપ થઇ ગયેલો છે, એટલે તે આત્મા વિનાના દેહ જેવી થઇ પડી છે. તેને મગજ છે પણ હૃદય નથી; સંકલ્પ બળ છે પણ આત્મા નથી. તે જાગે છે પણ આત્મા સૂતેલો છે. પાવિત્ર્યની ઉપાસનાને બદલે આપણે સત્તાની પૂજા કરતા થઇ ગયા છીએ. અને સત્તા એ એવી મદિરા છે જેની આગળ બીજા કેફી પદાર્થો હળવા ગણાય.

—ડૉ. રાધાકૃષ્ણન્

# સાચી સંપત્તિ

ડૉ. ઉપેન્દ્ર ર. ભટ્ટ
M. A., PH. D.

વિદ્વાન ગ્રીક કવિ સાયમનિડિઝ (ઈ. પૂ. ૫૫૬–૪૬૮) ઉત્તમ ગીતકાર હતો.

સાયમનિડિઝની આર્થિક સ્થિતિ સાધારણ હતી. આ કારણે તે પોતાના કુટુંબના ભરણપોષણ માટે એશિયાનાં પ્રખ્યાત નગરોની મુસાફરી કરી, ત્યાં ગ્રીક વીર – વિજેતાઓનાં યશોગીત ગાવા લાગ્યો. આમ કરવાથી એને સારી ધનપ્રાપ્તિ થઈ. તે પછી તેણે પોતાને વતન પાછા જવાનું નક્કી કર્યું.

સિયોઝ એટ સાયમનિડિઝનું વતન. સાયમનિડિઝ વહાણમાં બેસી પોતાને દેશ જવા નીકળ્યો. એકાએક દરિયામાં વાવાઝોડું આવ્યું. વંટોળિયાના એ તોફાનમાં સાયમનિડિઝનું વહાણ ફસાઈ પડ્યું. વહાણ જૂનું પુરાણું હતું. વહાણમાં પાણી ભરાવા લાગ્યું. મુસાફરોને લાગ્યું કે હવે વહાણ દરિયાને તળિયે જઇને બેસશે.

ઊતારુઓને ભારે ઉચાટ થવા લાગ્યો. તેમને મરણ સામે ઊભેલું દેખાવા લાગ્યું. તેમનાં મન પણ વિચાર વંટોળમાં ઘૂમવા લાગ્યાં : "પૈસો આઇ, પૈસો ભાઇ; પૈસા વગરની શી સગાઇ ?...દામ કરે કામ..." આમ તેમને મન અનેક સવાલનો એક જ જવાબ હતો 'પૈસો' !

એક ક્ષણમાં તો સૌ કોઈ પોતપોતાને મન સૌથી વિશેષ ઉપયોગની અને કિંમતી ચીજવસ્તુ ભેગી કરી, સાચવી લેવા મંડ્યાં. કોઇએ પૈસોટકો લીધો, તો કોઇએ ઘરેણાંગાંઠાં લીધાં. જિંદગીને જ કેવળ મોટી મૂડી માનનારાઓએ પાણીમાં તરવા માટેના કમરપટ્ટા પહેરી લીધા.

પ્રવાસીઓમાંના એકને સાયમનિડિઝને શાંત અને સ્વસ્થ જોઇને કુતૂહલ થયું. એણે સાયમનિડિઝને પૂછ્યું, " સાયમનિડિઝ ! તમારી આ સંપત્તિમાંથી તમે કંઇ પણ સાચવવા ઇચ્છતા નથી ? "

" મારી સર્વ સંપત્તિ મારી સાથે જ છે ! " સાયમનિડિઝે જવાબ આપ્યો.

એટલામાં પવન ખૂબ જોરથી વાવા લાગ્યો. વહાણ પણ બહુ હાલમ–ડોલમ થવા લાગ્યું અને એમાં ઝડપથી પાણી ભરાવું શરૂ થયું. કેટલાક લોકો વહાણમાંથી બહાર કૂદી પડ્યા અને પોતાનો જીવ બચાવવા તરવા લાગ્યા. મોટા ભાગના લોકો પોતે લોભથી પકડી રાખેલી માલમિલકતના ભારથી જ સમુદ્રને તળિયે જઈ બેઠા.

આ દુર્ઘટના બની ત્યાંથી ક્લેસોમેને શહેર બહુ દૂર ન હતું. ભાંગેલા વહાણના કેટલાક મુસાફરો તરીને

કિનારે પહોંચી ગયા. સાયમનિડિઝ પણ તેમાંનો એક હતો.

ફ્લેસોમેને નગરમાં એક વિદ્યા–વ્યાસંગી સજ્જન રહેતો હતો. સાયમનિડિઝની કવિતાઓ તેણે ઘણીય વાર વાંચી – સાંભળી હતી. સાયમનિડિઝની કેટલીક કાવ્યપંક્તિઓ આ સજ્જનને મોઢે યાદ હતી. તે સાયમનિડિઝનો પ્રશંસક હતો, જો કે એણે સાયમનિડિઝને પહેલાં કદી જોયો ન હતો. અહીં તેણે સાયમનિડિઝને એની બોલવાની ઢબ ઉપરથી ઓળખી કાઢ્યો. એણે સાયમનિડિઝનો આદર–સત્કાર કર્યો. તે સાયમનિડિઝને પોતાને ઘેર લઈ ગયો. એણે સાયમનિડિઝને નવાં કપડાં અને પૈસા આપ્યાં. તે પછી તહેનાતીઓ સાથે તેણે સાયમનિડિઝને તેના વતન મોકલી આપ્યો.

સાયમનિડિઝના પ્રવાસના બીજા સાથીઓ આ સમયે ફ્લેસોમેને નગરમાં ભીખ માગતા ફરતા હતા. રસ્તે ચાલતાં તેઓ ઓચિંતા સાયમનિડિઝની નજરે પડ્યા. સાયમનિડિઝ તરત જ તેમની પાસે ગયો, અને તેમને કહેવા લાગ્યો. "કેમ, મેં તમને કહ્યું હતું ને કે મારી સર્વ સંપત્તિ મારી સાથે જ છે! તમે જે બચાવવા પ્રયત્ન કર્યો હતો તે બધું જ તમે ગુમાવ્યું છે!"

સાયમનિડિઝ એ પછી પોતાના વતનથી પ્રાચીન સર્વશ્રેષ્ઠ ગ્રીક ખગોળવેત્તા હિપ્પારકસના આમંત્રણથી એથેન્સ ગયો, ત્યાંથી તે થર્મોપિલી ગયો. ઈ. પૂ. ૪૯૦ માં જ્યારે ઈરાન દેશે ગ્રીસ ઉપર આક્રમણ કર્યું ત્યારે સાયમનિડિઝ ફરી એથેન્સમાં આવી ગયો હતો. આ યુદ્ધમાં ગ્રીસે ઇરાન ઉપર વિજય મેળવ્યો. આ લડાઇ દરમ્યાન સાયમનિડિઝે ગ્રીક વીરો વિશે અનેકકરુણ પ્રશસ્તિઓ, શોકગીતો અને પ્રશંસાગીતો રચ્યાંહતાં.

આ યુદ્ધમાં જીવન સમર્પણ કરનાર વીરોની સ્મૃતિમાં કરુણપ્રશસ્તિ રચવાની હરિફાઇમાં સાયમનિડિઝે વિશ્વના સૌથી મહાન કરુણાન્તિકા–કાર એશિકલસને (ઇ. પૂ. ૫૨૫ – ૪૫૬) હરાવ્યો હતો. સાયમનિડિઝે રચેલો એ સ્મરણલેખ મેરેથોનના યુદ્ધક્ષેત્રમાં આજે પણ મોજૂદ છે. સાયમનિડિઝે રચેલો એવો બીજો સ્મરણલેખ થર્મોપિલીમાં પણ છે. એથેન્સમાં વારંવાર યોજાતી કાવ્ય-સ્પર્ધાઓમાં સાયમનિડિઝે છપ્પન કરતાં પણ વધારે વખત વિજેતા બન્યો હતો.

સાયમનિડિઝે તેની જિંદગીનાં છેલ્લાં દશ વર્ષ સાયરેક્યૂઝ બંદરનગરના સિતમગર છતાં સાહિત્યરસિક શાસક હીરો પહેલાની (ઇ. પૂ. ૪૭૮–૪૬૭) રાજસભામાં ગાળ્યાં હતાં, અને ત્યાં જ ઇ. પૂ. ૪૬૮ માં એનું અવસાન થયું હતું.

---

આપણી મોટામાં મોટી ભૂલ એ થઈ છે કે આપણે માણસ કરતાં સમાજનું મહત્વ વધારી મૂકયું છે, માણસને નાનો બનાવીને સમાજને મોટો બનાવી દીધો છે. પરિણામે, સમાજ માણસની ઉન્નતિની સીડી બનવાને બદલે એને જકડી રાખનારું પાંજરું બની ગયો છે. આ આપણી નિરૂપાય દુર્બળતાનું કારણ છે. હવે ભલું એમાં છે કે, આપણે માણસને મોટો બનાવીએ- હા, માણસને, જેનામાં અંતરયામી વસે છે.

— સંત કાગાવા

# ખેતી શિક્ષણ

**સોમાભાઈ વી. પટેલ**
નિવૃત્ત ખેતી નિયામક, ગુજરાત રાજ્ય

ભારત ખેતી પ્રધાન દેશ છે તેવું વારંવાર લોકો સમક્ષ કહેવું પડતું હોય છે. તેના કારણોમાં રાષ્ટ્રીય આવકનો ૪૦ થી ૫૦ ટકા હિસ્સો ખેતપેદાશનો રહેલ છે અને બીજું દેશના ૭૦ થી ૮૦ ટકા લોકો ખેતી પર નિભાવે કરતા રહ્યા છે. આવું જાણવા છતાં અને ખેતપેદાશ વધારવા માટેની શકયતાઓ આ દેશમાં ઘણી રહેલી છે. છતાં તે માટેનું તાંત્રિક જ્ઞાન મેળવવા માટે ખાનગી તેમ જ સરકારક્ષેત્રે બહુ પ્રયત્નો થયા નથી. સરકારી ક્ષેત્રે દરેક રાજ્યમાં કૃષિ યુનિવર્સિટી સ્થપાઇ. જેનાં સંશોધન ક્ષેત્રે થયેલ કામગીરી –પરિણામો તે જ સંસ્થા તરફથી ચાલતી કોલેજ, શાળામાં શિક્ષણ અપાય છે અને ખેતીવાડી ખાતાની વિસ્તરણ શાળા મારફતે ખેડૂતોને થોડુંક થોડુક જ્ઞાન અપાવવાના પ્રયત્નો થઇ રહ્યા છે. મારી દૃષ્ટિએ તાંત્રિક જ્ઞાનનું ફક્ત ગણીગાંઠી ખેતીવાડી કોલેજો અને કૃષિશાળાઓમાં શિક્ષણ અપાય છે. અને તે પણ મર્યાદિત હોય છે. કેટલીક બેઝીક શાળાઓમાં ખેતી વિષય લઇને નાનાં બાળકોને પ્રાથમિક શિક્ષણ અપાય છે. તેનો ઉપયોગ વિદ્યાર્થીઓના માબાપને પણ ખાસ ઉપયોગી થઇ શકતો નથી. ખેત ઉત્પાદનમાં મહદ્ અંશે પાંચ મુદ્દાઓ કામ કરે છે.

(૧) જમીનની ખેડ.

(૨) પાક માટે જોઇતા ખોરાક (ખાતર) નો વપરાશ.

(૩) પાકની પાણીની જરૂરિયાત.

(૪) પાક બચાવ માટે જંતૂનાશક દવાનો ઉપયોગ.

(૫) વધુ ઉત્પાદન આપતા બીજનો ઉપયોગ.

ઉપરોક્ત મુદ્દાઓમાં ઘણી વિજ્ઞાન શાળાનો ઉપયોગ કરવો પડે છે જેનો વિચાર માત્ર ખેતીવાડી કોલેજોમાં જ અનુભવાય છે. જ્યારે શાળાઓમાં તો વિજ્ઞાનના વિષયોમાંથી તારવેલ માખણ જ સીધે સીધું પીરસાય છે, આ ઢાંચામાં કંઇ ફેરફાર થઇ શકે કે કેમ તેનો વિચાર તો કેળવણીકારોએ જ કરવો પડશે.

હાલના સંયોગોમાં કેળવણીકારો વધુમાં વધુ આર્ટ્સ અને કોમર્સ કોલેજનું આયોજન કરતા રહ્યા છે. જેથી કરીને તેમાંથી તૈયાર થયેલ વિદ્યાર્થીઓ પુસ્તકિયા જ્ઞાનનો રસ લેતા થઇ શકે અને ભવિષ્યના આયોજનોમાં લીધેલ જ્ઞાનનો ઉપયોગ કરીને, રાજકીય ક્ષેત્રે પડ્યા હોઇએ તો ચર્ચાઓ દ્વારા બીજાઓને યોગ્ય પ્રકારની દોરવણી આપી શકે.

આપણે જાણીએ છીએ કે ઘણા દેશોમાં પાક ઉત્પાદન ભારત કરતાં હેકટર દીઠ વધુ છે. જેમ કે ૧૯૭૮ માં... ...

### ડાંગર

| અ. નં. | દેશનું નામ | હેકટર દીઠ ઉત્પાદન (કીલોમાં) |
|---|---|---|
| (૧) | જાપાન | ૬૨૫૦ |
| (૨) | ઇજિપ્ત | ૫૪૩૧ |
| (૩) | અમેરિકા | ૫૦૪૯ |
| (૪) | રશિયા | ૩૬૨૧ |
| (૫) | ચીન | ૩૫૩૪ |
| (૬) | ઇન્ડોનેશિયા | ૨૯૨૧ |
| (૭) | પાકિસ્તાન | ૨૫૫૧ |
| (૮) | ભારત | ૨૦૦૮ |

### ઘઉં

| અ. નં. | દેશનું નામ | હેકટર દીઠ ઉત્પાદન (કીલોમાં) |
|---|---|---|
| (૧) | બ્રિટન | ૫૧૦૭ |
| (૨) | ફ્રાન્સ | ૫૦૫૭ |
| (૩) | ઇજિપ્ત | ૩૩૩૩ |
| (૪) | રોમાનિયા | ૨૭૪૧ |
| (૫) | ઇટાલી | ૨૫૬૩ |
| (૬) | અમેરિકા | ૨૧૨૮ |
| (૭) | ભારત | ૧૪૮૦ |

### મકાઈ

| અ. ન. | દેશનું નામ | હેકટર દીઠ ઉત્પાદન (કીલોમાં) |
|---|---|---|
| (૧) | ઇટાલી | ૬૫૭૨ |
| (૨) | અમેરિકા | ૬૩૫૩ |
| (૩) | ફ્રાન્સ | ૫૨૦૫ |
| (૪) | હંગેરી | ૫૧૫૪ |
| (૫) | ઇજિપ્ત | ૩૯૮૫ |
| (૬) | ભારત | ૧૦૭૬ |

### મગફળી

| અ. નં. | દેશનું નામ | હેકટર દીઠ ઉત્પાદન (કીલોમાં) |
|---|---|---|
| (૧) | અમેરિકા | ૨૯૫૮ |
| (૨) | જાપાન | ૧૭૯૦ |
| (૩) | ચીન | ૧૧૭૪ |
| (૪) | ભારત | ૮૪૬ |

### તમાકુ

| અ. નં. | દેશનું નામ | હેકટર દીઠ ઉત્પાદન (કીલોમાં) |
|---|---|---|
| (૧) | જાપાન | ૨૭૧૩ |
| (૨) | અમેરિકા | ૨૩૮૦ |
| (૩) | કેનેડા | ૨૩૫૮ |
| (૪) | રશિયા | ૨૦૦૦ |
| (૫) | ભારત | ૯૭૯ |

ભારતમાં ઘણાખરા પાકનું ઉત્પાદન યુનીટ દીઠ ઓછું હોવાનાં કારણો ઘણાં હોઇ શકે જેમ કે...... ઊંડી ખેડથી નિંદામણનાં બીજ ઊંડે ઊતરી જવાથી પછીના વર્ષમાં નિંદામણ ઓછું થાય. તે ઉપરાંત જીવાતોના કોશીટા જમીનમાં નીચે ઉતરી જવાથી નાશ પામે વગેરે.

ખેતી ઉત્પાદનમાં જમીનમાં કેટલા પ્રમાણમાં પોષક તત્ત્વો છે. અને ધારણા પ્રમાણે ઉત્પાદન લેવા જતાં કેટલાં પોષક તત્ત્વો જમીનમાંથી ઓછાં થશે તે ગણત્રી કરીને તેટલા પ્રમાણમાં તત્ત્વો ખાતર દ્વારા જમીનમાં નાખવાં જોઇએ. આ નક્કી કરતી વખતે કેવી રીતે તેવાં તત્ત્વો જમીનમાં ઉમેરીએ તો વધુ પ્રમાણમાં છોડને લભ્ય બને અને કેટલા પ્રમાણમાં દરેક તત્ત્વ લભ્ય બની રહે છે તેની ગણત્રી કરીને ઉમેરવાં જોઇએ.

આવી ગણત્રીના અભાવે આપણા દેશમાં રસાયણિક ખાતરોના વપરાશનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે તે નીચેના આંકડાથી જાણી શકાશે.

| અ.નં. | દેશનું નામ | હેકટર દીઠ (ના+ફો.પો) ના તત્ત્વોનો વપરાશ કીલોમાં (૭૬-૭૭માં) | રીમાર્ક |
|---|---|---|---|
| (૧) | જાપાન | ૩૯૧.૧ | જુદા જુદા |
| (૨) | ઇજિપ્ત | ૨૬૦.૧ | દેશની જમીનનું |
| (૩) | બેલ્જીયમ | ૨૭૬.૬ | પ્રતપણ જુદું |
| (૪) | ફ્રાન્સ | ૧૫૭૨ | જુદું હોય છે. |
| (૫) | બ્રિટન | ૧૦૨.૯ | |
| (૬) | હિંદ (ભારત) | ૧૮.૮ | |

પાકમાં ખાતર નાખતી વખતે મૂળ વધારવામાં ઉપયોગી એવા ફોસ્ફરસ તત્વનો અને વહેલો પાક લાવવામાં તથા સારો રંગ લાવવામાં મદદરૂપ બનતા પોટાશ તત્વોનો ઉમેરો કરવાનું પણ વિચારવું જ જોઇએ.

પાણીમાં ઘણા જ ક્ષારો ઓગળેલ હોય છે. અને તે ધ્યાનમા રાખીને દરેક પાક માટે કેટલો જથ્થો પાણીનો વધુ પાક લેવા ઉપયોગી રહે છે અને તે જથ્થો પાક વૃદ્ધિના કયા કયા સ્ટેજ આપવાથી વધુ ઉપયોગી નીવડે છે તે પણ જોવું જરૂરી છે.

વધુ ઉત્પાદન હાઈબ્રીડ જાતના વાવેતરથી મળી શકે છે પણ પાકની બધી જાતોમાં હાઈબ્રીડ જાતો હજુ આપણે મેળવી શકયા નથી. આ કારણે કેટલીક પાક જાતોને આપણે વધુ ઉત્પાદન આપતી જાતો તરીકે વર્ણવીએ છીએ. આવી જાતોથી આખોયે વિસ્તાર આવરી લેવાયો નથી. અને આજ કારણથી વધુ ઉત્પાદનનો લાભ પૂરેપૂરો આપણે મેળવી શકયા નથી.

જંતૂનાશક દવાઓ યોગ્ય ઉપયોગ કરીને દરેક પ્રકારની જીવાત માટે 'લીથલ ડોઝ' કેટલો ગણાય અને તેવી દવાની અસર કેટલા દિવસ સુધી હવામાનને લક્ષમાં રાખીને રહી શકે છે. તેનું સંશોધનના પરિણામોને લક્ષમાં લઇને વપરાશ કરવો જોઈએ. આ વસ્તુ હજુ બનવા પામી નથી. તેથી જીવાત – રોગને ઓછી કિંમતે અને ઓછી મહેનતે કાબુમાં લઇ શકયા નથી. હાઇબ્રીડ કપાસ જેવા પાકમાં તો વધુ પ્રમાણમાં જંતૂનાશક દવાનો ઉપયોગ કરીને આર્થિક રીતે ન પોષાય તેવી ખેતી કરી રહ્યા છીએ અને હવા દુષણો ઊભાં કરી રહ્યા છીએ.

ઉપર મુજબના મુદ્દાઓનું શિક્ષણ ફક્ત ખેતીવાડીના સ્નાતકો જ આપી શકે તેવી માન્યતા ઘણા ખરા માણસોની રહે છે. પણ કેળવણીકારો મારી સાથે જો સંમત થઇ શકે તો ખાતર છોડ કેવી રીતે મેળવી શકે છે. કેટલા પ્રમાણે તે ખાતરનાં દ્રવ્યોને પચાવી શકશે તે બાબતનું જ્ઞાન રસાયણશાસ્ત્રના તજજ્ઞો જરૂર આપી શકે. તેવી જ રીતે જંતુનાશક દવાના ઉપયોગ માટેનું શિક્ષણ Zoology ના તજજ્ઞો પણ સારી રીતે આપી શકે. નવીન પાક જાતોનું શિક્ષણ Biology વિભાગના તજજ્ઞો જ્ઞાન આપી શકે. ફક્ત આપણે તો Career Courses માં ખેતીનાં જ્ઞાન અપાવવા બાબત દાખલ કરાવવું અને ઉપરોક્ત વિષયો માટે જુદા જુદા વિભાગો માટે ખેતીવાડી સ્નાતકો ઉમેરીને સંસ્થાના શૈક્ષણિક કાર્યક્રમો ખર્ચાળ ન બનાવતાં હાલ ઘણીખરી સ્કૂલ યા કોલેજમાં દરેક વિષયના શિક્ષકો/પ્રાધ્યાપકોને ઓછા કલાકનું શિક્ષણ આપવાનો મોકો મળે છે. તેમને ભારત જેવા અપૂરતી આવકવાળા દેશમાં ઉપર જણાવ્યા પ્રમાણે બીજા શિક્ષકો/પ્રાધ્યાપકોને વધુ કામ આપવાથી ૭૦ ટકા વ્યવસાયમાં રહેતા લોકો માટે ઉપયોગીતા વધશે. આ વિષય માટે લોકોને વધુ જ્ઞાન લેવાની ઇચ્છા રહ્યા કરે તે માટે છેક નીચલી કક્ષાએથી ખેતીવાડીનો વિષય દાખલ કરાવવા જોઇએ. અને સરળ જ્ઞાન આપવા માટે હાલ જે પુસ્તકો ઉપલબ્ધ છે, તેમાં ફેરફાર કરીને ઉપલબ્ધતા રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

મારી દૃષ્ટિથી કેળવણીકારો આ પ્રશ્ન પર વાર વાર ચર્ચા વિચારણા કરીને નિર્ણયો લે તે પહેલાં નમૂના ખાતર શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી શરૂઆત પણ કરે તો મને ઘણો જ આનંદ થશે અને તેમ થાય તો જ ખેતી પ્રધાન દેશ માટે શિક્ષણ ક્ષેત્રે ધરખમ ફેરફારો કર્યા તેવું ગણવામાં આવશે.

પ્રદેશને અનુલક્ષીને પાંચ–છ જેટલા જ પાકો લઇને તે વિજ્ઞાન દૃષ્ટિથી ખેતી થાય અને તેનાં ઉત્પાદન ખર્ચના આંકડા કેવી રીતે ઉપલબ્ધ બને તેવું પણ શિક્ષણ ક્ષેત્રે વિચારવું રહ્યું. ડેમોન્ટ્રેશન પ્લોટ પર વધુ ઉત્પાદન લેવાના દાખલા ઘણા છે. તેથી શિબિરો ગોઠવી તેવા ખેડૂતોને પણ શૈક્ષણિક કાર્યક્રમમાં ગોઠવવાં જોઇએ.

# ગુજરાતની સહકારી અસ્મિતા

**મહેન્દ્રભાઈ પો. વ્યાસ** : જનરલ મેનેજર,
ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક લિ. અમદાવાદ

ભારતમાં સહકારી પ્રવૃત્તિની શરુઆત સને ૧૯૪૦થી કરવામાં આવી તે પહેલાં જ ગુજરાત રાજ્યમાં વડોદરા શહેરમાં સહકારી ધોરણે સુવ્યવસ્થિત સ્વરુપે "અન્યોન્ય સહાયક સહકારી મંડળી" જે અત્યારે "અન્યોન્ય સહકારી બેંક" તરીકે ઓળખાય છે તેની સને ૧૮૮૯ માં સ્થાપના કરવામાં આવી હતી. જેનો મુખ્ય આશય સમાજના નાના અને મધ્યમ વર્ગના લોકોની નાણાંકીય મુશ્કેલીઓ હળવી કરવાનો હતો. ખેડૂત વર્ગને તેના પાક ઉત્પાદન માટે આવશ્યક નાણાંકીય સવલત સંસ્થાકીય માળખા દ્વારા આપવાના આશયથી ગુજરાત રાજ્ય અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઇ તાલુકામાં સને ૧૯૦૪ માં સહકારી કાયદા હેઠળ સૌ પ્રથમ ખેતી વિષયક ધીરાણ મંડળી "વિસલપુર સહકારી ધીરાણ મંડળી" ની રચના કરવામાં આવી હતી. ૧૯૧૨ માં સૌ પ્રથમ વિવિધ કાર્યકારી સહકારી મંડળીની સ્થાપના અમરેલી જિલ્લાના કોડીનાર ગામમાં કરવામાં આવી હતી અને ખેડૂત વર્ગને ખેતી પાકના વધુ ઉત્પાદન માટે આવશ્યક એવા મૂડી રોકાણનાં સાધનો વસાવવા, જમીન સુધારણા કરવા, કૂવાઓ ખોદવા વગેરે કામો માટે જમીન વિકાસ બેંકની સને ૧૯૩૪-૩૫ માં સ્થાપના કરવામાં આવી હતી. સુરત જિલ્લામાં કેટલાક ખેડૂતોએ સ્વેચ્છાએ સહકારી ધોરણે કપાસના વેચાણની કામગીરી હાથ ધરી હતી. જેને પરિણામે કપાસ, શેરડી, દૂધ, શાકભાજી અને ફળફળાદીની પ્રક્રિયા કરી તેના વેચાણ માટેની સહકારી મંડળીઓની રાષ્ટ્ર, રાજ્ય, જિલ્લા અને ગ્રામ કક્ષાએ રચના કરવા માટેની પ્રેરણા મળી હતી. ગુજરાતમાં રાજ્ય સરકારે પણ સક્રિયતા દાખવી સહકારી ધીરાણ મંડળીઓ, આદિવાસીઓ માટેની જંગલ કામદાર મંડળીઓ, ગૃહ-મંડળીઓ, ઔદ્યોગિક સહકારી મંડળીઓ અને લેબર કોન્ટ્રેકટ મંડળીઓ, લીફ્ટ ઈરીગેશન અને ફાર્મિંગ તથા ફીશરીઝીંગ-કો-ઓ. મંડળીઓની રચના કરવામાં આવી છે.

તે ઉપરાંત આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવતી એવી ધી સરદાર બાગાયત સહકારી મંડળી જે પરદેશમાં કેળાની નિકાસ કરે છે, ધી ઇન્ડીયન ફાર્મર્સ - ફર્ટિલાઇઝર કો-ઓ. (ઈફ્કો) જે ખાતરનું ઉત્પાદન કરે છે. ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘ જે દૂધ અને દૂધની બનાવટો માટે 'અમુલ' ના નામે જગ-વિખ્યાત બની છે. અને પેટ્રોફીલ્સ કો-ઓ. લિ. રેષાઓનું ઉત્પાદન કરે છે અને ઈફ્કોના જ ધોરણે ધી કૃષિ ભારતી ફાર્મર્સ ફર્ટિલાઇઝર કો-ઓ લિ. (ક્રિભકો) જે સને ૧૯૮૫-૮૬ ના વર્ષમાં ખાતરનું ઉત્પાદન કરતું જંગી કારખાનું બની રહેશે.

આ રીતે ગુજરાતની સહકારી પ્રવૃત્તિને ૭૯ વર્ષ પૂરાં થતાં તે વિવિધ સ્વરુપે વટવૃક્ષ રુપે દષ્ટિ-ગોચર થાય છે. અલબત્ત, સહકારી પ્રવૃત્તિનો વિકાસ સમગ્ર રાજ્યના સમગ્ર વિસ્તારમાં સમાન ધોરણે રહ્યો નથી. તેમ છતાં ભારતની સહકારી પ્રવૃત્તિના વિકાસ માટે ગુજરાતની સહકારી પ્રવૃત્તિ અને તેનો વિકાસ ભારતભર માટે માર્ગદર્શક બને છે.

### સહકારી ધીરાણ પ્રવૃત્તિ :

દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજ-રાતમાં સહકારી ધીરાણ પ્રવૃત્તિએ ઘણો સારો પ્રભાવ પાડ્યો છે. રાષ્ટ્રીય કક્ષાએ સહકારી ધીરાણ પ્રવૃત્તિનો આવી પ્રતિભા ઉભી કરવામાં ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંકનો ફાળો અવર્ણનીય રહ્યો છે.

### જિલ્લા સહકારી બેંકો :

જિલ્લા સહકારી બેંકો ૭૬૬૮ જેટલી ખેતી-વિષયક ધિરાણ મંડળીઓને તેમજ અન્ય બિન ખેતી-વિષયક સહકારી મંડળીઓને નાણાંકીય સુવિધાઓ પૂરી પાડવાની કામગીરી કરે છે. ગામડાના દૂરના વિસ્તારોમાં વસતા લાખો ખેડૂતોને પણ તેમના ઘર આંગણે બેંકીંગ સુવિધાઓ પુરી પાડવા માટે જિલ્લા બેંકોએ શાખા વિસ્તરણ કાર્યક્રમો હાથ ધર્યા છે. ૧૯૬૦-૬૧ માં જિલ્લા બેંકોની એકંદર ૧૯૪ શાખાઓ હતી તે વધીને ૧૯૮૨ માં ૭૭૬ જેટલી થઈ છે.

### ખેતી વિષયક ધિરાણ મંડળીઓ:

સમગ્ર સહકારી ધીરાણ માળખામાં ગ્રામ કક્ષાએ આવેલી ખેતીવિષયક ધીરાણ મંડળીઓ ખૂબ કાર્યક્ષમ રીતે કામકાજ કરી રહી છે. સમાજના નાના અને નબળા ખેડૂતોને પણ આવરી લેવા માટે આ મંડળીઓ સતત પ્રયાસ કરે છે. ગુજરાતની ૭૪૮૪ ખેતી વિષયક સહકારી ધીરાણ મંડળીઓએ ૨૮ લાખ ખેડૂતોમાંથી ૧૭ લાખ ખેડૂતોને આવરી લીધા છે. ગુજરાતના ૯૬ ટકા જેટલાં ગામડાંઓ અને ૯૧ ટકા જેટલા ગ્રામ્ય વસ્તીને સહકારી મંડળીઓને ફુલગૂંથણી દ્વારા આવરી લેવામાં આવી છે.

### લાંબી મુદ્દતનું ધિરાણ :

ગુજરાત રાજ્યમાં લાંબી મુદ્દતનું ખેતીવિષયક ધીરાણ કરવા માટે ગુજરાત રાજ્ય સહકારી જમીન વિકાસ બેંક તેની ૧૮૮ શાખાઓ દ્વારા ખેડૂતોને તેની કરજ પરત ભરપાઇ કરવાની ગુંજાઈશને ધ્યાનમાં લઇ મૂડી રોકાણ કરવા માટેના હેતુ માટે ૫ થી ૧૫ વર્ષની મુદ્દતમાં ધીરાણ પરત ભરપાઇ કરી શકાય તે રીતે લાંબી મુદ્દતનું ધીરાણ આપે છે. આ પ્રકારનું ધીરાણ ખાસ કરીને ટ્રેકટર ખરીદવા, પાઇપલાઇન નાંખવા, પાવર ટીલર, ટયુબવેલ, પાળા બાંધવા જેવા હેતુઓ માટે મંજૂર કરવામાં આવે છે. સને ૧૯૮૧-૮૨ ના વર્ષને અંતે બેંકનું એકંદર ધીરાણ રૂા. ૭૩.૭૧ કરોડનું છે.

### પાક રુપાંતર મંડળીઓ :

ખેત ઉત્પાદન થયા પછી તેનું રુપાંતર કરવા માટે સહકારી ક્ષેત્રે વિવિધ દિશાઓમાં આગેવાની ભર્યો ભાગ ભજવ્યો છે. ગુજરાતમાં કપાસ, શેરડી, ડાંગર, મગફળી વગેરે પાકોનું રુપાંતર કરવા માટે સહકારી ધોરણે કારખાનાઓ સ્થાપવામાં આવ્યાં છે. આજે તો ગુજરાતમાં ૩૪ ઓઇલ મીલો, ૧૩ રાઇસ મીલો, ૧૧૧ જિનીંગ અને પ્રેસીંગ ફેકટરીઓ, ૩ કોલ્ડ સ્ટોરેજ પ્લાન્ટ, ૩ સોલવન્ટ પ્લાન્ટ, ૧૧ સ્પીનીંગ મીલો, ૧ ફ્રુટ કેનીંગ પ્લાન્ટ કામ કરે છે. હાલમાં ગુજરાતમાં ૧૫ ખાંડનાં કારખાનાં છે. તે તમામ સહકારી ધોરણે રચાયેલાં છે. આ રીતે ગુજરાતમાં સહકારી ધોરણે ઔદ્યોગિક વિકાસ પણ ધ્યાન ખેંચે તેવી રીતે થયેલો છે.

### ડેરી ઉદ્યોગ :

ગુજરાતની અંદર ડેરીનો વિકાસ ખેડા જિલ્લામાં શરુ થયો. સહકારી ડેરી ક્ષેત્રે 'અમુલ' નું નામ ભારતભરમાં પ્રખ્યાત છે. એટલું નહિ પણ વિશ્વના દેશોમાં પણ તેટલું જ જાણીતું છે. અમુલની પ્રગતિ અને ખેડૂતોના વિકાસ માટેની આવશ્યકતા અનુભવતા બીજા નવ ડેરી પ્લાન્ટ સહકારી ધોરણે શરુ થયા છે. જે સુરતમાં 'સુમુલ' વડોદરામાં 'વડોદરા ડેરી' ભરુચમાં 'દૂધ સાગર' અમદાવાદમાં 'અજોડ' મહેસાણામાં 'દૂધ સાગર' સાબરકાંઠામાં 'સાબર' બનાસકાંઠામાં 'બનાસ' અને રાજકોટમાં 'ગોપાલ' ના વહાલસોયા નામથી પ્રખ્યાતી પામી છે. આ સહકારી ડેરીઓ ગુજરાતમાં દૂધ પુરું પાડે છે એટલું જ નહિ પરંતુ મુંબઇ અને દિલ્હી સુધી ગુજરાતનું દૂધ જાય છે. દૂધ ઉપરાંત તેની કેટલીક આડ પેદાશો પણ બનાવવામાં આવે છે. તેમાં માખણ, ઘી, ચીઝ, બેબીફુડ તેમજ ચોકલેટનો સમાવેશ થાય છે.

### ખાંડનાં કારખાનાં :

ગુજરાતમાં કામકાજ કરતાં તમામ ખાંડના કારખાનાની રચના સહકારી ધોરણે કરવામાં આવી છે. હાલમા ૧૫ સહકારી ખાંડનાં કારખાનાં છે. ગુજરાતના ખાંડના કારખાનાઓમાં દર વર્ષે ૩૬૯૩૩૦ ટન ખાંડનું ઉત્પાદન થાય છે. સહકારી પ્રવૃત્તિની આ પ્રગતિ સૌનું ધ્યાન ખેંચે છે અને ખૂબ જ પ્રશંસાપાત્ર બની છે.

### સ્પીનીંગ મીલ્સ :

ગુજરાત રાજ્યમાં ૧૧ જેટલી સહકારી સ્પીનીંગ મીલ્સ છે જે પૈકીની ૬ મીલોએ ઉત્પાદનની કામગીરી શરુ કરી દીધી છે. આ મીલોએ એકંદર રૂા. ૨૪.૦૧ કરોડનો માલ વેચ્યો છે.

### ગ્રાહક સહકારી ભંડાર :

રાજ્ય કક્ષાએ એક સ્ટેટ લેવલ કન્ઝ્યુમર્સ ફેડરેશન છે, ૨૪ જેટલા જથ્થાબંધ ગ્રાહક ભંડારો, ૧૪ જેટલા ડીપાર્ટમેન્ટલ સ્ટોર્સ અને ૧૦૧૫ જેટલા પ્રાથમિક ગ્રાહક સહકારી ભંડારો ચાલે છે. તે ઉપરાંત ગુજરાતની ૨૮૪૯ જેટલી પ્રાથમિક સહકારી ધીરાણ મંડળીઓ, ફાર્મર્સ સર્વિસ સોસાયટીઓ અને લાર્જ સાઇઝ મલ્ટી પરપઝ સોસાયટીઓ પણ ગ્રામ કક્ષાએ જીવન જરુરિયાત-ની ચીજ વસ્તુઓની વહેંચણી કરવાની કામગીરી કરે છે.

### ગૃહ સહકારી મંડળીઓ :

ગુજરાત કો. ઓ. હા. ફા. સો. ટોચ કક્ષાએ અને ૬૮૬૦ ગૃહ મંડળીઓ પ્રાથમિક કક્ષાએ કામ કરે છે. જેના ૨૧૯૬૯૪ સભાસદો છે. આ રાજ્યકક્ષાની અને પ્રાથમિક કક્ષાની ગૃહ મંડળીઓએ એકંદર મળી રૂા. ૨૦૮ કરોડનું ધીરાણ કર્યું છે. અત્યાર સુધીમાં ૧૦૨૮૦૮ ઘરો અને ટેનામેન્ટસ બાંધ્યા છે.

### ઇન્ડીયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર કો. ઓ. લિ. (ઇફ્કો) :

ખેતીવિષયક સહકારી મંડળીઓ અને રાજ્ય સરકારશ્રીના સહયોગથી ૧૯૬૭માં ઇફ્કોની રચના થઈ અને ખાતરના ઉત્પાદનક્ષેત્રમાં સેવા અને કાર્ય-ક્ષમતા આ બંનેમાં એનમૂન સ્થાન પ્રાપ્ત કર્યું છે. ૧૬ રાજ્યો અને ૩ કેન્દ્રશાસિત રાજ્યોમાંથી એકંદરે ૧૮૧૬૪ જેટલા સભાસદોની રૂા. ૮૩.૪ કરોડ જેટલી ભરપાઈ થયેલી થાપણો ધરાવે છે. કલોલનો પ્લાન્ટ એમોનિયા અને યુરિયા બનાવે છે જયારે કંડલાનો પ્લાન્ટ એનપીકે ખાતર બનાવે છે. ઇફ્કોનો ત્રીજો પ્લાન્ટ ફુલપાર રૂા. ૧૯૩ કરોડના ખર્ચે ૧૯૮૦–૮૧ માં શરૂ થયો અને ત્યાં પણ એમોનિયા અને યુરિયાનું ઉત્પાદન કરવામાં આવે છે.

### ધી કૃષિક ભારતી ફાર્મર્સ ફર્ટિલાઇઝર કો. ઓ. લિ. ( ક્રિભકો ) :

ઇફ્કોની સુંદર પ્રગતિ અને સફળતાથી ક્રિભકોની રચના કરવાની પ્રેરણા મળી. ક્રિભકો લગભગ ઇફ્કોના ધોરણે જ ઉભું કરવામાં આવ્યું છે. તેનું અધિકૃત શેરભંડોળ રૂા. ૫૦૦ કરોડ જે ભારત સરકાર, ઇફ્કો અને રાજ્યની સહકારી સંસ્થાઓ દ્વારા ભરપાઇ કરવામાં આવે છે. સુરત નજીક હજીરા ખાતે બે એમોનિયા અને ચાર યુરિયાના પ્લાન્ટ એકંદરે રૂા. ૯૬૦ કરોડના ખર્ચે ઉભા થશે.

### પેટ્રોફીલ્સ કો–ઓ. લિ. :

વિવિધ પ્રકારના માનવ સર્જિત રેષાઓ બનાવવા માટે પેટ્રોફીલ્સ કો.–ઓ. લિ. ની રચના કરવામાં આવી છે. રાષ્ટ્રીય, રાજ્યકક્ષાના, પ્રાદેશિક સ્તરના તેમજ વ્યક્તિગત સહકારી સંસ્થાઓ, એન. સી. ડી. સી. અને ભારત સરકાર બધા મળીને ૯૦૦ જેટલા સભાસદો છે. વડોદરા નજીક આ પ્લાન્ટની રચના કરવામાં આવી છે.

The charitable man is loved by all; his friendship is prized highly; in death his heart is at rest and full of joy, for he suffers not from repentance; he receives the opening flower of his reward and the fruit that ripens from it.

**—Lord Buddha**



ઝોળી છલકાવી દેનાર મહાનુભાવો–

રૂપિયા બે લાખથી રૂપિયા એક હજાર સુધીની સખાવત કરનાર દાતાઓના જે ઉપલબ્ધ થયા એ ફોટોગ્રાફ આ વિભાગમાં છાપ્યા છે. સઘળા દાતાઓના ફોટોગ્રાફ મેળવવા માટે દાતાઓને વિનંતી કરવામાં આવી હતી; પણ એ બધા પ્રાપ્ત ન થઈ શકતાં જે મળ્યા તેના બ્લોક છાપી શકયા છીએ.

આમ કેટલાક દાતાઓના ફોટોગ્રાફ નથી છાપી શકયા એનો અમને રંજ છે અને એ માટે ક્ષમા પ્રાર્થીએ છીએ.

—સંપાદકો



**શેઠશ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ** (સિધ્ધપુર)
પ્રમુખ, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી.

જેમણે

સંસ્થાઓના અમૃત મહોત્સવ નિમિત્તે નાણાં ભંડોળ
માટે સતત પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યાં.



**શ્રી. બાબુભાઈ માણેકલાલ પટેલ**

(એટલેન્ટિક સીટી, યુ. એસ. એ.) વતન સોળગામ તા. વીરમગામ માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. એસ. સી. થયા પછી અમેરિકા ગયા. મોટેલ વ્યવસાયમાં એમણે ઘણી પ્રગતિ સાધી છે. એમની બાજુમાં એમનાં ધર્મપત્ની શ્રીમતી બબીબેન છે. એમના ઉછંગે ચિ. અમિત છે.



**કુમાર બિપિન બાબુલાલ પટેલ**

(શ્રી. બાબુભાઈનો સુપુત્ર) હાલ અમેરિકામાં અભ્યાસ કરે છે.



**શ્રી. માણેકલાલ વિઠ્ઠલદાસ પટેલ**

સોળગામ તા. વીરમગામ

(શ્રી. બાબુભાઈના પિતાશ્રી)



**શ્રીમતિ શાંતાબેન માણેકલાલ પટેલ**

સોળગામ તા. વીરમગામ

(શ્રી. બાબુભાઈના માતુશ્રી)



**શ્રી. મગનલાલ માણેકલાલ પટેલ** (અમદાવાદ)

(શ્રી. બાબુભાઈના ભાઈશ્રી) માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. ઈ. (ઇલે.) અને બી. ઈ. (મીકે.) થયા પછી અમદાવાદમાં આર્યોદય એન્જી એન્ડ મેન્યુ કંપની લિ.માં સેવાઓ આપે છે.



**સ્વ. નાથાલાલ નારણદાસ દેસાઈ**

વતન ચાચરાવાડી વાસણા, જિ. અમદાવાદ. લગભગ સત્તર વર્ષ સુધી સર્વ વિદ્યાલયના આચાર્યપદ ઉપર રહીને વિદ્યાર્થી આલમમાં અસાધારણ લોકપ્રિયતા પ્રાપ્ત કરી. સંસ્થાના વિકાસ માટે ઘણો પરિશ્રમ અને પુરુષાર્થ કર્યાં. શ્રેષ્ઠ શિક્ષકો માટેનો રાષ્ટ્રીય એવોર્ડ એમણે મેળવ્યો હતો. એમની લોકપ્રિયતાના ફલસ્વરૂપે એમની સ્મૃતિ માટે ભૂતપુર્વ વિદ્યાર્થીઓએ રૂપિયા બે લાખનું ભંડોળ કરીને સંસ્થાને અર્પણ કર્યું. જેમાં સંસ્થાએ લગભગ સાડા પાંચ લાખ રૂપિયા ઉમેરીને એમની સ્મૃતિમાં પ્રાથમિક શાળાનું મકાન બાંધ્યું.

**શ્રી. મંગળદાસ ઈશ્વરદાસ પટેલ** (સરસાવ, તા. કડી)

વતનમાં રહી ગામના વિકાસની પ્રત્યેક પ્રવૃતિમાં સક્રિય રસ લે છે. કેળવણી માટે ખાસ પ્રેમ છે. એમના બધા જ પુત્રો શ્રી કાલિદાસ, જોઈતારામ, શામળભાઈ, કૃષ્ણકાન્ત અમેરિકામાં સ્થાયી થયા છે. સૌથી મોટા પુત્ર શ્રી કાલિદાસે ધંધામાં અસાધારણ પ્રગતિ કરી છે. સૌથી નાના પુત્ર કૃષ્ણકાન્ત ભારતમાં એમ. બી. બી. એસ. થયા પછી અમેરિકા ગયા છે. શ્રી મંગળદાસે ત્રણવાર અમેરિકાની મુલાકાત લીધી છે. હાલ એ અમેરિકા છે.





**શ્રી. નારાયણભાઈ અંબાલાલ પટેલ** (મેગ્નોલિયા, કેલિફોર્નિયા, યુ. એસ. એ.)
વતન મોખાસણ, તા. કલોલ. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. ફાર્મ. થઈને વ્યવસાય અર્થે અમેરિકા ગયા. ત્યાં મોટેલો ચલાવે છે એ ઉપરાંત ડ્રાઈવ-ઈન-ડેરી સ્ટોર અને ગેસ સ્ટેશન (પેટ્રોલ પંપ)ના માલિક છે.



**શ્રી. અંબાલાલ માલદાસ પટેલ** (અમદાવાદ)
વતન મોખાસણ. ગામમાં પ્રગતિશીલ વિચાર ધરાવતા આગેવાન છે. કેળવણીમાં ઊંડો રસ ધરાવે છે. હાલ અમદાવાદમાં વેપાર કરે છે.



**શ્રી. ઘનશ્યામભાઈ અંબાલાલ પટેલ**
(અમદાવાદ)
વતન મોખાસણ, તા. કલોલ. અમદાવાદમાં મરચાંનો જથ્થાબંધ વેપાર કરે છે. વિજાપુર મુકામે પાઈપો બનાવવાનું એમનું કારખાનું છે.



**શ્રી. અમૃતભાઈ બી. પટેલ** (અમદાવાદ)

વતન વડાસણપુરા, તા. વિજાપુર. માધ્યમિક શિક્ષણ પૂરું કરીને બિલ્ડીંગ કન્સ્ટ્રકશનના વ્યવસાયમાં જોડાયા. એ ક્ષેત્રમાં અસાધારણ સફળતા મેળવી પ્રથમ કોટિના ઑર્ગેનાઇઝર તરીકે નામાંકિત થયા. એમણે આજ સુધીમા ૩૦૦૦ જેટલાં રહેઠાણનાં યુનિટો અને ૧૨૫૦ જેટલાં કોમર્શિયલ યુનિટોનું નિર્માણ કર્યું છે.



**શ્રી. બાબુભાઈ કે. પટેલ**
(શિકાગો, યુ. એસ. એ.)

વતન વામજ, તા. કડી. માધ્યમિક શિક્ષણ વતનમાં પુરું કરીને ધંધાર્થે અમેરિકા ગયા. ત્યાં રિયલ એસ્ટેટના બ્રોકર તરીકે મકાનો ખરીદવા અને વેચવાના વ્યવસાયમાં મોટા પાયા ઉપર સફળતા મેળવી છે. આ ઉપરાંત રાજકારણમાં એમને ઊંડો રસ છે. ભારત માટે કશુંક કરી છૂટવાની તમન્ના ધરાવે છે.



**ડૉ. વિષ્ણુભાઈ કે. પટેલ**
(ઓટાવા, કેનેડા)

વતન કાંઝ, તા. વીરમગામ, માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. એમ. બી. બી. એસ. થયા પછી એફ. આર. સી. એસ. થવા માટે લંડન ગયા. એ ઉપાધિ મેળવીને લગભગ દસ વર્ષ લંડનની હૉસ્પીટલમાં કામ કર્યું.. હાલ કેનેડાના ઓટાવા શહેરમાં સ્વતંત્ર પ્રેકટીસ કરે છે.



**શેઠશ્રી હરિવલ્લભદાસ કાળીદાસ** (અમદાવાદ)

કાપડ ઉદ્યોગમાં શેઠશ્રી હરિવલ્લભદાસનું નામ સુવર્ણ અક્ષરે લખાયેલું રહેશે. સામાન્ય નોકરીથી કારકીર્દિની શરૂઆત કરી. કુશાગ્ર સૂઝથી પ્રગતિ કરીને ત્રણ મીલોના માલિક બન્યા જે પૈકીની એક અંબિકા મીલ છે. ધંધાના વિકાસ માટે એમણે ઇંગ્લેન્ડ અને જાપાનનો પ્રવાસ કર્યો હતો. જેના અનુભવથી એમણે પોતાની મીલોને ભારતની પ્રથમ પંક્તિની મીલોમાં સ્થાન અપાવ્યું.



**શેઠશ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસ** (અમદાવાદ)

અંબિકા મીલ્સ, જી એસ. એફ. સી., નિર્લોન કેમીકલ્સ વગેરેના અધ્યક્ષ અને ૧૪ કંપની-ઓના ડાયરેકટર છે. 'અટીરા'ના અધ્યક્ષ છે. મીલ માલિક મંડળમાં તથા અમદાવાદ મ્યુ. કોર્પોરેશનમાં બબ્બેવાર પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. ૧૯૫૨માં ધારાસભામાં ચૂંટાયા હતા. ભારત સરકારના પ્રતિનિધિ તરીકે અનેક આંતરરાષ્ટ્રીય પરિષદોમાં હાજરી આપી છે.



**શેઠશ્રી બાલકૃષ્ણ હરિવલ્લભદાસ** (અમદાવાદ)

અંબિકા મીલ્સ ગૃપની વ્યવસ્થાનો કાર્યભાર સંભાળે છે. મીલ માલિક મંડળના પ્રમુખપદે, જી. એસ. એફ. સીના ચેરમેનપદે, ગુજ. ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખપદે તેમ જ ઈન્ડિયન કોટન મીલ્સ ફેડરેશન, મુંબઈના ચેરમેનપદે રહીને સેવાઓ આપી છે. ઓસ્ટ્રેલિયામાં ભરાયેલી ત્રીજી કોમનવેલ્થ કોન્ફરન્સમાં ભારતીય ડેલીગેટ તરીકે એમણે હાજરી આપી હતી.



**શેઠશ્રી રામકૃષ્ણ હરિવલ્લભદાસ** (અમદાવાદ)

અંબિકા મીલ્સ લિ.ના મેનેજીંગ ડીરેક્ટર તરીકેનો કાર્યભાર સંભાળે છે. ઉપરાંત ભારત બોબિન્સ લિ., ધ નગરી મીલ્સ કં. લિ. અને મનીષ ઓર્ગેનિક્સ ઇન્ડિયા લિ.ના ડીરેક્ટર છે.



**શ્રી. માણેકલાલ મા. પટેલ** (કડી)

વતન ઊંટવા, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી.એ. અને એલએલ. બી, થયા. કડી મ્યુનિસીપાલિટીમાં પ્રમુખ તરીકે મહત્વની સેવાઓ આપી છે. ભાગ્યોદય ચેરીટેબલ ટ્રસ્ટ હૉસ્પીટલના નિર્માણમાં એમનો પાયાનો ફાળો છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને અને ક. પા. કેળવણી ઉ. મંડળના મંત્રી છે. કડીના જાણીતા ઉદ્યોગપતિ છે. અંબિકા જિનીંગ એન્ડ પ્રેસીંગ ફેક્ટરી, કૃષ્ણ ઑઈલમીલ ગણેશ ઑઈલ મીલ વગેરે ભાગીદાર માલિક છે.



**શ્રી. બાબુભાઈ છગનલાલ પટેલ** (કડી)

કડીના જાણીતા ઉદ્યોગપતિ છે. અંબિકા જિનીંગ એન્ડ પ્રેસીંગ ફેક્ટરી, અંબિકા ઈન્ડસ્ટ્રીઝ, ગણેશ ઑઈલ મીલ વગેરેના ભાગીદાર માલિક છે.



**શ્રી. જશવંતકુમાર બળદેવભાઈ પટેલ** (કડી)

અભ્યાસ બી. એ. સુધી કરેલો છે. રૂ તથા છીંકણીના અગ્રણી વેપારી છે. અંબિકા જિનીંગ એન્ડ પ્રેસીંગ ફેક્ટરી, ગણેશ ઑઈલ મીલના ભાગીદાર માલિક છે.



**સ્વ. રતિલાલ મગનલાલ પટેલ** (કડી)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. કોમ. થઈને એમના પિતાશ્રી મગનલાલ સાંકળચંદની પેઢીનો વહીવટ સંભાળ્યો. રૂના ધંધામાં એમની આગવી વ્યાપારી સૂઝથી ઘણી પ્રગતિ કરી. બાલાપીર જીનીંગ એન્ડ પ્રેસીંગ ફેકટરીના ભાગીદાર થયા. નીતિન ઓઈલ ઇન્ડસ્ટ્રીઝ સ્થાપી. કડી મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે કિંમતી સેવાઓ આપી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સાયન્સ કૉલેજ ગવર્નિંગ બોડીના મંત્રી તરીકે સેવાઓ આપતા હતા. કડી તેમજ કડી તાલુકામાં અત્યંત લોકપ્રિય હતા.



**શ્રી. નટવરલાલ મગનલાલ પટેલ** (કડી)

મૂળ વતન કાસ્વા, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. એ. અને એલએલ. બી. થયા પછી એમના પિતાશ્રી મગનલાલ સાંકળચંદની પેઢીનો વહીવટ સંભાળ્યો. વિચક્ષણ દૃષ્ટિ અને ચોકસાઈથી રૂના ધંધામાં અને બાલા પીર જીનીંગ એન્ડ પ્રેસીંગ ફેકટરીમાં ઘણી પ્રગતિ કરી અને નામના મેળવી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તેમ જ ક. પા. કેળવણી ઉત્તેજક મંડળના વ્યવસ્થાપક બોર્ડમાં વર્ષોથી સેવાઓ આપે છે.



**શ્રી ધર્માભાઇ શંકરભાઇ પટેલ**

કેલિફોર્નિયા ( યુ. એસ. એ. )

મૂળ વતન ભટાસણ તા. કડી. માધ્યમિક શિક્ષણ જાસલપુર અને સર્વ વિદ્યાલય, કડીમાં લીધું. બી. એસ. સી., બી. એડ. થયા. બે વર્ષ શિક્ષણક્ષેત્રમાં કામ કરી અમેરિકા ગયા. ત્યાં ઇલેકટ્રીકલ એન્જીનિયર બન્યા. નોકરીના તેમજ ધંધાના ક્ષેત્રમાં સારી સફળતા પ્રાપ્ત કરી છે. આશાસ્પદ યુવાન છે.



**શ્રી. બુલાખીદાસ શંકરલાલ પટેલ** (મુંબઇ)

મુંબઈમાં બિલ્ડર્સ તરીકેનો મોટા પાયા પર વ્યવસાય કરે છે. હરસિધ્ધ કોર્પોરેશન એમની ફર્મ છે. અનેક સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે અને એ પ્રવૃત્તિઓમાં અંગત પુરુષાર્થ અને આર્થિક સહાય કરતા રહ્યા છે



**શ્રી. નારાયણભાઈ આઈ. પટેલ** (અમદાવાદ)

વતન સોજા, તા. વિજાપુર. અમદાવાદમાં બિલ્ડીંગ કન્સ્ટ્રકશનના જાણીતા ઓર્ગેનાઇઝર છે. પ્રવીણ કોર્પોરેશન એમની ફર્મ છે. ધર્મપરાયણ છે અને સામાજિક તેમ જ કેળવણીની પ્રવૃત્તિઓમાં એમને ઊંડો રસ છે. અમદાવાદમાં એમણે એક કેળવણીની સંસ્થા પણ સ્થાપી છે.



**શ્રી. પ્રતાપચંદ્ર બુલાખીદાસ પટેલ** (મુંબઇ)

મુંબઇમાં બિલ્ડર્સના વ્યવસાયમાં છે. હરસિધ્ધ કોર્પોરેશનનું સંચાલન કરે છે. કેળવણી અને સામાજિક ક્ષેત્રે ઊંડો રસ ધરાવે છે. મુંબઈમાં સ્થાનિક સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય છે.



**શ્રી. પોપટલાલ ગુલાબદાસ પટેલ** (મુંબઈ)

વતન લાંઘણજ, તા. વિજાપુર. સર્વ વિદ્યાલય, કડીના ભૂતપૂર્વ આચાર્ય. સંસ્થાના વિકાસમાં એમનો મોટો ફાળો છે. મુંબઈ જઈને એમણે જેસ્કો ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના કરી હતી. મહાગુજરાતની ચળવળ પછી ધારાસભામાં ચૂંટાયા હતા. હાલ મુંબઈમાં નિવૃત્ત જીવન ગાળે છે.



**શ્રી. નલિનકુમાર ગંગારામ રાવલ**

(ન્યુજર્સી યુ. એસ. એ)

વતન વસાઈ ડાભલા, તા. વિજાપુર. સર્વ વિદ્યાલયમાંથી ટેકનીકલ વિષયો સાથે એસ. એસ. સી. કર્યું. એ પછી અમેરિકા જઈને ટેકનીકલ ક્ષેત્રે વિશેષ અનુભવ-શિક્ષણ લીધું. હાલ ક્લોરેન્સ. ન્યુ જર્સીમાં પોતાની મોટેલ ચલાવે છે. મહેસાણા જિલ્લાના આગેવાન કાર્યકર અને ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મંત્રી સ્વ. ગંગારામ રાવલના એ પુત્ર છે.



**શ્રી. હર્ષદભાઈ પોપટલાલ પટેલ** (મુંબઈ)

વતન લાંઘણજ, તા. વિજાપુર. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. પ્રથમ વર્ગ સાથે બી. એસસી. (ટેક.) થયા. હાલ મુંબઈમાં ઈસ્ટર્ન ઇન્ડસ્ટ્રીઝ ચલાવે છે. સમાજ સુધારાની ઝુંબેશમાં સક્રિય છે. 'ક્રાન્તિને આમંત્રણ' નામની એમની પુસ્તિકા ઘણી વંચાય છે. ધરતી વિકાસ મંડળના કાર્યકર છે.



**શ્રી. મણિલાલ બાપુલાલ પટેલ**

(નોર્થ બર્ગન, ન્યુ જર્સી, યુ. એસ. એ.)

વતન રાજપુર, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. ઈ. (ઈલેક્ટ્રીકલ) થઈને ચાર ચાર વર્ષ જી. ઇ. બોર્ડમાં ડેપ્યુટી એન્જીનિયર તરીકે ફરજ બજાવી. હાલ ન્યુયોર્કમાં સીટી ટ્રાન્ઝીટ ઓથોરીટીમાં ઇલેક્ટ્રીકલ એન્જીનિયર તરીકે ફરજ બજાવે છે.



**શ્રી. રમણ કે. પટેલ** શિકાગો, યુ. એસ. એ.)
વતન સરસાવ, તા. કડી. માધ્યમિક શિક્ષણ મર્વ વિદ્યાલયમાં લઇને અમેરિકા ગયા. ત્યાં ટ્રાયટન કૉલેજમાં અભ્યાસ કર્યા પછી ગવર્નર્સ સ્ટેટ યુનિવર્સિટીમાં શિક્ષણ લીધું. યુ. એસ. આર્મીમાં જોડાયા. હાલ જોન હેન્કોક મ્યુચ્યુઅલ લાઇફ ઇન્સ્યો, કંપનીમાં ઇન્સ્યોરન્સ બ્રોકર તરીકે કામ કરે છે. ત્યાં આર. કે.ના હુલામણા નામથી એમણે સૌ જાણે છે.



**શ્રી. ભીખુભાઈ અંબાલાલ પટેલ**
(ચેટસવર્થ, કેલિફોર્નિયા, યુ. એસ. એ.)
વતન કોઠા, તા. કલોલ. હાલ અમેરિકામાં કેલિફોર્નિયા સ્ટેટમાં ચેટસ્વર્થ ખાતે સ્થાયી થયા છે. વ્યવસાયે એન્જીનિયર છે. અને પાવડર કોટીંગ અને મેટલ ડોર ફ્રેઇમ બનાવવાનો પોતાનો ધંધો કરે છે.



**શ્રી. ચંદુલાલ રામદાસ પટેલ** (યુ. એસ. એ.)
વતન મીઠા ધરવા, તા. ચાણસ્મા. સર્વ વિાલયમાંથી ટેકનીકલ વિષયો સાથે એસ. એસ. સી. કર્યું. ત્યારબાદ એન્જીનિયરીંગ અભ્યાસક્રમમાં બી. ઇ. (ઇલેકટ્રીકલ) ની ઉપાધિ મેળવી વધુ અભ્યાસ માટે અમેરિકા ગયા ત્યાં ઇલેકટ્રોનિક્સ વિષયમાં એમ. એસ. કર્યું. હાલ અમેરિકામાં બોઇંગ કંપનીમાં ડીઝાઇન એન્જીનિયર તરીકે ફરજ બજાવે છે.

**શ્રી. ગોરધનભાઈ રવજીભાઈ પટેલ**
(મોનરોવીલ, યુ. એસ. એ.)
વતન ખંડેરાવપુરા, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધુ. મીકેનીકલ એન્જીનિયરીંગમાં બી. ઈ. કર્યા પછી વધુ અભ્યાસ માટે અમેરિકા ગયા. ત્યાં એમ. એસ.ની ડીગ્રી મેળવી હાલ વેસ્ટીંગહાઉસ કોર્પોરેશનમાં મીકેનીકલ એન્જીનિયર તરીકે સેવાઓ આપે છે.

**શ્રીમતિ સવિતાબેન બી. પટેલ**

(રીવર સાઈડ, યુ. એસ. એ)

વતન સરસાવ, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. લગ્ન પછી અમેરીકામાં એમના જીવનસાથી શ્રી. ભગવાનદાસ પટેલને એમનાં વ્યવસાયમાં સહાયરૂપ બન્યાં છે. રીવર સાઈડમાં મોટેલ તેમજ સ્ટોર ધીકતાં ચાલે છે.

**શ્રી. ચીમનલાલ ગંગારામ પટેલ** (હ્યુસ્ટન, યુ. એસ. એ.)

વતન કૈયલ, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. ઈ. (સિવિલ) થયા પછી બે વર્ષ પી. ડબલ્યુ. ડી.માં અને ભાવનગરની પોલિટેકનીકમાં ૭ વર્ષ વ્યાખ્યાતા તરીકે નોકરી કરીને અમેરિકા ગયા. ત્યાં એમ. એસ. થયા. હાલ એમ. ડબલ્યુ. કેલોગ કંપનીમાં સેવાઓ આપે છે. હ્યુસ્ટનમાં ગુજરાતી માસિક 'દર્પણ'ના સંપાદન સાથે સંકળાયેલા છે.



**શ્રી. ઈશ્વરભાઈ કે. પટેલ** (અમદાવાદ)

વતન ચાણસ્મા. ઇ. સ. ૧૯૩૦ થી ૧૯૩૪ સુધી પિત્રાઈ ભાઈની ભાગીદારી પેઢીનો વહીવટ કલકત્તા ખાતે સંભાળ્યો. ૧૯૩૫માં ફટાકડાના હોલસેલ અને હોઝિયરીના રીટેઈલ ધંધામાં ઘણી સારી પ્રગતિ કરી છે. અમદાવાદ ફટાકડા મર્ચન્ટ એસોસિયેશનના પ્રમુખ છે.



**શ્રી. ભોગાભાઈ લલ્લુભાઈ પટેલ** (વિસનગર)

વતન કેલીસણ, તા. વિજાપુર. માધ્યમિક શિક્ષણ ચાર વર્ષ સર્વ વિદ્યાલયમાં લીધું. નૂતન સર્વ વિદ્યાલયમાં મેટ્રીક થયા. એ પછી ધંધાર્થે આગ્રા ગયા. હાલ વિસનગરના માર્કેટ યાર્ડમાં જીરા, વરિયાળી, રાયડો વગેરેના વેપાર અને કમીશન એજન્ટની એમની પેઢી છે.



**શેઠશ્રી. બળદેવભાઈ ડોસાભાઈ પટેલ**
(અમદાવાદ)

વતન સાણંદ. સર્વ વિદ્યાલયમાં ત્રણ વર્ષ શિક્ષણ લીધું. મેટ્રીક થયા પછી વ્યાપાર ક્ષેત્રે જોડાયા. અમદાવાદના ગ્રેઈન મર્ચન્ટ એસો. ના પ્રમુખ તરીકે તેમ જ ગુજરાત વેપારી મહામંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્ય તરીકે લાંબી સેવાઓ આપી છે. કાળુપુર કોમર્શિયલ બેન્કના ચેરમેન છે. અનેક સંસ્થાઓના ટ્રસ્ટી છે. ઘણી કેળવણીની સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.



**શ્રી. પ્રહલાદભાઈ પી. પટેલ** (ટોરન્ટો, કેનેડા)
વતન સૂરજ, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. વધુ અભ્યાસ માટે અમેરિકા જઈને ધંધાકીય ડીગ્રીઓ પ્રાપ્ત કરીને કેનેડામાં સ્થાયી થયા છે.



**શ્રી. રૂખીબેન રેવીદાસ પટેલ** (યુ. એસ. એ.)
વતન સરસાવ, તા. કડી. હાલ પોતાના પરિવાર સાથે અમેરિકામાં રહે છે.



**શ્રી. બાબુભાઈ રા. પટેલ** (શિકાગો, યુ. એસ. એ.)
વતન આખજ, માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. વધુ અભ્યાસ માટે અમેરિકા જઈને કેમીકલ એન્જીનિયર થયા. હાલ શિકાગોમાં એક કંપનીમાં કેમીકલ એન્જીનિયર તરીકે ફરજ બજાવે છે.



**શ્રી. રામચંદ્રભાઈ જયચંદદાસ પટેલ** (મુંબઈ)

વતન પલાસર, તા. ચાણસ્મા. મુંબઈના એસિડ બજારની જાણીતી પેઢી મે. યુનિયન પાર્ક કેમીકલ્સ (પ્રા.) લિ.ના મેનેજીંગ ડીરેક્ટર છે. તેમજ અન્ય કેટલીક કંપનીઓના ડીરેક્ટર છે. એસિડ મર્ચન્ટસ એસોસિયેશનના પ્રમુખ છે. ધરતી પરિવાર ટ્રસ્ટ (મુંબઈ)ના ટ્રસ્ટી છે. ગુલાબબા જયચંદદાસ હોસ્પીટલ ટ્રસ્ટ, પલાસરના ટ્રસ્ટી છે.



**શ્રી. ચુનીલાલ કાનજીભાઈ પટેલ** (ઊંઝા)

વતન ઉનાવા, તા. સિધ્ધપુર. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. ઊંઝામાં જીરા વરિયાળી વગેરેના વેપાર અને કમીશન અજન્ટનો વ્યવસાય કરતી પેઢી હર્ષદરાય ચુનીલાલના ભાગીદાર છે. ઊંઝામાં કન્યા કેળવણી મંડળમાં ઉપ પ્રમુખ અને ઉમિયા માતાજી સંસ્થાના કારોબારીના સભ્ય છે.



**શ્રી. રતિલાલ મણિલાલ પટેલ** (વડોદરા)

વતન સદુથલા, તા. ચાણસ્મા. ડી. એમ. ઇ. અને ડી. ઈ. ઈ. કર્યા પછી અમદાવાદમાં થોડા સમય માટે નોકરી કર્યા પછી જી. ઇ. બી. વડોદરા વિભાગમાં રજીસ્ટર્ડ કોન્ટ્રાકટર તરીકે વ્યવસાય શરૂ કર્યો. હાલ બિલ્ડર તરીકે સોસાયટીઓ ઓર્ગેનાઇઝ કરે છે.



**શ્રી ભાઇલાલભાઇ અંબાલાલ પટેલ** (અમદાવાદ)

વતન દેત્રોજ તા. વિરમગામ. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલય, કડીમાં લીધું. ગુજરાત રાજ્ય વિધાન સભાના સભ્ય છે. સામાજિક કાર્યો અને સંસ્થાઓમાં ઊંડો રસ ધરાવે છે. બિલ્ડીંગ કન્સ્ટ્રકશનના ક્ષેત્રે સારુ કામ કરે છે. હરસિદ્ધ ચેમ્બર્સ આશ્રમ રોડ અમદાવાદમાં તેમની ઓફિસ છે.



**ડૉ. ત્રિભુવનભાઈ નારાયણદાસ પટેલ** (અમદાવાદ)
વતન કરજીસણ, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. એમ. બી. બી. એસ. થઈ લંડન જઈને એફ. આર. સી. એસ. થયા. એ પછી અમદાવાદમાં પ્રેકટીસ શરૂ કરી. શારદાબેન જનરલ હોસ્પીટલમાં માનદ ચીફ સર્જન, મ્યુનિસિપલ મેડીકલ કોલેજમાં માનદ પ્રોફેસર તરીકે સેવાઓ આપે છે. ગુજરાત તેમ જ મુંબઈ યુનિવર્સિટીઓમાં એકઝામીનર તરીકે પણ સેવાઓ આપે છે.



**ડૉ. ચંદ્રિકા ત્રિભુવનભાઈ પટેલ** (અમદાવાદ)
જી. એફ. એ. એમ. અને એલ. પી.ની ઉપાધિઓ મેળવી છે. અમદાવાદમાં ખાનગી તબીબી પ્રેકટીસ કરે છે. ડૉ. ત્રિભુવનભાઈ પટેલના નર્સિંગ હોમમાં આર. એમ. ઓ. તરીકે ફરજ બજાવે છે સ્ત્રીઓ માટેનું 'ભક્તિ સુધા' ત્રૈમાસિકનું સંપાદન કરે છે.



**શ્રી. ભીખાભાઈ જોઈતારામ પટેલ** (મહેસાણા)
દૃઢ મનોબળ અને અથાગ પુરુષાર્થથી ધંધામાં પ્રગતિ કરી. અને હાલ લોખંડના વેપારમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. પ્રગતિશીલ જાહેર સંસ્થાઓમાં સખાવત કરવાનો એમનો સ્વભાવગત ગુણ છે. લગભગ દસેક સંસ્થાઓમાં સમયે સમયે પ્રમુખ ઉપપ્રમુખ કે ટ્રસ્ટી જેવા પદ ઉપર રહી જાહેર સેવાઓ કરતા રહ્યા છે.



**શ્રી. નરોત્તમભાઈ ઈશ્વરદાસ પટેલ** (સુરત)
વતન કંબોઈ, તા. ચાણસ્મા. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. એમ. એ. થયા પછી બાંધકામ વ્યવસાયમાં જોડાયા. છેલ્લાં ૭ વર્ષથી ગુજરાત કોન્ટ્રાકટરર્સ એસોસિયેશન, સુરતના ચેરમેનપદે છે. શિક્ષણક્ષેત્રે ઘણા ક્રિયાશીલ છે. વતનના કેળવણી મંડળના છેલ્લાં પચીસ વર્ષથી પ્રમુખ છે. અને બીજાં ઘણાં કેળવણી મંડળો સાથે જોડાયેલા છે. શ્રી ઉમિયા માતા સંસ્થાની સ્ટેન્ડીંગ કમિટિના સભ્ય છે.



**શ્રી. ગોવિંદભાઈ મગનલાલ પટેલ**
(આર્લિંગ્ટન હાઇટસ, ઈલિનોય, યુ. એસ. એ)

વતન કડી, સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કરી વડોદરા કેન્દ્રમાં પ્રથમ નંબરે રહી એસ. એસ. સી. થયા. બી. ઇ. (સિવિલ)ની ઉપાધિ મેળવ્યા પછી વધુ અભ્યાસ માટે અમેરિકા ગયા અને ત્યાં એમ. એસ. થયા. છેલ્લાં અઢાર વર્ષથી શિકાગોમાં સાર્જન્ટ એન્ડ લૂંડી કંપનીમાં ફરજ બજાવી રહ્યા છે.



**શ્રી. સાંકળચંદ એસ. પટેલ**
(મેકન, જ્યોર્જિયા, યુ. એસ. એ.)

વતન જાસલપુર, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલય અને અમદાવાદની દિવાન બલ્લુભાઈ શાળામાં લીધું. બી. એ. બી. કોમ અને બી. એડ્ કર્યા પછી અમેરિકા જઇને એમ. બી. એ.ની ડીગ્રી મેળવી. હાલ અમેરિકાના જ્યોર્જિયા સ્ટેટમાં મોટેલ ચલાવે છે.



**શ્રી. મંગળભાઈ જે. પટેલ** (વાલ્થેમ, યુ. એસ. એ,)

વતન કરસનપુરા, તા. ખેરાળુ. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. વધુ અભ્યાસ માટે અમેરિકા ગયા અને ત્યાં પોલિમર કેમેસ્ટ્રીમાં એમ. એસસી. કર્યું. હાલ કેલિફોર્નિયા પ્રોડક્ટસ કોર્પોરેશનમાં લેબોરેટરી ડાયરેક્ટર તરીકે સેવાઓ આપે છે. રીસર્ચ અને વિકાસ તેમ જ કાચા માલની આયાત અને તૈયાર માલની નિકાસ ઉપર એમની સીધી દેખરેખ છે.



**ડૉ. છગનભાઈ કે. પટેલ**
(રીવર ફોરેસ્ટ, યુ. એસ. એ.)

વતન સરસાવ, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. એ. અને બી. એડ્ થઈને સર્વ વિદ્યાલયમાં કારકીર્દિની શરૂઆત કરી. ૧૯૫૯માં અમેરિકા જઈને એમ. એસ. થયા અને Ed. D. કર્યું. અમેરિકાની એક કોલેજના વાઇસ પ્રેસિડેન્ટ, ડીન અને ડાયરેક્ટર તરીકે કામ કર્યું છે. હાલ ટ્રાયટન કોલેજમાં પ્રોફેસર તરીકે છે.



**સ્વ. જીવાભાઈ કાકુદાસ પટેલ**

(જાસલપુર, તા. કડી)

ગામના કેળવણી મંડળના મંત્રીપદે રહી ગામનું કેળવણી મંડળનું કામ કરતા રહી સામાજિક સુધારણામાં આગેવાની ભરેલો ભાગ લીધેલો.



**શ્રી. રસિકલાલ જીવાભાઈ પટેલ** (અમદાવાદ)

વતન જાસલપુર, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. એસસી. અને બી. એડ્. થયા. કારકીર્દિની શરૂઆત સર્વ વિદ્યાલયમાં શિક્ષક તરીકે કરી. હાલ અમદાવાદમાં સી. એન. વિદ્યાલયમાં શિક્ષક તરીકે સેવા આપે છે.



**શ્રી. માણેકલાલ જીવાભાઈ પટેલ**

(મેકન, જ્યોર્જિયા, યુ. એસ. એ.)

વતન જાસલપુર, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલય અને વતનની શાળામાં લીધું. બી. એ. થયા પછી દેશમાં થોડો સમય સર્વિસ કર્યા પછી ધંધાર્થે અમેરિકા ગયા. હાલ અમેરિકામાં મોટેલના વ્યવસાયમાં સારી પ્રગતિ કરી છે. ત્યાં ભારતના વિદ્યાર્થીઓને સારી સહાય કરે છે.



**શ્રી. અમૃતલાલ જીવાભાઈ પટેલ** (અમદાવાદ)

વતન જાસલપુર, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલય અને વતનની શાળામા લીધું. બી. કૉમ. થયા પછી ૧૧ વર્ષ મહેસાણા કો. ઓ. બેન્કની કડી શાખામાં કામ કર્યું. હાલ અમદાવાદમાં રેવડી બજારમાં કાપડના વ્યવસાયમાં વેપાર કરે છે.



**શ્રી. મણિભાઈ વીરચંદદાસ પટેલ** (મહેસાણા)
વતન લણવા, તા, ચાણસ્મા. માધ્યમિક શિક્ષણ લઈ ધંધામાં જોડાયા. હાલ મોટા પાયા ઉપર કોન્ટ્રાકટનો વ્યવસાય કરે છે. એપોલો ઇન્ડસ્ટ્રીઅલ પ્રોડકટસ (પ્રા.) લિ.ના વિકાસમાં એમનો પણ પુરુષાર્થ રહેલો છે. મહેસાણા નગર પાલિકાના પ્રમુખ છે. અને વીરચંદદાસ નથ્થુદાસ પટેલ વિકાસ ટ્રસ્ટ, લણવાના પ્રમુખ છે.



**શ્રી અનિલકુમાર ત્રિભોવનદાસ પટેલ**
વતન લણવા, તા. ચાણસ્મા. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલય માંલીધું. બી. ઈ. (મીકે.) થઈને અમેરિકા જઈ એમ. એસ. થયા. હાલ મહેસાણામાં એપોલો ઇન્ડસ્ટ્રીઅલ પ્રોડકટસ (પ્રા.) લિ.ના મેનેજીંગ ડાયરેકટર છે. મ્યુનિસિપલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ મહેસાણાના મેનેજીંગ ટ્રસ્ટી છે, ધી અર્બન કો. ઓ. બેન્ક લિ., મહેસાણાના ડાયરેકટર છે અને વીરચંદદાસ નથ્થુદાસ પટેલ ગ્રામ વિકાસ ટ્રસ્ટ, લણવાના સેક્રેટરી છે.



**શ્રી. જાદવભાઈ સુંદરજીભાઈ પટેલ** મેડા, તા. કડી
ખાખરિયા વિસ્તારમાં સામાજિક ક્ષેત્રે એમણે આપેલી સેવાઓ નોંધપાત્ર છે. એમની આગેવાની હેઠળ કલ્યાણ વિદ્યાલયની સ્થાપના થઈ. ગુજરાત સરકારે એમને ઓનરરી મેજીસ્ટ્રેટની પદવી એનાયત કરીને એમની સામાજિક સેવાઓની કદર કરી હતી. કાલાંકપાસના વેપાર સાથે જીનીંગ ફેકટરી ચલાવે છે. અમદાવાદમાં ચાના જથ્થાબંધ વેપારની એમની પેઢી છે.



**શ્રી. વિશ્રામભાઈ શંકરભાઈ પટેલ**
લાંઘણજ, તા. મહેસાણા
માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. શિક્ષણકાળ દરમ્યાન ત્રણવાર વ્યાયામવીરનું બિરૂદ પ્રાપ્ત કર્યું હતું. ન્યુ ચાઇના મીલ્સમાં ફોલ્ડીંગ માસ્તર તરીકે ફરજ બજાવતા હતા. પિતાશ્રીના અવસાન પછી એ છોડીને વતનમાં રહેવાનું પસંદ કર્યું. હાલ પેટ્રોલ પંપ ચલાવે છે ઉપરાંત ધાર્મિક પ્રવૃત્તિઓમાં સમય ગાળે છે.



**શ્રી. રમણભાઈ આર. અમીન**

અરવાઈન, કેલિફોર્નિયા, (યુ. એસ. એ.)

બી. ઇ. (મીકેનીકલ) અને બી. ઇ. (ઇલેક્ટ્રીકલ) થયા પછી વધુ અભ્યાસ માટે અમેરિકા જઈને એમ. એસ. ઇ.ઈ. થયા. હાલ કેલિફોર્નિયામાં હોથોર્ન ખાતે **Northrop Corp.** ના એર ક્રાફ્ટ વિભાગમાં એવિઓનીક્સ એન્જીનિયરીંગ ડીપાર્ટમેન્ટમાં એન્જીનિયરીંગ સ્પેશ્યાલીસ્ટ તરીકે છે.



**શ્રી. ભરતકુમાર લાલભાઈ પટેલ**

(લોડાઈ, ન્યુ જર્સી, યુ. એસ. એ.)

વતન અમદાવાદ, પોલિક્રોમ કોર્પોરેશન, ન્યુયોર્કમાં રિસર્ચ અને ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટમાં સિનિયર ઇલેક્ટ્રોકેમીસ્ટ તરીકે સેવાઓ આપે છે. આ પહેલાં સિમ્પસન ઈલેક્ટ્રીક કંપનીમાં સેવાઓ આપી હતી. અમેરિકન કેમીકલ સોસાયટી અને ઇલેક્ટ્રોકેમીકલ સોસાયટીના સક્રિય સભ્ય છે.



**શ્રી. ભકિતભાઈ એસ. પટેલ**

(શિકાગો, યુ. એસ. એ.)

વતન ઊંટવા, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. એ પછી અમેરિકા જઈને બી. એસ. કર્યું. ઈ. સ. ૧૯૭૫ થી ૧૯૭૯ સુધી ફોર્ચ્યુન કંપનીના ઓઇલ એન્ડ ફેટસ વિભાગમાં કેમીકલ એન્જીનિયર તરીકે કામ કર્યું. હાલ જમીન મકાન ખરીદ વેચાણ વ્યવસાય માટેની રિયલ એસ્ટેટમાં વ્યવસાય કરે છે.



**શ્રી. શંકરલાલ મોહનલાલ ગુરૂ** (ઊંઝા)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. રાજકીય ક્ષેત્રે જાણીતી પ્રતિભા છે. ૧૯૬૭ થી ૧૯૭૪ સુધી ધારાસભ્ય તરીકે રહ્યા. હાલ ગુજરાત સ્ટેટ એગ્રીકલ્ચરલ માર્કેટ બોર્ડના ચેરમેન છે. ઊંઝા કેળવણી મંડળ, ક. પા. વિદ્યાર્થી ભવન, અમદાવાદ, ધરતી વિકાસ મંડળ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ, ઉમિયા માતા સંસ્થાન વગેરેની કારોબારીઓના સભ્ય છે. અંબાજી માતા મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી છે. ગુરુ કોલ્ડ સ્ટોરેજ (પ્રા.) લિ.ના ચેરમેન છે.



**શ્રી. કાન્તિલાલ ચતુરદાસ પટેલ** (મુંબઈ)
વતન ઉમતા, તા. વિસનગર. મુંબઈમાં હીરાનો વેપાર કરે છે. હીરાની આયાત અને નિકાસ પણ કરે છે. આ ક્ષેત્રે એમણે સારી એવી સિધ્ધિ મેળવી છે.



**શ્રી. રામભાઈ છનાભાઈ પટેલ** (અમદાવાદ)
વતન ઝુલાસણ, તા. કલોલ. સામાજિક અને કેળવણીની પ્રવૃત્તિઓમાં ઊંડો રસ ધરાવે છે. ધંધાર્થે અમદાવાદમાં સ્થાયી થયા છે.



**શ્રી. મણિલાલ બેચરદાસ પટેલ** (અમદાવાદ)
વતન રેડ લક્ષ્મીપુરા, તા. ખેરાળુ. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. અભ્યાસકાળ દરમ્યાન રાજ્ય કક્ષા સુધી ઉજ્જવળ સિધ્ધિઓ મેળવી હતી. અભ્યાસ પછી થોડો સમય વેચાણવેરા ખાતામાં નોકરી કરી. એ પછી જમીન ખરીદવા વેચવાનો વ્યવસાય શરૂ કર્યો. હાલ સોસાયટીઓ ઓર્ગેનાઇઝ કરવાનો વ્યવસાય કરે છે.



**શ્રી. રામભાઈ નારણદાસ પટેલ** (મુંબઈ)
વતન કરજીસણ, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. ફાર્મ થયા પછી અમેરિકા જઈને એમ. એસ. થયા. મુંબઈમાં એબટ લેબોરેટરીમાં જોડાયા. હાલ એ જ કંપનીમાં પ્લાન્ટ ડાયરેક્ટર છે. ઇન્ડિયન ફાર્માસ્યુટીકલ એસોસિયેશનના પ્રમુખ રહી ચૂક્યા છે. મુંબઈની ફાર્માસ્યુટિકલ કલબના ચેરમેન છે. ૧૯૭૨માં મહારાષ્ટ્ર સરકારે એમને 'જસ્ટીસ ઑફ પીસ'નો ખિતાબ એનાયત કર્યો હતો.



**શ્રી. નારાયણભાઈ રણછોડભાઈ પટેલ** (સુરત)
વતન શેરથા, તા. ગાંધીનગર. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. રાષ્ટ્રીય ચળવળમાં અભ્યાસ છોડયો અને સુરતમાં જઈને જરીનો ધંધો શરૂ કર્યો. સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય છે. ઉત્તર ગુજરાત હિત વર્ધક મંડળ, ધરતી વિકાસ મંડળ, ઉમા પરિવાર તેમ જ અન્ય વ્યાપારી મંડળો સાથે સંકળાયેલા છે.



**શ્રી. ભાઈલાલભાઈ રણછોડભાઈ પટેલ** (સુરત)
વતન શેરથા, તા. ગાંધીનગર. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. હાલ સુરતમાં મફતલાલ ફેબ્રીક્સના એપ્રુવ્ડ સ્ટોર્સ, ફેર પ્રાઈસ કલોથ શોપના ભાગીદાર છે અને તેનું સંચાલન કરે છે.



**શ્રી. પુરુષોત્તમભાઈ પી. પટેલ** (મહેસાણા)
મહેસાણામાં પટેલ ઑટોમોબાઈલ્સના માલિક છે. અને લાયન્સ જનરલ હૉસ્પીટલના ચેરમેન, મહેસાણા નાગરિક સહકારી બૅન્કના મેનેજીંગ ડાયરેક્ટર, પેટ્રોલિયમ પ્રોડકટસ્ ડીલર્સ એસોસિયેશનના પ્રમુખની હેસિયતથી સેવાઓ આપી રહ્યા છે. ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સના કારોબારીના સભ્ય પણ છે.



**શ્રી. મગનલાલ શંકરલાલ પટેલ** (સુરત)
વતન કંથરાવી, તા. પાટણ. સુરતમાં એમની આંગડિયા સર્વિસની પેઢી છે. આંગડિયા સેવાના ક્ષેત્રમાં એમની પેઢી મશહૂર છે. એમની પેઢીની અનેક બ્રાન્ચ ઑફિસો છે. શ્રી પ્રહલાદભાઈ મગનલાલ પટેલ, શ્રી. કાશીરામ શંકરલાલ અને શ્રી. અંબાલાલ શંકરલાલ પેઢીના ભાગીદારો છે.



**શ્રી. નરસિંહભાઈ નાથાભાઈ પ્રજાપતિ**

(અમદાવાદ)

વતન માથાસૂળ, તા. કડી. એન. એન. સી.ના માર્કથી જાણીતી બની ચૂકેલી ઈંટોના ઉત્પાદક છે. ઘણા સમયથી ઈંટ ઉત્પાદક એસોસિયેશનની કારોબારીના સભ્યપદે રહી સક્રિય સેવાઓ આપે છે. સમાજ સેવા અને જનકલ્યાણમાં રસ ધરાવે છે કલોલ રોટરી ક્લબના સભ્ય છે.



**શ્રી. પોપટલાલ શિવાભાઈ પટેલ** (નરોડા–અમ.)

ગુજરાત કોલેજમાંથી બી. એસ્સી. થયા પછી બી. એસ્સી. (ટેક) કરીને એમ. એસ્સી. (ટેક) થયા. મેન્યુફેક્ચરીંગ કેમીસ્ટ તરીકે વ્યવસાય શરૂ કરીને વડોદરામાં વિપોર કેમીકલ્સ અને જે. જે. કેમીકલ્સની સ્થાપના કરી. ધંધાની પ્રગતિ માટે અવારનવાર પરદેશગમન કરે છે. કન્યા કેળવણીના પ્રસાર માટે ઘણા ઉત્સુક છે.



**શ્રી. મગનભાઈ બાજીદાસ પટેલ**

બલોલ (તા. મહેસાણા)

કન્યા કેળવણીના પ્રખર હિમાયતી તરીકે જાણીતા થયા હતા. ઊંઝા કન્યા છાત્રાલયમાં કન્યાઓના વિકાસમાં સક્રિય રસ લઈને 'દાદા'નું હુલામણું પદ પામ્યા હતા. મહેસાણા તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે સેવાઓ આપી ચૂક્યા હતા. શિક્ષણ ક્ષેત્રની એમની સેવાઓની ઉચિત ફલશ્રુતિરૂપે એમનું નામ બલોલની આઈ. એમ. જે સર્વ વિદ્યાલય સાથે જોડાયેલું છે.



**શ્રી. માધવલાલ મનોરદાસ પટેલ** (મહેસાણા)

છવ્વીસ વર્ષની ઉંમરે ડી. માધવલાલ એન્ડ કં. નામથી ભાગીદારી પેઢીમા ધંધાની શરૂઆત કરી અને ઉત્તરોત્તર પ્રગતિ કરીને લોખંડનો જથ્થાબંધ વેપાર કરે છે. મહેસાણા અને ભાવનગરમાં એમની બે રી-રોલિંગ મીલો ચાલે છે. શૈક્ષણિક, ધાર્મિક અને વૈદકીય પ્રવૃત્તિઓમાં ઘણો રસ ધરાવે છે અને તેમાં સહાયભૂત થાય છે.



**સ્વ. હંસરાજ જીવણદાસ મીરાણી**

જોડિયા (સૌરાષ્ટ્ર)

સ્વ પુરુષાર્થથી મુંબઈમાં વેપાર ક્ષેત્રે નોંધપાત્ર સિધ્ધિઓ મેળવી. રૂના વેપારમાં એમણે આંતર-રાષ્ટ્રીય ખેડાણ કર્યું હતું. એમની રાષ્ટ્ર પ્રેમની ભાવના પ્રબળ હતી. અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા રહીને એમણે જ્ઞાતિ તથા સમાજની સેવા બજાવી હતી. સ્વભાવે ઉદાર અને દાનવીર હોઈ લોકચાહના મેળવી હતી.



**શ્રી. ગણપતભાઈ ગોવિંદદાસ પટેલ** (અમદાવાદ)

વતન દીગડી, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી.ઇ. (સિવિલ) થયા પછી કન્સલ્ટીંગ એન્જીનિયર તરીકેનો વ્યવસાય કરે છે. કેળવણી ક્ષેત્રે વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. આ સંસ્થાના વ્ય. મંડળમાં સભ્ય છે. વતનની સંસ્થાના વિકાસમાં એમનો પાયાનો ફાળો છે.



**શ્રી. નટવરલાલ અમથારામ પટેલ** (અમદાવાદ)

વતન સોજા, તા. કલોલ. અમદાવાદમાં સોસાયટી ઓર્ગેનાઇઝર તરીકે વ્યવસાય કરે છે. નોબલ્સ કન્સ્ટ્રક્શનના માલિક, વિજય કો. ઓ. એન્ક લિ.ના મેનેજીંગ ડીરેકટર, ધી ગુજરાત ઇન્સ્ટીટ્યુટ ઓફ હાઉસિંગ એન્ડ એસ્ટેટ ડેવલપર્સના સ્થાપક પ્રમુખ છે. આ ઉપરાંત ઘણી કેળવણીની અને સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.



**શ્રી. મનુભાઈ અંબાલાલ પટેલ** (અમદાવાદ)

વતન કાંઝ, તા. વીરમગામ. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. એસસી. થયા પછી કેલિકો મીલ્સ લિ.માં પ્રોસેસીંગમાં ફીનીશીંગના હેડ તરીકે છે કોલેજકાળમાં એથ્લેટીક્સમાં ચેમ્પિયન થયા હતા. કડીની ગુજરાત ગૌશાળાના વિકાસમાં ઘણો રસ દાખવે છે.



**શ્રી. કેશવલાલ હીરાભાઈ પટેલ** (મહેસાણા)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. થોડો સમય નોકરી કરી મહેસાણામાં નહેરુ સોપ વર્કસની સ્થાપના કરી. ઈ. સ. ૧૯૮૦માં ઑલિમ્પિક સિન્થેટીક સેક્સ સ્થાપ્યું. હાલ આ યુનિટના મેનેજીંગ ડીરેક્ટરની જવાબદારી સંભાળે છે.



**શ્રી. શિવાભાઈ નારાયણદાસ પટેલ** (મહેસાણા)

વતન પાંચોટ, તા. મહેસાણા. શરૂઆતમાં કાપડની દુકાન કરી. ત્યાર બાદ કરિયાણાની દુકાન કરી. ૧૯૬૦માં મહેસાણામાં શરાફી પેઢી શરૂ કરી અને મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું. હાલ ઑલિમ્પિક સિન્થેટિક સેક્સ પ્રા. લિ.માં ચેરમેન તરીકેની જવાબદારી સંભાળે છે.



**શ્રી. હરિભાઈ શિવાભાઈ પટેલ** (મહેસાણા)

મહેસાણામાં મોટા પાયા ઉપર એમનો લોખંડનો વેપાર ચાલે છે. અમદાવાદમાં પણ આ વ્યવસાયમાં એમની પેઢી છે.



**શ્રી. રમેશભાઈ શિવાભાઈ શાહ** (મહેસાણા)

વતન વીરમગામ. મહેસાણામાં જયહિંદ ગ્રામોદ્યોગમાં ભાગીદાર છે. અમદાવાદમાં ગુજરાત સ્ટીલ સ્ટોર્સ નામની એમની પેઢી છે. ઑલિમ્પિક સીન્થેટીક સેક્સ પ્રા. લિ.માં ડાયરેક્ટર છે. મહેસાણા સર્વોદય કોમર્શીયલ કો. ઓ. બેન્કમાં ડાયરેક્ટર છે.



**શ્રી. જીવાભાઈ નાનદાસ પટેલ** (કલોલ)
વતન મોખાસણ, તા. કલોલ. કલોલમાં ખોળ, અનાજ વગેરેનો મોટા પાયા ઉપર વેપાર કરે છે અને કમીશન એજન્ટ છે. સામાજિક અને કેળવણીની પ્રવૃત્તિઓમાં ઊંડો રસ ધરાવે છે.



**શ્રી શાંતિલાલ મણિલાલ પટેલ** (અમદાવાદ)
અમદાવાદ ટાઈપ ફાઉન્ડ્રીના ભાગીદાર છે. સામાજિક અને કેળવણીની પ્રવૃત્તિઓમાં ઊંડો રસ ધરાવે છે. શાહપુર કેળવણી મંડળમાં તેમ જ પૂર્ણાનંદ આશ્રમમાં ટ્રસ્ટી છે. શાહપુર પરબ ભવન અને શાહપુર રામજી મંદિરની વ્યવસ્થાપક કમિટિઓમાં સભ્ય છે.



**શ્રી. કાન્તિલાલ રામભાઈ પટેલ** (અમદાવાદ)
વતન ચાંદણકી, તા. ચાણસ્મા. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. સિવિલ એન્જીનિયરીંગમાં ડિપ્લોમા મેળવ્યા પછી ત્રણ વર્ષ સુધી સરકારી ખાતામાં સુપરવાઈઝર તરીકે નોકરી કર્યા પછી સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. જમીન ખરીદવેચાણ, હાઉસિંગ યોજનાઓ અને બિલ્ડીંગ કન્સ્ટ્રકશન એમનો વ્યવસાય છે.



**શ્રી. ચતુરભાઈ હરિભાઈ પટેલ** (મુંબઈ)
વતન મલેકપુર, (વડ) તા. ખેરાળુ. મુંબઈમાં હીરાની આયાત નિકાસનો ધંધો મોટા પાયા ઉપર કરે છે. એમનો મુખ્ય ધંધાકીય વ્યવહાર બેલ્જિયમ અને અમેરિકા સાથે છે.



**ડૉ. નારાયણભાઈ એમ. પટેલ** (અમદાવાદ)
વતન કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. એમ. ડી. (ગાયનેક) થયા પછી અમદાવાદમાં પોતાનું સ્વતંત્ર પ્રસૂતિગૃહ ચલાવે છે. ૧૭ વર્ષથી વા. સા. હૉસ્પીટલમાં માનદ ગાયનેકૅલૉજીસ્ટ તરીકે સેવાઓ આપે છે. યુનિવર્સિટીમાં મેડીકલ ફેકલ્ટીની પરીક્ષાઓમાં પરીક્ષક તરીકે પણ સેવાઓ આપે છે.



**સ્વ. આત્મારામ મંગળદાસ પટેલ** (કલોલ)
વતન મેર્ડા આદરજ, તા. કડી. ધાર્મિક ભાવના પ્રબળ હતી. સેવા પરાયણ સ્વભાવ હોઈ સેવા પ્રવૃત્તિઓમાં ઊંડો રસ ધરાવતા હતા.



**શ્રી. ડાહ્યાભાઈ સાંકળચંદ પટેલ** (અમદાવાદ)
વતન ઝુલાસણ, તા. કડી. અમદાવાદમાં સ્થિર થયા છે અને નવા માધુપુરામાં વેપાર કરે છે. એમનું સરનામું વસંત બિહાર સોસાયટી વિભાગ–૨ સેન્ટ ઝેવિયર્સ કોલેજ કોર્નર, નવરંગપુરા અમદાવાદ



**શ્રી. કરસનદાસ મોહનલાલ પટેલ** (મહેસાણા)
સર્વ વિદ્યાલયમાં ઇ. સ. ૧૯૪૩માં અભ્યાસ કર્યા પછી ઉદ્યોગ અને વેપારમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધતા રહ્યા. હાલ બોરીંગને ઉપયોગી પાઇપો તથા લોખંડનો વેપાર કરે છે. અને ગંજબજારમાં પણ એમની પેઢી છે.



**શ્રી. સકરચંદ મગનલાલ પટેલ** (અમદાવાદ)
વતન પલિયડ, તા. કલોલ, અમદાવાદમાં રંગવાલા માર્કેટમાં કાપડનો હોલસેલ વેપાર કરે છે. સામાજિક પ્રવૃત્તિઓમાં રસ ધરાવે છે.



**શ્રી. અરવિંદકુમાર સોમચંદ પટેલ** (અમદાવાદ)
વતન રાજપુર, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. હાલ અમદાવાદમાં રંગવાલા માર્કેટમાં કાપડનો હોલસેલ વેપાર કરે છે. સામાજિક પ્રવૃત્તિઓમાં રસ ધરાવે છે.



**ડૉ. કિરિટકુમાર બાબુલાલ નાયક** (કલોલ)
વતન કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમા લીધું. એમ. બી. બી. એસ. થયા પછી એમ. એસ.ની ઉપાધિ મેળવીને છેલ્લાં પંદર વર્ષથી કલોલમાં જનરલ હોસ્પીટલ અને નર્સિંગ હોમ ચલાવે છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખાની કારોબારીમાં સભ્ય છે



**શ્રી. વિઠ્ઠલદાસ હેમદાસ પટેલ** (અમદાવાદ)
વતન ડીંગુચા, તા. કલોલ. અમદાવાદમાં સ્થિર થયા છે અને નવા માધુપુરામાં વેપાર કરે છે એમનું સરનામું વસંત બિહાર સોસાયટી વિભાગ-૨ સોની છાત્રાલય પાછળ નવરંગપુરા, અમદાવાદ.



**શ્રી. ભગવાનદાસ શંકરદાસ પટેલ** (મુંબઈ)
વતન ખેરવા, તા. મહેસાણા. ઘણાં વર્ષોથી મુંબઈમાં સ્થિર થઈને એમણે હૉટેલના વ્યવસાયમાં ઘણી પ્રગતિ કરી છે. સામાજિક પ્રવૃત્તિઓ અને સમાજ સુધારામાં સક્રિયપણે રસ લે છે.



**શ્રી. કેશુભાઈ પી. પટેલ** (અમદાવાદ)
વતન થોળ, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. અમદાવાદમાં એમનો બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનનો વ્યવસાય છે.



**શ્રી. કેશવલાલ નથ્થુદાસ પટેલ** (કડી)
વતન કડી. કડી શહેરના આગેવાન નાગરિક અને વેપારી છે. ગિરિશ ઑઈલ ઈન્ડસ્ટ્રીઝના માલિક છે.



**ડૉ. રેવાભાઈ કે. પટેલ** (કલોલ)
વતન કહોડા, તા સિધ્ધપુર. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. એમ. બી. બી. એસ. થઈને કેટલોક સમય વા. સા. હૉસ્પીટલમાં અનુભવ લીધો. એ પછી કલોલમાં પ્રેક્ટીસ શરૂ કરી. શિક્ષણ ક્ષેત્રે ઊંડો રસ ધરાવે છે. કલોલ તાલુકા કેળવણી મંડળમાં સક્રિય રહીને સેવાઓ આપે છે.



**શ્રી. કાળીદાસ ઝીણાભાઈ પટેલ** (વામજ, તા. કડી)
માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલય તેમ જ અમદાવાદની ન્યુ હાઈસ્કૂલમાં લીધું. ૧૯૩૦માં રાષ્ટ્રીય ચળવળમાં જોડાયા. ઈ. સ. ૧૯૩૨ થી ૧૯૫૨ સુધી મુંબઈમાં શેઠશ્રી મફતલાલ ગગલદાસની કંપનીમાં સેવા આપી. એ પછી લોકલ બોર્ડ, જિલ્લા પંચાયત વગેરેમાં મહત્વની સેવાઓ આપી છે. કડી તાલુકા પંચાયતના પ્રમુખ છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી છે. વામજ કેળવણી મંડળના પ્રમુખ તરીકે વર્ષો સુધી સેવા આપી છે.



**શ્રી. છગનલાલ કાળીદાસ પટેલ** (કલોલ)
વતન મોખાસણ, તા. કલોલ. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. એ. થયા પછી એલ એલ. બી. ની ઉપાધિ મેળવી. વડોદરા રાજ્યમાં બે વર્ષ મુલકી ખાતામાં નોકરી કર્યા પછી સ્વતંત્રપણે વકીલાત શરૂ કરી. સામાજિક પ્રવૃત્તિઓમાં ખાસ કરીને સમાજ સુધારો અને ખેડૂતોના ઉત્કર્ષ માટે ખૂબ સક્રિય છે. ક. પા. કેળવણી ઉત્તેજક મંડળ, કડીના મંત્રી છે.



**શ્રી. ચંદુલાલ જોઈતારામ શુથાર**
(જ.સ. ૧૯૩૨–) (કુંડાળ, તા. કડી)
ઈ. સ. ૧૯૪૬ થી ૧૯૫૨ સુધી સર્વ વિદ્યાલયમાં માધ્યમિક શિક્ષણ લીધા પછી સિવિલ એન્જીનિયરીંગમાં ડિપ્લોમા મેળવ્યો. ત્યારબાદ સરકારી નોકરીમાં જોડાયા. હાલ સિંચાઈ વિભાગમાં કાર્યપાલક ઇજનેર (ગ્રેડ–૧) તરીકે ફરજ બજાવે છે.



**શ્રી. પોપટલાલ શિવલાલ પટેલ**
(નેશવીલ, યુ. એસ. એ.)
વતન સરસાવ, તા. કડી. સંસ્થાની સાયન્સ કૉલેજમાં બી. એસસી. થઈને ધંધાર્થે અમેરિકા ગયા. હાલ અમેરિકાના ટેનેસી સ્ટેટના નેશવીલ શહેરમાં સ્થાયી થયા છે.



**સ્વ. ડાહ્યાભાઈ કાળીદાસ પટેલ** (અમદાવાદ)
ભગીરથ કોર્પોરેશન
કાળીદાસ ચેમ્બર્સ, લાલદરવાજા
અમદાવાદ



**શ્રી. આત્મારામ કાળીદાસ પટેલ** (અમદાવાદ)
ભગીરથ કોર્પોરેશન
કાળીદાસ ચેમ્બર્સ, લાલદરવાજા
અમદાવાદ



**શ્રી. ચતુરભાઈ ખેમચંદદાસ પટેલ** (વિસનગર)

વિસનગરમાં માર્કેટ યાર્ડમાં એમની પેઢી છે. જીરા વરિયાળી વગેરેના વેપારી તથા કમીશન એજન્ટ છે. સામાજિક તથા કેળવણીની પ્રવૃત્તિઓમાં ઊંડો રસ ધરાવે છે.



**શ્રી. બળદેવભાઈ મગનલાલ પટેલ** (અમદાવાદ)

વતન ડીંગુચા, તા. કલોલ. અમદાવાદમાં કાપડનો વેપાર કરે છે. શ્રીરંગ પ્રિન્ટીંગ મીલ્સના એજન્ટ છે. ઉપરાંત બિલ્ડીંગ કન્સ્ટ્રકશનની પણ એમની પેઢી છે.



## શ્રી ભકિતભાઈ ગીરધરદાસ પટેલ

(ન્યુયોર્ક, યુ. એસ. એ.)

વતન કરજીસણ, તા. કડી, બી.ઇ. (સિવિલ) થયા પછી થોડા સમય માટે ગુજરાત રાજ્યના પી. ડબલ્યુ. ડી. ખાતામાં નોકરી કરી. લગભગ દસ વર્ષ સુધી ભાવનગર અને અમદાવાદની પોલિટેકનીકસમાં અધ્યાપક તરીકે ફરજ બજાવીને વધારે અભ્યાસ માટે અમેરિકા ગયા. હાલ ન્યુ યોર્કમાં સ્ટ્રકચરલ એન્જીનિયર તરીકે ફરજ બજાવે છે.



## શ્રી. અજીતકુમાર આત્મારામભાઈ પટેલ

(એશવીલ, નોર્થ કેરોલિના, યુ. એસ. એ.)

વતન સરસાવ, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. પ્રથમ વર્ગ સાથે બી. એસસી. કરીને વ્યવસાય અર્થે અમેરિકા ગયા. બેસ્ટ વેસ્ટર્ન સેજ એન્ડ સેન્ડ મોટેલ, રીવર સાઇડ, કેલિફોર્નિયામાં તેમજ નોર્થ કેરોલિનામાં એશવીલ ખાતે ડાઉન ટાઉનર મોટેલમાં મેનેજર તરીકે કામ કર્યું. હમણાં એમણે પોતાની એક મોટેલ ખરીદી છે.



## ડૉ. મૂળચંદ એસ. પટેલ

(ક્લીવલેન્ડ, ઓહાયો, યુ. એસ. એ)

વતન સિપોર, તા. ખેરાળુ. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. એસસી. થઈને મ. સ. યુનિમાંથી બાયોકેમેસ્ટ્રી સાથે એમ. એસસી. થયા. એ પછી અમેરિકા જઈને યુનિવર્સિટી ઓફ ઇલિનોયમાં એનીમલ સાયન્સમાં પી. એચ. ડી. થયા. હાલ અમેરિકામાં વેસ્ટર્ન રિઝર્વ યુનિવર્સિટીમાં એસોસિયેટ પ્રોફેસર છે.



## શ્રી. નટવરલાલ બબાભાઈ પટેલ

(ન્યુ જર્સી, યુ. એસ. એ.)

વતન કોરડા, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. ડી. એમ. ઈ. થઈને એન્જીનિયરીંગના વધુ અભ્યાસ માટે અમેરિકા ગયા. ત્યાં એમ. એસ.ની ડીગ્રી મેળવી. હાલ અમેરિકામાં મિકેનીકલ એન્જીનિયર તરીકે સેવાઓ આપે છે.



**જયંતીભાઈ કાન્તિલાલ પટેલ**

(બ્રુકફીલ્ડ, મીસુરી (યુ. એસ. એ.)

વતન કોઠા, તા. કલોલ ગુજરાત યુનિવર્સિટીમાંથી રસાયણશાસ્ત્ર સાથે બી. એસસી. થઈને વધુ અભ્યાસ માટે અમેરિકા ગયા. ત્યાં એમ. બી. એ. કર્યું. એ પછી મોટેલનો વ્યવસાય શરૂ કર્યો. બ્રુકફિલ્ડમાં 'એલ ડોરાડો' નામની એમની મોટેલ છે. બ્રુકફિલ્ડની રોટરી કલબના સક્રિય સભ્ય છે.



**શ્રી. નટવરલાલ મોહનલાલ પટેલ**

(નોર્થ બર્ગન, ન્યુ જર્સી, (યુ. એસ. એ.)

મૂળ વતન રાજપુર, તા. કડી હાલ રાણીપ, અમદાવાદ. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. હાલ વ્યવસાય અર્થે અમેરિકામાં સ્થાયી થયા છે. પણ સાથે સાથે ભારતમાં પણ અમદાવાદ ખાતે પટેલ નટવરલાલ મોહનલાલ જીરાવાલાના નામની પેઢીથી જીરા વરિયાળીનો હોલસેલનો ધંધો ચાલે છે.



**શ્રી. પ્રહ્લાદભાઈ વિ. પટેલ**

(નોર્થ બર્ગન ન્યુજર્સી, (યુ. એસ. એ.)

વતન કરજીસણ. તા. કડી, બી. ફાર્મ. થયા પછી ધંધાર્થે અમેરિકા ગયા. નોર્થ બર્ગનમાં સ્ટેશનરી તેમ જ અન્ય વસ્તુઓનો એક મોટો સ્ટોર ચલાવે છે. સ્વભાવે ધર્મપરાયણ છે. નોર્થ બર્ગનમાં ઇન્ટરનેશનલ સ્વામીનારાયણ સત્સંગ ઓર્ગેનિઝેશનના આશ્રયે એમના નેતૃત્વ નીચે અનેક કાર્યક્રમો યોજાય છે.



**શ્રી. કેશવલાલ નારણદાસ પટેલ**

(નોર્થ બર્ગન, ન્યુ જર્સી, (યુ. એસ. એ.)

વતન મોખાસણ, તા. કલોલ કારકીર્દિની શરૂઆત પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શિક્ષકના વ્યવસાયથી કરી. કેટલોક સમય કાપડની મીલમાં નોકરી કરી. એ પછી વતનમાં દુકાન શરૂ કરીને ખેતીવાડી સંભાળવાનું કામ કર્યું. હાલ અમેરિકામાં સ્થાયી થયેલા એમના ત્રણ પુત્રો સાથે નિવૃત્ત જીવન ગાળે છે.



**શ્રી. પુરુષોત્તમદાસ નથુભાઈ પટેલ**

(પોર્ટ વાઇનીમી, કેલિફોર્નિયા યુ. એસ. એ.)

વતન લણવા, તા. ચાણસ્મા. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. ૧૯૩૭ થી ૧૯૭૩ સુધી ટેક્ષટાઇલ મીલ્સમાં ટેકનીશિયન તરીકે નોકરી કરી છે. ૧૯૭૫માં એમના પુત્રપુત્રીઓ સાથે નિવૃત્ત જીવન ગાળવા ગયા. ત્યાં પોતાની માલિકીની એક મોટેલ ચલાવે છે.



**શ્રી. ભોગીલાલ કચરદાસ પટેલ**

(એશવીલ, નોર્થ કેરોલિના, યુ. એસ. એ.)

વતન જાસલપુર, તા, કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. કોમ. થયા પછી ઈ. સ. ૧૯૭૨ થી ૧૯૭૮ સુધી ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે સેવા આપી હતી. હાલ અમેરિકામાં એશવીલ ખાતે ડાઉન ટાઉનર મોટર ઈન નામની મોટેલમાં નાઇટ ઓડિટર તરીકે ફરજ બજાવી રહ્યા છે.



**શ્રીમતિ કોકિલાબેન મંગળદાસ પટેલ**

( રિચમન્ડ, યુ. એસ. એ )

વતન સરસાવ, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. એ. અને બી. એડ્. કર્યા પછી ભારતમાં થોડા સમય માટે શિક્ષિકા તરીકે કામ કર્યું. હાલ અમેરિકામાં રીચમન્ડમાં છે.



**શ્રી. ચંદુભાઈ નથુદાસ પટેલ**

(ઇન્ડિયો, કેલિફોર્નિયા, યુ. એસ. એ.)

વતન કરજીસણ, તા. કડી, ભારતમાં બી. કોમ. થયા પછી ધંધાર્થે અમેરિકા ગયા. ત્યાં કેલિફોર્નિયાના દક્ષિણ વિભાગમાં ઈન્ડિયોમાં પોતાની મોટેલ ચલાવે છે.



**શ્રી. અંબાલાલ ભૂદરદાસ પટેલ**

(શિકાગો, યુ. એસ. એ.)

વતન નારણપુરા, અમદાવાદ. ટેક્ષટાઈલ મીલમા મુકરદમ તરીકેની નોકરી પૂરી કર્યા પછી હાલ સત્સંગ અને ધાર્મિક ચિંતન મનનમાં વ્યસ્ત રહી નિવૃત્ત જીવન ગાળે છે.



**ડૉ. અનિલ એચ. પટેલ**

(ઓક્સનાર્ડ કેલિફોર્નિયા, યુ. એસ. એ.)

વતન લણવા, તા. ચાણસ્મા. ઇ. સ. ૧૯૭૧-૭૨માં સંસ્થાની વિજ્ઞાન કોલેજમાં અભ્યાસ કર્યો. ત્યારબાદ બી. ડી. એસ. થયા. એ પછી વધુ અભ્યાસ માટે અમેરિકા ગયા અને ત્યાં ડી. ડી. એસ. કર્યું. હાલ કેલિફોર્નિયામાં ઓક્સનાર્ડ અને કેમરીઓ એ સ્થળે ખાનગી પ્રેક્ટીસ કરે છે.



**ડૉ. ચતુરભાઈ નારણદાસ પટેલ** (અમદાવાદ)

વતન રાજપુર, તા. કડી. ૧૯૪૪માં સર્વ વિદ્યાવયમાં અભ્યાસ કર્યો. એમ. બી. બી. એસ. થયા પછી અમદાવાદમાં પ્રેક્ટીસ કરે છે.



**શ્રી. ગણપતભાઈ એ. પટેલ** (અમદાવાદ)

વતન સેદરડી, તા. કડી. માધ્યમિક શિક્ષણ ટેકનીકલ વિષયો સાથે સર્વ વિદ્યાલયમાં લીધું. થોડા સમય માટે નોકરી કરીને મશીનરી સ્પેર પાર્ટસ બનાવવાનો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. એમની માલિકીની ત્રણ ફર્મ્સ છે.



### શ્રી. ઈશ્વરભાઈ મણિલાલ પટેલ

એંદલા, તા. વીરમગામ

સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કરી એસ.એસ.સી. થયા. ત્યારબાદ સિવિલ એન્જીનિયરીંગનો અભ્યાસ પૂરો કરી સરકારી નોકરીમાં જોડાયા. હાલ ગ્રામ માર્ગ પંચાયત પેટા વિભાગ, મોડાસામાં નાયબ કાર્યપાલક ઇજનેર તરીકે ફરજ બજાવે છે.



### શ્રી. કેશવલાલ ભોળીદાસ પટેલ

( કલોલ )

વતન પલિયડ, તા. કલોલ. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. ઈ.સ. ૧૯૫૭માં ભારતના મજૂરોના પ્રતિનિધિ તરીકે યુરોપનો પ્રવાસ કર્યો. ૧૯૭૭–૭૮માં ભારતીય સંસ્કૃતિના પ્રચારાર્થે અમેરિકાનો પ્રવાસ કર્યો. હાલ અનેક પદ ઉપર રહીને વિવિધ ક્ષેત્રે સેવાઓ આપે છે.



### શ્રી. ચિનુભાઈ જીવાભાઈ પટેલ

ડરણ, તા. કડી

સંસ્થામાં માધ્યમિક શિક્ષણ લઈ ગુજરાત કોલેજમાંથી બી. એસસી. થયા. એકાદ વર્ષ શિક્ષક તરીકે નોકરી કર્યા પછી લોખંડના વ્યવસાયમાં જોડાયા. સત્તાવીસ સમાજના કન્યા છાત્રાલયના ટ્રસ્ટી મંડળમાં સભ્ય છે. આધ્યાત્મિક ચિંતન તરફ એમનું ખાસ વલણ છે.



### ડૉ. રમણભાઈ જી. પટેલ

કરણનગર, તા. કડી

સંસ્થામાં અભ્યાસ કરીને એસ.એસ.સી. થયા. એમ.બી.બી.એસ. થઈને છેલ્લાં બાર વર્ષથી કડીમાં જનરલ પ્રેક્ટીસ કરે છે. કડી જેસીઝના પ્રમુખપદે રહી ચૂક્યા છે. સામાજિક તથા યુવક પ્રવૃત્તિમાં રસ ધરાવે છે.



### શ્રી. નટવરલાલ અ. પટેલ (કડી)

ઇ.સ. ૧૯૬૨માં ગુજરાત વિધાનસભામાં અને ૧૯૭૨માં લોકસભામાં ચૂંટાયા હતા. મ. જિ. મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન પદે તેમજ ગુ. સ્ટે. કો. ઓ. માર્કેટીંગ ફેડરેશનના ચેરમેન પદે રહી સેવાઓ આપી છે. હાલ સાયન્સ કૉલેજ, કડીની ગવર્નિંગ બોડીના ચેરમેન છે.



### ડૉ. રમણભાઈ શંકરભાઈ પટેલ (અમદાવાદ)

વતન કરજીસણ, તા. કડી. માધ્યમિક અભ્યાસ સર્વ વિદ્યાલયમાં. એમ. જી., ડી. જી. ઓ. થઈ લંડનમાં ડી. એફ. પી., ડી. આર. સી. ઓ. જી. થઈ અમદાવાદમાં સ્વતંત્ર પ્રસૂતિગૃહ સ્થાપી પ્રેકટીસ કરે છે. સિવિલ હૉસ્પિટલમાં માનદ્ આસિ. પ્રોફેસર તરીકે સેવાઓ આપે છે.



### શ્રી. સોમભાઈ હીરદાસ પટેલ (રાણીપ, અમદાવાદ)

વતન કૈયલ, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી.ઇ. (સિવિલ) થઈ જી.એસ.ઇ. થયા. હાલ ગુજ. રાજ્યના બી. એન્ડ સી. ડિપાર્ટમેન્ટમાં ગાંધીનગર ખાતે એકઝીકયુટીવ એન્જીનિયર છે



### શ્રી. ત્રિભોવનદાસ મોહનલાલ પટેલ (ગુરૂ) ઊંઝા

ઇ.સ. ૧૯૫૭માં મ. જિલ્લા લોકલબોર્ડના સભ્ય તરીકે અને ૧૯૬૪થી ૧૯૬૮ સુધી મ. જિ. પંચાયતના ઉપપ્રમુખ તરીકે સેવાઓ આપી છે. હાલ કન્યા કેળવણી મંડળ, ઊંઝાના મંત્રી તરીકે સેવાઓ આપી રહ્યા છે.



### વકીલ ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ

(અમદાવાદ)

વતન ગણેશપુરા, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. એલએલ. બી. થયા પછી કડીમાં વકીલાત શરૂ કરી. હાલ સંસ્થાના મંત્રી છે, અને ગાંધીનગર શાખાના ચેરમેન છે. સંસ્થાઓના અમૃત મહોત્સવ સમિતિના અધ્યક્ષ તરીકે સેવા આપી.



### શ્રી. શિવલાલ હરગોવિંદદાસ પટેલ

(ગણેશપુરા, તા. કડી)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. હાલ વતનમાં ખેતીનો વ્યવસાય કરે છે. ગામની પ્રગતિમાં ઊંડો રસ ધરાવે છે. અને સ્થાનિક પ્રવૃત્તિઓમાં સક્રિય છે.



### શ્રી. વિઠ્ઠલભાઈ હરગોવિંદદાસ પટેલ

(ગણેશપુરા, તા કડી)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. વતનમાં રહી ખેતીનો વ્યવસાય કરે છે. ગામની પ્રવૃત્તિઓમાં રસ લે છે.



### શ્રી. રમણલાલ હરગોવિંદદાસ પટેલ

(ગણેશપુરા, તા. કડી)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. એસ. એસ. સી. થયા પછી ખેતીના વ્યવસાયમાં જોડાયા. વતનમાં રહી ગ્રામવિકાસની પ્રવૃત્તિઓમાં સક્રિય છે. હાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રમુખ તરીકે સેવા આપે છે.



**ડૉ. માણેકલાલ છ. પટેલ** (કડી)

કડીના બુઝર્ગ સેવાભાવી ડૉક્ટર તરીકે ખૂબ લોકપ્રિય છે. ઑનરરી મેજીસ્ટ્રેટનું બિરૂદ મેળવી ચૂક્યા છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં વર્ષોથી સેવાઓ આપતા રહ્યા છે.



**ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલ** (અમદાવાદ)

વતન ગણેશપુરા, તા. કડી. ઈ.સ. ૧૯૫૮માં સર્વ-વિદ્યાલયમાં દાખલ થઈ ૧૯૬૩માં એસ. એસ. સી. થયા. ઈ.સ. ૧૯૬૯માં બી. જે. મેડીકલ કૉલેજમાં એમ. બી. બી. એસ. થયા ૧૯૭૧માં અમદાવાદમાં સ્વતંત્ર પ્રેકટીસ શરૂ કરી. મેડીકલ કૉલેજ કામ દરમ્યાન વોલીબોલ, બેડમીંટન વગેરે સ્પોર્ટના સેક્રેટરી રહી કૉલેજની પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલો.



**ડૉ. મણિભાઈ શિવાભાઈ પટેલ** (કડી)

વતન લણવા, તા. ચાણસ્મા. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. દંતવિદ્યામાં બી. ડી. એસ. થયા. હાલ કડીમાં પ્રેકટીસ કરે છે. લાયન્સ ક્લબ કડીમાં ક્લબના મંત્રી અને પ્રમુખ તરીકે સારી સેવાઓ આપી છે. ગુજરાત સ્ટેટ ડેન્ટલ કોન્ફરન્સના ચેરમેન તેમજ ગુ. સ્ટે. ડેન્ટલ એસોસિએશનના ઉપપ્રમુખ તરીકે પ્રશસ્ય કામગીરી બજાવી છે.



**ડૉ. બાબુભાઈ શિવાભાઈ પટેલ** (કડી)

વતન લણવા, તા. ચાણસ્મા. માધ્યમિક શિક્ષણ વતનમાં લીધું. એમ. બી. બી. એસ. થયા પછી કડીમાં જનરલ પ્રેકટીસ કરે છે. સામાજિક પ્રવૃત્તિઓમાં રસ ધરાવે છે, કડી જેસીસના સભ્ય છે. એ સંસ્થાના સેક્રેટરી અને પ્રમુખપદે રહી ચૂક્યા છે.





**લેફ્ટેનન્ટ કર્નલ હસમુખ માણેકલાલ પટેલ**
(કડી)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. ખડકવાસલા અને દહેરાદૂનમાં કેળવણી લઈ કમીશન્ડ ઑફિસર થયા. ક્રમશઃ લેફ્ટેનન્ટ કર્નલના હોદ્દા સુધી પહોંચ્યા. પાકીસ્તાન સાથેના યુધ્ધમાં એમણે ભારે ખમીર બતાવ્યું હતું. એન. સી. સી.માં ગ્રુપ કમાન્ડર તરીકે સેવાઓ આપીને નિવૃત્ત થયા છે

**શ્રી. નિરંજન માણેકલાલ પટેલ** (યુ. એસ. એ.)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું બી. ફાર્મ થયા પછી એલેમ્બિક કેમીકલ વર્કસ અને કેડીલા લેબોરેટરીઝમાં અનુભવ લઈ ભાગીદારીમાં એક્રોન ફાર્માસ્યુટિકલ્સની સ્થાપના કરી. હાલ અમેરિકામાં પાર્ક ડેવિસ કંપનીમાં કેમીસ્ટ છે.





**સ્વ. નવનીત માણેકલાલ પટેલ** (કડી)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. સુરતની આયુર્વેદિક કોલેજમાં છેલ્લા વર્ષમાં હતા ત્યારે અકસ્માત અકાળ અવસાન થયું.

**શ્રી. વિક્રમભાઈ માણેકલાલ પટેલ** (કડી)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું હાલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની કડીની શાખામાં સેવા આપે છે.



**શ્રી. મોહનલાલ બા. પટેલ** (કડી)

વતન પાટણ. સર્વ વિદ્યાલયમાં ચોત્રીસ વર્ષ સેવાઓ આપી. જે પૈકી ચોવીસ વર્ષ આચાર્યપદે રહ્યા. દરમ્યાન છાત્રાલયમાં મુખ્ય ગૃહપતિ તરીકેની જવાબદારી સંભાળી. રાજ્ય સરકાર તરફથી શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવ્યો છે. સાહિત્ય ક્ષેત્રે એમણે બે સુવર્ણચંદ્રકો અને ત્રણ પારિતોષિકો મેળવ્યાં છે. એમનાં વીસ પુસ્તકો પ્રગટ થયાં છે.



**શ્રી. પીતાંબર હરિભાઈ પટેલ** (મુંબઈ)

વતન અમૂહ, તા. સિધ્ધપુર. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું ૧૯૬૭-૬૮માં યુ. કે એટમિક અનર્જી ઓથોરિટીમાં ટ્રેઇનીંગ લીધી. ૧૯૮૪માં ઈન્ટરનેશનલ એટમિક એનર્જી, વિયેનામાં રેડિયેશન મોનીટરીંગ સલાહકાર સમિતિમાં ભારતના પ્રતિનિધિ તરીકે ભાગ લીધો. હાલ બી. એ. આર. સી.માં વૈજ્ઞાનિક તરીકે સેવાઓ આપે છે.



**શ્રી. ત્રિભોવનભાઈ કા. સુથાર** (કડી)

વતન મોટી દાઉ, તા. મહેસાણા. ટેકનીકલ હાઈસ્કૂલના આચાર્ય છે. તેમ જ ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટના માનદ આચાર્ય પણ છે. જિલ્લા વિજ્ઞાન મંડળના પ્રમુખ છે. ગુજ. રાજ્ય માધ્ય. ટેક કર્મચારી સંઘના પ્રમુખ છે. એન. સી. ઈ. આર. ટી.ના શૈક્ષણિક કાર્યશિબિરોમાં સક્રિયપણે ભાગ લીધો છે. આમ ટેકનોલોજીના ક્ષેત્રે અવનવાં સાધનોના નિર્માણમાં ફાળો આપ્યો છે.



**ડૉ. દેવચંદભાઈ વાઘજીભાઈ યોગી** (કડી)

વતન કેશણી, તા. ચાણસ્મા. એમ. એસસી. તથા પી. એચ. ડી.ની ડીગ્રીઓ મેળવી છે. હાલ કડીની સાયન્સ કોલેજમાં જીવશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ તરીકે સેવા આપે છે. કૃષિ અને પશુપાલનમાં રસ ધરાવે છે. અપંગોને મદદરૂપ થવાના હેતુથી 'મમતા કેન્દ્ર' નામની સંસ્થા ચલાવે છે. સાહિત્યક્ષેત્રે એમનાં બે પુસ્તકો પ્રકાશિત થયાં છે.



**શ્રી. ગણેશભાઈ શિવાભાઈ પટેલ** (અમદાવાદ)

વતન ગંગેટ, તા. ચાણસ્મા. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. ડીસ્ટીંગ્શન સાથે બી. એસ્સી. (એગ્રી.) થયા. ખેતીવાડી ખાતામાં ૨૨ વર્ષ સેવા આપ્યા પછી બેન્ક ઑફ ઇન્ડિયા અને જમીન વિકાસ બેન્કના મેનેજર તરીકે સેવાઓ આપી નિવૃત થયા. ધરતી વિકાસ મંડળના પ્રમુખ તરીકે અને ઉમિયા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે સારી એવી સેવાઓ આપી છે. હાલ ગુજ. રાજ્ય સહકારી બેન્ક લિ. અમદાવાદમાં સેવા આપે છે.



**શ્રી. પુરુષોત્તમદાસ ભોગીલાલ છીંકણીવાળા**
(અમદાવાદ)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. ૧૯૩૧ થી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં જોડાયા. ૧૯૪૧માં વ્યક્તિ સત્યાગ્રહમાં જેલ ભોગવી ૪૨ની ચળવળમાં ભૂગર્ભ પ્રવૃત્તિમાં ભાગ લીધો. અમદાવાદ શહેર કોંગ્રેસ, જિલ્લા કોંગ્રેસ, અમદાવાદ મ્યુનિસિપાલીટી વગેરેમાં વિવિધ હોદ્દાઓ ઉપર રહીને અનેકવિધ સેવાઓ આપી છે. છીંકણીના વ્યવસાયને અનેક રીતે વિકસાવ્યો છે.



**ડૉ. ઈશ્વરલાલ માધવલાલ પટેલ** (અમદાવાદ)

વતન શેરથા, માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું એમ. બી. બી. એસ. થયા પછી અમદાવાદમાં પ્રેક્ટીસ કરે છે. શૈક્ષણિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં રસ છે.



**શ્રી. ચતુરભાઈ મોહનભાઈ પટેલ** (મહેસાણા)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. એ. થયા પછી એલએલ. બી. થઈને એડવોકેટ બન્યા. હાલ મહેસાણામાં ટેક્ષ પ્રેક્ટીશનર તરીકે વ્યવસાય કરે છે. વિવેકાનંદ કોલેજ ઓફ લૉમાં પાર્ટ ટાઇમ લેક્ચરર તરીકે પણ સેવા આપે છે. સામાજિક ક્ષેત્રે રચનાત્મક પ્રવૃત્તિઓમાં સારો ફાળો આપ્યો છે.



**શ્રી. અંબાલાલ સોમનાથ પટેલ**

(વામજ, તા. કડી)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. વતનની માધ્યમિક શાળામાં ૩૬ વર્ષ અને છાત્રાલયમાં ૨૫ વર્ષ સુધી સેવાઓ આપીને નિવૃત્ત થયા છે. હાલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખામાં મંત્રી તરીકે સેવાઓ આપે છે. સમાજ સેવા અને સહકારી પ્રવૃત્તિઓમાં ઊંડો રસ ધરાવે છે.



**શ્રી. નરોત્તમદાસ ત્રિભોવનદાસ પટેલ**

કાંસા, તા. વિસનગર

વિવિધ મંડળોમાં પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી તથા વ્યવસ્થાપક તરીકે હોદ્દાઓ ઉપર રહી કેળવણી, સહકાર અને વ્યાપાર ક્ષેત્રે ઉપયોગી સેવાઓ આપી છે.



**શ્રી ચંદુભાઈ અંબાલાલ પટેલ**

રાણીપ, અમદાવાદ.

વતન મોખાસણ, તા. કલોલ. ઈ. સ ૧૯૬૩થી ૧૯૬૭ સુધી વિદ્યાર્થી આશ્રમ, કડીમાં રહી સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કર્યો હતો. અમદાવાદમાં સ્થાયી થઈ હાલ જુના માધુપુરામાં વેપાર કરે છે.



**શ્રી. કાન્તિલાલ મણિલાલ પંચાલ** (અમદાવાદ)

વતન પચકવાડા, તા. સિધ્ધપુર. ટેકનીકલ વિષયો સાથે એસ.એસ.સી. થયા છે. અમદાવાદમાં મેક્ષ મશીનરી મેન્યુ. કંપની પ્રા. લિ.ના ટેકનીકલ ડાયરેકટર તરીકે ફરજ બજાવે છે. અને ઑફસેટ પ્રિન્ટીંગ મશીન ડેવલપ કરી સફળતા મેળવી છે. ચામુંડા વર્કસના પાર્ટનર છે.



**શ્રી. હરગોવિંદદાસ ગોકળભાઈ પટેલ**
(વિસનગર)

વતન કમાણા, તા. વિસનગર. વિસનગર માર્કેટ યાર્ડમાં એમની પેઢી છે. જીરા, વરિયાળી વગેરેના મોટા પાયા ઉપરના વેપારી અને કમીશન એજન્ટ છે. વતનની પ્રગતિશીલ પ્રવૃત્તિઓમાં ઊંડો રસ ધરાવે છે.



**શ્રી. લક્ષ્મણભાઈ નારણદાસ પટેલ** (અમદાવાદ)

વતન મરતોલી, તા. મહેસાણા. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી.ઇ. થયા પછી બિલ્ડીંગ કન્સ્ટ્રકશનના ક્ષેત્રમાં સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. એમનાં કામ વડોદરા, સુરત તેમ જ અમદાવાદ ખાતે ચાલે છે.



**શ્રી ચંદુભાઈ એમ. પટેલ** (કલ્યાણપુરા)

વતન કોઇન્તિયા, તા. વીરમગામ. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. એસ્સી., બી. એડ્. થઈને શિક્ષણનો વ્યવસાય સ્વીકાર્યો છે. હાલ કલ્યાણ વિદ્યાલય, કલ્યાણપુરામાં આચાર્ય તરીકે સેવાઓ આપે છે



**સ્વ. ધરમચંદ શિવલાલ ચોકસી** (અમદાવાદ)

વતન કૈયલ, તા. કડી, ૧૯૪૪માં અમદાવાદ જઈ સોનાચાંદીના દાગીના ઘડવાનું કામ શીખીને ચોકસીનો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. સમાજ સુધારણા ક્ષેત્રે સક્રિય બન્યા. 'ધરતી' માસિકની સ્થાપનામાં એમનો પણ મહત્વનો ફાળો છે. કેળવણી ક્ષેત્રે પણ એમની સેવાઓ મહત્વની છે. લગભગ અગિયાર જેટલી સંસ્થાઓમાં એક યા બીજા હોદ્દા ઉપર રહી સેવાઓ આપતા હતા.



**શ્રી. ધરમચંદ ત્રિભોવનદાસ પટેલ** (અમદાવાદ)

વતન ભટાસણ, તા. કડી સર્વ વિદ્યાલયમાં ચાર વર્ષ શિક્ષણ લીધું. અમદાવાદમાં કાપડનો વેપાર કરે છે. અધ્યાત્મ અને ચિંતન એમના રસના વિષયો છે.



**શ્રી. સુરેશકુમાર ગોપાળદાસ પટેલ** (અમદાવાદ)

વતન ભટાસણ, તા. કડી. અમદાવાદમાં પાંચકૂવા કાપડ બજારમાં કાપડના વેપારની એમની પેઢી છે.



**શ્રી. મણિલાલ અમથારામ પટેલ** (વિસનગર)

વતન ઉનાવા પણ લગભગ પાંત્રીસ વર્ષથી વિસનગરમાં સ્થાયી થયા છે. અને ત્યાં જીરા વરિયાળીના કમીશન એજન્ટ તરીકે વ્યવસાય કરે છે. માલની આંતર રાજ્ય હેરફેર પણ એમના વ્યવસાયનો એક ભાગ છે.



**શ્રી. અમૃતલાલ જોઈતારામ ચોકસી**

(અમદાવાદ)

વતન ગણેશપુરા, તા. કડી. અમદાવાદમાં માણેકચોકમાં ચોકસીની દુકાન છે. શિક્ષણ પ્રવૃત્તિમાં રસ ધરાવે છે.



**ડૉ. જયંતીભાઈ એમ. પટેલ**

(કરણનગર, તા. કડી)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. એમ. બી. બી. એસ. થયા પછી કડીમાં પ્રેકટીસ કરે છે. કડી જેસીઝના પ્રમુખ તરીકે સેવા આપી ચૂકયા છે. કડી મેડીકલ એસોસિએશનના મંત્રી તરીકે બે વર્ષ સેવાઓ આપી છે.



**ડૉ. બિપિનચંદ્ર માધવલાલ પટેલ**

(કુંડાળ, તા. કડી)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. જે. મેડીકલ કોલેજમાંથી ડી. એન. સી. એન્ડ એચ. થઈ કડીમાં પ્રેકટીસ કરે છે. તાલુકા પંચાયત, કડીમાં સદસ્ય છે.



**ડૉ. રમણભાઈ એસ. પટેલ** (કલોલ)

વતન રાંધેજા. માધ્યમિક શિક્ષણ રાંધેજામાં લીધું. એમ. બી. બી. એસ. થયા પછી બે વર્ષ સરકારી નોકરીમાં અને બાર વર્ષ સરઢવની જનરલ હોસ્પીટલમાં સેવાઓ આપી. હાલ કલોલમાં ગાયત્રી હોસ્પિટલ ચલાવી રહ્યા છે.



**શ્રી. કાન્તિલાલ મોહનલાલ ગુરૂ** (ઊંઝા)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. હાલ ઊંઝામાં જીરા, વરિયાળી વગેરેના વેપાર અને કમીશન એજન્ટના વ્યવસાયમાં છે. કાન્તિલાલ એમ. ગુરૂ નામની એમની પેઢી છે.



**શ્રી. અંબાલાલ સોમાભાઈ પટેલ** (અમદાવાદ)

વતન રૂપાલ, જિ. ગાંધીનગર. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. એસ્.સી. (ઑનર્સ) થયા પછી સર્વ વિદ્યાલયમાં શિક્ષક તરીકે જોડાયા. બી. એડ્. કર્યા પછી આ સંસ્થાની વડનગરની શાખા—નવીન સર્વ વિદ્યાલયમાં આચાર્ય તરીકે મૂકાયા. નિવૃત વય સુધી ત્યાં સેવા આપી નિવૃત થયા. માધ્યમિક ક્ષેત્રમાં જિલ્લા તથા રાજ્યકક્ષાનાં મંડળોમાં સેવા આપી છે.



**શ્રી. તુલસીદાસ જીવરામ પટેલ**

(દેલવાડા, તા. વિજાપુર)

કારકિર્દીની શરૂઆત સર્વ વિદ્યાલયમાં શિક્ષક અને છાત્રાલયમાં ગૃહપતિ તરીકે કરી. ૧૯૪૪ થી ૧૯૫૪ સુધી એ જ સેવાઓ પિલવાઈની શાખામાં આપી. ત્યાર પછી નિવૃત થયા ત્યાં સુધી ગોઝારિયા હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે સેવાઓ આપી. રાજ્ય સરકાર તરફથી શ્રેષ્ઠ શિક્ષકો માટેનું પારિતોષિક એનાયત થયું. હાલ સામાજિક તેમજ કેળવણી વિષયક પ્રવૃતિઓમાં સેવા આપે છે.



**શ્રીમતિ લીલાબેન માણેકલાલ પટેલ** (અમદાવાદ)

મૂળ વતનનું ગામ ગણેશપુરા, તા. કડી. માધ્યમિક અભ્યાસ સર્વ વિદ્યાલયમાં કર્યો. માતાની તબિયત સારી ન રહેતી હોવાથી એમની પરિચર્યાના ઉમદા હેતુથી એસ. એસ. સી. પછી અભ્યાસ છોડ્યો. શિવણ, ગૂંથણ, ધાર્મિક પુસ્તકોનું વાચન એમને ગમતી પ્રવૃતિઓ છે.



**શ્રી. કાન્તિલાલ શંકરદાસ પટેલ**

(વેકરા, તા. કડી)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. અભ્યાસ પછી વતનમાં ખેતીના વ્યવસાયમાં જોડાયા. ગામના કાર્યમાં ઘણો રસ ધરાવે છે. છેલ્લાં સાત વર્ષથી વેકરા ગ્રામપંચાયતના સરપંચ તરીકે સેવાઓ આપે છે.



**શ્રી. અંબાલાલ ઈશ્વરદાસ પટેલ** (મહેસાણા)
વતન બલોલ, તા. મહેસાણા. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. મહેસાણામાં ગોળ, તેલીબીયાં, વગેરેના વેપાર અને કમીશન એજન્ટનો વ્યવસાય કરે છે. વતનમાં દસ વર્ષ સુધી સરપંચ તરીકે અને એ વર્ષ તાલુકા પંચાયતમાં ઉપપ્રમુખના પદ ઉપર રહીને સેવાઓ આપી છે.



**શ્રી. રમણભાઈ કેશવલાલ પટેલ** (સુરત)
વતન છત્રાલ, તા. કલોલ. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. શિક્ષણ ક્ષેત્રે કારકીર્દિની શરૂઆત કરી. વ્યવસાયમાં રહી બી. એ. બી. એડ્. સંસ્કૃત વિશારદ, કોવિદ વગેરે લાયકાતો પ્રાપ્ત કરી હાલ સુરતમાં પાવરલુમ્સની ફેકટરી સ્થાપી એ વ્યવસાયમાં છે.



**શ્રી. વિઠ્ઠલભાઈ બી. પટેલ** (વિસનગર)
દેના બેન્કમાં ૩૭ વર્ષ સેવા આપીને ૬૧મા વર્ષે આસિસ્ટંટ જનરલ મેનેજર પદેથી નિવૃત્ત થયા. હાલ સ્વાધ્યાય, આધ્યાત્મિક પ્રવૃત્તિ, ચિંતન, મનન નિદિધ્યાસન, યોગસાધના વગેરે પ્રવૃત્તિમાં નિવૃત્તિનો સમય ગાળે છે.



**શ્રી, ચુનીભાઈ કુબેરદાસ પટેલ** (અમદાવાદ)
વતન દેત્રોજ, તા. વીરમગામ, માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું એમ. એ. તેમ જ બી. એડ્. અને ડીપ એડ્.ની ડીગ્રીઓ મેળવી છે. શિક્ષણના વ્યવસાયમાં શિક્ષક, આચાર્ય, અધ્યાપન મંદિરના આચાર્ય, ગ્રામ વિદ્યાપીઠના નિયામક વગેરે હોદ્દાઓ ઉપર રહીને સેવા આપી છે. ધરતી વિકાસ મંડળના ઉપપ્રમુખ છે. દેત્રોજ કેળવણી મંડળના મંત્રી છે.



**ડૉ. રણજીતભાઈ મોહનલાલ પટેલ 'અનામી'**
(વડોદરા)

વતન ડભોડા, જિ. ગાંધીનગર. સર્વ વિદ્યાલયમાં અભ્યાસકાળ દરમિયાન રાષ્ટ્રીય ચળવળમાં જેલ નિવાસ ભોગવ્યો. કારકીર્દિની શરૂઆત માતૃસંસ્થામાં શિક્ષક તરીકે કરી. પછી પેટલાદ, નડિયાદ વગેરેની કૉલેજોમાં અધ્યાપક–પ્રાધ્યાપક થયા. અને વડોદરાની મ.સ. યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગમાં રીડર, પ્રોફેસર અને અધ્યક્ષ થયા. સાહિત્યક્ષેત્રે 'અનામી' તખલ્લુસથી કવિ, વાર્તાકાર, નિબંધકાર અને વિદ્વાન તરીકે જાણીતા છે.



**શ્રી. નરોત્તમભાઈ જે. પટેલ** (કડી)

વતન વિસનગર. એમ. એસ્ સી. થઈને જુદી જુદી કૉલેજોમાં ૧૨ વર્ષ પ્રાધ્યાપક તરીકે અને એમ. એન. સાયન્સ કૉલેજ, પાટણમાં ૩ વર્ષ રસાયણ વિભાગના અધ્યક્ષ તરીકે સેવાઓ આપી. કેન્દ્રના સંરક્ષણ ખાતામાં ૨૧ ગુજ. બટાલિયન પાટણ ખાતે એડમીનીસ્ટ્રેટીવ ઓફિસર તેમ જ કમાન્ડર તરીકે ૪ વર્ષ ઉચ્ચીની સેવાઓ આપી. હાલ કડીમાં વિજ્ઞાન કૉલેજમાં આચાર્ય છે.



**શ્રી. તુલસીદાસ અમીચંદદાસ પટેલ**
(અમદાવાદ)

વતન જાસલપુર, તા. કડી માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. સિવિલ ડ્રાફ્ટસમેન થયા પછી પ્લાનીંગ અને કન્સ્ટ્રક્શનનો વ્યવસાય શરૂ કર્યો કન્સલ્ટીંગ એન્જીનિયર તરીકે પણ કાર્ય કરે છે.



**શ્રી. પુંજાભાઈ નારણદાસ પટેલ** (અમદાવાદ)

વતન રાજપુર, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. અમદાવાદમાં કાપડના વેપારનો વ્યવસાય કરે છે.



**શ્રી. જોઈતારામ કિશોરદાસ પટેલ**

(ખાવડ, તા. કડી)

૧૯૫૨માં લોકલ બોર્ડમાં બિનહરીફ ચૂંટાયા. એ પછી ૧૯૭૬ સુધી જિલ્લા પંચાયતમાં સભ્યપદે રહ્યા. જુદી જુદી શિક્ષણ સંસ્થાઓમાં કારોબારી અથવા ટ્રસ્ટી મંડળમાં રહીને સેવાઓ આપે છે.



**ડૉ. પોપટલાલ આર. પટેલ** (કલોલ)

વતન છત્રાલ તા. કલોલ. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. એમ. બી. બી. એસ. થયા પછી કલોલમાં પ્રેકટીસ કરે છે. રોટરી કલબ, કલોલ તાલુકા કેળવણી મંડળ, કલોલ મેડીકલ એસોસીએશન વગેરે સંસ્થાઓમાં એક યા બીજા હોદ્દાઓ ઉપર રહી સેવાઓ આપે છે.



**શ્રી. ગોવિંદલાલ માણેકલાલ પટેલ**

(અમદાવાદ)

નિષ્ઠાવાન સામાજિક કાર્યકર છે. રાજકીય ક્ષેત્રે પ્રવૃત્ત હોવા છતાં સ્વભાવગત ઝુકાવ ધાર્મિક ક્ષેત્રે વિશેષ છે. અનેક ધાર્મિક ટ્રસ્ટોના ટ્રસ્ટીપદે રહીને સક્રિય સેવાઓ આપી રહ્યા છે.



**શ્રી. રામભાઈ જોઈતારામ પટેલ**

(અમદાવાદ)

વતન ચાંદણકી, તા. ચાણસ્મા, સર્વ વિદ્યાલયમાં પાંત્રીસ વર્ષ શિક્ષક તરીકે સેવાઓ આપી નિવૃત્ત થયા. દરમ્યાન છાત્રાલયમાં ગૃહપતિ તરીકે પણ સેવાઓ આપી.



**ડૉ. સુરેન્દ્ર પી. પટેલ**

વિસનગર

એમ.બી.બી.એસ. થયા પછી આંખના વિષયમાં એમ એસ.ની ઉપાધિ મેળવી. હાલ તેઓ અમદાવાદમાં આંખના સર્જન તરીકે પ્રેકટીસ કરે છે. કડીની બંસીવાલા રૂ મહાજન ચેરિટેબલ હોસ્પીટલમાં દર સપ્તાહે એક દિવસ સેવાઓ આપે છે.



**ડૉ. કીર્તિભાઈ શિવાભાઈ પટેલ**

કરણનગર તા. કડી,

સંસ્થામાં માધ્યમિક શિક્ષણ લઈ જામનગરની એમ. પી. શાહ મેડીકલ કોલેજમાંથી ઇ.સ. ૧૯૬૬માં એમ. બી. બી. એસ. થઈને રામપુરા, તા. વીરમગામમાં પ્રાયમરી હેલ્થ સેન્ટરમાં ૭ વર્ષ સુધી સેવાઓ આપી. ૧૯૭૧થી કડીમાં જનરલ પ્રેકટીસ કરે છે.



**ડૉ. પ્રહ્‌લાદભાઈ કે. પટેલ**

ચંદનપુરા, તા. કડી

ઈ.સ. ૧૯૭૫માં એમ.બી.બી. એસ. થયા પછી ગાયનેકોલોજીમાં એમ. ડી. થયા. અને સાથે સાથે ડી. જી. ઓ. પણ કર્યું. છેલ્લાં ત્રણ વર્ષથી કડીમાં નર્સિંગ હોમ સ્થાપી પ્રેકટીસ કરે છે



**શ્રી. ખોડાભાઈ કેશવલાલ પટેલ**

કુંડાળ, તા. કડી.

ઇ.સ. ૧૯૪૪થી ૧૯૫૧ સુધી સંસ્થામાં અભ્યાસ કરી એસ.એસ.સી. થયા. ઈ સ. ૧૯૫૫માં બી.કોમ. થઈને એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટની કચેરીમાં સર્વિસમાં જોડાયા. ઇ.સ. ૧૯૫૮ થી કડીમાં ટેક્સેશન પ્રેકટીસનો વ્યવસાય કરે છે.



**શ્રી. સોમાભાઈ વી. પટેલ**

(અમદાવાદ)

વતન ડુંડાવ, તા. સિદ્ધપુર. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. પૂનાની ખેતીવાડી કોલેજમાંથી ડીસ્ટીંક્શન સાથે બી. એસસી. (એગ્રી.) થયા. ૧૯૭૭-માં ગુજ. રાજ્યના ખેતીવાડી ખાતાના ડાયરેક્ટર તરીકેના પદ ઉપરથી નિવૃત્ત થયા.



**શ્રી. મફતલાલ રામદાસ પટેલ**

મીઠા ધરવા, તા. ચાણસ્મા

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. ઇ.ની ઉપાધિ મેળવી સરકારી નોકરીમાં જોડાયા. હાલ ગાંધીનગરમાં નર્મદા આયોજન જૂથમાં કાર્યપાલક ઇજનેર તરીકે ફરજ બજાવે છે.



**શ્રી. માણેકલાલ મફતલાલ પટેલ**

(અમદાવાદ)

સંસ્થામાં સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કરી મેટ્રીક થયા. બી.એ થયા પછી આઠેક વર્ષ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નોકરી કરી હોટેલ વ્યવસાયમાં ઝંપલાવી અશોક નિવાસ ગેસ્ટ હાઉસ અને હોટેલ આનંદની સ્થાપના કરી. હાલ નિવૃત્ત થઇને આરોગ્ય વિષયક સાહિત્યનું સર્જન કરે છે.



**શ્રી. બાબુભાઈ કચરાભાઈ પટેલ**

(અમદાવાદ)

બી.ઇ (મીકેનીકલ) બી.ઇ. (ઇલે.) એમ. આઇ. ઈ. (ઇન્ડિયા) એમ. એસ. પી. ઇ. વગેરે ઉપાધિઓ સાથે ચાર્ટર્ડ એન્જીનિયર છે. ગુજ. યુનિ.ના સેનેટના સભ્ય તરીકે સતત બે વખત ચૂંટાયા હતા. ગુજ. ટેક. બોર્ડ અભ્યાસક્રમ કમિટિના સભ્ય તરીકે લાંબો વખત સેવાઓ આપી છે.



### શ્રી. જયંતીભાઈ ઓડીદાસ પટેલ

(કુંડાળ, તા. કડી)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. હાલ અમદાવાદમાં હાઉસીંગ સોસાયટીઓના ઓર્ગેનાઈઝર તરીકે બિલ્ડીંગ કન્સ્ટ્રકશનનો વ્યવસાય કરે છે.



### સ્વ. પ્રભુદાસ રામદાસ પટેલ

(હીરપુરા તા. વિજાપુર)

રૂઢિ અને ગોળનાં બંધન ફગાવી સામાજિક બહિષ્કાર સ્વીકાર્યો. સમાજ સુધારા માટે મક્કમ રહી પુરુષાર્થ કર્યો. ખેતી અને ઉદ્યોગમાં પ્રગતિ સાધી. કન્યા કેળવણીના ભારે હિમાયતી હતા. સંત સમાગમ માટે ભારે ઉત્સુક રહેતા.



### શ્રી. ગંગારામભાઈ ભાઈચંદદાસ પટેલ

(દેણપ, તા. વિસનગર)

ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિ. પંચાયત, જિ. લોકલ બોર્ડ, કોંગ્રેસ સમિતિ વગેરેમાં જુદા જુદા હોદ્દાઓ ઉપર રહીને દીર્ઘકાળથી સક્રિય રહ્યા છે. હાલ ગુજરાત વિધાન સભાના સદસ્ય છે. કેળવણીની સંસ્થાઓમાં પણ સક્રિય છે.



### શ્રી. મોહનભાઈ ઉમેદભાઈ પટેલ

(ગોઝારિયા, તા. વિજાપુર)

સર્વ પ્રવૃત્તિઓનો ભાર હળવો કરી ધર્મ અને ચિંતન પરત્વે અભિરૂચિ દૃઢ કરી છે.



**શ્રી. બાબુભાઈ વેલજીભાઈ પટેલ** (વડોદરા)

વતન પાટણ. એન્જીનિરીંગમાં ડિપ્લોમા મેળવીને વડોદરામાં સુહૃદ ગાયગી લિ. માં શીફ્ટ એન્જીનિયર તરીકે કારકીર્દિની શરૂઆત કરી. અનુભવના આધારે ઉત્તરોત્તર પ્રગતિ કરીને હાલ ડાયામાઇન્સ એન્ડ કેમીકલ્સ લિ.માં ચીફ એન્જીનિયર તરીકે ફરજ બજાવે છે



**શ્રી. શંકરભાઈ જીજીદાસ પટેલ** (મુંબઇ)

વતન ગોઝારિયા, તા. વિજાપુર. મુંબઈમાં પોતાના સ્વતંત્ર ધંધામાં વ્યસ્ત હોવા છતાં સામાજિક અને કેળવણીની પ્રવૃત્તિઓમાં પોતાની સેવાઓનો ફાળો આપે છે.



**શ્રી. નટવરલાલ અંબારામભાઈ પટેલ**
(અમદાવાદ)

વતન કાંઝ, તા. વીરમગામ. કેળવણીમાં ઊંડો રસ ધરાવે છે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને ક. પા. કે. ઉ. મંડળમાં સક્રિયપણે સેવાઓ આપે છે. સંસ્થાની કારોબારીના સભ્ય છે.



**શ્રી. કચરાભાઈ બેચરદાસ પટેલ** (અમદાવાદ)

વતન કોળવડા, તા. વિજાપુર. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. નહેરુ સોપ ફેકટરી, વેસ્ટ કોસ્ટ ફાર્માસ્યુટિકલ્સ વગેરે એમના પુરુષાર્થની સિધ્ધિઓ છે. એ સહકારી બેન્કો, તેમ જ દૂધ મંડળીમાં ડીરેકટર તરીકે સેવા આપી છે. નાગરિક બેન્કના પ્રમુખ અને મ. જિ. વ્યાપારી મંડળના ઉપપ્રમુખ તરીકે સેવાઓ આપી છે.



**શ્રી. માધવલાલ અ. પટેલ** (અમદાવાદ)

વતન બલોલ, તા. મહેસાણા. સંસ્થા પ્રારંભ કાળના વિદ્યાર્થી. મેટ્રીક થયા પછી રાષ્ટ્રીય ચળવળોમાં ભાગ લીધો. મીઠાના સત્યાગ્રહમાં વીરમગામ છાવણીમાં રહ્યા. ધારાસણાના સત્યાગ્રહમાં જોડાયા હતા. જેલવાસ ભોગવ્યો હતો. મુંબઈની એક કેમીકલ કંપનીમાં સેવાઓ આપ્યા પછી હાલ નિવૃત્ત જીવન ગાળે છે.



**સ્વ. નંદુબેન જયંતીલાલ પટેલ**

(૧૯૪૮–૧૯૮૧)

સ્વ. નંદુબેનનું ઈ સ. ૧૯૮૧માં શિકાગો (યુ. એસ. એ.)માં અકાળ અવસાન થયું. એમના પિતાશ્રી ક્રાન્તિલાલ શામળદાસ પટેલ મીઠાખળીના આગેવાન ગૃહસ્થ છે. એમના પતિ શ્રી જયંતીલાલ નારણદાસ પટેલ હાલ અમેરિકામાં વસવાટ કરે છે.



**શ્રી. શંકરભાઈ વિઠ્ઠલદાસ પટેલ** (વડોદરા)

માધ્યમિક શિક્ષણ મહેસાણા અને વડોદરામાં લઈ એમ. એસ. યુનિવર્સિટીમાંથી ડી. એમ. ઈ. થયા. ૧૯૭૪માં વડોદરામાં નિઝામપુરા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ખાતે ટેક્શન એન્જીનિયર્સ શરૂ કર્યું.



**શ્રી. કરશનભાઈ શંકરદાસ પટેલ** (વિસનગર)

વિસનગરમાં જીરૂ, વરિયાળી વગેરેના વેપારી અને કમીશન એજન્ટ છે. વિસનગર માર્કેટ યાર્ડ વેપારી મંડળના પ્રમુખ તરીકે સેવાઓ આપી ચૂક્યા છે. ઉ. ગુ. કન્યા કેળવણી મંડળ (ના. વિ. કન્યા વિદ્યાલય અને છાત્રાલય)માં પ્રમુખ તરીકે સેવાઓ આપેલી છે.



**શ્રી. ગોપાળભાઈ મોતીભાઈ પટેલ** (અમદાવાદ)

વતન લણવા, તા. ચાણસ્મા. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. ઈ (મીકેનીકલ) થયા પછી એ. એમ. આઇ. ઇ. ઈ. કર્યું. હાલ ધી અનિલ સ્ટાર્ચ પ્રોડકટસ્ લિ. અમદાવાદમાં મેઇન્ટેનન્સ એન્જીનિયર તરીકે સેવાઓ આપે છે. સામાજિક અને શિક્ષણ ક્ષેત્રે જુદી જુદી સંસ્થાઓમાં રસ ધરાવે છે.



**શ્રી. હરજીવનદાસ ચતુરદાસ પટેલ**

વતન ધાનજ, તા. કલોલ. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. કેટલોક સમય મીલમાં નોકરી કર્યા પછી વતનમાં ખેતીનો વ્યવસાય સંભાળ્યો. ગામમાં સેવા સહકારી મંડળી સ્થાપી એના પ્રમુખ તરીકે લાંબો સમય સેવા આપી.



**શ્રી. વિઠ્ઠલભાઈ વી. પટેલ** (અમદાવાદ)

વતન જેપુર, તા. વિજાપુર. બી. એ. અને પછી એચ. ડી. સી., જી. ડી. સી. એ. થયા પછી ખેતીવાડી ખાતામાં જોડાયા. સહકારી ખાતામાં ડીસ્ટ્રીક્ટ રજિસ્ટ્રાર થયા. ૧૯૬૫માં નોકરી ત્યજી સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યો. ઘણી સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. સત્તાવીસ વિકાસ મંડળના ૧૮ વર્ષથી પ્રમુખ છે.



**શ્રી. જયંતીલાલ દામોદરદાસ પટેલ** (અમદાવાદ)

વતન દેત્રોજ, તા. વીરમગામ, અમદાવાદમાં વકીલાતનો વ્યવસાય કરે છે. ગુજરાત જમીન મહેસુલ પંચમાં બાર વર્ષ સુધી ખાસ સરકારી વકીલ તરીકે સેવાઓ આપી છે.



**શ્રી રામલાલ ચુનીલાલ શાહ** (અમદાવાદ)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. લંગર છાપ બીડીની અમદાવાદ,ખેડા અને વડોદરા જિલ્લાઓની એજન્સી ધરાવે છે.



**શ્રી નટવરલાલ રામદાસ પટેલ** (અમદાવાદ)

કરિયાણાના વ્યવસાયની સાથે સાથે અનેકવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય છે. ગુજરાત વેપારી મહામંડળની કારોબારીના સભ્ય છે. અને ધી ભાગ્યોદય કો. ઓ. બેન્ક લિ. નવા માધુપુરા અમદાવાદના મેનેજીંગ ડીરેક્ટર છે. અમદાવાદ મ્યુ. ટેક્સ પેયર્સ એસોસિએશનના પ્રમુખ છે.



**શ્રી વિઠ્ઠલભાઈ બહેચરદાસ પટેલ** (કડી)

છીંકણીના ધંધામાં અગ્રગણ્ય વેપારી તરીકે નામના મેળવી છે. સમાજના ઉત્કર્ષ માટે સામાજિક પ્રવૃત્તિ- મહત્વનો ફાળો આપ્યો છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કારોબારીના સભ્ય તેમ જ હોદ્દેદાર તરીકે સેવાઓ આપી છે. હાલ નિવૃત જીવન ગાળે છે.



**શ્રી સોમાભાઈ કચરાભાઈ પટેલ**

(વિસનગર)

બી. એ. (ઓનર્સ) થયા પછી માસ્ટર ઈન લેબર વેલ્ફેરની ડીગ્રી મેળવી. અને એલએલ. બી. થયા. એસ.ટી.માં ડીવીઝનલ ટ્રાફિક ઓફિસરની જગ્યા ઉપર જોડાયા. ઉત્તરોત્તર બઢતી મેળવીને હાલ સિનિયર ડી.ટી.ઓ. તરીકે ફરજ બજાવે છે.





**શ્રી. બળદેવભાઈ ગોપાળદાસ પટેલ**
(અમદાવાદ)

વતન ડીંગુચા, તા. કલોલ. ૧૫ વર્ષની ઉંમરે ધંધાર્થે અમદાવાદ ગયેલા. શરૂઆતમાં નોકરી કરી પછી સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. કાપડના વેપારમાં એમણે પ્રથમ પંક્તિમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. રેવડી બજારમાં અને ન્યુ ક્લોથ માર્કેટમાં હોલસેલ દુકાનો છે.

**શ્રી. લાલભાઈ નાનદાસ પટેલ** (અમદાવાદ)

વતન મોખાસણ, તા. કલોલ એક વર્ષ સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કરી પિતાશ્રી સાથે ગોઝારિયામાં વેપારમાં જોડાયા. અમદાવાદમાં કપાસિયા, કપાસ ખોળ કપાસિયા તેલ વગેરેના દલાલ તરીકે મોટા પાયા ઉપર ધંધો કરતી પેઢી ચલાવે છે.





**શ્રી. કિરણભાઈ ડાહ્યાભાઈ પટેલ** (સુરત)

પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ માઉન્ટ આબુ અને નવસારીમાં લીધું. બી. ઈ. થયા પછી થોડો સમય સુરતની અગ્રગણ્ય કન્સ્ટ્રકશન કંપનીમાં અનુભવ લઈ ૧૯૭૭થી કન્સ્ટ્રકશનનો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો છે.

**શ્રી. ભૂદરભાઈ ઈશ્વરદાસ પટેલ** (સુરત)

વતન સેવાલિયા, તા. વિસનગર. માધ્યમિક શિક્ષણ નૂતન સર્વ વિદ્યાલય, વિસનગરમાં લઈ હીરા ઘસવાનું કામ શીખવા માટે સુરત ગયા. એ કાર્યમાં નિપૂણતા મેળવી એક કારખાનાની સ્થાપના કરી. ધંધાર્થે એમણે યુરોપ અને અમેરિકાનો પ્રવાસ ખેડ્યો છે.



**શ્રી. કેશવલાલ નથ્થુદાસ પટેલ**

કરજીસણ, તા. કડી.

અમદાવાદમાં કરિયાણાના વેપારમાં વ્યસ્ત હોવા છતાં લોકકલ્યાણ અને સમાજના ઉત્કર્ષ માટે સેવાઓ આપી રહ્યા છે. હાલ કડીની ગુજરાત ગૌશાળા માટે ફંડ પ્રવૃત્તિનું કામ કરી રહ્યા છે.



**શ્રી પ્રહ્લાદભાઈ શામળદાસ પટેલ** (સુરત)

વતન ગોઝારિયા, નાની ઉંમરે જરીકામનો ધંધો શીખવા માટે સુરત ગયા. આ ધંધામાં સત્તર વર્ષની નોકરી પછી સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. હાલ છેલ્લાં તેર વર્ષથી નિવૃત્ત જીવન ગાળે છે.



**શ્રી. વિનોદભાઈ અંબાલાલ મોદી**

( અમદાવાદ )

લકઝરી બસના આયોજક તરીકેનો વ્યવસાય કરે છે. સામાજિક કાર્યોમાં ઊંડો રસ ધરાવે છે. લાયન્સ કલબની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. દુઃખી અને પીડિત જનો પ્રત્યે પૂરી હમદર્દી સાથે સહાયરૂપ થવાની એમની અભિલાષા છે.



**ડૉ. છગનભાઈ હરિભાઈ પટેલ** (વડોદરા)

વતન દાંતકોડી, તા. ચાણસ્મા. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. આયુર્વેદ વિશારદ (ડી. એ. એસ. એફ.–મુંબઈ)નો ડિપ્લોમા મેળવી વડોદરા જિલ્લામાં સેવાઓ આપી. હાલ વડોદરામાં ખાનગી પ્રેક્ટીસ કરે છે.



**શ્રી. નરોત્તમદાસ છગનલાલ પટેલ** (વડોદરા)

વતન સેલાવી, તા. ચાણસ્મા. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. વડોદરામાં ધંધાકીય અનુભવ લઈને લોખંડ સ્ક્રેપ અને ખાલી બેરલ વગેરેનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યો. હાલ નિવૃત્ત થઈને સામાજિક સેવા અને આધ્યાત્મિક ચિંતનમાં સમય ગાળે છે



**શ્રી. રણછોડભાઈ સોમનાથ પટેલ**

ગલોદરા, તા. કડી

ઈ. સ. ૧૯૫૮ થી ૧૯૬૪ સુધી સંસ્થામાં અભ્યાસ કરી એસ.એસ સી. થયા. એ પછી ડીસ્ટીંકશન સાથે બી.ઈ. (મિકેનીકલ) પાસ કરી એન્જીનિયરીંગ માલ-સામાન બનાવવાનો વ્યવસાય શરૂ કર્યો મલ્ટીસ્ટોરીડ બિલ્ડીંગો માટે લીફ્ટ બનાવવાનું કામ એમની ફર્મની વિશિષ્ટતા છે. હાલ તેઓ અમદાવાદમાં સ્થાયી થયા છે.



**શ્રી. પુરુષોત્તમદાસ હીરદાસ પટેલ** (વડોદરા)

વતન સેલાવી, તા. ચાણસ્મા. છેલ્લાં ત્રીસ વર્ષથી વડોદરામાં સ્થિર થયા છે. વ્યાપારી કુનેહ અને દૃષ્ટિથી એન્જીનિયરીંગ અને હાર્ડવેરના ધંધામાં સારી પ્રગતિ કરેલી છે. હાલ નિવૃત છે.



**શ્રી. પ્રહ્લાદભાઈ જોઈતારામ પટેલ**

(વિસનગર)

બી.ઈ. થયા પછી મુંબઈ ખાતે ધંધાનો અનુભવ મેળવીને વિસનગર ખાતે ભાગીદારીમાં ઉમિયા એગ્રીકલ્ચર ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના કરી છે. વિસનગર મ્યુનિસિપાલિટીના સભ્ય છે. અને વિસનગર શહેર ભા. જ. પ.ના પ્રમુખ છે.



**શ્રી. જોઈતારામ સોમનાથ પટેલ** (અમદાવાદ)

વતન ગોઝારિયા, તા. વિજાપુર. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. અમદાવાદમાં જૂના માધવપુરામાં ગોળના હોલસેલ વેપારી તથા કમીશન એજન્ટ છે. જૂના માધવપુરા વેપારી મહાજન લિ. તેમ જ જૂના માધવપુરા મહાજન દવાખાના ટ્રસ્ટના પ્રમુખ અને ભાગ્યોદય બેન્ક લિ.ના ડાયરેક્ટર છે.



**શ્રી. અંબાલાલ ફૂલાભાઈ પટેલ**

સુરકૂવા, તા. બોરસદ, જિ. ખેડા

કાયદાનો અભ્યાસ કરી અમદાવાદમાં વકીલાત શરૂ કરી. સેન્ટ્રલ એક્સાઈઝ, કસ્ટમ્સ, ફોરેન એક્સચેન્જ અને ટ્રેડમાર્ક જેવા કાયદાઓનો ખાસ અભ્યાસ કરી વકીલાતના વ્યવસાયમાં એમણે એ ક્ષેત્રોને પણ સાંકળી લીધાં છે. 'સંદેશ'ના કટાર લેખક પણ છે.



**શ્રી. આત્મારામભાઈ નથુદાસ પટેલ**

(સરસાવ, તા. કડી)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. એમ. એ. સુધી અભ્યાસ કર્યો. સર્વ વિદ્યાલયમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગોમાં અધ્યાપક તરીકે સેવા આપી રહ્યા છે. વતનના સર્વોદય કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટી તથા પ્રમુખ છે.



**શ્રી. માધવલાલ પ્રભુદાસ પટેલ** (કડી)

વતન મેડા આદરજ, તા. કડી. સર્વ વિદ્યાલયમાંથી મેટ્રીક પાસ થયા. ઈ.સ. ૧૯૩૬ થી આ સંસ્થાના બધા વિભાગોમાં હિસાબનીસ તથા કેશિયર તરીકેની સળંગ ૪૩ વર્ષ સુધી ફરજ બજાવી. હાલ કડીમાં રહી નિવૃત્ત જીવન ગાળે છે.



**ડૉ. અશોકભાઈ જી. પટેલ** (અમદાવાદ)
વતન ઉસ્માનપુરા, અમદાવાદ. ગુજરાત યુનિ. માંથી એમ. બી. બી. એસ. થયા પછી નવા વાડજ, અમદાવાદ ખાતે જનરલ પ્રેક્ટીસ કરે છે.



**શ્રી. બાબુભાઈ વેણીદાસ પટેલ** (અમદાવાદ)
વતન રાજપુર, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. ઇન્ટર થયા પછી કારકીર્દિની શરૂઆત અમદાવાદની ન્યુ હાઇસ્કૂલમાં શિક્ષક તરીકે કરી. નોકરી ત્યજીને વીમા કોર્પોરેશનમાં પૂરા સમય માટે કામ આરંભ્યું. હાલ જી. વિ. કો.માં સિનિયર બ્રાન્ચ મેનેજર છે.



**શ્રી. સેંધાભાઈ રેવાભાઈ પ્રજાપતિ** (અમદાવાદ)
વતન ગણેશપુરા, તા. કડી. નાની ઉંમરમાં માતા-પિતાની છાયા ગુમાવતાં સ્વ પુરુષાર્થથી પ્રગતિ કરી. કિશોરાવસ્થામાં અમદાવાદમાં મીલમાં જવાનું શરૂ કર્યું એ પછી ઇંટોનું ઉત્પાદન કરવાનું અને વેચવાનું શરૂ કર્યું. એ વ્યવસાયમાં ઘણી પ્રગતિ કરી છે. કેળવણીમાં ઊંડો રસ છે અને સ્વભાવે ધર્મપરાયણ છે.



**શ્રી. કેશુભાઈ આઈ. પટેલ** (અમદાવાદ)
વતન ભાટસર, તા. ચાણસ્મા. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. એસસી. બી. એડ્ કરીને શિક્ષણ વ્યવસાયમાં જોડાયા. હાલ સાધના વિનય મંદિર, અમદાવાદમાં ઉપાચાર્ય છે. વતનના ભગવતી એજ્યુ-કેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી છે. ઓઢવમાં હાર્ડવેરની વસ્તુઓ બનાવવાના એક કારખાનાનું સંચાલન કરે છે.



**ડૉ. મુકુન્દ બી. જાની** (કલોલ)

વતન રાજપુર, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. એસ. એસ. સી. બોર્ડમાં એલીમેન્ટસ ઓફ ઈલે. એન્ડ મીકે. એન્જીનિયરીંગમાં બોર્ડમાં સૌથી વધુ ગુણ મેળવ્યા. એફ. વાય. બી. એસ. સી.માં યુનિવર્સિટીમાં પ્રથમ આવ્યા. સુવર્ણ ચંદ્રક મેળવ્યો. એમ. બી., ડી. પેડ. તેમ જ એમ. ડી. (પીડિઆટ્રીકસ) થઈને બાળ રોગોના નિષ્ણાત તરીકે કલોલમાં પ્રેકટીસ કરે છે.



**શ્રી. સૂર્યકાન્ત એન. પટેલ** (અમદાવાદ)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. એમ. એ. અને એલએલ. બી. થયા છે. વકીલાત કરે છે. રાજકારણમાં અત્યંત સક્રીય છે. વિવિધ આંદોલનોમાં અનેકવાર જેલવાસ ભોગવ્યો છે. રચનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય છે. ગુજ. યુનિવર્સિટી સેનેટના સભ્ય તરીકે ક્રેડીટ અને સપ્લાય કો ઓપરેટીવ સોસાયટીના ચેરમેન તરીકે અને અમદાવાદ પ્રા. શિક્ષણ સમિતિના સભ્ય તરીકે સેવાઓ આપી છે.



**શ્રી. ડાહ્યાભાઈ રા. પટેલ** (જામળા, તા. કલોલ)

વતન ડરણ, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું એમ. એ. અને બી. એડ્ કર્યા પછી ડરણ, પલિયડ વગેરે શાળાઓમાં આચાર્ય તરીકે સેવાઓ આપી છે. હાલ જામળાની માધ્યમિક શાળામાં સેવાઓ આપી રહ્યા છે



**શ્રી. બહેચરભાઈ મગનલાલ પટેલ** (અમદાવાદ)

વતન કાંઝ, તા. વીરમગામ વતનમાં અભ્યાસ પૂરો કરી અમદાવાદમાં વ્યાપાર ધંધાનો અનુભવ લઈ માણેકચોકમાં સોનાચાંદીના દાગીના બનાવવાનો ધંધો શરૂ કર્યો. એ પછી જથ્થાબંધ ચાંદીના દાગીના બનાવવા તથા વેચવાનું કામ કરતી પેઢી સ્થાપી. હાલ એવી ત્રણ પેઢીઓ ચલાવે છે.



**ડૉ. બાબુભાઈ એમ. પટેલ** (કલોલ)

વતન ઉંટવા, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. એસ્‌સી. થયા પછી એમ. બી. બી. એસ કર્યું. હાલ કલોલમાં પ્રેકટીસ કરે છે. કલોલ મેડીકલ એસોસિએશનના મંત્રી છે. ગુજરાત ESIS પેનલ ડૉકટર્સ એસોસિએશનના ઉપપ્રમુખ છે. કલોલ લાયન્સ કલબના પ્રમુખ છે



**શ્રી. કેશવલાલ જોઈતારામ પટેલ** (ઊંઝા)

૧૯૩૬ થી ૧૯૪૨ સુધી ધંધાર્થે બર્મા ગયા હતા. એ પછી ઊંઝા મુકામે વેપાર શરૂ કર્યો. છેલ્લાં પાંચ વર્ષથી ઉમિયા માતા સંસ્થામાં સહમંત્રી તરીકે તેમ જ કન્યા કેળવણી મંડળ, ઊંઝામાં દશ વર્ષથી કારોબારીના સભ્ય તરીકે સેવાઓ આપે છે. ઊંઝા વેપારી મંડળના પ્રમુખ તરીકે ચાર વર્ષ સેવા આપી છે.



**શ્રી. શંકરભાઈ કે. પટેલ** (મુંબઈ)

વતન વામજ, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. ફાર્મ. થયા પછી મુંબઈમાં સીબા ગાયગી કંપનીમાં કેમીસ્ટ તરીકે જોડાયા હાલ એ જ કંપનીમાંડેપ્યુટી મેનેજર તરીકે ફરજ બજાવે છે. સમાજ સેવાના કાર્યોમાં સંકળાયેલા છે. ઘણાં વર્ષો સુધી મુંબઇ કડવા પાટીદાર મંડળના મંત્રી તરીકે સેવાઓ આપી છે.



**મુખી નાથાલાલ હરજીવનદાસ પટેલ** (કડી)

૧૯૪૩ થી ૧૯૫૫ સુધી કડી કસ્બામાં પોલિસ પટેલ તથા મુખી તરીકે કામ કર્યું. દસ વર્ષ કડી મ્યુનિ-સિપાલિટીમાં સભ્ય તરીકે સેવા આપી. પી. ડબલ્યુ ડીના રજિસ્ટર્ડ કોન્ટ્રાકટર તરીકે વ્યવસાય કર્યો છે. સમાજનાં કાર્યોમાં ઊંડો રસ ધરાવે છે સમાજના પ્રમુખ તરીકે તેમ જ કારોબારીના સભ્ય તરીકે સેવાઓ આપી છે.



**શ્રી. ત્રિભુવનભાઈ આત્મારામ પટેલ**
(રાણીપ, અમદાવાદ)

વતન રાજપુર, તા. કડી, ઈ.સ. ૧૯૬૦ થી ૧૯૬૪ સુધી વિદ્યાર્થી આશ્રમ, કડીમાં રહી સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કર્યો. એસ. એસ.સી થયા પછી એન્જિનિયરીંગ અભ્યાસક્રમમાં ડી. એમ. ઇ. થયા. હાલ અમદાવાદમાં વેપાર કરે છે.



**શ્રી. ડાહ્યાલાલ શિવદાસ પટેલ** (અમદાવાદ)

વતન ઊંટવા, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. એ પછી ઉચ્ચ શિક્ષણ લઈ એમ. ફાર્મ. થયા. હાલ અમદાવાદની એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીમાં વ્યાખ્યાતા તરીકે સેવા આપે છે.



**શ્રી. ચુનીલાલ ચતુરદાસ પટેલ** (કડી)

કડીમાં છીંકણીના મેન્યુફેક્ચરીંગ અને વેપારનો વ્યવસાય કરે છે. એમનું ઉત્પાદન 'કનૈયા' ટ્રેડ માર્કથી થાય છે. પોતાની આગવી સૂઝથી આ ક્ષેત્રે એમણે સારી પ્રગતિ કરેલી છે. જુદી જુદી કેળવણીની સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.



**શ્રી. અંબાલાલ હીરાલાલ પટેલ**
કડી (ઉ.ગુ.)

સંસ્થામાં માધ્યમિક શિક્ષણ મેળવીને ધંધામાં જોડાયા. હાલ તેલ, ગોળ, ખાંડ અને કરિયાણાનો વ્યવસાય મોટા પ્રમાણમાં કરે છે.



### શ્રી. કાન્તિલાલ પીતાંબરદાસ પટેલ (કડી)

સાધારણ નોકરીથી કારકીર્દિની શરૂઆત કરી. ઉત્તરોત્તર પ્રગતિ સાધીને કલ્યાણ ટ્રાન્સપોર્ટ કંપનીના માલિક બન્યા. તેમ જ સ્ટેઈનલેસ સ્ટીલનાં વાસણોનું ઉત્પાદન કરતી 'મેસર્સ લાયન મેટલ ઇન્ડસ્ટ્રીઝ'ના મેનેજીંગ ભાગીદાર થયા.



### શ્રી. હીરાલાલ મણિલાલ પટેલ

(અમદાવાદ)

વતન મોકાસણ, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. સ્વામીનારાયણ સુવર્ણચંદ્રક તેમ જ અન્ય સ્કોલરશીપો મેળવી. એમ. એ. તથા એલએલ. બી. કર્યું. હાલ અમદાવાદમાં સિવિલ કોર્ટોમાં વકીલાત કરે છે.



### શ્રી. ચોકસી ચંદુલાલ મગનલાલ પટેલ

(અમદાવાદ)

વતન ગોઝારિયા, તા. વિજાપુર, ઈ.સ. ૧૯૪૨ની 'હિન્દ છોડો' ચળવળમાં અભ્યાસ છોડયો. સોનાચાંદી બજારમાં એમણે વ્યવસાય માટે કેટલીક પેઢીઓ સ્થાપી છે. માણેકચોક બેંક લિ. ભારત બુલિયન, ચોકસી મહાજનમાં ડાયરેક્ટર છે.



### શ્રી. મથુરભાઈ ઈશ્વરભાઈ પટેલ

પલિયડ, તા. કલોલ

માધ્યમિક કેળવણી સર્વ વિદ્યાલય અને વડોદરામાં લીધી. સાબુના ઉદ્યોગમાં ભાનુ સોપ ફેક્ટરીની સ્થાપના કરી. મહેસાણા જિલ્લા સહકારી બેન્કના ડીરેક્ટર, કલોલ નાગરિક બેન્કના ડિરેક્ટર, કલોલ તા. ખરીદ વેચાણ સંઘના પ્રમુખ, મ. જિ. ખરીદ વેચાણ સંઘના ઉપપ્રમુખ વગેરે હોદ્દાઓ ઉપર રહી સેવાઓ આપી રહ્યા છે.



**શ્રી. પ્રહ્લાદભાઈ ઈશ્વરભાઈ પટેલ**
( અમદાવાદ )

વતન કૈયલ, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં ડીસ્ટીંગ્શન સાથે પૂરું કરી બી. ઇ. (સિવિલ) થયા. ૧૯૫૪માં જૂના મુંબઈ રાજ્યમાં સિંચાઈ ખાતામાં સેવા આપવાનું શરૂ કર્યું. ૧૯૬૫-૬૮ દરમ્યાન દિલ્હી ખાતે અને ૭૪-૭૫માં ઈરાક ખાતે લોન સર્વિસ આપી. હાલ અધિક્ષક ઇજનેર છે.



**શ્રી. ચોકસી પ્રહ્લાદભાઈ જોઈતારામ પટેલ**
( અમદાવાદ )

વતન બલોલ, તા. મહેસાણા. અમદાવાદમાં સોના ચાંદીના દાગીના બનાવવા તથા વેચવાનો મોટા પાયા ઉપર ધંધો કરે છે. માણેક ચોકમાં એમની પેઢી છે. શ્રી. બલોલ નાગરિક કો. ઓ. ક્રેડીટ સોસાયટીના ચેરમેન છે. આઠ ગામ નાગરિક સંગઠન મંડળના પ્રમુખ છે. અમદાવાદ ચાંદી દાગીના વેપારી મંડળના મંત્રી છે.



**શ્રી. મગનભાઈ ચેલાભાઈ પટેલ** (અમદાવાદ)

વતન ખીમીયાણા, તા. પાટણ, માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. સિવિલ એન્જીનિયરીંગમાં ડિપ્લોમા મેળવીને સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. હાલ સોસાયટીઓ ઓર્ગેનાઈઝ કરવાનું તેમ જ સ્ટીલ ફેબ્રીકેશન અને ઈરેકશનનું કામ કરે છે.



**શ્રી. નારણભાઈ માધવલાલ પટેલ**
રાણીપ, અમદાવાદ.

વતન મોખાસણ, તા. કલોલ. વિદ્યાર્થી આશ્રમ, કડીમાં રહી સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કર્યો અને એસ. એસ. સી. થયા. હાલ એ. ઈ. કેબલ પ્લાનીંગ બરોડા ટેલિફોન્સમાં સેવાઓ આપે છે.



**સ્વ. રામભાઈ ત્રિભુવનદાસ પટેલ**
(કુંડાળ, તા. કડી)

શિક્ષણના ભારે પ્રેમી હતા. એમણે અનેક બાળકોને શિક્ષણ અપાવીને પ્રોત્સાહિત કર્યા હતા. તેઓ ધર્મ પ્રેમી, માયાળુ અને સરળ સ્વભાવના હતા. કડીમાં એમનો ઘીનો વ્યવસાય હતો.



**ડૉ. ભક્તિભાઈ કેશવલાલ પટેલ**
(કરજીસણ, તા. કડી)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. એ પછી ડી. એ. એસ. એફ. થઈને ઝુલાસણ, તા. કડીમાં પ્રેક્ટીસ કરે છે. જિલ્લા પંચાયતમાં આરોગ્ય સમિતિના ચેરમેન તરીકે સેવાઓ આપી છે. અને ઘણાં વર્ષોથી ડાંગરવા કેળવણી મંડળના મંત્રી છે.



**ડૉ. અશ્વિનભાઈ ડી. પટેલ** (અમદાવાદ)

સર્વ વિદ્યાલયમાં અભ્યાસકાળ દરમ્યાન રાષ્ટ્રીય ચળવળમાં વીરમગામથી અને ૪૨ ની ચળવળમાં વડોદરા ખાતેથી ધરપકડ વહોરી જેલવાસ ભોગવ્યો. ૨૫ વર્ષ માધ્યમિક શાળાઓમાં આચાર્ય તરીકે અને ૧૧ વર્ષ વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે સેવાઓ આપી છે 'પ્રીતમદાસ' ઉપર શોધ નિબંધ લખી પીએચ. ડી. થયા છે. હાલ પ્રીતમના સમગ્ર સાહિત્યનું સંપાદન કરે છે.



**શ્રી. મહેન્દ્રકુમાર તુલસીભાઈ પટેલ**
(અમદાવાદ)

વતન દિવાનપુરા, તા. મહેસાણા. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. ઇ. (સિવિલ) થઈને ગુજરાત રાજ્યના સિંચાઇ ખાતામાં જોડાયા. હાલ જળ સંપતિ સંશોધન વર્તુળમાં મદદનીશ ઇજનેર તરીકે સેવા આપી રહ્યા છે.



**શ્રી. માધવલાલ રણછોડદાસ પટેલ** (વડોદરા)

વતન મેર્ડા આદરજ, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. તાલીમી સિનિયર થઈને શિક્ષણ ક્ષેત્રે ઉજ્જવળ સેવાઓ આપી. ૧૯૬૬માં એમને સરકાર તરફથી શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ એનાયત થયો. હાલ વડોદરામાં નિવૃત્ત જીવન ગાળે છે.



**શ્રી. કાન્તિલાલ ગીરધરદાસ પટેલ**

ઊંટવા, તા. કડી

ઇ.સ. ૧૯૫૯માં સંસ્થામાંથી એસ એસ. સી પાસ કર્યા પછી સિવિલ એન્જીનિયરીંગમાં ડિપ્લોમા મેળવ્યો અને ૧૯૬૪માં અમદાવાદ સિંચાઇ યોજના વર્તુળમાં સુપરવાઇઝર તરીકે જોડાયા. હાલ એ જ વર્તુળમાં નાયબ પાલક ઇજનેર તરીકે ફરજ બજાવે છે.



**ડૉ. આનન્દ પ્રહ્લાદ કસ્વેકર** (અમદાવાદ)

વતન કાસ્વા, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. એમ. બી. બી. એસ થયા પછી વલસાડ જિલ્લામાં મેડીકલ ઑફિસર તરીકે સેવાઓ આપી. હાલ જિલ્લા આરોગ્ય અધિકારી તરીકે જૂનાગઢમાં સેવા આપે છે.



**શ્રી. બેચરભાઈ મથુરભાઈ** (મુંબઈ)

વતન તરસાલી, જિ. વડોદરા. સર્વ વિદ્યાલયમાંથી ડીસ્ટીંક્શન સાથે મેટ્રીક થયા. બી. એસ્સી. (ટેક.) થયા પછી ટેકનોલોજીસ્ટ તરીકેનો અનુભવ મેળવી મુંબઈમાં એમોનિયા તથા ફેરો પેપર બનાવવાનું કારખાનું ભાગીદારમાં શરૂ કર્યું. એમાંથી છૂટા થઈ હાલ 'સ્વાતિ કેમીકલ્સ કોર્પોરેશન' નામનું કારખાનું ભાગીદારીમાં ચલાવી રહ્યા છે



**શ્રી. સોમાભાઈ લલ્લુભાઈ પટેલ**

વતન લાંઘણજ, તા. મહેસાણા. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. ૧૯૩૦માં સત્યાગ્રહમાં જોડાયા. વર્ધામાં રહીને ગાંધીજીના સાનિધ્યનો લાભ મેળવ્યો. ચાળીસ વર્ષથી મજૂર પ્રવૃત્તિમાં સક્રિય છે. ભારત સરકારના મજૂર પ્રતિનિધિ તરીકે એમણે યુરોપના દેશો અને ઈજીપ્તનો પ્રવાસ કર્યો છે. ઈન્ટુકના ગુજરાત પ્રદેશ રાષ્ટ્રીય મજદૂર કોંગ્રેસના પ્રમુખ તરીકે ત્રણ વર્ષ કામ કર્યું.



**શ્રી. ચુનીલાલ શંકરલાલ પટેલ** (અમદાવાદ)

વતન મોકાસણ, તા. કડી. અમદાવાદની હોટલ સાબર'ના મેનેજીંગ ડાયરેકટર છે. છીંકણીનો વ્યવસાય પણ કરે છે. મેમનગર ગ્રામપંચાયતમાં ડેપ્યુટી સરપંચ છે. બે ઔદ્યોગિક મંડળોના પ્રમુખ છે. કેળવણી અને સમાજ સુધારાના ક્ષેત્રે સક્રિય છે. સત્તાવીસ સુધારક મંડળ તેમજ સરસ્વતી કન્યા કેળવણી મંડળના પ્રમુખ છે.



**ડૉ. પ્રવીણ એન. પટેલ** (અમદાવાદ)

વતન નારદીપુર, તા. કલોલ. અમદાવાદની વા. સા. હૉસ્પીટલ અને સિવિલ હૉસ્પીટલમાં એમણે સેવાઓ આપી છે. વીરમગામમાં મહાત્મા ગાંધી હૉસ્પીટલમાં ચીફ સર્જન અને સુપરીન્ટેન્ડેન્ટ તરીકે સેવાઓ આપ્યા બાદ હવે 'નવજીવન હૉસ્પીટલ' સ્થાપી સ્વતંત્ર પ્રેકટીસ કરે છે.



**શ્રી. દશરથભાઈ ગણપતરામ પટેલ** (અમદાવાદ)

વતન છત્રાલ, તા. કલોલ. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. બી. કોમ. થયા પછી ધંધામાં જોડાયા. અમદાવાદમાં મેસર્સ ડીલાઈટ ઑટો એસેસરીઝ નામની પેઢીમાં ભાગીદાર છે. એમના પિતાશ્રી ગણપતરામ મોતીરામે પણ આ સંસ્થામાં મેટ્રીક સુધી અભ્યાસ કરેલો. જે હાલ નિવૃત્તિમાં ધર્મપરાયણ જીવન ગાળે છે.



**શ્રી. મગનલાલ અંબાલાલ પટેલ** (મહેસાણા)

વતન લાંઘણજ, તા. મહેસાણા. સર્વ વિદ્યાલયમાં ચાર વર્ષ અભ્યાસ કર્યો. બી. એ. અને એલએલ. બી. થઈને મહેસાણામાં વકીલાત શરૂ કરી. ૧૯૪૨ની લડતમાં ભૂગર્ભ પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લીધો હતો. તાલુકા પ્રજામંડળના પ્રમુખ તરીકે સેવાઓ આપી હતી. ખેડૂત સાપ્તાહિકના તંત્રી તરીકે કામ કર્યું હતું. ક. પા. કેળવણી ઉત્તેજક મંડળમાં મંત્રી તરીકે સેવા આપી હતી.



**શ્રી. મણિલાલ અમીચંદદાસ પટેલ**

(સરસાવ, તા. કડી)

માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. ખેતી અને વ્યાપાર એ બંને વ્યવસાય કરે છે. કડીમાં મહાશક્તિ ટ્રેડીંગ કંપનીના માલિક છે.



**શ્રીમતી તારાબેન રસિકલાલ પટેલ** (અમદાવાદ)

વતન આખજ, તા. મહેસાણા. હાલ અંકુર સોસાયટી, નારણપુરા અમદાવાદ. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યા-લયમાં લીધું. વકીલ ધનાભાઈ હ. પટેલનાં પુત્રી છે.



**શ્રી. અમૃતલાલ શિવદાસ પટેલ**

વતન ઊંટવા, તા. કડી. માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલયમાં લીધું. ૧૯૫૭માં પ્રથમ વર્ગ સાથે સિવિલ એન્જીનિયરીંગનો ડિપ્લોમા મેળવ્યો અને સિંચાઈ ખાતામાં ઓવરસિયર તરીકે જોડાયા. ઉત્તરોત્તર બઢતી મેળવીને ૧૯૭૧માં નાયબ ઈજનેર થયા. હાલ માઝમ યોજનામાં સેવાઓ આપી રહ્યા છે.

# શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

## કડી ( ઉ. ગુ. )

ઠે. સ્ટેશનરોડની બાજુમાં – ભાગ્યોદય જીનની પાછળ

**ખેતીની પેદાશોના વેચાણ માટેની**
**એક માત્ર વૈજ્ઞાનિક યોજના તે નિયંત્રિત બજારો**

ખેત પેદાશોના ઉત્પાદન ક્ષેત્રે સ્થાપિત હિતો નામ-શેષ થયાં. વેચાણ ક્ષેત્રે ખેડૂતોને શોષણ મુક્ત કરવાનો ઉપચાર અને ઉપાય કેવળ નિયંત્રિત બજારો જ છે.

ધી એગ્રી.
પ્રોડયુસ માર્કેટ
કમિટિ, કડી
( ઉ. ગુ. )

–: સ્થાપના :–
૩૧–૧૦–૫૬
☎ નં. ૨૧

ખુલ્લા સોદા
ખરો તોલ, ખરો હિસાબ
ચોખ્ખો માલ
બહોળો વેપાર
વ્યાપારી શોષણનો અંત

**બજારધારો એક ઉચ્ચ આદર્શ છે અને તેનો અમલ સૌના હિતમાં સમાજવાદ સ્થાપવા માટે જરૂરી છે.**

### –: ખેડૂત ભાઇઓ :–

તમારા હિતમાં ઘડવામાં આવેલ માર્કેટ ધારાની જોગવાઈઓને સમજીને માર્કેટધારાથી મળતી સગવડોનો લાભ ઉઠાવવા માટે તમારી ખેતપેદાશ માર્કેટયાર્ડમાં લાવીને વેચવાનો આગ્રહ રાખો અને ઘેર બેઠા માલનું વેચાણ કરવાની જૂની પુરાણી પદ્ધતિ છોડી દો.

### માર્કેટ ધારાનું પાલન કરો અને કરાવો

કડી માર્કેટયાર્ડમાં ખેતી ઉત્પન્ન પેદાશોનું ખુલ્લી હરાજીથી વેચાણ થાય છે અને કોઈપણ જાતની ગેરકાયદેસર કપાત સિવાય વેચેલ માલના નાણાં ખેડૂતોને તરત જ રોકડા મળે છે.

રસિકલાલ આર. પટેલ
સેક્રેટરી
ધી એગ્રી. પ્રોડયુસ માર્કેટ કમિટિ,
કડી ( ઉ. ગુ. )

કાળીદાસ ઝીણાભાઇ પટેલ
ચેરમેન
ધી એગ્રી. પ્રોડયુસ માર્કેટ કમિટિ,
કડી ( ઉ. ગુ. )

**: With Best Compliments :**

Subject to BOMBAY Jurisdiction

# BHARATKUMAR & Co.

**Betel Nuts, Grain Seeds,**
**Kirana Merchant & Commission Agent**

Office : 322915
,, : 327338
Resi : 471857

Gram : " JIRASOAF"



*Office :*
Anna Bhuvan. 4th Floor 87-C. Broach Street. BOMBAY-9 Br.

*Sales Dept :*
146-50. Kazi Syed Street BOMBAY-3

**-: With Best Compliments :-**

Subject to Bombay Jurisdiction

# NARENDRAKUMAR & Co.

## GRAIN SEEDS KIRANA MERCHANTS & COMMISSION AGENTS

C/o. Rest : 471857
,, : 568261
,, : 481942

C/o Office : 322915
,, : 327338
,, : 338267

Gram C/o JIRASOAF



Anna Bhuvan, 4th Floor 87-C, Broach Street
BOMBAY – 400 009

" જે માબાપ પોતાનાં બાળકોના બાળવિવાહ કરે, બાળલગ્ન કરે, સાટાં-પેટાં કરે, તેમને મા-બાપ કહેવાય ? તેવાં માબાપને શિક્ષિત, સમજુ, સંસ્કારી કોણ કહે ?

મહેસાણા જિલ્લામાં ૧૯૧૯ માં શિક્ષણ અને સંસ્કાર ઘડતર માટે છગનભા અને અન્ય કાર્યકરોએ જે તપ કર્યું તેને શું એળે જવા દેવું છે ?

મહેસાણા જીલ્લાનો દરેક વિદ્યાર્થી–વિદ્યાર્થીની, શિક્ષકો અને શિક્ષિતો પ્રતિજ્ઞા કરે કે તે દરેક જણ બાળવિવાહ, બાળલગ્ન અને સાટાંપેટાંનો સર્વ પ્રકારે વિરોધ કરશે, તેવાં લગ્નમાં હાજરી નહીં આપે, તેવાં લગ્ન થતાં હોય તે અટકાવવા ધરતી વિકાસ મંડળ જેવી સામાજિક જાગૃતિની સંસ્થાઓને ખબર આપશે.

મુંગા, નિષ્પ્રાણ સાક્ષી બની આ પાપ જોયા કરવાથી તે અન્યાય, તે પાપના તમે સહભાગી બનો છો, તે કેમ સમજતા નથી ?

લગ્ન એક પવિત્ર મંગલ પ્રસંગ છે. તે પ્રસંગની પવિત્રતા, મંગળ સ્વરૂપ જાળવતાં કયારે સમજશો ? શાકમાર્કેટ જેવી ધમાલ, જમવા માટે પડાપડી અને સમૃદ્ધિનું અણછાજતું પ્રદર્શન યોગ્ય છે ? ધરાયેલાંને દબાણ કરી જમાડવામાં આનંદ છે ?

લગ્ન સમયે દીકરીને કરિયાવર આપવામાં મર્યાદા રાખો. તેનું પ્રદર્શન ન કરો, જેથી બીજાંઓને ખેંચાવું ન પડે. દીકરીને આપો પણ પ્રદર્શન વગર આપો. તેને શિક્ષણ અને સંસ્કારનો કરિયાવર આપો.

લગ્ન જેવા મંગળ પ્રસંગને સમુહલગ્નમાં, સાદાઇથી, પવિત્ર વાતાવરણમાં ઉજવી તે પ્રસંગને ઉજ્વળ બનાવવા નેત્રયજ્ઞ કરો, ભૂખ્યાંને, દરીદ્રને, વિકલાંગને, અનાથને, અપહૃત–તિરસ્કૃત બહેનોને પ્રેમથી જમાડી આનંદ માણો, સમાજના સૌને ઉપયોગી થાય તેવી સંસ્થાઓને મદદરૂપ બની તમારા લગ્ન પ્રસંગને યાદગાર બનાવો.

આમ કરવાથી તમારું શિક્ષણ, સંસ્કાર દીપી ઊઠશે.

**—પોપટલાલ ગુલાબદાસ પટેલ**

: સૌજન્ય :

# EASTERN INDUSTRIES

Kasturchand Mill Estate, Dr. M. C. Javle Marg, Dadar
BOMBAY—400 028

4221568
4223485

*Manufacturers of :*

**CAMERA BRAND**

**Ammonia, Ferro & Reproduction Tracing**
**Paper-Polyester Film & Other Sensitised Papers**

શુદ્ધ સોનાના | P J. | માર્કાના લેટેસ્ટ ડીઝાઈનના દાગીના ઘડાવવા ખરીદવા વેચવાનું વિશ્વાસપાત્ર મથક

## ચોકસી પ્રહલ્લાદભાઈ જોઈતારામ પટેલ

ફો. નં ૩૬૪૮૫૦
(બલોલવાળા)

દેડકાની પોળ * માણેકચોક * **અમદાવાદ - ૧**

| અમારા P. J. માર્કાના સોનાના દાગીના અમારી ગેરંટી મુજબ પાછા લઇએ છીએ. |

શુદ્ધ ચાંદીના દાગીના, વાસણો, પ્રેઝન્ટેશન, આર્ટીકલ્સ સેટ (મણી મોતી નંગ) વિ. માટે

### ઉમા જ્વેલર્સ

(બલોલવાળા) ☎ ૩૬૨૪૦૫
'મગન ભુવન', દેડકાની પોળના નાકે,
માણેકચોક, **અમદાવાદ-૧**

☎ : Office 365110
Resi 444583

### ચોકસી જોઈતારામ ઇશ્વરદાસ પટેલ

ચાંદીના જો. ઈ. તથા S T. માર્કાના
સાંકળના વહેપારી.

૩૭૧૮, માણેકચોક, **અમદાવાદ-૧**

---

## ખેતી વિકાસ માટે શુદ્ધ બિયારણ

* ગુજરાત રાજય ખેતીવાડી ખાતા દ્વારા પ્રમાણિત વિ ૭૯૭નું ઉચ્ચ શ્રેણીનું કપાસિયાનું બીયારણ.

ઉત્પાદક : **ધી ડરણ જીનીંગ ફેકટરી**

મુ. પો. ડરણ, તા. કડી (ઉ. ગુ.)
કડી ફો. નં. ૧૨૫

* જીનર્સ, પલ્સ મીલો અને સાબુ ઉદ્યોગની વપરાશ માટે શુદ્ધતાની ખાત્રીવાળું

## ૐ બ્રાન્ડ દીવેલ

ઉત્પાદક : **ન્યુ અંબિકા ઓઈલ મીલ**

મુ. પો. ડરણ, તા. કડી (ઉ. ગુ.)

* **ખરીદી માટે સમયસર સંપર્ક સાધો.**

કડી ☎ નં. ૧૨૫

☎ નં. મેનેજર ૨૫૭૧

☎ નં. જનરલ ૨૩૭૨
☎ નં. લોન ૨૦૭૩

# ધી વિસનગર નાગરિક સહકારી બેંક લી. વિસનગર

( હેડ ઓફીસ :– મંડીબજાર, વિસનગર ૩૮૪૩૧૫ )

**સ્થાપના : તા. ૨૭–૧૦–૧૯૫૭**

આર. બી. આઇ. લાયસન્સ નંબર. એ. સી. ડી. જા. જે. ૨૦૬ (પી) તા. ૧૫–૭–૮૦

**: શાખાઓ :**

ગંજ બજાર શાખા–વિસનગર ટે. નં. ૨૩૭૩ ત્રણ દરવાજા વિસનગર ટે. નં ૨૮૬૮

કાંસા શાખા તા. વિસનગર ટે. નં. ૨૨૦૮ પાંચકુવા–અમદાવાદ ટે. નં. ૩૬૦૬૮૩

છેલ્લા ૨૬ વર્ષથી એકધારી બેન્કીંગ સેવા આપતી આ બેંકમાં આજેજ નાણાં મુકી ભવિષ્યની ચિંતામાંથી મુકત થાવ

**બેંકની પ્રગતિના આંકડા (તા. ૩૦–૬ ૮૪)**

| | | |
|---|---|---|
| શેર ભંડોળ.... | રૂા. | ૨૮૫૬૫૦૦ |
| રીઝર્વ ફંડ અને અન્ય ફંડ.... | રૂા. | ૧૧૬૭૪૭૨૫ |
| ડીપોઝીટ.... | રૂા. | ૯૨૯૧૮૨૨૧ |
| ધિરાણ.... | રૂા. | ૯૦૫૮૦૬૭૫ |
| વર્કીંગ કેપીટલ.... | રૂા. | ૧૩૩૫૩૫૮૦૭ |
| વર્ષ આખરે નફો.... | રૂા. | ૩૭૦૭૧૫૨ |
| ઓડીટ વર્ગ....અ.... | | |

**ફીકસ ડીપોઝીટ**

૧ વર્ષ ૯ ટકા
૨ વર્ષ ૧૦ ટકા
૩ વર્ષ ૧૧ ટકા
૫ વર્ષ ૧૨ ટકા

**કેશ સર્ટીફીકેટ**

રૂા. ૧૦૦૦ ના ૭૧ માસે રૂા. ૨૦૧૦ મેળવો.

**: નાગરિક બચત સર્ટીફીકેટ :**

રૂા. ૧૦૦૦ રોકીને ૧૦ વર્ષે રૂા. ૩૨૬૮
રૂા. ૧૦૦૦ રોકીને ૨૦ વર્ષે રૂા. ૧૦૬૪૦
રૂા. ૧૦૦૦ રોકીને ૪૦ વર્ષે રૂા. ૧૧૩૨૨૮ મેળવો

: વધુ માહિતી માટે બેંકની નજીકની શાખાનો સંપર્ક સાધો :

**વી. સી. શાહ**
મેનેજર

**ભોળાભાઇ સી. પટેલ**
પ્રમુખ

અમૃત મહોત્સવના
મંગળ પ્રસંગે

હાર્દિક શુભેચ્છાઓ

પટેલ કાન્તિલાલ વિઠ્ઠલદાસ ની કું.

અમારે ત્યાં
લેટેસ્ટ ડીઝાઈનના
**દાગીના**
તૈયાર મળશે.

જાસપુરવાળા
**યોગેશકુમાર જીતેન્દ્રકુમારની કું.**
ચાંદીના ફેન્સી દાગીના બનાવનાર તથા વેચનાર,
ઠે. માણેકચોક ગેટ નીચે, અમદાવાદ, ટે. ૩૬૮૮૦૫

દર શનિવારે દુકાન બંધ રહેશે

અમૃત મહોત્સવના મંગળ પ્રસંગે

શુભેચ્છા સહ

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વિસનગર

ખુલ્લી હરરાજી

ખરો તોલ

રોકડા પૈસા

શંકરભાઈ હ. પટેલ
ચેરમેન
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વિસનગર

શુભેચ્છા સહ......

## * શ્રી કડી નાગરિક સહકારી બેંક લી. *

ગંજબજાર, કડી (ઉ. ગુ.) ૩૮૨ ૭૧૫.

### –: બેંકની પ્રગતિના આંકડા :–

| | |
|---|---|
| (૧) અધિકૃત શેર ભંડોળ | ૨૫,૦૦,૦૦૦ |
| (૨) ભરપાઈ થયેલ શેર ભંડોળ | ૧૦,૭૦,૫૦૦ |
| (૩) રિઝર્વ તથા અન્ય ફંડ | ૧૧,૦૦,૦૦૦ |
| (૪) થાપણો | ૧,૦૧,૪૫,૦૦૦ |
| (૫) ધિરાણો | ૮૪,૦૦,૦૦૦ |
| (૬) વર્કિંગ કેપીટલ | ૧ કરોડ ૪૦ લાખ ઉપરાંત |

- કામધેનુ ડીપોઝીટમાં ૭૨ માસે નાણાં બમણાં થાય છે.
- બેંકમાં જમા મુકેલી થાપણ રૂા. ૩૦,૦૦૦ સુધી ડીપોઝીટ ઇન્સ્યુરન્સ સ્કીમ હેઠળ વીમાથી સુરક્ષિત છે.
- ટ્રસ્ટની થાપણો સ્વીકારવા બેંકને માન્યતા મળેલ છે.
- બેંકમાં મુકેલ થાપણ પરનું વ્યાજ આવક વેરામાંથી મુક્ત છે.
- દશાબ્દી વર્ષ નિમિત્તે બેંકે પોતાના સભાસદોને ૧૦ ગ્રામ ચાંદીની મુદ્રા તથા પતરાનું કેલેન્ડર ભેટ આપેલ છે.
- તમામ ખાતેદારોને પતરાનું કેલેન્ડર ભેટ આપેલ છે.
- સભાસદ સિવાયનાં બાંધી મુદતના ખાતેદારો તેમ જ સેવિંગ્સ ખાતામાં વધુ થાપણ જમા રાખનાર ખાતેદારોને પણ ચાંદીની મુદ્રા ભેટ આપેલ છે.

શ્રી નટવરલાલ એમ. પટેલ
ચેરમેન

ડૉ. મધુસુદન સી. શાહ
વા. ચેરમેન

શ્રી માણેકલાલ એમ. પટેલ
મેનેજીંગ ડીરેક્ટર

શ્રી નવીનચંદ્ર આર. ભટ્ટ
મેનેજર

–: બોર્ડ ઓફ ડીરેક્ટર્સ :–

શ્રી બાબુલાલ સી. પટેલ
શ્રી કનૈયાલાલ એસ. નાયક
શ્રી નટવરભાઈ બી. પટેલ
શ્રી જશવંતલાલ રા. પરીખ
ડૉ. રામભાઈ એમ. પટેલ
શ્રી પ્રહ્લાદભાઈ ન. પટેલ
શ્રી હરજીવનદાસ પટેલ
શ્રી અબ્દુલ રહીમ કડીયાવાલા

હાર્દિક શુભેચ્છાઓ...

## મોટીદાઉ દુધ ઉત્પાદક સહકારી મંડળી

**મોટીદાઉ** તા. જિ. મહેસાણા

હાર્દિક શુભેચ્છાઓ... ઓફીસ : ૩૬૨૨૬૦
ઘર : ૨૨૬૬૨

## વલ્લભ ટ્રેડીંગ કંપની

લેટર પ્રેસ, લીથો, ઓફસેટ - પ્રિન્ટીંગ,
બાઈન્ડીંગ મશીનરી તેમ જ
મટીરીયલ્સ સપ્લાયર્સ

બીજે માળ, મૈસુર કાફેની બાજુમાં,
ખાડીયા ચાર રસ્તા, **અમદાવાદ** ૩૮૦ ૦૦૧

**એસોસીએટસ :**

**સરસ્વતી કોર્પોરેશન :** ત્રીજે માળ, એમ. જે.
બિલ્ડીંગ, ૧૨, ચંપાગલી ક્રોસ લેન, મુંબઈ-૪૦૦૦૦૨
ફોન : ૨૫૫૭૪૭, ૨૯૦૪૫૪

હાર્દિક શુભેચ્છાઓ....

## પાટીદાર મુદ્રણાલય



રેલ્વે સ્ટેશન સામે
કડી (ઉ. ગુ.)

हार्दिक शुभेच्छा सह...

## मेसर्स विजयकुमार एन्ड कुं.

ग्रेन सीडस, किराना मरचन्ट एन्ड
कमीशन एजन्ट

: ओफीस और सेल डिपो :
'I' गली, दाणावंदर भरुच स्ट्रीट, मुंबई ४०००० ९

: एकाउन्ट ओफिस :
१४६-५०, खांड बजार, मुंबई ४०००० ३.

With Best Compliments from:

ઓડીટ વર્ગ 'અ'

ટેલીફોન નં. ૨૩૭૭, ૨૮૯૬, ૩૪૦૮ ટેલી. એડ્રેસ : 'ફાર્મરબેન્ક'

# ધી મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી., મહેસાણા.

સ્થાપના : સને ૧૯૧૬-૧૭

**હેડ ઓફીસ : રાજમહેલ રોડ, મહેસાણા.**

**- શાખાઓ -**

ચાણસ્મા, કલોલ, વિસનગર, વિજાપુર, વડનગર, માણસા, કડી. સિધ્ધપુર, પાટણ, ખેરાલુ. હારીજ. ઊંઝા, ઝોટાણા, સમી, લાડોલ, બેચરાજી. કલ્યાણપુરા, નારદીપુર. ઉમતા, સતલાસણા, કાકોશી. મણુંદ, સીપોર, કુકરવાડા. લોદરા, ચરાડા, મેડાઆદરજ, બ્રાહ્મણવાડા, સોજા, ગોઝારીયા, લાંઘણજ, સરદારપુર, ધીણોજ, કહોડા, ઝુલસણા, કડા, સુંઢીયા, મોઢેરા. વસાઈ, ખેરવા, ભાન્ડુ, સંડેર. રણાસણ. પુંધરા, બાલીસણા. કામલી, ગવાડા, વાલમ, શંખેશ્વર, લોલાડા, ખરોડ, કાંસા (માર્કેટયાર્ડ શાખા) કડી. ઓરતવાડા, કુંવારા, કંસારાકુઇ, દેણપ, ફલુ, જેપુર, કલ્યાણા, ઉઢાઈ, કમાણા, ટુંડાવ, આજોલ, ઉપેરા, જેતલવાસણા, ડરણ, માણેકપુર, જાસ્કા, જંત્રાલ, કોલવડા.

વસુલ આવેલ શેરભંડોર રૂા. ૨,૫૬,૩૭,૯૫૦ થાપણ ડીપોઝીટ રૂા. ૬૦,૯૩,૮૨,૮૦૩

રીઝર્વ તથા બીજા ફંડો રૂા. ૯,૮૩ ૯૨,૫૯૭ વર્કીંગ કેપીટલ રૂા. ૭૬ ૭૮,૨૦,૮૦૦

આ બેંક મહેસાણા જીલ્લા માટે તમામ સહકારી મંડળીઓની મધ્યસ્થ નાણાં ધીરનારી સંસ્થા તરીકે કામકાજ કરે છે.

આ બેન્ક તમામ પ્રકારનું બેન્કીગ કામકાજ કરે છે.

આ બેન્કની મુખ્ય ઓફીસ (મહેસાણા) તથા વિસનગર. પાટણ. ચાણસ્મા, હારીજ કડી વિજાપુર, ખેરાલુ અને પુંધરા શાખાઓમાં સેઈફ ડીપોઝીટ વોલ્ટની સગવડ છે

**વધુ વિગત માટે રૂબરૂ મળો યા લખો**

| | | |
|---|---|---|
| **અંબાલાલ આર પટેલ** | **નટવરલાલ પી. પટેલ** | **આત્મારામભાઈ મ. પટેલ** |
| ઈન્ચાર્જ મેનેજર | ઉપપ્રમુખ | પ્રમુખ |


પાટીદાર મુદ્રાલય, કડી. ગાયત્રી પ્રિન્ટીંગ પ્રેસ, અસારવા, અમદાવાદ-૧૦.